AL FAROOQ TOURS & TRAVELS Since 1996
હજ ૨૦૨૬ બુકીંગ ચાલુ છે
(દિવસ-૪૦) (રવાનગી તારીખ 21 મે)
નવે.-ડિસે. ઉમરાહ દિવસ-૨૦ અમદાવાદથી અમદાવાદ | રમઝાન ઉમરાહ દિવસ-32 અમદાવાદથી અમદાવાદ
હાજી યાકુબ મુન્શી ૯૮૨૫૨ ૭૫૩૩૩-૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ-૨૮

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ઈન્શાઅલ્લાહ હજ્જ-૨૦૨૬ બુકિંગ ચાલુ છે.
Member of IATA, ACTIVE MEMBER, AIHUTOA
દિવાળી વેકેશન ઉમરાહ - ૨૦૨૫
રવા.તા.૧૬/૧૦/૨૦૨૫ | રવા.તા.૧૯/૧૦/૨૦૨૫
રિર્ટન તા.૦૨/૧૧/૨૦૨૫ | રિર્ટન તા.૦૫/૧૧/૨૦૨૫
દિવસ - ૧૭
ઉમરાહ વિઝા દુબઈ વિઝા
રઝાક એન્ડ સન્સ કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9898099980, 9426579900
www.hajindia.com

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૭૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

## જામિયા હમદર્દ ખાતે મહિલા સંમેલન 'લીડ હર શિપ' : NGOને તેના નેતૃત્વ અને સહયોગ માટે સશક્ત બનાવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

જામિયા હમદર્દ યુનિવર્સિટી ખાતે 'લીડ હર શિપ' નામનો બે દિવસીય મહિલા સંમેલનનો બુધવારે પ્રારંભ થયો છે, જેમાં ભારતભરમાંથી ૨૦૦થી વધુ મહિલા પ્રતિનિધિઓ અને ૪૦ NGOએ ભાગ લીધો છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય મહિલાઓ દ્વારા સંચાલિત NGOની ક્ષમતા નિર્માણ, તેમની નેતૃત્વ કુશળતા વધારવા અને તેમને નોંધણી, ભંડોળ અને સમુદાય જોડાણ પર વ્યવહારૂ માર્ગદર્શન પૂરૂં પાડવાનો છે.

ટ્વિટ ફાઉન્ડેશન અને સેન્ટર ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટના સહયોગથી આયોજિત આ સંમેલન મહિલાઓને NGO ચલાવવામાં પડકારોનો સામનો કરવામાં મદદ કરવા પર કેન્દ્રિત છે, જેમાં અનુપાલન અને ભંડોળ એકત્રીકરણથી લઈને ભાગીદારી નિર્માણ અને સામાજિક આઉટરીચનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન જામિયા હમદર્દના વાઈસ ચાન્સેલર ડૉ.એમ. અફશરઆલમ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે સામાજિક કાર્યમાં અસરકારક નેતા બનવા માટે મહિલાઓને સશક્તિકરણના મહત્ત્વ અંગે વાત કરી હતી. મુખ્ય મહેમાન પ્રાચી કૌર અને વિકાસ અને શૈક્ષણિક ક્ષેત્રના ઘણા નિષ્ણાતો પણ હાજર હતા.

આ ઉદ્‌ઘાટન સત્રમાં ડૉ.આલમે કહ્યું કે, 'અમે સમગ્ર ભારતમાંથી મહિલાઓ દ્વારા સંચાલિત NGO માટે આ કોન્કલેવનું આયોજન કરી રહ્યા છીએ જેથી તેઓ કાર્યક્ષમ રીતે કેવી રીતે કામ કરવું, ભંડોળ માટે અરજી કેવી રીતે કરવી, તેમની સંસ્થાઓની નોંધણી કેવી રીતે કરવી અને અસરકારક રીતે સહયોગ કેવી રીતે કરવો તે અંગે સમજી શકે. 'લીડ હર શિપ' શીર્ષક એ મહિલા નેતૃત્વની ભાવનાને સુંદર રીતે દર્શાવે છે જેથી ખાતરી કરી શકાય કે તેમનું જહાજ સરળતાથી ચાલે અને રાષ્ટ્ર અને વિશ્વ માટે અર્થપૂર્ણ યોગદાન આપે. તેમણે કહ્યું કે ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ અને આંદામાન ટાપુઓના NGO પણ હાજરી આપી રહ્યા છે. આ કોન્કલેવ મહિલા નેતાઓ માટે એક રાષ્ટ્રીય પ્લેટફોર્મ છે. બે દિવસના સત્રોમાં કાનૂની અનુપાલન, સંસાધન એકત્રીકરણ, ડેટા સંગ્રહ અને પરિણામલક્ષી સમુદાય જોડાણ જેવા મહત્ત્વપૂર્ણ વિષયોને આવરી લેવામાં આવશે. નિષ્ણાતો આ ક્ષેત્રમાં નવા પ્રવેશકર્તાઓને પ્રેરણા આપવા માટે સ્થાપિત NGOની સફળતાની વાર્તાઓ પણ શેર કરશે. ટ્વિટ ફાઉન્ડેશનના અધ્યક્ષ રહેમથુન્નિસાએ કોન્કલેવના મુખ્ય ઉદ્દેશ્યોની રૂપરેખા આપતા કહ્યું કે, અમારૂં લક્ષ્ય સંવાદ, શેરિંગ અને કેરિંગ દ્વારા સહયોગ, વિચારોનું આદાન-પ્રદાન અને મહિલાઓને સશક્ત બનાવવાનું છે. આ સત્રો સહભાગીઓને તેમના કાર્યને કાયદેસર બનાવવા, નિયમોનું પાલન કરવા અને નેતૃત્વના ગુણો વિકસાવવામાં મદદ કરશે. અમે તેમને અસરકારક રીતે સંસાધનોને ઓળખવા અને એકત્રિત કરવા માટે તાલીમ આપવા પણ માંગીએ છીએ.

તેમણે NGOsને નાણાકીય રીતે પ્રતિબદ્ધ અને પારદર્શક બનવાની જરૂરિયાત પર વાત કરી અને ખાતરી આપી કે તેમની સહાય આ લાભાર્થીઓ અને ખાસ કરીને મહિલાઓ અને છોકરીઓને ગૌરવ અને લાંબા ગાળાના સ્વ-નિર્ભરતા સાથે જીવવામાં મદદ કરે છે. આ કોન્કલેવ પરસ્પર શિક્ષણ અને નેટવર્કિંગ માટે એક મંચ છે, જ્યાં સહભાગીઓ તેમના અનુભવોનું આદાન-પ્રદાન કરી શકે છે, પડકારોની ચર્ચા કરી શકે છે અને સરકારી અને બિન-સરકારી એજન્સીઓ બંને સાથે ભાગીદારીનું અન્વેષણ કરી શકે છે. બીજા દિવસે અગ્રણી NGOs અને નીતિ નિર્માતાઓ તરફથી પ્રસ્તુતિઓ સાથે, ડૉ.આલમ દ્વારા ડિરેક્ટરી રિલીઝ અને વિશેષ સત્રો કરવામાં આવશે.

નેતૃત્વ વિકાસ, ક્ષમતા નિર્માણ અને સામાજિક પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરતા જામિયા હમદર્દ ખાતે આ મહિલા કોન્કલેવ સમુદાય પરિવર્તનના કેન્દ્રીય ચાલક તરીકે મહિલાઓની ચળવળને દર્શાવે છે. ડૉ.આલમે સારાંશ આપ્યો કે જ્યારે મહિલાઓ પોતાનું નેતૃત્વ કરે છે, ત્યારે તેઓ માત્ર પોતાનો માર્ગ જ શોધતી નથી પરંતુ તેઓ સમગ્ર સમુદાયને પ્રગતિ તરફ લઈ જાય છે.




## સુપ્રીમ કોર્ટ વકફ મિલકત નોંધણીની સમયમર્યાદા વધારવા માટેની અરજીની સુનાવણી કરશે

(એજન્સી) તા.૯

ભારતની સુપ્રીમ કોર્ટે ગુરૂવાર, ૯ ઓક્ટોબરના રોજ, UMEED પોર્ટલ હેઠળ "વકફ બાય યુઝર્સ" સહિત તમામ વકફ મિલકતોની ફરજિયાત નોંધણી માટે સમય વધારવાની માંગ કરતી અરજીને સૂચિબદ્ધ કરવા સંમતિ આપી છે. ૧૫ સપ્ટેમ્બરના રોજ એક વચગાળાના આદેશમાં, સુપ્રીમ કોર્ટે વકફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ની કેટલીક મુખ્ય જોગવાઈઓ પર રોક લગાવી દીધી હતી, જેમાં એવી કલમનો સમાવેશ થતો હતો કે છેલ્લા પાંચ વર્ષથી ફક્ત ઈસ્લામનું પાલન કરનારાઓ જ વકફ બનાવી શકે છે. જો કે, કોર્ટે બંધારણીયતાની ધારણાને ધ્યાનમાં લેતા, સમગ્ર કાયદા પર સ્ટે મૂકવાનો ઈનકાર કર્યો હતો.

કોર્ટે એમ પણ અવલોકન કર્યું હતું કે નવા સુધારેલા વકફ કાયદામાં "વકફ બાય યુઝર" જોગવાઈને દૂર કરવાનો કેન્દ્રનો નિર્ણય પ્રથમ દૃષ્ટિએ મનસ્વી નથી અને સરકારો દ્વારા વકફ જમીનો જપ્ત કરી શકાય છે તેવી દલીલને ફગાવી દીધી હતી. વકફ બાય યુઝર એ મિલકતને ધાર્મિક અથવા સખાવતી દાન તરીકે માન્યતા આપવાનો ઉલ્લેખ કરે છે જે આવા હેતુઓ માટે તેના લાંબા ગાળાના, અવિરત ઉપયોગના આધારે છે, ભલે માલિકે ઔપચારિક લેખિત ઘોષણા ન કરી હોય.

ગુરૂવારે, ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની આગેવાની હેઠળની બેન્ચને AIMIM નેતા અસદુદ્દીન ઓવૈસીનું

**સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્દ્ર દ્વારા "વકફ બાય યુઝર" કલમ દૂર કરવી એ મનસ્વી નથી, અને કોર્ટે સરકારી જમીન હડપ કરવાના દાવાઓને ફગાવી દીધા હતા**

પ્રતિનિધિત્વ કરતા વકીલ નિઝામ પાશા દ્વારા જાણ કરવામાં આવી હતી કે સુધારેલા કાયદા હેઠળ નોંધણી માટે મંજૂર છ મહિનાનો સમયગાળો મોટાભાગે સમાપ્ત થઈ ગયો છે. ચુકાદા દરમિયાન પાંચ મહિના વીતી ગયા છે, હવે અમારી પાસે ફક્ત એક મહિનો બાકી છે. પાશાએ વિનંતી કરતા કહ્યું કે નોંધણીનો સમય લંબાવવામાં આવે. કોર્ટરૂમમાં હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અરજીના ઉલ્લેખ સામે વાંધો ઉઠાવ્યો અને તેને કેન્દ્રને જાણ કરવાનું સૂચન કર્યું હતું. CJI એ જવાબ આપ્યો કે, તેને સૂચિબદ્ધ કરવા દો, સૂચિબદ્ધ કરવાનો અર્થ રાહત આપવી એવો નથી. કેન્દ્રએ ૬ જૂને યુનિફાઈડ વકફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ (UMEED) પોર્ટલ શરૂ કર્યું જેથી ભારતમાં તમામ વકફ મિલકતોને જીઓ-ટેગિંગ કરીને ડિજિટલ ઈન્વેન્ટરી બનાવી શકાય. UMEED પોર્ટલ માર્ગદર્શિકા હેઠળ, તમામ રજિસ્ટર્ડ વકફ મિલકતોની વિગતો છ મહિનાની અંદર ફરજિયાતપણે અપલોડ કરવાની રહેશે, જે સમયમર્યાદા હવે પૂર્ણ થવાની છે. અરજીમાં ન્યાયિક કાર્યવાહી અને વહીવટી અવરોધોને કારણે થતા વિલંબને ટાંકીને આ આદેશનું પાલન કરવા માટે વધારાનો સમય માંગવામાં આવ્યો છે. આ કેસ વકફ વ્યવસ્થાપનના ડિજિટલ આધુનિકીકરણ અને અનુપાલનના વ્યવહારૂં પડકારો વચ્ચે ચાલી રહેલા તણાવને દર્શાવે છે, ખાસ કરીને "વકફ બાય યુઝર" સિદ્ધાંત હેઠળ માન્યતા પ્રાપ્ત મિલકતો માટે આ નોંધણી મહત્ત્વપૂર્ણ છે.

## CJI ગવઈએ કોર્ટમાં જૂતાથી થયેલા હુમલા અંગે મૌન તોડ્યું અને કહ્યું કે બંને જજને આઘાત તો લાગ્યો જ હતો પરંતુ હવે આ ભુલાઈ ગયેલું પ્રકરણ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ ગુરૂવારે કહ્યું કે, ૬ ઓક્ટોબરના રોજ એક વકીલે તેમના પર જૂતા ફેંકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેઓ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન ચોંકી ગયા હતા, પરંતુ આ મુદ્દો એ 'ભૂલાઈ ગયેલું પ્રકરણ' છે. એક અભૂતપૂર્વ અને આઘાતજનક ઘટનામાં ૭૧ વર્ષીય વકીલ રાકેશ કિશોરે સોમવારે પોતાના હાથમાં જૂતા લઈને CJI પર ફેંકવાનો પ્રયાસ કર્યો હતો.

આ કૃત્યની ચારેબાજુ નિંદા થઈ છે. CJIએ વનશક્તિ ચુકાદાની સમીક્ષા અને સુધારાની માંગ કરતી અરજીઓની સુનાવણી દરમિયાન આ અવલોકન કર્યું, જેમાં કેન્દ્ર સરકારને પર્યાવરણીય ધોરણોનું ઉલ્લંઘન કરતા પ્રોજેક્ટ્સને પૂર્વવર્તી અથવા પૂર્વ-પોસ્ટ-ફેક્ટો પર્યાવરણીય મંજૂરીઓ આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. CJIએ જૂતા હુમલા પર કહ્યું કે, મારા વિદ્વાન જસ્ટિસ ચંદ્રન અને હું સોમવારે જે બન્યું તેનાથી ખૂબ જ આઘાત પામ્યા; હવે આ અમારા માટે આ એક ભૂલાઈ ગયેલ પ્રકરણ છે. તેમણે ભૂલ કરનાર વકીલ સામે અપનાવવામાં આવેલી



**ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને જૂતા હુમલાને 'સુપ્રીમ કોર્ટનું અપમાન' ગણાવ્યું અને યોગ્ય કાર્યવાહી કરવાની વિનંતી કરી છે**

કાર્યવાહી સાથે અસંમત હતા અને કહ્યું કે, મારા પોતાના મંતવ્યો છે, તેઓ CJI છે, આ મજાકનો વિષય નથી ! જસ્ટિસ ભુયાને કહ્યું કે, આ હુમલો 'સુપ્રીમ કોર્ટનું અપમાન' છે અને યોગ્ય પગલાં લેવા જોઈએ. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ કૃત્યને અક્ષમ્ય ગણાવ્યું. તેને ખોટી માહિતી અને સસ્તા પ્રચારના પ્રયાસનું પરિણામ ગણાવ્યું છે. ઉચ્ચ કાયદા અધિકારીએ CJIની ઉદારતા અને 'મહિમા' માટે પ્રશંસા કરી છે. કોર્ટમાં હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણનને આ મામલામાં આગળ વધવા અને આઘાતજનક ઘટનાની વધુ ચર્ચા ન કરવા કહ્યું છે. વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે આ ઘટનાને 'સમગ્ર સંસ્થા પર હુમલો' ગણાવ્યો હતો. હું આ ઘટનાની સાક્ષી નથી. હું જે જાણું છું, તે પ્રેસે જે અહેવાલ આપ્યો છે તેનાથી હું જાણું છું. હું તપાસની માંગ કરૂં છું. હું તેને ફક્ત મુખ્ય ન્યાયાધીશ પર જ નહીં, પરંતુ સમગ્ર સંસ્થા પર હુમલો માનું છું. હું તેને ચીફ જસ્ટિસ વિરુદ્ધ જાતિવાદી ટિપ્પણી પણ માનું છું. ભારતની સુપ્રીમ કોર્ટ તરફથી કાનૂની પ્રતિભાવની જરૂર છે. પક્ષના નેતાઓએ પણ આ ઘટનાની સખત નિંદા કરી, તેને વધતી જતી અસહિષ્ણુતાનું શરમજનક અને ચિંતાજનક પ્રતિબિંબ ગણાવ્યું. મધ્યપ્રદેશના ખજુરાહો મંદિર સંકુલમાં ભગવાન વિષ્ણુની મૂર્તિના પુનઃસ્થાપન માટેની પીઆઈએલ દરમિયાન CJI દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી ટિપ્પણીઓથી આ હુમલાખોર કથિત રીતે નાખુશ હતો. બાદમાં તેણે કહ્યું કે, તેને આ ઘટના માટે

### ક્યા બાત હૈ ?!

**અમારા જમાનામાં લોકો અન્યાય જરાય સહન નહોતા કરતા !**




## લોકશાહી તંત્રમાં કટ્ટરવાદ માટે કોઈ સ્થાન નથી : ખાલિસ્તાની તત્વો સામે કાર્યવાહી કરવા યુકેના વડાપ્રધાનને પીએમ મોદીનો અનુરોધ

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

યુકેના વડાપ્રધાન કિર સ્ટારમરની ભારત યાત્રા દરમિયાન ખાલિસ્તાની આતંકવાદના મુદ્દા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની યુકે વડાપ્રધાનની બેઠકમાં ખૂબ જ લંબાણપૂર્વક વિચારોની આપ લે થઈ હતી અને ચર્ચા વિચારણા થઈ હતી તેવું બેઠક અંગે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું.

વિદેશ સચિવે માહિતી આપી હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિટનના વડાપ્રધાન સાથેની મંત્રણાઓ દરમિયાન ભાર પૂર્વક એવું કહ્યું હતું કે કટ્ટરવાદ અને આતંકવાદ તથા હિંસક રૂઢિવાદને લોકશાહી સમાજમાં કોઈ સ્થાન નથી અને લોકશાહી સમાજ વ્યવસ્થા દ્વારા મળેલી આઝાદીનો આવા તત્વો ઉપયોગ કે દુરૂપયોગ ન કરે એનું સુનિશ્ચિત કરવું જોઈએ. બંને દેશોમાં ઉપલબ્ધ કાનૂની માળખા મારફત અંતિમવાદ અને કટ્ટરવાદ સામે પગલાં લેવાની દિશામાં આગળ વધવાની જરૂર છે. વિદેશ સચિવ મિસરીએ યુકેના વડાપ્રધાન સ્ટારમરની આ મુલાકાતને ખરા અર્થમાં બે દેશોના લોકોના સહયોગની અને ખરેખર આ લોક ભાગીદારીની યાત્રા સામાન ગણાવી હતી અને કહ્યું હતું કે બંને દેશોના નાગરિકોને લાભો થાય એ રીતે ભારત અને યુકે બહુવિધ મોરચા પર સાથે મળીને કામ કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે થયેલો મુક્ત વ્યાપાર કરાર એ ભારતના વિઝન વિકસિત ભારતમાં મદદરૂપ બનશે અને યુવાનો માટે રોજગારી ઉભી કરવાની તકો પ્રાપ્ત થશે. યુકેના વડાપ્રધાને બહુ મોટા ડેલિગેશન સાથે આવ્યા છે જેમાં ૧૨૫ જેટલા બ્રિટિશ વ્યાપારી અગ્રણીઓ પણ સામેલ છે અને શિક્ષણશાસ્ત્રીઓ પણ છે અને વ્યાપાર સાહસિકો પણ છે. યુકેના વડાપ્રધાને ભારતીય ઉદ્યોગ જગતના માંધાતાઓ સાથે પણ વિચાર વિમર્શ કર્યો હતો અને ફિલ્મ નિર્માણમાં સહયોગની દિશામાં આગળ વધવા માટે યશરાજ ફિલ્મ્સ સ્ટુડિયોની પણ મુલાકાત લીધી હતી. તેમણે બંને દેશોના વ્યાપાર કરારથી મળેલી તકોનો ઉપયોગ કરવા અને જે કોઈ વિઘ્ન હોય એ દૂર કરવા માટે બંને દેશોની સરકારો સાથે સંકલન કરવા બંને દેશોના ઉદ્યોગ માંધાતાઓને અને વેપારીઓને અપીલ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે જણાવ્યું હતું કે, ભારત અને યુકે 'કુદરતી ભાગીદારો' છે અને તેમના વધતા સંબંધો વૈશ્વિક સ્થિરતા અને આર્થિક પ્રગતિના મહત્ત્વપૂર્ણ સ્તંભ છે અને તે એવા સમયે જ્યારે વિશ્વમાં અનિશ્ચિતતા છે.

બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમર સાથેની તેમની વ્યાપક વાતચીત પછી મોદીએ આ ટિપ્પણી કરી હતી. મોદીએ પોતાના મીડિયા નિવેદનમાં જણાવ્યું હતું કે, જુલાઈમાં થયેલા ઐતિહાસિક ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરારથી બંને દેશો વચ્ચે આયાત ખર્ચમાં ઘટાડો થશે, રોજગારીની નવી તકો ઊભી થશે, વેપારને વેગ મળશે અને બંને બાજુના ઉદ્યોગો અને ગ્રાહકોને ફાયદો થશે. ભારત અને યુકે કુદરતી ભાગીદારો છે. અમારા સંબંધો લોકશાહી, સ્વતંત્રતા અને કાયદાના શાસનના સહિયારા મૂલ્યો પર આધારિત છે. આજના વૈશ્વિક અનિશ્ચિતતાના સમયમાં, અમારી વધતી ભાગીદારી વૈશ્વિક સ્થિરતા અને આર્થિક પ્રગતિના મહત્ત્વપૂર્ણ સ્તંભ છે.



**વિક્રમ મિસરીએ યુકેના વડાપ્રધાનની ભારતની યાત્રાને ''ખરા અર્થમાં સાચા લોક સહયોગ'' સમાન મુલાકાત ગણાવી હતી અને દર્શાવ્યું હતું કે બંને દેશોના નાગરિકોના લાભ માટે ભારત અને યુકે બહુવિધ મોરચા પર સાથે કામ કરી રહ્યા છે**



## વીર બહાદુરસિંહ પૂર્વાંચલ યુનિવર્સિટી : દીક્ષાંત સમારોહમાં આનંદીબેન પટેલને અંધારામાં સુવર્ણ ચંદ્રકોનું વિતરણ કરવું પડ્યું

નવી દિલ્હી : વીર બહાદુર સિંહ પૂર્વાંચલ યુનિવર્સિટીના ૨૯મા દીક્ષાંત સમારોહમાં એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ જ્યારે વીજળી ગુલ થવાને કારણે રાજ્યપાલ/ચાન્સેલર આનંદીબેન પટેલને અંધારામાં ત્રણ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ આપવા પડ્યા. આ ઘટના સમારોહનો સૌથી ચર્ચિત ભાગ બની. આનંદીબેન પટેલે અસંતોષ વ્યક્ત કર્યો. રાજ્યપાલ આનંદીબેન પટેલે તેમના સંબોધનમાં યુનિવર્સિટી વહીવટની આકરી ટીકા કરી. તેમણે જણાવ્યું હતું કે, યોજનાઓ બને છે, પરંતુ કંઈ જ પૂર્ણ થતું નથી. પીએમ ઉષા યોજના અને અન્ય કેન્દ્ર સરકારના ભંડોળમાંથી કરોડો રૂપિયા મળ્યા છતાં કેમ્પસમાં વિકાસ કાર્ય અટકી ગયું છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે, આટલી મોટી ગ્રાન્ટ છતાં કેમ્પસ કેમ ઉજ્જડ રહે છે અને વહીવટીતંત્ર પાસે આનો કોઈ જવાબ નથી. રાજ્યપાલે ખાસ કરીને બાંધકામ કાર્યની ધીમી ગતિ અને બેદરકારી પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૨૦૧૮થી નિર્માણાધીન ૧૩ ઈમારતો અધૂરી છે. ચાર માળનું મૂલ્યાંકન મકાન પણ વર્ષોથી અધૂરું છે. તેમણે આ કાર્ય માટે જવાબદાર જલ નિગમ કંપની પર કડક ટિપ્પણી કરતા કહ્યું કે, તેની સામે કાર્યવાહી હવે નિશ્ચિત છે.

## કફ સિરપ કેસ : મધ્યપ્રદેશમાં વધુ બે બાળકોનાં મોત, મૃત્યુઆંક ૨૨ થયો

નવી દિલ્હી : મધ્યપ્રદેશમાં ઝેરી કફ સિરપ દુર્ઘટનામાં મૃત્યુઆંક ૨૨ પર પહોંચી ગયો છે, જેમાં છિંદવાડા જિલ્લાના બે વધુ બાળકો કોલ્ડરિફ કફ સિરપના સેવનથી કિડની ફેલ્યોરના કારણે મૃત્યુ પામ્યા હતા. અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે બુધવારે નાગપુરની એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન વિશાલ (૫) અને મયંક સૂર્યવંશી (૪) બંનેનું મૃત્યુ થયું હતું. જિલ્લાના ઘણા અન્ય બાળકો હોસ્પિટલમાં દાખલ છે. અધિકારીઓ માને છે કે તમિલનાડુ સ્થિત શ્રીસન ફાર્મા દ્વારા ઉત્પાદિત કોલ્ડરિફ સિરપમાં ઝેરી દૂષણને કારણે કિડનીને નુકસાન થયું હતું. એક વિશેષ તપાસ ટીમ (SIT)એ ચેન્નાઈથી શ્રીસન ફાર્માના માલિક રંગનાથન ગોવિંદનની ધરપકડ કરી છે. કંપનીના ઉત્પાદન એકમને સીલ કરી દેવામાં આવ્યું છે અને ચેન્નાઈ કોર્ટમાંથી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા પછી ગોવિંદનને મધ્યપ્રદેશ લાવવામાં આવશે.

## રામ મંદિર ૨૫ નવેમ્બરે પૂર્ણ થશે; પીએમ મોદી અયોધ્યામાં ભવ્ય ધ્વજવંદન સમારોહનું નેતૃત્ત્વ કરશે

નવી દિલ્હી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૫ નવેમ્બરના રોજ રામ મંદિર ધ્વજવંદન સમારોહમાં હાજરી આપશે, જે મંદિરના નિર્માણ પૂર્ણ થવાના દિવસ તરીકે ઉજવાશે. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ પીએમ મોદીની હાજરીની પુષ્ટિ કરી અને કહ્યું કે, ધ્વજના રંગ, કદ અને ડિઝાઈન અંગેના નિર્ણયો સહિત તૈયારીઓ ચાલી રહી છે. મંગળવારે ધ્વજવંદન માટે એક મોક ડ્રીલ હાથ ધરવામાં આવી હતી. મિશ્રાએ કહ્યું, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ નવેમ્બરના રોજ રામ મંદિર ધ્વજવંદન કાર્યક્રમમાં ભાગ લેશે. અમે ધ્વજના રંગ, કદ અને અન્ય વિગતો સહિતની તૈયારીઓ શરૂ કરી દીધી છે, કારણ કે, તે આ ભવ્ય બાંધકામ પૂર્ણ થવાના દિવસ તરીકે ઉજવશે. ગઈકાલે અમે ધ્વજવંદન માટે એક મોક ડ્રીલ હાથ ધરી હતી.

## આંધ્રપ્રદેશના કોનાસીમામાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં છ લોકોનાં મોત, અનેક ઘાયલ

નવી દિલ્હી : કોનસીમા જિલ્લાના રાયવરમમાં ફટાકડા બનાવતી એકમ, શ્રી ગણપતિ ગ્રાન્ડ ફાયરવર્ક્સમાં એક શક્તિશાળી વિસ્ફોટમાં છ લોકો માર્યા ગયા અને ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા. અધિકારીઓને ડર છે કે મૃત્યુઆંક વધુ વધી શકે છે. બચાવ કામગીરી ચાલુ છે અને ફાયર કર્મચારીઓ આગને કાબુમાં લેવા માટે કામ કરી રહ્યા છે. માનવ સંસાધન વિકાસ અને શિક્ષણ મંત્રી નારા લોકેશે આ ઘટનાને ખૂબ જ દુ:ખદ ગણાવી, નોંધ્યું કે, સરકારે પહેલાથી જ તપાસ શરૂ કરી દીધી છે. તેમણે અધિકારીઓને ઘાયલોની સારવાર માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો અને ખાતરી આપી કે વહીવટીતંત્ર અસરગ્રસ્તોની પડખે રહેશે.

## અગર શોર મચાયા તો ઔર ગરમ તેલ ડાલ દૂંગી : દિલ્હીમાં પત્નીએ પતિ પર ઉકળતું તેલ, લાલ મરચું પાઉડર રેડ્યું

નવી દિલ્હી : એક મહિલાએ તેના પતિ પર ઉકળતું તેલ અને લાલ મરચું પાવડર રેડ્યું અને બાદમાં તેને ધમકી આપી, અગર શોર મચાયા તો ઔર ગરમ તેલ ડાલ દૂંગી (જો તું બૂમો પાડશે, તો હું તારા પર વધુ તેલ રેડીશ). પીડિત, જેની ઓળખ દિનેશ તરીકે થઈ છે, તે ઘરે સૂઈ રહ્યો હતો જ્યારે આ ઘટના બની. આ ઘટના દક્ષિણ દિલ્હીમાં બની હતી. ૩ ઓક્ટોબરના રોજ, ફાર્માસ્યુટિકલ કંપનીના ૨૮ વર્ષીય કાર્યકરને ગંભીર રીતે દાઝી ગયેલા સફદરજંગ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો અને તેને ગંભીર હાલતમાં ICUમાં દાખલ કરવામાં આવ્યો હતો. તે જ દિવસે આંબેડકર નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR મુજબ, દિનેશની પત્નીએ સવારે ૩ વાગ્યાની આસપાસ તેના પર ગરમ તેલ રેડ્યું હતું જ્યારે તે સૂતો હતો, દંપતીની આઠ વર્ષની પુત્રી પણ ઘરમાં હતી. દિનેશે પોલીસને જણાવ્યું, 'હું ૮ તારીખે કામ પરથી ઘરે પાછો ફર્યો હતો, રાત્રિભોજન કર્યું હતું અને સૂવા ગયો હતો. મારી પત્ની અને પુત્રી નજીકમાં સૂતા હતા. લગભગ ૩:૧૫ વાગ્યે, મને અચાનક મારા શરીરમાં તીવ્ર, બળતરાનો દુખાવો અનુભવાયો. મેં મારી પત્નીને ઉભી રહેલી જોઈ અને મારા ધડ અને ચહેરા પર ઉકળતું તેલ રેડી રહી હતી. હું ઉઠું કે મદદ માટે બોલાવું તે પહેલાં, તેણે મારા દાઝી ગયેલા શરીર પર લાલ મરચું પાવડર છાંટી દીધો. તેણે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો. જ્યારે તેણે વિરોધ કર્યો, ત્યારે તેની પત્નીએ ધમકી આપી, અગર શોર મચાયા તો ઔર ગરમ તેલ ડાલ દૂંગી (જો તું બૂમો પાડશે, તો હું તારા પર વધુ તેલ રેડીશ). પરંતુ દિનેશ તેની ચીસો દબાવી શક્યો નહીં. આ હંગામાને કારણે પાડોશીઓ અને તેના મકાનમાલિકનો પરિવાર, જે નીચે ફ્લોર પર રહેતો હતો, ઘર તરફ દોડી આવ્યો. ઘરમાલિકની પુત્રી અંજલિ, તેમની તપાસ કરવા દોડી આવેલા લોકોમાંની એક હતી. તેણીએ પીટીઆઈને જણાવ્યું, મારા પિતા શું થઈ રહ્યું છે તે જોવા માટે ઉપરના માળે આવ્યા. દરવાજો બંધ હતો. તેની પત્નીએ દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. અમે તેમને દરવાજો ખોલવા કહ્યું. જ્યારે દરવાજો ખુલ્યો, ત્યારે અમે તેને પીડાથી કણસતા અને તેની પત્ની ઘરમાં છુપાયેલી જોઈ. અંજલિએ કહ્યું કે, જ્યારે તેના પિતાએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે મહિલાએ તેને ચૂપ રહેવા કહ્યું કેમ, તે તેના પતિને હોસ્પિટલ લઈ જઈ રહી છે. પરંતુ જ્યારે તે તેની સાથે બહાર આવી, ત્યારે તે વિરુદ્ધ દિશામાં ગઈ. અમને શંકા ગઈ. મારા પિતાએ તેને રોકી, એક ઓટો ગોઠવી અને દિનેશને એકલા હોસ્પિટલ લઈ ગયા. દિનેશને પહેલા નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ તેની છાતી, ચહેરા અને હાથ પર ઊંડા દાઝી ગયેલા જોઈને, ડોક્ટરોએ તેને સફદરજંગ હોસ્પિટલ લઈ જવા કહ્યું. પોલીસે જણાવ્યું કે, મેડિકલ રિપોર્ટમાં તેની ઈજાઓને ખતરનાક ગણાવવામાં આવી છે. પીડિતના જણાવ્યા મુજબ, આ દંપતી આઠ વર્ષથી પરિણીત છે અને તેમના સંબંધોમાં મુશ્કેલી છે. બે વર્ષ પહેલાં, તેની પત્નીએ મહિલા વિરૂદ્ધ ક્રાઈમ એગેન્સ્ટ વુમન (CAW) સેલમાં ફરિયાદ નોંધાવી હતી, પરંતુ સમાધાન દ્વારા મામલો ઉકેલાઈ ગયો હતો.

## ૨૦૫૦ સુધીમાં ભારતના કાર્બન ઉત્સર્જનમાં ૬૦ ટકા વધારો, કોલસો ટોચનો ઊર્જા સ્ત્રોત રહેશે: બીપી એનર્જી આઉટલુક

નવી દિલ્હી : એક બ્રિટિશ અર્થશાસ્ત્રીના મતે, ૨૦૨૩થી ૨૦૫૦ દરમિયાન ભારતમાં કાર્બન ઉત્સર્જન ૬૦ ટકા વધશે કારણ કે ઊર્જાની માંગ વધી જશે જ્યારે ચીનનું ઉત્પાદન ૫૫ ટકા ઘટશે. ઊર્જા પ્રદાતા બીપીના જૂથના મુખ્ય અર્થશાસ્ત્રી સ્પેન્સર ડેલે મંગળવારે એક સેમિનારમાં બીપી એનર્જી આઉટલુક ૨૦૨૫ રજૂ કરતા જણાવ્યું હતું, બધી પરિસ્થિતિઓમાં, એક આમૂલ પરિવર્તન એ છે કે ભારતમાં કાર્બન ઉત્સર્જન સ્પષ્ટ કારણોસર લાંબા સમય સુધી વધવાનું છે - ઘણા લોકો હજુ પણ વીજળીથી વંચિત છે અને મજબૂત આર્થિક વૃદ્ધિ થઈ રહી છે, જે બંને ઊર્જાની માંગને બળતણ આપે છે. જોકે, સૌર અને પવન ઊર્જાના નિર્માણના પ્રયાસો અને કોલસામાં ધીમે-ધીમે ઘટાડો થવાને કારણે ઊર્જાની તીવ્રતામાં સુધારો થવાના કારણે કાર્બન ઉત્સર્જનમાં માત્ર ૬૦ ટકાનો વધારો થયો છે, એમ તેમણે ઉમેર્યું. બીપી એનર્જી આઉટલુક ૨૦૨૫ મુજબ, ભારતમાં કાર્બન ઉત્સર્જન મુખ્યત્વે વધતી જતી તેલ માંગમાંથી આવશે, જેમાં કોલસો ઊર્જાનો સૌથી મોટો સ્ત્રોત રહેશે.

## શિલ્પા શેટ્ટી, રાજ કુન્દ્રાને વિદેશ પ્રવાસ પહેલાં ૬૦ કરોડ રૂપિયા જમા કરાવવાનું કહેવામાં આવ્યું

નવી દિલ્હી : શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રા સામેના ૬૦ કરોડ રૂપિયાના છેતરપિંડીના કેસમાં તાજેતરની ઘટનામાં, બોમ્બે હાઈકોર્ટે દંપતીને વિદેશ પ્રવાસ કરવા માંગતા હોય તો ૬૦ કરોડ રૂપિયા જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. શિલ્પા અને રાજ પર એક ઉદ્યોગપતિ સાથે ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે. મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા (EOW) દ્વારા શિલ્પાની લગભગ સાડા ચાર કલાક પૂછપરછ કરવામાં આવ્યા બાદ તાજેતરનો વિકાસ થયો છે. અત્યાર સુધીમાં રાજ સહિત પાંચ લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા છે. સપ્ટેમ્બરમાં EOW દ્વારા શિલ્પા અને રાજ સામે લુક આઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યો હતો. લોટસ કેપિટલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડના ડિરેક્ટર ઉદ્યોગપતિ દીપક કોઠારી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો છે કે આ ઘટનાઓ ૨૦૧૫ અને ૨૦૨૩ની વચ્ચે બની હતી. કોઠારીએ આરોપ લગાવ્યો હતો કે દંપતીએ તેમના વ્યવસાયને વિસ્તૃત કરવાના બહાને પૈસા લીધા હતા પરંતુ તેનો ઉપયોગ વ્યક્તિગત ખર્ચ માટે કર્યો હતો.

કોઠારીના જણાવ્યા મુજબ, ૨૦૧૫માં, શેટ્ટી અને કુન્દ્રાએ તેમની કંપની, બેસ્ટ ડીલ ટીવી પ્રાઈવેટ લિમિટેડ, જે લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સનો પ્રચાર કરતી હતી અને ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ ચલાવતી હતી, માટે ૭૫ કરોડ રૂપિયાની લોન માંગવા માટે એક મધ્યસ્થી દ્વારા તેમનો સંપર્ક કર્યો હતો. પ્રસ્તાવિત વ્યાજ દર ૧૨ ટકા હતો. બાદમાં, તેઓએ તેમને માસિક વળતર અને મુદલની ચુકવણીની ખાતરી આપીને લોનને બદલે રોકાણ તરીકે ભંડોળ પૂરૂં પાડવા કહ્યું હોવાનું કહેવાય છે.

# કઠોળની આયાત ખેડૂતોને નુકસાન, અદાણી ગ્રુપને બખ્ખાં : કોંગ્રેસ

### કોંગ્રેસે મોદી સરકાર પર ગંભીર આરોપ લગાવ્યો છે, કે પીળા વટાણા પરની આયાત ડ્યુટી દૂર કરવાના નિર્ણયથી દેશના ખેડૂતોને નોંધપાત્ર નુકસાન થયું છે, જ્યારે અદાણી ગ્રુપને સીધો ફાયદો થયો છે

(એજન્સી) તા.૯

કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે ! ૨૦૨૪-૨૫માં ભારતે ૬.૭ મિલિયન ટન કઠોળની આયાત કરી હતી, અને સસ્તા પીળા વટાણાએ ખેડૂતોને પાયમાલ કર્યા છે. આયાતી પીળા વટાણાની કિંમત પ્રતિ ક્વિન્ટલ રૂા.૩,૫૦૦ આસપાસ છે, જ્યારે સ્થાનિક કઠોળ માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) પ્રતિ ક્વિન્ટલ રૂા.૭,૦૦૦થી રૂા.૮,૦૦૦ છે. આ મોટા તફાવતને કારણે, સ્થાનિક કઠોળ બજારમાં સ્પર્ધા કરી શકતા નથી. કોંગ્રેસના નેતા જયરામ રમેશે આરોપ લગાવ્યો છે કે પીળા વટાણા પરની આયાત ડ્યુટી દૂર કરવાથી અદાણી ગ્રુપને ફાયદો થયો છે, પરંતુ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોમાં ખેડૂતોને નુકસાન થયું છે.

જયરામ રમેશે જણાવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૩માં સરકારે ખાદ્ય ફુગાવાને નિયંત્રિત કરવા માટે પીળા વટાણા પરની ૫૦% મૂળભૂત કસ્ટમ ડ્યુટીને અસ્થાયી રૂપે દૂર કરી હતી. જોકે, ખેડૂતો અને કૃષિ નિષ્ણાતો દ્વારા વારંવાર અપીલ કરવા છતાં, આ મુક્તિ માત્ર ચાલુ જ નહોતી પરંતુ માર્ચ ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી હતી. રમેશે આ નિર્ણયને ખેડૂત વિરોધી ગણાવ્યો હતો અને કહ્યું હતું કે તે "મોદાની-આધારિત ભારત" ની સરકારની નીતિને પ્રતિબિંબિત કરે છે.

જયરામ રમેશે એવો પણ આરોપ લગાવ્યો હતો કે કેન્દ્ર સરકારે કૃષિ ખર્ચ અને કિંમતો આયોગ, નીતિ આયોગ અને સુપ્રીમ કોર્ટની સલાહને અવગણી છે. આ સંસ્થાઓએ ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે અનિયંત્રિત આયાત પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી હતી. રમેશે કહ્યું, "આ સૂચનોને અવગણીને, સરકારે સસ્તા આયાતને પ્રોત્સાહન આપ્યું, જેનાથી સ્થાનિક ખેડૂતોની આજીવિકા જોખમમાં મુકાઈ ગઈ છે."

**અદાણી જૂથ પર નિશાન**

કોંગ્રેસના નેતાએ ખાસ કરીને અદાણી જૂથ પર નિશાન સાધતા કહ્યું હતું કે પીળા વટાણાના સૌથી મોટા આયાતકાર તરીકે, જૂથે આ નીતિથી મોટો નફો મેળવ્યો છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે શું સરકારી નીતિઓ કોર્પોરેટ હિતોને પ્રાથમિકતા આપે છે જ્યારે ખેડૂતોને નુકસાન થાય છે. રમેશે કહ્યું, "એ સ્પષ્ટ છે કે સરકારનો 'આત્મનિર્ભર ભારત'નો સૂત્ર ખરેખર 'મોદાની-આધારિત ભારત' બની ગયો છે."

**ખેડૂતોની સ્થિતિ**

મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં કઠોળ ઉત્પાદક ખેડૂતો આ પરિસ્થિતિથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. સસ્તા આયાતી વટાણાએ તેમના ઉત્પાદનની બજારમાં માંગ ઘટાડી છે, જેના કારણે તેમની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઘણા ખેડૂતો અન્ય પાક તરફ વળવા લાગ્યા છે, તેમને કઠોળની ખેતી બિનલાભકારી લાગી છે, જે દેશની ખાદ્ય સુરક્ષા માટે પણ ચિંતાનો વિષય છે.

**આયાત ડ્યુટી ફરીથી લાગુ કરવાની માંગ**

જયરામ રમેશે કેન્દ્ર સરકાર પાસે પીળા વટાણા પરની આયાત ડ્યુટી તાત્કાલિક અસરથી પુનઃસ્થાપિત કરવા અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે નક્કર પગલાં લેવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે સરકારે MSP વધુ અસરકારક રીતે લાગુ કરવી જોઈએ જેથી ખેડૂતોને તેમના ઉત્પાદનનો વાજબી ભાવ મળે.

**અદાણી સિમેન્ટ પ્લાન્ટ કેસ પર પણ હુમલો**

કોંગ્રેસે મુંબઈના કલ્યાણમાં અદાણી ગ્રુપના સિમેન્ટ પ્રોજેક્ટ પર પણ હુમલો કર્યો. તેણે આરોપ લગાવ્યો કે મોદી સરકારે અદાણીની તરફેણ કરવા માટે નિયમોમાં ફેરફાર કર્યા છે, જેના કારણે તેમને સિમેન્ટ પ્લાન્ટ માટે પર્યાવરણીય મંજૂરી મળી શકતી નથી. સુપ્રિયા શ્રીનાતે ટ્વીટ કર્યું, "કેન્દ્ર સરકાર એક નવો નિયમ લાવી રહી છે જેના હેઠળ કેપ્ટિવ પાવર પ્લાન્ટ વિના કાર્યરત સિમેન્ટ ગ્રાઈન્ડીંગ યુનિટ્સને પર્યાવરણીય મંજૂરીની જરૂર રહેશે નહીં. પર્યાવરણ મંત્રાલયે ૨૬ સપ્ટેમ્બરના રોજ જારી કરેલા તેના ડ્રાફ્ટ નોટિફિકેશનમાં આ પ્રસ્તાવ મૂક્યો છે. આનાથી મુંબઈના કલ્યાણમાં અદાણી ગ્રુપના રૂા.૧,૪૦૦ કરોડના સિમેન્ટ પ્રોજેક્ટને સરળ બનાવશે."

શ્રીનાતે જણાવ્યું, "વાર્ષિક ૬ મિલિયન મેટ્રિક ટન ક્ષમતા ધરાવતો આ પ્લાન્ટ અદાણી ગ્રુપની કંપની અંબુજા સિમેન્ટ લિમિટેડનો છે. કલ્યાણના મોહને ગામ અને આસપાસના ૧૦ અન્ય ગામોમાં સ્થાનિકો દ્વારા આ પ્રોજેક્ટનો સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે. ધારાવી પછી, મુંબઈમાં આ બીજો અદાણી ગ્રુપ પ્રોજેક્ટ છે જેનો સ્થાનિકો વિરોધ કરી રહ્યા છે.

કોંગ્રેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે રહેવાસીઓને ડર છે કે સિમેન્ટ પ્લાન્ટથી આરોગ્ય અને પર્યાવરણીય અસરો પર પ્રતિકૂળ અસર પડશે અને તેઓ પ્રશ્ન કરી રહ્યા છે કે સરકાર તેને આટલા ગીચ વસ્તીવાળા શહેરમાં કેમ બનાવવા દે છે. તેમણે ઉમેર્યું કે તેમની ચિંતાઓને દૂર કરવાને બદલે, સરકાર હવે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહી છે કે પ્લાન્ટને પર્યાવરણીય મંજૂરીની પણ જરૂર ન પડે.

## યુપી : મોહમ્મદાબાદ એરસ્ટ્રીપ પર SBIના ટોચના અધિકારીને લઈ જતું પ્રાઈવેટ જેટ ઊતરી ગયું, તમામનો આબાદ બચાવ

(એજન્સી) તા.૯

ગુરૂવારે ફર્રૂખાબાદ જિલ્લાના ખિમસેપુર ઔદ્યોગિક વિસ્તારમાં એક મોટી દુર્ઘટના ટળી ગઈ. ટેકઓફ કરતી વખતે એક નાનું જેટ રનવે પરથી લપસી ગયું અને રનવેની સીમામાં ક્રેશ થયું. વિમાન એક ઉદ્યોગપતિ અને તેમના સાથીઓને ખિમસેપુર લઈ જઈ રહ્યું હતું. સદનસીબે, આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થઈ નથી. વિમાન દુર્ઘટનાના સમાચાર મળતાં, પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું. વિમાન સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે અને મુસાફરોને કોઈ ઈજા થઈ નથી. અકસ્માતના કારણની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ગુરૂવારે સવારે મોહમ્મદાબાદ હવાઈ પટ્ટી પરથી એક ખાનગી જેટ ઉડાન ભરી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. રનવે પર દોડતી વખતે તે બાઉન્ડ્રી વોલ સાથે અથડાયું હતું. તેમાં ચાર મુસાફરો અને બે પાયલોટ સવાર હતા. આ બધા ઘટનામાં બચી ગયા. પ્રાપ્ત માહિતી અનુસાર, વુડપેકર ગ્રીન એગ્રી ન્યુટ્રીપેડ પ્રાઈવેટ લિમિટેડના ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર તેમની ટીમ સાથે ખીમસેપુરમાં બીયર ફેક્ટરી સ્થાપવા માટે આવ્યા હતા. તેઓ સાત સીટર જેટ પ્લેનમાં સવાર હતા.

ટેકઓફ પહેલાં વિમાન રનવે પરથી ભટકી ગયું હતું. ટેકનિકલ વિભાગ સમસ્યાનું કારણ સમજાવશે. તપાસ ચાલી રહી છે. પ્રોજેક્ટ હેડ મનીષ કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, પાયલટની બેદરકારીને કારણે મોટો અકસ્માત થઈ શકે છે. પાયલટને અગાઉથી ખબર હતી કે હવાનો પ્રવાહ ઓછો છે. આ અકસ્માત કેવી રીતે અને કયા સંજોગોમાં થયો તે નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે.

## ૬૫% વિદ્યાર્થીઓ AI કૌશલ્યોને ભવિષ્યની નોકરીઓ માટે નિર્ણાયક ગણે છે : યુનિવર્સિટી સર્વે

(એજન્સી) તા.૯

આશરે ૬૫ ટકા વિદ્યાર્થીઓ માને છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કૌશલ્યો તેમના ભવિષ્યના કરિયર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સંજય ઘોડાવત યુનિવર્સિટી (SGU) દ્વારા ગુરૂવારે બહાર પાડવામાં આવેલા એક સર્વેક્ષણમાં આ માહિતી સામે આવી છે. AI સમગ્ર વિશ્વમાં ઉદ્યોગોને ઝડપથી પરિવર્તિત કરી રહ્યું છે, જેના કારણે AI સાક્ષરતા આવતીકાલના કાર્યબળ માટે સૌથી નિર્ણાયક કૌશલ્યોમાંનું એક બની ગયું છે, એમ સર્વે કરનાર સંજય ઘોડાવત યુનિવર્સિટી (SGU)એ એક નિવેદનમાં જણાવ્યું હતું. 'ઉચ્ચ શિક્ષણમાં AI કૌશલ્યોનું મહત્ત્વ' શીર્ષકવાળા આ નવા સર્વેમાં બહાર આવ્યું છે કે, ૬૫ ટકાથી વધુ કોલેજના વિદ્યાર્થીઓ તેમના ભવિષ્યના કરિયર માટે AI કૌશલ્યોને અત્યંત મહત્ત્વપૂર્ણ માને છે. પુણે, મુંબઈ, કોલ્હાપુર, દિલ્હી અને બેંગ્લુરૂ સહિત પાંચ શહેરોમાં STEM, બિઝનેસ, હ્યુમેનિટીઝ અને સોશિયલ સાયન્સમાં ૫૦૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે આ સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વે વૈશ્વિક સ્તરે જોબ ઉદ્યોગને AI કેવી રીતે બદલી રહ્યો છે, તે જોતા વિદ્યાર્થીઓના વલણમાં નોંધપાત્ર પરિવર્તન સૂચવે છે. ખાસ કરીને ૨૬ ટકા ઉત્તરદાતાઓએ અભ્યાસક્રમ સુધારણાને મજબૂત રીતે ટેકો આપ્યો છે અને ઉચ્ચ શિક્ષણમાં AI-આધારિત શિક્ષણ અને કૌશલ્ય નિર્માણ કાર્યક્રમોને ફરજિયાતપણે સમાવવાની માંગ કરી છે. સંજય ઘોડાવત યુનિવર્સિટીના ટ્રસ્ટી, વિનાયક ભોસલેએ નિવેદનમાં જણાવ્યું કે, 'AI હવે કોઈ વિશિષ્ટ કૌશલ્ય રહ્યું નથી - તે દરેક વ્યવસાયમાં મુખ્ય સક્ષમતા બની રહ્યું છે. અમારો સર્વે દર્શાવે છે કે જે વિદ્યાર્થીઓ આ પરિવર્તનને સમજે છે અને યુનિવર્સિટીઓ તેમને આ માટે તૈયાર કરે તેવું ઈચ્છે છે.' સર્વેએ ઉદ્યોગની અપેક્ષાઓ અને ગ્રેજ્યુએટની તૈયારી વચ્ચેની ખામીને પણ પ્રકાશિત કરી છે, જેમાં ૧૬ ટકાથી વધુ વિદ્યાર્થીઓએ સ્વીકાર્યું છે કે, તેમની પાસે AI-સંચાલિત કાર્યસ્થળો માટે જરૂરી કૌશલ્યોનો અભાવ છે. આ અસંગતતા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે તેમના અભ્યાસક્રમોને અનુકૂળ બનાવવા અને ઉદ્યોગની વિકસતી માંગ સાથે વધુ સારી રીતે સંરેખિત થવાની તાત્કાલિક જરૂરિયાતને રેખાંકિત કરે છે. સર્વેના તારણો દેશભરમાં અર્થપૂર્ણ નીતિ અને અભ્યાસક્રમ સુધારાઓને પ્રોત્સાહિત કરશે, જેથી વિદ્યાર્થીઓ AI-સંચાલિત ભવિષ્યમાં સફળ થવા માટે ખરા અર્થમાં સજ્જ થાય. શું તમે આ વિષય વિશે વધુ માહિતી જાણવા માંગો છો, જેમ કે AI કૌશલ્યોનો અભાવ ધરાવતા વિદ્યાર્થીઓની ટકાવારી વિશે?

## હરિયાણામાં દલિત આઈપીએસ અધિકારી પુરણકુમારની આત્મહત્યા, પત્નીએ સવાલ પૂછ્યો કે, સ્યુસાઈટ નોટમાં બતાવવામાં આવેલા અધિકારીઓ સામે હજુ સુધી કેમ એફઆઈઆર નોંધાઈ નથી ? અધિકારીના પત્નીએ તાત્કાલિક એફઆઈઆર નોંધવા, અને સ્યુસાઈટ નોટમાં લખેલા અધિકારીઓને સસ્પેન્ડ કરીને એમની ધરપકડ કરવાની માંગણી કરી

ચંદીગઢ : હરિયાણાના દલિત આઈપીએસ અધિકારી વાય.પુરણકુમારની આત્મહત્યાનો મામલો ગંભીર બન્યો છે. એમણે જાતે ગોળી મારીને આપઘાત કર્યો હતો અને સ્યુસાઈટ નોટમાં કેટલાક સિનિયર પોલીસ અધિકારીઓના નામ પણ આપ્યા હતા. મરનાર અધિકારીના પત્ની અમનીતકુમારે સ્યુસાઈટ નોટમાં બતાવેલા અને પોતે કરેલી ફરિયાદમાં દર્શાવેલા અધિકારીઓ સામે એફઆઈઆર દાખલ કરવા મુખ્યમંત્રીને દરમ્યાનગીરી કરવાની અપીલ કરી છે. મુખ્યમંત્રી નાયબસિંઘ સૈની વરિષ્ઠ અધિકારીઓને લઈને સિનિયર આઈ.એ.એસ. અધિકારી અમનીતકુમારના નિવાસસ્થાને ગયા હતા. અમનીતકુમારે સ્યુસાઈટ નોટમાં લખેલ અધિકારીઓ સામે હજુ સુધી કેમ એફઆઈઆર થઈ નથી તેઓ સવાલ પૂછયો છે અને એ બધા અધિકારીઓને સસ્પેન્ડ કરવા, એફઆઈઆર દાખલ કરવા અને ધરપકડ કરવાની માગણી કરી છે.

# વડાપ્રધાન મોદીએ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાનું સ્વાગત કર્યું અને નેતાન્યાહુના નેતૃત્વની પ્રશંસા કરી

(એજન્સી) તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ૨૦-મુદ્દાની ગાઝા શાંતિ યોજનાના પ્રથમ તબક્કાનું સ્વાગત કર્યું અને આશા વ્યક્ત કરી કે બંધકોની મુક્તિ અને માનવતાવાદી સહાયમાં વધારો યુદ્ધગ્રસ્ત પેલેસ્ટીન એન્ક્લેવના લોકોને રાહત આપશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈઝરાયેલ અને હમાસ દ્વારા તેમની ૨૦-મુદ્દાની ગાઝા શાંતિ યોજનાના પ્રથમ તબક્કા માટે સંમત થવાની જાહેરાતનું સ્વાગત કર્યું, તેને "ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહના નેતૃત્વનું પ્રતિબિંબ" ગણાવ્યું છે.

X પરની એક પોસ્ટમાં, મોદીએ આશા વ્યક્ત કરી હતી કે બંધકોની મુક્તિ અને માનવતાવાદી સહાયમાં વધારો ગાઝાના લોકોને રાહત આપશે અને કાયમી શાંતિનો માર્ગ આગળ વધારશે. ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ઈઝરાયેલ અને હમાસે આ એન્ક્લેવમાં બે વર્ષ લાંબા યુદ્ધનો અંત લાવવા માટે તેમની શાંતિ યોજનાના ભાગ રૂપે બંધકો અને કેદીઓને મુક્ત કરવા સંમતિ આપી છે. બંધકો અને પેલેસ્ટીની કેદીઓનું વિનિમય સોદાના અમલીકરણના ૭૨ કલાકની અંદર થશે, જેમાં લગભગ ૨,૦૦૦ પેલેસ્ટીની કેદીઓ માટે તમામ જીવિત ઈઝરાયેલી બંધકોની અદલાબદલી કરવામાં આવશે.

આ કરારની જાહેરાત કરતા, યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું કે, "મને ખૂબ જ ગર્વ છે કે ઈઝરાયેલ અને હમાસ બંનેએ અમારી શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પર હસ્તાક્ષર કર્યા છે. આનો અર્થ એ છે કે ખૂબ જ ટૂંક સમયમાં બધા બંધકોને મુક્ત કરવામાં આવશે, અને ઈઝરાયેલ શાશ્વત શાંતિ તરફના પ્રથમ પગલા તરીકે તેમના સૈનિકોને સંમત રેખા પર પાછા ખેંચશે. આ આરબ અને મુસ્લિમ વિશ્વ, ઈઝરાયેલ, આસપાસના બધા રાષ્ટ્રો અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે એક મહાન દિવસ છે; અને અમે કતાર, ઈજિપ્ત અને તુર્કીના મધ્યસ્થીઓનો આભાર માનીએ છીએ, જેમણે આ ઐતિહાસિક અને અભૂતપૂર્વ ઘટનાને સાકાર કરવા માટે અમારી સાથે કામ કર્યું છે.

હમાસના અભૂતપૂર્વ હુમલાની બીજી વર્ષગાંઠના એક દિવસ પછી, ઈજિપ્તમાં પરોક્ષ વાટાઘાટો પછી, આ કરાર થયો હતો. આ વાટાઘાટો માટે, ટ્રમ્પે તેમના જમાઈ જેરેડ કુશનર અને ખાસ દૂત સ્ટીવ વિટકોફને મોકલ્યા હતા, જ્યારે ઈઝરાયેલનું પ્રતિનિધિત્વ ઈઝરાયેલી વ્યૂહાત્મક બાબતોના પ્રધાન રોન ડર્મરે કર્યું, જે નેતાન્યાહુના નજીકના વિશ્વાસુ છે.

## તમિલનાડુ ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામનો અનુરોધ કરતો ઠરાવ વિધાનસભામાં પસાર કરશે; મુખ્યમંત્રી એમ કે સ્ટેલીન

### મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલના લશ્કર દ્વારા આડેધડ ભયાનક બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે એ આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના નિયમો અને યુનોના નીતિ નિયમોનું ઉલ્લંઘન છે અને વિશ્વ આખું તેનાથી ખૂબ જ હચમચી ઊઠ્યું છે, એગમોર ખાતે એક રેલીને રાજા રત્નમ સ્ટેડિયમમાં સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે દરેક વ્યક્તિએ ઈઝરાયેલ દ્વારા થઈ રહેલા હત્યાકાંડની ટીકા કરી છે

(એજન્સી) ચેન્નાઈ, તા.૯

તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટેલીન દ્વારા બુધવારે એવી મહત્વની જાહેરાત કરવામાં આવી હતી કે ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ કરવાના અનુરોધ સાથે ૧૪મી ઓક્ટોબરના રોજ તમિલનાડુ વિધાનસભામાં એક ઠરાવ પસાર કરવામાં આવશે. જેમાં યુદ્ધવિરામ કરવા અપીલ કરવામાં આવશે અને યુદ્ધનો અંત લાવવા માટેના પ્રયાસો વધુ વેગમાન બનાવવા કેન્દ્ર સરકારને પણ અનુરોધ કરવામાં આવશે.

ગાઝા પરના હુમલાઓના વિરોધમાં માર્ક્સવાદી સામ્યવાદી પક્ષ અને ડીએમકેના સાથીઓ દ્વારા યોજાયેલી વિરોધ સભાને સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ ઠરાવ તમિલનાડુની પ્રજાની લાગણીઓને ઉજાગર કરતો ઠરાવ છે અને તમામ રાજકીય પક્ષો તેનું સમર્થન કરશે એવી અપેક્ષા રાખું છું. ઈઝરાયેલી સેના દ્વારા બેફામ બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે એ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર નિયમો અને યુનોના નીતિ નિયમોનું ઉલ્લંઘન છે અને સમગ્ર વિશ્વ તેનાથી હચમચી ઉઠ્યું છે. ઈઝરાયેલ દ્વારા થઈ રહેલા હત્યાકાંડ અને નરસંહારની અહીં દરેક વ્યક્તિએ ટીકા કરી છે.

તેમણે ગાઝાના નરસંહારના અંદાજિત આંકડા દર્શાવતા કહ્યું હતું કે ૫૦૦૦૦થી વધુ નાગરિકો માર્યા ગયા છે જેમાં ૧૧૦૦૦ જેટલી તો મહિલાઓ છે અને ૧૭,૦૦૦ બાળકો છે. ૧૭૫ જેટલા પત્રકારો અને ૧૨૫ જેટલા યુનોના કર્મચારીઓ પણ હતા. ૨૬,૦૦૦ બાળકોએ તેમના માતા-પિતા ગુમાવી દીધા છે અને એક લાખથી વધુ લોકો યુદ્ધમાં ઘાયલ થયા છે અને સારવાર હેઠળ છે. મોટાભાગના ગાઝા શહેરનો નાશ કરી નાખવામાં આવ્યો છે છતાં તેની પ્રજા ઈઝરાયેલનો સામનો કરી રહી છે.

ભોજનની સહાયની રાહ જોઈ રહેલા ૪૫ નાગરિકોની હત્યાની ઘટનાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે વિશ્વ આખાને આ ઘટનાથી ખૂબ જ ઊંડો આઘાત લાગ્યો છે. અનાજ તથા દૂધનો પાવડર તેમજ અન્ય સાધન સહાય અને રાહત સામગ્રી લઈને જઈ રહેલા ૪૭ દેશોના સહાયકોની ધરપકડો કરી લેવામાં આવી તો હજુ પણ આપણે ઈઝરાયેલના આવા તમામ કૃત્ય સામે મૂકપ્રેક્ષક બનીને બેઠા રહેશો કે બેઠા રહી શકીએ ? ગાઝામાં યુદ્ધનો જલ્દી અંત લાવે એ માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે મળીને પ્રયાસો વધુ વેગમાન બનાવવા તેમણે કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે યુદ્ધનો અંત આવે અને માનવતાવાદી સહાય ઝડપથી પહોંચી જાય તે માટેના પ્રયાસો સરકારે વધુ વ્યાપક અને જોરદાર બનાવવા જોઈએ. વિશ્વ શાંતિ અને માનવ અધિકારો એ વૈશ્વિક છે અને માનવ જીવન અતિ મૂલ્યવાન છે એટલે તેનું રક્ષણ કરવાની આપણી ફરજ બને છે.

તેમણે ગાઝાને વધુ અનાજ તથા સહાય અને દવાઓ મોકલવા માટે અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે વિસ્થાપિત લોકો માટે દવાઓ તથા અનાજ પહોંચાડવું જોઈએ અને એમના પુનઃ વસવાટ માટેના પગલાં લેવા જોઈએ અને તમામ કે પેલેસ્ટીની કેદીઓને છોડી મૂકવા જોઈએ.

## વિખ્યાત હેર સ્ટાઈલિસ્ટ જાવેદ હબીબ અને એમના પુત્ર સામે સંભલ શહેરમાં કરોડો રૂપિયાની છેતરપિંડીના ૨૩ કેસ દાખલ થયા અને લુક આઉટ નોટિસ પણ બહાર પાડવામાં આવી : તમામ આક્ષેપોનો ઈન્કાર કરતા જાવેદ હબીબ

### એફએલસી કંપનીના બેનર હેઠળ બંને પિતા-પુત્રએ એક યોજના શરૂ કરી હતી જેમાં બીટકોઈનની ખરીદી પર વાર્ષિક ૫૦થી ૭૦% જેવું વળતર મળશે એવું રોકાણકારોને વચન આપ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

દેશના જાણીતા હેર સ્ટાઈલિસ્ટ જાવેદ હબીબ અને એમના પુત્ર અનસ હબીબ સામે મૂડીરોકાણની એક યોજના લાવીને લોકો સાથે અંદાજે રૂપિયા ૭ કરોડની છેતરપિંડીના આરોપસર ૨૩ જેટલા કેસ દાખલ કરવામાં આવ્યા હોવાનું પોલીસે બુધવારે જાહેર કર્યું હતું.

એસપી કૃષ્ણકુમાર બિશ્નોઈએ જણાવ્યું હતું કે આ બંને એફએલસી કંપનીના બેનર હેઠળ એક યોજના શરૂ કરી હતી અને બીટકોઈનની ખરીદી પર વાર્ષિક પચાસથી ૭૦ ટકા જેટલું વળતર મળશે એવું રોકાણકારોને વચન આપ્યું હતું. તેમણે દરેક રોકાણકાર પાસેથી રૂપિયા પાંચથી સાત લાખ લીધા હતા અને દાવો કર્યો હતો કે આટલી રકમમાંથી તમને મોટું વળતર મળી જશે પરંતુ બે અઢી વર્ષ પછી પણ એકપણ રોકાણકારને કોઈ વળતર મળ્યું નહોતું કે એમના નાણા પાછા મળ્યા નહોતા. આવી રીતે આ યોજનામાં લોકો છેતરાયા હતા અને આવા ૩૮ જેટલા છેતરાઈ ગયેલા લોકોની ઓળખ પોલીસે કરી લીધી છે અને જાવેદ હબીબ તથા એમના પુત્ર અનશ હબીબ સામે ૨૩ કેસ કરીને એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. તેમના સહયોગી સૈફુલ સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. એક સંગઠિત ગેંગની જેમ કૌભાંડ કરવામાં આવ્યું હોવાનું એસપીએ જણાવ્યું હતું. પોલીસે પિતા-પુત્ર માટે લુક આઉટ નોટિસ પણ જાહેર કરી છે. જો તેઓ રોકાણકારોના નાણાં પાછા ન આપે તો ભારતીય સંહિતાની કલમ ૧૦૭ મુજબ એમની મિલકતો પણ જપ્ત થઈ શકે છે. જોકે જાવેદ હબીબે એમની સામેના તમામ આરોપોનો ઈન્કાર કર્યો છે.

## હૈદરાબાદના IT કર્મચારીએ ઓનલાઈન કમિશન છેતરપિંડીમાં ૫૦ લાખ રૂપિયાથી વધુ ગુમાવ્યા

### પીડિત HCLમાં કામ કરે છે, તેમને ટેલિગ્રામ પર એક લિંક મેસેજ મળ્યો, જેમાં પ્રોડક્ટ્સને રેટિંગ આપીને સરળ પૈસા આપવાની ઓફર કરવામાં આવી હતી

(એજન્સી) હૈદરાબાદ, તા.૯

બ્રાન્ડ્સને રેટિંગ આપવા માટે કમિશન આપવાનું વચન આપીને નકલી ઓનલાઈન ટાસ્કમાં એક IT પ્રોફેશનલ સાથે ૫૪.૬૭ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી.

બાલાનગરના પ્રણીત કોલોનીમાં રહેતા HCLના કર્મચારી, પીડિતને ટેલિગ્રામ પર એક લિંક મેસેજ મળ્યો, જેમાં ચોક્કસ પ્રોડક્ટ્સને રેટિંગ આપીને સરળ પૈસા આપવાની ઓફર કરવામાં આવી હતી. પીડિતે ઓનલાઈન પ્લેટફોર્મ પર ૫,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું, જેનાથી તેને શરૂઆતમાં ૧૨,૫૦૦ રૂપિયાનો નફો થયો. બાદમાં, IT કર્મચારીએ પ્લેટફોર્મમાં ૫૯,૮૦૦ રૂપિયાનું રોકાણ કર્યું અને આગામી થોડા દિવસોમાં રોકાણ કરવાનું ચાલુ રાખ્યું, જેમાં અનેક વ્યવહારો દ્વારા કુલ ૭.૧૪ લાખ રૂપિયા જમા કરાવ્યા. જ્યારે પીડિતે પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે છેતરપિંડી કરનારાઓએ કહ્યું કે ક્રેડિટ સ્કોર સુધારવા માટે ૫ લાખ રૂપિયા જમા કરાવવા પડશે અથવા VIP ચેનલ ખોલવા માટે ૬ લાખ રૂપિયાનું રોકાણ કરવું પડશે. તેમણે ઉપાડ ચાર્જ તરીકે ૧૨.૫ લાખ રૂપિયાની પણ માગણી કરી હતી. આઈટી કર્મચારીએ કુલ રૂા.૫૪,૬૭,૪૮૮ની રકમ ટ્રાન્સફર કરવાનું ચાલુ રાખ્યું. જોકે, જ્યારે રૂા.૮ લાખની બીજી માંગણી કરવામાં આવી, ત્યારે પીડિતને શંકા ગઈ અને તેણે પટણચેરુ પોલીસને જાણ કરી. કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલી રહી છે.

# સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશને CJI પર જૂતા ફેંકનાર વકીલનું સભ્યપદ રદ કર્યું

(એજન્સી) તા.૯

સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA)એ ગુરૂવાર, ૯ ઓક્ટોબરના રોજ એડવોકેટ રાકેશ કિશોરનું કામચલાઉ સભ્યપદ સમાપ્ત કર્યું, જેમણે ૬ ઓક્ટોબરના રોજ કોર્ટ કાર્યવાહી દરમિયાન ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ પર જૂતા ફેંક્યા હતા. SCBAએ આ ઘટનાને ‘ગંભીર ગેરવર્તણૂક’ ગણાવી હતી.





## BCIએ કિશોરને ભારતમાં કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા ઓથોરિટી સમક્ષ હાજર થવા, દલીલ કરવા અથવા પ્રેક્ટિસ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે

આ નિર્ણય બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) દ્વારા આ અઠવાડિયાની શરૂઆતમાં ૭૧ વર્ષીય વકીલને કાયદાની પ્રેક્ટિસમાંથી સસ્પેન્ડ કરવાના પગલાને અનુસરે છે. BCIએ કિશોરને ભારતમાં કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા ઓથોરિટી સમક્ષ હાજર થવા, દલીલ કરવા અથવા પ્રેક્ટિસ કરવા પર પ્રતિબંધ મૂક્યો અને તેના વર્તન માટે સ્પષ્ટતા માંગતી કારણદર્શક નોટિસ જારી કરી અને ચેતવણી આપી કે ઔપચારિક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.

એક કડક શબ્દોના નિવેદનમાં SCBAએ કિશોરના કૃત્યને ‘નિંદનીય, અવ્યવસ્થિત અને અસંયમપૂર્ણ’ ગણાવ્યું અને કહ્યું કે, તે કોર્ટના અધિકારી માટે સંપૂર્ણપણે અયોગ્ય છે અને વ્યાવસાયિક નૈતિકતા, શિષ્ટાચાર અને ભારતની સુપ્રીમ કોર્ટની ગરિમાનું ગંભીર ઉલ્લંઘન છે.

કારોબારી સમિતિએ નિષ્કર્ષ કાઢ્યો કે તેનું આચરણ ‘ન્યાયિક સ્વતંત્રતા, કોર્ટરૂમની કાર્યવાહીની પવિત્રતા અને બાર અને બેન્ચ વચ્ચેના પરસ્પર આદર અને વિશ્વાસના લાંબા સમયથી ચાલતા સંબંધ પર સીધો હુમલો છે.’ કાર્યકારી સમિતિએ ઘટના અને આવા ગેરવર્તણૂકની ગંભીરતા પર યોગ્ય રીતે વિચારણા કર્યા પછી એવું માનવામાં આવે છે કે, રાકેશ કિશોરને SCBAના કામચલાઉ સભ્ય તરીકે ચાલુ રાખવું એ આ એસોસિએશનના સભ્યો પાસેથી અપેક્ષિત ગરિમા અને શિસ્ત સાથે સંપૂર્ણપણે અસંગત હશે. એસોસિએશને જણાવ્યું હતું કે, તેમને તાત્કાલિક તેના રોલમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો હતો.

SCBAએ એમ પણ કહ્યું કે, તે સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલને કિશોરને જારી કરાયેલ પ્રોક્સિમિટી એક્સેસ કાર્ડ રદ કરવા માટે કહેશે.

આ ઘટના પછી કોઈ પસ્તાવો ન દર્શાવનાર કિશોરે જણાવ્યું હતું કે, તેમને ‘દૈવી શક્તિઓ દ્વારા કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી’ અને તેમણે ‘કોઈ પસ્તાવો’ વ્યક્ત કર્યો ન હતો. તેમણે દાવો કર્યો છે કે, ખજુરાહો મંદિર સંકુલમાં ભગવાન વિષ્ણુની મૂર્તિના પુનઃસ્થાપનની માગણી કરતી ૧૬ સપ્ટેમ્બરના રોજ દાખલ કરાયેલી અરજી પર મુખ્ય ન્યાયાધીશના પ્રતિભાવથી તેઓ નારાજ થયા હતા. સોમવારે લગભગ ત્રણ કલાક સુધી પોલીસે પૂછપરછ કર્યા પછી કોર્ટના રજિસ્ટ્રાર જનરલે આરોપો મૂકવાનો ઈન્કાર કર્યો ત્યારે કિશોરને છોડી દેવામાં આવ્યો હતો.

SCBAની આ કાર્યવાહી પછી કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વરિષ્ઠ ન્યાયાધીશ પરના હુમલાની નિંદા કરી અને તેને બંધારણીય મૂલ્યોનું અપમાન ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, ‘અમે સુપ્રીમ કોર્ટના ઉચ્ચ કક્ષાના ન્યાયાધીશના અપમાનની સખત નિંદા કરીએ છીએ અને જો સુપ્રીમ કોર્ટના વકીલોમાં આવી વિચારધારા અસ્તિત્વમાં છે, તો તે બંધારણનું અપમાન છે. જે વિચારધારા માનવીને માનવ માનતી નથી તે બંધારણ અનુસાર નથી. જે લોકો મનુસ્મૃતિના નામે લોકોને તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખવાની વાત કરે છે તેમને સજા થવી જોઈએ. જે લોકો સમાજમાં બિનજરૂરી તણાવ ફેલાવવાનો અને શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમને સજા થવી જોઈએ. આ દેશના બધા લોકો જે પ્રગતિશીલ વિચારધારાઓ ધરાવે છે. જેઓ લોકશાહીની વિચારધારા સાથે આગળ વધે છે, હું તેમનો આભારી છું.’

SCBA અને BCI દ્વારા આ પગલાં કોર્ટરૂમના શિષ્ટાચારના ભંગ માટે કાનૂની સમુદાયના ઝડપી શિસ્તબદ્ધ પ્રતિભાવને દર્શાવે છે. BCIએ સંકેત આપ્યો છે કે, તેના પ્રારંભિક સસ્પેન્શનથી તેની શિસ્ત કાર્યવાહીના પરિણામ સુધી વધુ પ્રતિબંધો લાગી શકે છે. આ પ્રકરણે કોર્ટરૂમ સુરક્ષા અને વ્યાવસાયિક વર્તણૂક અંગે કાનૂની અને રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રાર જનરલના તાત્કાલિક ફોજદારી આરોપો ન લગાવવાના નિર્ણયની તપાસ થઈ છે, જ્યારે બાર સત્તાવાળાઓએ કિશોર પાસેથી વ્યાવસાયિક વિશેષાધિકારો અને પ્રવેશ છીનવી લેવાનું પગલું ભર્યું છે.

# CJI પરના હુમલા અંગે બિહારના નેતાઓના મૌન પર કોંગ્રેસના સાંસદે સવાલ ઉઠાવ્યા

(એજન્સી) તા.૯

કોંગ્રેસના સાંસદ તનુજ પુનિયાએ બુધવારે સુપ્રીમ કોર્ટમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ પર તાજેતરમાં થયેલા હુમલાના પ્રયાસ અંગે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને કેન્દ્રીય મંત્રીઓ ચિરાગ પાસવાન અને જીતનરામ માંઝી જેવા નેતાઓના મૌન પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.



આધાર રાખે છે, જે લગભગ બધા નાના અને સીમાંત ખેડૂતો છે, જે દરરોજ ૫૦ રૂપિયાથી ઓછા કમાય છે. NDAના ૨૦ વર્ષના શાસનમાં તેઓ આ સ્થિતિમાં આવી ગયા છે.

પુનિયાએ દાવો કર્યો હતો કે, દલિતો પર થયેલા અત્યાચારોના સંદર્ભમાં બિહાર ઉત્તરપ્રદેશ પછી ભારતમાં બીજા ક્રમે છે. તેમણે NDA સરકાર પર દલિતોનો ઉપયોગ ફક્ત

## સાંસદ તનુજ પુનિયાએ પૂછ્યું છે કે, નીતિશકુમાર, ચિરાગ પાસવાન અને જીતનરામ માંઝી એક અગ્રણી દલિત પરના હુમલા અંગે કેમ ચૂપ છે

૬ ઓક્ટોબરના રોજ કોર્ટ કાર્યવાહી દરમિયાન ૭૧ વર્ષીય આ વકીલે CJI ગવઈ પર જૂતા ફેંક્યા હતા. પરંતુ સુરક્ષા કર્મચારીઓએ તેને અટકાવ્યા હતા. CJI ગવઈ ભારતીય ન્યાયતંત્રના વડા બનનારા બીજા દલિત છે. કોંગ્રેસ સાંસદે દાવો કર્યો હતો કે, બિહારના નેતાઓ નીતિશકુમાર, ચિરાગ પાસવાન અને જીતનરામ માંઝી જે દલિત મતો પર આધાર રાખે છે, તેમનું આ બાબતે મૌન સમજાવી શકાય તેવું નથી. પૂર્વ મુખ્યમંત્રી માંઝી અને પાસવાન બંને દલિત સમુદાયના છે, જ્યારે કુમાર ઓબીસી નેતા છે. બારાબંકીનું પ્રતિનિધિત્વ કરતા પુનિયાએ જણાવ્યું હતું કે, સીજેઆઈનો અનાદર ભાજપ અને આરએસએસની જાતિવાદી માનસિકતાને છતી કરે છે. એનડીએ અને મહાગઠબંધન - જેમાં તેમનો પક્ષ પણ સામેલ છે - વચ્ચે આગામી ચૂંટણી લડાઈ પ્રતીકાત્મક રીતે ‘જૂતા અને કલમ’ વચ્ચે લડવામાં આવશે. તેઓએ આદરણીય દલિત આઈકોન બાબાસાહેબ આંબેડકરનો ઉલ્લેખ કર્યો હતો. રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા એનડીએ પર હુમલો કરતા પુનિયાએ આરોપ લગાવ્યો કે કેન્દ્ર અને બિહાર બંને સરકારોએ ભેદભાવપૂર્ણ નીતિઓ દ્વારા દલિતોને અલગ રાખ્યા છે.

નેશનલ સેમ્પલ સર્વે (NSS)ના અહેવાલ સાથે તેમણે જણાવ્યું હતું કે, બિહારમાં ૧૯ લાખ ૧૫ હજાર દલિત પરિવારો ખેતી પર મત બેંક તરીકે કરવાનો આરોપ લગાવ્યો હતો જ્યારે નીતિ નિર્માણ અને અમલીકરણમાં તેમની જરૂરિયાતોને અવગણવામાં આવે છે.

પુનિયાએ જાહેર ક્ષેત્રના એકમોના ખાનગીકરણ અંગે કહ્યું કે, તે સામાજિક ન્યાયની કરોડરજ્જુ તોડી નાખવા માટે છે અને તેના માટે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી, તેમણે કહ્યું કે, આ પગલાથી લગભગ ૪,૮૦,૦૦૦ અનામત પદો ગુમાવશે. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સતત દલિતો અને પીડિત સમુદાયો માટે સાચા અર્થમાં સામાજિક ન્યાયનો બચાવ કર્યો છે. રાહુલ ગાંધી ‘જૂતા’ સામે ‘કલમ પકડવામાં’ વિશ્વાસ રાખે છે.

# DUમાં ગોલ્ડ મેડલ વિજેતા, UPSCમાં ટોપર, શિક્ષકની પુત્રી આ સફળતાના મંત્રથી અધિકારી બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

મેરઠની કશિશ કસાના સમાચારમાં છે. તેણીએ UPSC ISS ૨૦૨૫ની પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવ્યું. દિલ્હી યુનિવર્સિટીના સુવર્ણ ચંદ્રક વિજેતા કશિશ કસાનાની વાર્તા ફક્ત પરીક્ષા પાસ કરવાની જ નહીં, પણ આત્મવિશ્વાસ અને જુસ્સાની પણ છે. તેણીને બાળપણથી જ ગણિત અને આંકડાશાસ્ત્રમાં ઊંડો રસ હતો. કશિશ ઓનલાઈન અભ્યાસ સામગ્રીનો ઉપયોગ કરીને સ્વ-અભ્યાસ દ્વારા UPSC ISS પરીક્ષાની તૈયારી કરતી હતી. કશિશ કસાનાના પિતા, જીતેન્દ્ર કસાના, રાજપુરા વિકાસ બ્લોકમાં ADO સહકારી તરીકે પોસ્ટેડ છે અને તેની માતા, રેખા, પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. કશિશના માતાપિતા હંમેશા તેણીને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરતા હતા, પરંતુ તેણીએ સફળતા માટે પોતાનો રોડમેપ બનાવ્યો. કશિશ તેના MSc કરતી વખતે UPSCની તૈયારી કરવાનું શરૂ કર્યું.



બંને પરીક્ષાઓમાં ટોચનું સ્થાન મેળવીને, તેણીએ સાબિત કર્યું કે યોગ્ય સમય વ્યવસ્થાપન સાથે, બે મુખ્ય લક્ષ્યો એક સાથે પ્રાપ્ત કરી શકાય છે. UPSC ISS ૨૦૨૫ ટોપર કશિશ કસાનાએ મેરઠની KL ઈન્ટરનેશનલ સ્કૂલમાં તેનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું. ત્યારબાદ તેણીએ દિલ્હી યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત લેડી શ્રી રામ કોલેજમાંથી સ્ટેટિસ્ટિક્સ ઓનર્સ ડિગ્રી મેળવી. આ વિષયમાં તેણીનો રસ એટલો મજબૂત હતો કે તેણીએ તે જ વિષયમાં અનુસ્નાતકનો અભ્યાસ કર્યો. કશિશ કસાનાએ સ્ટેટિસ્ટિક્સમાં એમએસસી કર્યું, જેને ગોલ્ડ મેડલ મળ્યો. તેણીની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન, કશિષે હંમેશા ગણિત અને આંકડાશાસ્ત્રમાં ઊંડો રસ દાખવ્યો છે. કશિશ કસાનાએ તેણીના શાળાના દિવસોમાં UPSC ISS પરીક્ષા વિશે જાણ્યું હતું. મીડિયા અહેવાલો અનુસાર, તેણીને પરીક્ષામાં ટોપ કરવાની અપેક્ષા નહોતી. જો કે, તેણીને વિશ્વાસ હતો કે તેણી પાસ થશે. તેણીએ સમજાવ્યું કે તેણીને હંમેશા ગણિતમાં રસ હતો. તેણી પોતાની સફળતાનો શ્રેય ત્રણ D ફોર્મ્યુલાને આપે છે : ડિસિજન, ડિવોશન અને ડિસિપ્લિન. કશિશે કોઈપણ કોચિંગ વિના સફળતા મેળવી. તે માને છે કે ભલે તમે દિવસમાં ફક્ત એક કલાક જ અભ્યાસ કરો, ખંતથી અભ્યાસ કરો.

# ભારતીય વિદ્યાર્થીઓને પ્રોત્સાહન : UKની ૯ યુનિવર્સિટી ભારતમાં કેમ્પસ સ્થાપશે, વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ‘નવા નવા પરિમાણો ઉમેરાઈ રહ્યા છે’

(એજન્સી) તા.૯

યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મરની મુલાકાત દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે નવ યુકે યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ સ્થાપશે. યુકેના અત્યાર સુધીના સૌથી મોટા શિક્ષણ પ્રતિનિધિમંડળ સાથેની આ મુલાકાત બંને દેશો વચ્ચે શૈક્ષણિક ભાગીદારીને મજબૂત બનાવવા પર ભાર મૂકે છે. શૈક્ષણિક સંબંધોને મજબૂત બનાવવાના ઐતિહાસિક પગલામાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મરે જાહેરાત કરી હતી કે સાઉધમ્પ્ટન યુનિવર્સિટી સહિત નવ અગ્રણી બ્રિટિશ યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ ખોલશે. સાઉધમ્પ્ટન યુનિવર્સિટીના ગુરૂગ્રામ કેમ્પસનું ઉદ્‌ઘાટન થઈ ચૂક્યું છે, જેમાં વિદ્યાર્થીઓનો પહેલો સમૂહ નોંધાઈ ગયો છે. આ પહેલ ભારત-યુકે શૈક્ષણિક સહયોગમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે અને ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત છે. તેનો ઉદ્દેશ્ય ભારતીય વિદ્યાર્થીઓને દેશ છોડ્યા વિના વિશ્વ કક્ષાનું શિક્ષણ પૂરૂં પાડવાનો છે, જ્યારે નવીનતા અને કૌશલ્ય વિકાસને વેગ આપવા માટે સહયોગી સંશોધન અને શૈક્ષણિક-ઉદ્યોગ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. પાંચ પ્રતિષ્ઠિત યુકે યુનિવર્સિટીઓએ ભારતના મુખ્ય શહેરોમાં કેમ્પસ સ્થાપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સાઉથમ્પ્ટન ઉપરાંત, બ્રિસ્ટોલ યુનિવર્સિટીને મુંબઈમાં એક નવું એન્ટરપ્રાઇઝ કેમ્પસ ખોલવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ



કમિશન તરફથી મંજૂરી મળી છે, જે ૨૦૨૬ના ઉનાળામાં વિદ્યાર્થીઓની નોંધણી કરશે.

**ભારતમાં કેમ્પસ સ્થાપતી યુકે યુનિવર્સિટીઓની યાદી**

૧. સાઉથમ્પ્ટન યુનિવર્સિટી - ગુરૂગ્રામ (કેમ્પસ પહેલેથી જ કાર્યરત છે)
૨. લિવરપૂલ યુનિવર્સિટી - બેંગ્લોર
૩. યોર્ક યુનિવર્સિટી - મુંબઈ
૪. એબરડીન યુનિવર્સિટી - મુંબઈ
૫. બ્રિસ્ટોલ યુનિવર્સિટી - મુંબઈ

બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મર ૮-૯ ઓક્ટોબર દરમિયાન ભારતની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાતે આવ્યા છે. બે દિવસની યાત્રા દરમિયાન, બંને નેતાઓએ વિઝન ૨૦૩૫ રોડમેપ હેઠળ ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિની સમીક્ષા કરશે. આ ૧૦-વર્ષીય યોજના વેપાર, રોકાણ, ટેક્‌નોલોજી, નવીનતા, સંરક્ષણ, સુરક્ષા, આબોહવા, ઉર્જા, આરોગ્ય, શિક્ષણ અને લોકોનાં જોડાણોમાં સંબંધોને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

આ મુલાકાત યુકેના અત્યાર સુધીના સૌથી મોટા વ્યાપાર પ્રતિનિધિમંડળ સાથે પણ સુસંગત છે, જે દ્વિપક્ષીય સંબંધોમાં વધારો કરે છે. તાજેતરમાં હસ્તાક્ષર કરાયેલ વ્યાપક આર્થિક અને વેપાર કરાર આયાત ખર્ચ ઘટાડવા, યુવાનો માટે નવી રોજગારીની તકો ઉત્પન્ન કરવા, વેપારને વેગ આપવા અને બંને દેશોમાં ઉદ્યોગો અને ગ્રાહકોને લાભ આપવાની અપેક્ષા છે.

**વિઝન ૨૦૩૫ : શિક્ષણમાં એક નવો યુગ**

જુલાઈ ૨૦૨૫માં પીએમ મોદીની યુકે મુલાકાત દરમિયાન અપનાવવામાં આવેલા ભારત-યુકે વિઝન ૨૦૩૫ રોડમેપથી ઉચ્ચ શિક્ષણમાં સહયોગ માટે નવા માર્ગો ખુલ્યા છે. ભારતમાં યુકે યુનિવર્સિટી કેમ્પસની સ્થાપનાથી નીચેની અપેક્ષા રાખવામાં આવે છે :

- ભારતીય વિદ્યાર્થીઓને વૈશ્વિક-માનક શિક્ષણની એક્સેસ પ્રદાન કરવી.
- ભારતીય અને યુકે સંસ્થાઓ વચ્ચે સહયોગી સંશોધનને પ્રોત્સાહન આપવું.
- શૈક્ષણિક-ઉદ્યોગ જોડાણોને મજબૂત બનાવવું.

આ પહેલ ભારત-યુકે શૈક્ષણિક સંબંધોમાં મુખ્ય સીમાચિહ્નરૂપ છે, જે વિશ્વ કક્ષાના શિક્ષણને દેશમાં લઈ આવશે અને બંને રાષ્ટ્રો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે.

# મોદી દ્વારા નેતાન્યાહુની પ્રશંસા ‘નૈતિક રીતે ઘૃણાસ્પદ’ છે : કોંગ્રેસ

(એજન્સી) તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પશ્ચિમ એશિયા શાંતિ યોજનાના પ્રથમ તબક્કાને ઉષ્માભર્યું સમર્થન આપવાથી દેશમાં રાજકીય વિરોધ થયો છે, કોંગ્રેસ પાર્ટીએ તેમની ટિપ્પણીઓને ‘શરમજનક અને નૈતિક રીતે ઘૃણાસ્પદ’ ગણાવી છે.



વિસ્તરણ અથવા પેલેસ્ટીની લોકોના ભવિષ્ય વિશે કંઈ કહ્યું નથી.

ટ્રમ્પની શાંતિ યોજનાના પ્રથમ તબક્કામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના દુશ્મનાવટને અસ્થાયી રૂપે રોકવા, આતંકવાદી જૂથ દ્વારા બંધકોને તબક્કાવાર મુક્ત કરવા અને ગાઝાના ભાગોમાંથી ઈઝરાયેલી સૈનિકોની ધીમે-ધીમે પાછી

## જયરામ રમેશે કહ્યું કે, આ કહેવાતા શાંતિ કરારને વધાવવાની વડાપ્રધાનની ઉત્સુકતા આશ્ચર્યજનક નથી

X પર એક પોસ્ટમાં મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પની રાજદ્વારી પહેલની પ્રશંસા કરી અને ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના ‘નેતૃત્વ’ની પ્રશંસા કરી હતી. મોદીએ લખ્યું કે, ‘અમે રાષ્ટ્રપતિ ટ્રમ્પની શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પરના કરારનું સ્વાગત કરીએ છીએ. આ નેતાન્યાહુના મજબૂત નેતૃત્વનું પણ પ્રતિબિંબ છે. ભારતને આશા છે કે, બંધકોની મુક્તિ અને માનવતાવાદી સહાયમાં વધારો ગાઝાના લોકોને રાહત આપશે અને કાયમી શાંતિનો માર્ગ મળશે.’

જો કે, આ ટિપ્પણીઓની કોંગ્રેસના નેતાઓએ તીવ્ર ઝાટકણી કાઢી, જેમણે વડાપ્રધાન પર અનૈતિકતા અને પેલેસ્ટીની રાજ્ય માટે ભારતના લાંબા સમયથી ચાલતા સમર્થનને છોડી દેવાનો આરોપ મૂક્યો છે. કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે કહ્યું કે, ગાઝામાં અત્યાચારોના નેતૃત્વનો વ્યાપકપણે આરોપ છે એવા નેતા નેતાન્યાહુ માટે મોદીની અયોગ્ય પ્રશંસા ‘આઘાતજનક, શરમજનક અને નૈતિક રીતે અયોગ્ય’ હતી. આ કહેવાતા શાંતિ કરારને વધાવવાની વડાપ્રધાનની ઉત્સુકતા આશ્ચર્યજનક નથી, પરંતુ ખરેખર શરમજનક બાબત એ છે કે, છેલ્લા વીસ મહિનામાં ગાઝામાં નરસંહાર કરાવનારા નેતાન્યાહુ માટે તેમની અયોગ્ય પ્રશંસા ‘શરમજનક અને નૈતિક રીતે ઘૃણાસ્પદ’ છે.

તેમણે પેલેસ્ટીનના સ્વતંત્ર, સાર્વભૌમ રાજ્યના પ્રશ્ન પર મોદીના ‘સંપૂર્ણ મૌન’ની ટીકા કરી, જેને ભારતે નવેમ્બર ૧૯૮૮માં સત્તાવાર રીતે માન્યતા આપી હતી અને હવે વિશ્વભરના ૧૫૦થી વધુ દેશો દ્વારા માન્યતા આપવામાં આવી છે. રમેશે કહ્યું કે, મોદીએ કબજા હેઠળના વેસ્ટ બેંકમાં ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતોના સતત ખેંચવાની કલ્પના કરવામાં આવી છે. વોશિંગ્ટન દ્વારા આ પગલાને ‘શાંતિ તરફ એક વિશાળ પગલાં’ તરીકે આવકારવામાં આવ્યો છે, જ્યારે શંકાસ્પદ લોકો ચેતવણી આપે છે કે, ઊંડા અવિશ્વાસ અને રાજકીય વિભાજન તેને નબળું પાડી શકે છે.

મોદીનું નિવેદન ભારતને આ કરારનું સ્વાગત કરવામાં યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયેલ સાથે સંરેખિત કરે છે, ત્યારે તે ભારતના પરંપરાગત રીતે સંતુલિત વલણથી નોંધપાત્ર પરિવર્તન પણ છે. વૈશ્વિક નેતાઓ સાવધાનીપૂર્વક આ શાંતિની પ્રશંસા કરી રહ્યા છે, ત્યારે ભારતમાં સ્થાનિક રાજકીય ચર્ચા વાસ્તવિક રાજકારણ અને નૈતિક સિદ્ધાંતો વચ્ચે ઊંડા વૈચારિક અંતરને દર્શાવે છે. ગાઝાની દુર્ઘટના વિશ્વના અંતરાત્માને સતત પરેશાન કરી રહી છે.

# તેજસ્વીનું મેગા ચૂંટણી વચન : બિહારમાં દરેક પરિવાર માટે એક સુનિશ્ચિત સરકારી નોકરી માટે કાયદો ઘડવામાં આવશે

(એજન્સી) પટણા, તા.૯

વિધાનસભા ચૂંટણી પહેલા એક મોટી જાહેરાતમાં રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજસ્વી પ્રસાદ યાદવે ગુરૂવારે કહ્યું કે, જો RJDની આગેવાની હેઠળનો વિપક્ષ ઈન્ડિયા ગઠબંધન બિહારમાં સત્તામાં આવશે, તો તે એક એવો કાયદો લાવશે જે સુનિશ્ચિત કરશે કે રાજ્યના દરેક પરિવારમાં ઓછામાં ઓછો એક સભ્ય સરકારી



બિહારને ૭૫ વર્ષના મુખ્યપ્રધાનની જરૂર નથી.

તેજસ્વીની આ જાહેરાતને શાસક NDA દ્વારા કલ્યાણકારી યોજનાઓ પૂરી પાડવાની ચૂંટણી પહેલના પ્રતિભાવ તરીકે જોવામાં આવે છે. દરેક ઘરમાં મહિલા ઉદ્યોગસાહસિકોને ૧૦,૦૦૦ રૂપિયા આપવાની સરકારની પહેલથી મહિલા મતદારો શાસક ગઠબંધન તરફ આકર્ષાયા છે.

૨૭ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર

**RJDના નેતાએ કહ્યું છે કે, ઈન્ડિયા ગઠબંધન સરકાર બનાવ્યાના ૨૦ દિવસની અંદર આ કાયદો પસાર કરશે અને ૨૦ મહિનામાં તેનો અમલ કરશે, તેના સત્તામાં તેમના ટૂંકા ગાળાના કાર્યકાળને યાદ કરતા તેજસ્વી કહે છે કે, તે સમયે પાંચ લાખ નોકરીઓનું સર્જન થયું હતું અને જો તેમને પાંચ વર્ષનો સંપૂર્ણ કાર્યકાળ આપવામાં આવે તો તેઓએ ઘણા મોટા પરિણામોનું વચન આપ્યું છે**

નોકરી ધરાવતો હોય.

મીડિયા સાથે વાત કરતા તેજસ્વીએ કહ્યું કે, નવી સરકારની રચનાના ૨૦ દિવસની અંદર પ્રસ્તાવિત કાયદો રજૂ કરવામાં આવશે. એનડીએ ૨૦ વર્ષમાં યુવાનોને નોકરીઓ આપી શક્યું નથી. અમે સત્તામાં આવ્યાના ૨૦ દિવસની અંદર એક કાયદો લાવીશું અને ૨૦ મહિનામાં તેનો અમલ સુનિશ્ચિત કરીશું. પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ ખુલાસો કર્યો કે તેમણે ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં પણ યુવાનોને નોકરીઓનું વચન આપ્યું હતું. મહાગઠબંધન સરકારના ૧૭ મહિનાના શાસન દરમિયાન મેં પાંચ લાખ યુવાનોને રોજગાર આપ્યું હતું. જો મને પૂર્ણ પાંચ વર્ષનો કાર્યકાળ મળ્યો હોત તો શું શક્ય બન્યું હોત તેની કલ્પના કરી શકાય છે.

તેમણે દાવો કર્યો કે, જો તેઓ સત્તામાં હોત તો બિહારમાં સરકારી નોકરી વિના કોઈ ઘર ન હોત. આરજેડી નેતાએ કહ્યું કે, ૬ અને ૧૧ નવેમ્બરના રોજ બે તબક્કામાં યોજાનારી ચૂંટણી પહેલા વિપક્ષી ગઠબંધન દ્વારા લોકોને વચન આપવામાં આવેલા પગલાની લાંબી યાદીમાં આ એક વધુ વચન છે. ચૂંટણી પહેલા હું જે ઘણી જાહેરાતો કરીશ તેમાં આ પ્રથમ જાહેરાત છે. તેમણે કહ્યું કે, તેમની પ્રાથમિકતા તેમને બેરોજગારી ભથ્થા આપવા કરતાં બિહારના લોકોને રોજગારી પૂરી પાડવાની છે. તેજસ્વીએ આકરા પ્રહારો કરતાં કહ્યું કે, મોદીએ બિહારમાં મહિલાઓ માટે રાજ્ય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી સહાય યોજના, મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના શરૂ કરી. તેમણે નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્વરોજગાર યોજના શરૂ કરી અને ચૂંટણી જંગ સાથેના આ રાજ્યની ૭૫ લાખ મહિલાઓના બેંક ખાતામાં સીધા ૧૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત બિહારના મુખ્યપ્રધાન નીતિશકુમારે ૩ ઓક્ટોબરના રોજ DBT દ્વારા બિહારની ૨૫ લાખ મહિલાઓના બેંક ખાતામાં ૨૫૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા અને મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના હેઠળ દરેકને ૧૦,૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડી છે.

# આ મહિલાએ સોશિયલ મીડિયા છોડી દીધું હતું, સંકલ્પ લીધો અને UPSC પાસ કરીને IFS અધિકારી બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની પરીક્ષા ભારતની સૌથી મુશ્કેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક માનવામાં આવે છે. તેની મુશ્કેલી વિશાળ અભ્યાસક્રમ, જટિલ પ્રશ્નો અને હજારો ઉમેદવારો વચ્ચે ઉચ્ચ સ્તરની સ્પર્ધામાં રહેલી છે. વધુમાં, પરીક્ષા માત્ર જ્ઞાન જ નહીં પરંતુ નિર્ણય લેવાની અને સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતાનું પણ પરીક્ષણ કરે છે. ગીતિકા તમતા ગાવેએ આ પ્રતિષ્ઠિત પરીક્ષા પાસ કરી. ઉત્તરાખંડની રહેવાસી ગીતિકા તમતા ગાવે IFS અધિકારી બનવા માટે UPSC પાસ કરી. મીડિયા અહેવાલો અનુસાર, ૨૦૨૧ની શરૂઆતમાં, ગીતિકા તમતા ગેવને એક સંકલ્પ



લીધો હતો કે તે પરીક્ષા માટે અભ્યાસ કરશે અને કોઈપણ વિક્ષેપ ટાળવા માટે સોશિયલ મીડિયા છોડી દીધું હોવાના અહેવાલ છે. ગીતીકા તમતા ગાવે નૈનિતાલમાં પોતાનું સ્કૂલિંગ પૂર્ણ કર્યું છે અને એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી છે. IFS ગાવે તેના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે દિલ્હી ગઈ હતી. જોકે, ૨૦૨૧ મા કોવિડ-૧૯ રોગચાળો ફાટી નીકળવાના કારણે UPSC પ્રિલિમ્સ મુલતવી રાખવામાં આવ્યા હતા અને તે તેના વતન પાછી ફરી ગઈ હતી. ૨૦૨૨માં, તે રાષ્ટ્રીય રાજધાની પાછી ગઈ અને UPSC માટે તેની તૈયારી ચાલુ રાખી. ૨૦૨૨માં, તેણીએ ૨૩૯મો ક્રમ મેળવ્યો અને IFS અધિકારી બની. IFS અધિકારી ગીતિકા તમતા ગાવે સોશિયલ મીડિયા પર પાછી આવી છે અને હાલમાં તેને ઈન્સ્ટાગ્રામ પર ૯૪ હજારથી વધુ લોકો ફોલો કરે છે.

# સોનારિયા ગામે મેગા નેત્ર નિદાન કેમ્પનો બસોથી પણ વધુ લોકોએ લીધો લાભ

વેરાવળ, તા.૯

વેરાવળના સોનારિયામાં દિવંગત ભીખાભાઈ સોલંકીના સ્મરણાર્થે તેમના પુત્ર ભગવાનભાઈ સોલંકી અને શિવાનંદ મિશન હોસ્પિટલ, વીરનગરના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે નેત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પને પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર એ દિપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂક્યો હતો.



વેરાવળ, તાલાલા અને સૂત્રાપાડા તાલુકાના ગામોમાંથી કુલ ૨૦૬ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ તમામ દર્દીઓને વિરનગરના આંખને લગતા રોગના નિષ્ણાત ડૉ.દિવ્યાંગ પટેલ તેમજ તેની ટીમ તપાસી નિદાન કરી અને દવાઓ પણ વિના મૂલ્યે આપી હતી. તેમજ ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને ત્યાંથી જ વીરનગર લઈ જવામાં આવ્યા હતા. આ સંપૂર્ણ આયોજન માટે જન સમાજ સેવા સંઘના જયંતીભાઈ આંજણીનો ફાળો અનન્ય હતો. આ કેમ્પને સફળ બનાવવામાં ગામના સરપંચ મોહનભાઈ સોલંકી, તાલુકા ભાજપ ઉપપ્રમુખ સુભાષભાઈ બારડ, જેસિંગભાઈ બારડ, વિપુલભાઈ ચૌહાણ, દિનેશભાઈ ભજગોતર, અજયસિંહ ઝાલા, તનસુખભાઈ વાળા, મુળાભાઈ સોલંકી, દિનેશભાઈ વાજા, તેમજ ગ્રામજનોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સેવાભાવી આયોજનની પ્રશંસા કરતા શુભેચ્છા પાઠવી હતી.

### પો.ઈ. સામે પગલાં લેવા બાર એસોસિએશનની માંગ

# જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં વકીલ સાથે અશોભનીય વર્તન સામે રોષ

જાફરાબાદ, તા.૯

જાફરાબાદ બાર એસોસિયેશન દ્વારા ઠરાવ કરવામાં આવ્યો : જાફરાબાદના નોટરી એડવોકેટ આઈ.આઈ. ગાહા દ્વારા અરજદાર સાથે ટાઉન પોલીસ મથકે ફરિયાદ આપવા જતા પી.આઈ. દ્વારા અપશબ્દો બોલી ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરવામાં આવતા વકિલ મંડળ દ્વારા ઉચ્ચ કક્ષાએ સહીં ઓ સાથે લેખિત રજૂઆત કરવામાં છે. આ અંગે જાફરાબાદ બાર એસોસિએશનને તેને વખોડતો ઠરાવ વિરોધ વ્યક્ત કર્યો છે. પોલીસ પ્રજાનો મિત્ર છે. એ સૂત્રને સાર્થક કરવાને બદલે પોલીસનો આમ નાગરિકોને કડવો અનુભવ થાય છે.એડવોકેટનો દરજ્જો ધરાવતા નાગરિક સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન થતું હોય તો આમજનતા સાથે કેવો વ્યવહાર કરતા હશે ? તે ઉચ્ચ કક્ષાએથી કડક કાર્યવાહી કરવાની લાગણી પ્રબળ બની છે.જાફરાબાદના નોટરી એડવોકેટ આઈ આઈ ગાહા ઉપર પોલીસ સ્ટેશનમાં પી. આઈ. તથા અન્ય પોલીસ કર્મચારીઓ દ્વારા ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરવામાં આવતા આ બાબતે વકીલ મંડળ દ્વારા જનરલ મીટિંગ રાખવામાં આવેલ આ મીટિંગમાં વકીલ મંડળના સભ્ય અને જાફરાબાદ બાર એસોસિએશનના સેક્રેટરી ઈમરાનભાઈ ગાહા તા/૨૭/૯/૨૫ના રોજ જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવા ગયેલ ત્યારે તેઓની ફરિયાદ લેવામાં આવેલ નહીં. ત્યાં હાજર રહેલા પોલીસ કર્મચારીઓ દ્વારા કહેવામાં આવેલ કે પી. આઈ. આવે ત્યારે રૂબરૂ ફરિયાદ લેવાની છે. જેથી તમો બહાર બેસો જેથી એડવોકેટ આઈ.આઈ. ગાહા પી.આઈ.ની રાહ જોઈને બેસેલ હતા. જ્યારે પોલીસ ઈન્સ્પેકટર પોલીસ સ્ટેશનને આવતા તેઓને રૂબરૂ ફરિયાદ આપવા ગયેલ ત્યારે પી.આઈ. દ્વારા કહેવામાં આવેલ કે તારે પોલીસ સ્ટેશનમાં આવવું નહીં તેમ કહી અપમાનિત કરી ધક્કો મારી અપશબ્દો બોલી અશોભનીય વર્તન કરેલ છે. જેથી આ બનાવને જાફરાબાદ બારના સમગ્ર વકીલોનું અપમાન ગણી જાફરાબાદ બાર એસોસિએશનના તમામ વકીલ મિત્રો વખોડી કાઢે છે અને અમારા જાફરાબાદ મંડળના સભ્ય અને સેક્રેટરી ઈમરાનભાઈ ગાહાને યોગ્ય ન્યાય મળે તે માટે જાફરાબાદ બારના તમામ એડવોકેટની માંગ છે. આ બનાવના પોલીસ સ્ટેશનના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે. વકીલ ઉપર આવું થતું હોય તો આમજનતા સાથે કેવો વ્યવહાર કરતા હશે ? આ બાબતે ગૃહ મંત્રી તથા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ પોલીસ સ્ટેશનના પીઆઈ તથા પોલીસ કર્મચારીઓ ઉપર એક્શન લેવામાં આવશે તેવી અનેક ચર્ચાઓ થઈ રહી છે.

# ભાવનગરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમવાના રેકેટનો પર્દાફાશ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૯

ભાવનગરના હિલડ્રાઈવ વિસ્તારમાં આવેલ ફૂલવાડી ચોક પાસે જાહેર રોડ ઉપર કારમાં બેસીને વન-ડે ક્રિકેટ મેચ પર મોબાઈલ ફોનમાં હારજીતના સોદા પડવા માટે માસ્ટર આઈડીનો ઉપયોગ કરી સટ્ટો રમી, રમાડતા બે શખ્સને એલસીબી પોલીસે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમવાના રેકેટમાં રૂા.૬.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કરી કુલ ૨૦ શખ્સ વિરૂદ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે.એલસીબી પોલીસ અને પેરોલ ફર્લો સ્કવોડ ગત રાત્રે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ઋષિ ભરતભાઈ કારિયા અને યુવરાજસિંહ વનરાજસિંહ ઝાલા ફૂલવાડી ચોક પાસે જાહેર રોડ પર કારમાં બેસીને પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચના સ્કોર પર સોદા થઈ શકે તે માટે લાઈવ કેસિનોની રમતમાં રૂપિયાની હારજીત માટે જુગાર રમવાની આઈ.ડી. અન્ય લોકોને ફોરવર્ડ કરી પૈસા લઈ હારજીતનો જુગાર રમાડે છે. આ બાતમીના આધારે પોલીસે બાતમીવાળી જગ્યાએથી ઋષિ અને યુવરાજને બે મોબાઈલ ફોન, ક્રેટા કાર અને રોકડા રૂા.૨,૨૦૦ મળી કુલ રૂા.૬,૫૨,૨૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

આ શખ્સોની પૂછપરછમાં ઋષિ કારીયાએ હારજીતના સોદા પાડવા માટેની માસ્ટર આઈ.ડી. શેતલ ચંદ્રકાન્ત શાહ (રહે. ભાવનગર)વાળા હસ્તક વિજય હરિયાણા વાળા પાસેથી મેળવી પોતાના ક્લાયન્ટ સમીર ઉર્ફે પેંડો (રહે. શિશુવિહાર, ભાવનગર), ગોપાલ અન્ના બાલાણી (રહે. સરદારનગર, ભાવનગર), નીરવ ગાંધી ઉર્ફે ગોપાલ ડી. (ડોનાચોક), નીલુ સિંધી (સિંધુનગર), સફી અસલમભાઈ હાલારી (પ્રભુદાસ તળાવ), અજયસિંહ ગોહિલ (અકવાડા), અમીત (સિહોર), મૌલિક (ભાવનગર)ને આપી હતી. આ ઉપરાંત કાનો (ભાવનગર)ને ૦૨ પેટા આઈ.ડી. દીપક ઉર્ફે લસણ (ભરતનગર)ને ૦૫ આઈ.ડી. અમીન (રહે. મૂળ સિહોર, હાલ અમદાવાદ), હાર્દિક (કરચલિયાપરા)ને ૦૪ આઈ.ડી. પ્રવીણ ઉર્ફે રાણી (ભાવનગર), સુમિત સંતરામભાઈ તેજવાણી (રબ્બર ફેક્ટરી)ને આપી હતી, તેમજ અન્ય એક આઈ.ડી. હરિ ઉર્ફે ડેવિડ (અમદાવાદ)ને આપી હોવાનું જણાવ્યું હતું. જ્યારે યુવરાજસિંહ ગોહિલે માસ્ટર આઈ.ડી. તેના ભાગીદાર રોહિત કોતર (ભાવનગર) મારફત મેળવી નરેન્દ્રસિંહ ગોહિલને રિચાર્જ કરી આપી હોવાનું જણાવ્યું હતું. આ એપ્લિકેશનના આઈ.ડી. મારફત આ શખ્સો ક્રિકેટ મેચ ઉપર મોટી રકમના રિચાર્જ કરી હારજીતના સોદા કરતા હોવાનું ખુલ્યું છે. આ મામલે ઝડપાયેલા બંને શખ્સ સહિત કુલ ૨૦ શખ્સો વિરૂદ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ભાવનગરમાં પ્રાંત અને મામલતદાર કચેરી ખાતે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવાઈ



(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૯

ભારતના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૪ વર્ષ પહેલાં ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ પ્રથમ વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, ત્યારથી ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી હતી, જેના ૨૪ વર્ષ પૂર્ણ થતા વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

ભાવનગર જિલ્લામાં દરેક તાલુકામાં આવેલ મામલતદાર તથા પ્રાંત કચેરી ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જેમાં ભાવનગર સીટી મામલતદાર કચેરી, ઘોઘા મામલતદાર કચેરી, પાલિતાણા પ્રાંત અને મામલતદાર કચેરી, ગારીયાધાર મામલતદાર કચેરી, સિહોર પ્રાંત કચેરી, મહુવા પ્રાંત કચેરી અને મામલતદાર કચેરી, તળાજા પ્રાંત કચેરી અને મામલતદાર કચેરી, ઉમરાળા મામલતદાર કચેરી, વલ્લભીપુર મામલતદાર કચેરી, ભાવનગર ગ્રામ્ય મામલતદાર કચેરી ખાતે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવેલ હતી.

# રાજકોટ હાઈવે પર વણોદ ગામના પાટિયા પાસે બે કાર અને બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માત : બેને ઈજા

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૯

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી રાજકોટ નેશનલ હાઈવે ઉપર આવેલા વડોદ ગામના પાટીયા પાસે હાલમાં ટ્રીપલ અકસ્માત ચર્ચા પામ્યો છે જેમાં બે વ્યક્તિઓને ઈજા પહોંચતા તાત્કાલિક સાર્વજનિક હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે ટ્રીપલ અકસ્માતમાં રોડની વચ્ચોવચ વહાન પલટી મારી જવાના કારણે ટ્રાફિક જામના પણ દૃશ્યો સર્જાયા હતા ત્યારે તાત્કાલિક અસરે લીમડી પોલીસને જાણકારી મળતાની સાથે જ ઘટના સ્થળ ઉપર પહોંચી વાહનોને એક સાઈડ કરી અને ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો જ્યારે આ ટ્રીપલ અકસ્માતની જાણવા મળતી વિગતો અનુસાર લીંબડી-રાજકોટ હાઈવે પર વડોદ ગામના પાટિયા પાસે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. બે કાર અને એક બાઈક વચ્ચે ટક્કર થઈ હતી. અકસ્માતમાં બે લોકોને ગંભીર ઈજા થઈ હતી.

બંને ઈજાગ્રસ્તને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

# ચોટીલા સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી મ્યુઝિયમ ૧૦થી ૫ ખુલ્લું રહેશે

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૯

ચોટીલામાં આવેલા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન ચરીત્ર પર સંગ્રહાલય બનાવાયું છે. જે મંત્રીના હસ્તે ખૂલ્લુ મૂકાયા બાદ પ્રવાસીઓ માટે ખૂલ્લુ ન મૂકાતા ચર્ચાનો વિષય બન્યો હતો. ત્યારે હાલ સંગ્રહાલય જનતા માટે ખૂલ્લુ મૂકાયું છે. જેનો સમય સવારે ૧૦થી સાંજના ૫ સુધીનો રખાયો છે.ચોટીલામાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન કાર્ય, સાહિત્ય અને સંગીતને નિરૂપતું રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય છઠ્ઠી સપ્ટેમ્બરે રાજ્યના રમતગમત અને યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રી મૂળુ બેરાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંગ્રહાલય માટે જરૂરી એનઓસી મેળવી જાહેર જનતા માટે ખૂલ્લું મૂકવામાં આવ્યું છે.

જેનો સમય સવારે ૧૦થી સાંજે ૫ કલાક સુધી રખાયો છે. હાલ કોમ્યુનિકેશન અમદાવાદ દ્વારા સંગ્રહાલયની કામગીરી કરાઈ છે તેમાં ત્રણ વર્ષ સુધી મેન્ટેનન્સ, જાળવણી વગેરે કરાઈ રહ્યા છે. તેમાં હાલ ૧૦ કર્મચારી દેખરેખ અને જાળવણી કરી રહ્યા છે. તેમાં દરેક સ્થળ પર સીસીટીવીથી સજ્જ કરવામાં આવેલું છે.

# ભાવનગરના કોબડી ટોલનાકા પાસેથી ૩ લાખના ઈંગ્લિશ દારૂ સાથે ૧ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૯

દિવાળીના તહેવાર પૂર્વે ભાવનગરમાં ઘૂસાડવામાં આવતાં ભારતીય બનાવટનાં ઈંગ્લિશ દારૂની નાની-મોટી બોટલ નંગ-૮૭૨ કુલ રૂા. કિં.રૂા.૩,૧૨,૩૬૦/-સહિત કુલ રૂા.૬,૧૨,૩૬૦/-નો મુદ્દામાલ ભાવનગર,લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે.

ભાવનગર શહેર-ગ્રામ્ય વિસ્તારમાં આગામી દિવાળીના તહેવાર સબબ ભાવનગર જિલ્લામાં લાવવામાં આવતો ઈંગ્લિશ દારૂ ઝડપવા પોલીસ સતર્ક બની છે.

આજરોજ ભાવનગર એલ.સી.બી. પોલીસ સ્ટાફનાં માણસો ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે દરમ્યાન બાતમી મળેલ કે, જૂના રાજપરા ગામના નટુભાઈ બાબુભાઈ મકવાણા પોતાની કાર રજી.નં.GJ-05-JC-2052માં પ્લાસ્ટીકના કવર નીચે ઈંગ્લિશ દારૂ ભરીને ભાવનગર તરફથી આવે છે અને તળાજા તરફ જાય છે. જે બાતમી આધારે કોબડી ટોલનાકા પાસે વોચમાં રહેતાં વર્ણનવાળી કારમાં ૩,૧૨,૨૬૦ના વિવિધ બ્રાન્ડના ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે આરોપી નટુભાઈ બાબુભાઈ મકવાણા (ઉ.વ.૩૫ રહે.જૂના રાજપરા તા.તળાજા)ને તેની કાર સાથે ઝડપી લીધો હતો. તેના વિરૂદ્ધ વરતેજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભાવનગરમાં ફરી મેગા ડિમોલિશન ૩૧ દુકાનો તોડી પડાઈ



ભાવનગર, તા.૯

ભાવનગર મહાનગરપાલિકાના ટાઉન ડેવલપમેન્ટ વિભાગ દ્વારા આજરોજ શહેરના બોર તળાવના નાકે આવેલ સરિતા શોપિંગ સેન્ટરના કોમન પ્લોટમાં ડિમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું અને ૩૧ જેટલી દુકાનો તોડી પાડી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગરના મુખ્યમાર્ગના નવીનીકરણ સાથે જ સરિતા શોપિંગ સેન્ટર ચર્ચામાં આવ્યું હતું. અગાઉ બે વખત આ શોપિંગ સેન્ટરનું ડિમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે આજે ફરી એક વખત વહેલી સવારમાં ટાઉન પ્લાનિંગ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ જેસીબી સાથે ડિમોલેશનની કામગીરી હાથ ધરી ૩૧ દુકાનો દૂર કરવામાં આવી છે

આજે વહેલી સવારે જેસીબી સહિતનો સ્ટાફ સરિતા શોપિંગ સેન્ટર પહોંચ્યો હતો અને સરિતા શોપિંગ સેન્ટરના કોમન પ્લોટમાં આવેલી ૩૧ દુકાનો દૂર કરી જમીન ઉપરનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું. સમગ્ર કામગીરી દરમિયાન બીએમસીના ફાયર ડિપાર્ટમેન્ટ, પોલીસ પીજીવીસીએલ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

### ભાવનગર મનપા દ્વારા દુકાનદાર તથા વેપારીઓને સ્વદેશી વસ્તુઓનું વેચાણ કરવા અનુરોધ

ભાવનગર, તા.૯

શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અન્વયે મહાનગરપાલિકા કક્ષાએ સ્વદેશી મેળા (શોપિંગફેસ્ટીવલ)નું જવાહર મેદાન ખાતે તા.૫/૧૦/૨૦૨૫થી તા.૧૫/૧૦/૨૦૨૫ સુધીનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત આ ઉદેશ્ય ફક્ત સ્વદેશી મેળામાં લાભ લેનાર પુરતું સીમિત ના રહે તે માટે ભાવનગર શહેરમાં આવેલ તમામ દુકાનો અને વેપારી સંસ્થાના વેપારીઓને સ્વદેશી વસ્તુઓનું વેચાણ કરવા તથા આપને ત્યાં આ સ્વદેશી વસ્તુઓની ખરીદી કરનારને ડિસ્કાઉન્ટ આપવા તથા સ્પેશ્યલ ઓફર આપવા માટે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા દરેક દુકાનદાર તથા વેપારીઓને ખાસ અનુરોધ કરવામાં વામાં આવે છે.

# જૂનાગઢ ઝાંઝરડા ચોકડી અગ્નિકાંડ પ્રકરણમાં ફરાર રહેલા મનપાનાં બેદરકાર ઈજનેરે સરેન્ડર કર્યું

જૂનાગઢ તા.૯

જૂનાગઢના ઝાંઝરડા ચોકડી ખાતે તા.૭ મે, ૨૦૨૫નાં રોજ સર્જાયેલા ગોઝારા અગ્નિકાંડ મામલે મોટો વળાંક આવ્યો છે. આ દુર્ઘટનામાં માતા અને માસૂમ બાળકી સહિત ત્રણ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આ કેસમાં ગુનાહિત બેદરકારી બદલ ફરાર રહેલા જૂનાગઢ મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર જયેન્દ્રસિંહ ઝાલાએ ગત મોડી રાત્રે જૂનાગઢ ડીએસપી કચેરી ખાતે આવીને સરેન્ડર કર્યું છે.

ઝાંઝરડા અગ્નિકાંડનાં બનાવમાં પ્રારંભિક તપાસમાં પોલીસે માત્ર જેસીબી ડ્રાઈવરની ધરપકડ કરીને કાર્યવાહી આટોપી લીધી હતી. જોકે મૃતકોના પરિવારોને યોગ્ય ન્યાય અપાવવા માટે ગુજરાત હાઈકોર્ટે પોલીસને આ મામલે યોગ્ય દિશામાં સઘન તપાસ કરવા માટે સૂચના આપી હતી. હાઈકોર્ટના આદેશ બાદ પોલીસે મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારીઓની ભૂમિકા પર તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો, જેમાં કાર્યપાલક ઈજનેર જયેન્દ્રસિંહ ઝાલા અને આઉટસોર્સ વોર્ડ ઈજનેર વિવેક કાંચેલાનું નામ ખૂલ્યું હતું ?

આ સમગ્ર મામલે તપાસ કરી રહેલા જૂનાગઢના ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ માહિતી આપી હતી કે અકસ્માત સર્જાયો તે સ્થળ વોર્ડ નંબર ૫માં આવતું હતું, જેના ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર જયેન્દ્રસિંહ ઝાલા હતા. ભૂગર્ભ ગટર લાઈન માટે ઝાલાની મૌખિક સૂચનાના આધારે જ ખોદકામ ચાલી રહ્યું હતું. તપાસમાં સૌથી ગંભીર બેદરકારી એ સામે આવી કે, મનપા, (પીજીવીસીએલ) અને ગેસ એજન્સીના અધિકારીઓનું એક સંયુક્ત 'યુટીલીટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર' વોટ્સએપ ગ્રુપ ૨૦૨૧થી કાર્યરત છે. નિયમ મુજબ, કોઈપણ ખોદકામની કામગીરી શરૂ કરતા પહેલા આ ગ્રૂપમાં તેની પૂર્વ સૂચના આપવી અનિવાર્ય છે, જેથી ભૂગર્ભમાં પસાર થતી ગેસ કે વીજળીની લાઈનનું ચોક્કસ લોકેશન જાણી શકાય. જોકે, ઈજનેર જયેન્દ્રસિંહ ઝાલાએ ઝાંઝરડા ચોકડી ખાતે ચાલી રહેલા ખોદકામની કોઈ જ માહિતી આ ગ્રૂપમાં આપી નહોતી. આ ગુનાહિત બેદરકારીના કારણે ખોદકામ કરનાર એજન્સીને ગેસ લાઈનનું સ્થાન નહોતું મળ્યું, પરિણામે જેસીબી ડ્રાઈવરે લાઈનને ડેમેજ કરી દીધી. લીક થયેલો ગેસ આસપાસની દુકાનોમાં ફેલાયો અને સિલિન્ડર બ્લાસ્ટ થતા આ ભયંકર અગ્નિકાંડ સર્જાયો, જેમાં ત્રણ લોકોના કરૂણ મોત નિપજયા હતા.

આ બનાવ અંગે પોલીસ દ્વારા બંને અધિકારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને તેમને ઝડપી પાડવા માટે કોર્ટ મારફતે કલમ ૭૨ હેઠળ વોરંટની કાર્યવાહી શરૂ કરાઈ હતી. પોલીસની સઘન શોધખોળની જાણ થતાં જ મૂળ વડોદરાના વતની એવા જયેન્દ્રસિંહ ઝાલા મહાનગરપાલિકામાંથી રજા મૂકીને ફરાર થઈ ગયા હતા. જોકે પોલીસની ટીમો દ્વારા સઘન તપાસ ચાલુ હતી, ત્યારે ગઈકાલે મોડી રાત્રે પોલીસના દબાણ સામે ઝૂકીને કાર્યપાલક ઈજનેર જયેન્દ્રસિંહ ઝાલાએ જાતે જ ડીવાયએસપી કચેરી ખાતે આવીને આત્મસમર્પણ (સરેન્ડર) કર્યું છે. ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું હતું કે, સરેન્ડર બાદ પોલીસે આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે અને અન્ય પાસાઓ પર પણ તપાસ કરવામાં આવશે.

# મોરબી મન્સુરી પીંજારા સમાજ રિલીફ કમિટી દ્વારા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

માળિયા મિંયાણા, તા.૯

મોરબી મનસુરી પીંજારા સમાજ રિલીફ કમિટી દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પીંજારા સમાજ મોરબી કુટુંબ પરિચય પુસ્તક બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. અત્રે યોજાયેલ પીંજારા સમાજ વિદ્યાર્થી સન્માન સમારોહમાં ધોરણ-૫થી કોલેજ સુધીના તમામ વિદ્યાર્થીઓનું શિલ્ડ અને ગિફ્ટ આપી રિલીફ કમિટી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં રિલીફ કમિટીના કન્વીનર સલીમભાઈ રહીમભાઈ પીપરવાડીયા દ્વારા આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈકબાલભાઈ લિંગડીયા (મનસુરી પીંજારા સમાજ રાજકોટ ઉપપ્રમુખ) ડૉ. મનસુરભાઈ હાજીઈસ્માઈલભાઈ પીલુડિયા (મેડિકલ ઓફિસર) ડૉ.નદીમભાઈ રજાકભાઈ ઓડિયા (મેડિકલ ઓફિસર) હુશેનભાઈ હેરંજા રાજકોટ (એડવોકેટ) અને સુઝાનબેન સલીમભાઈ ઉમરેટિયા (સ્ટાફ) દરેક મહાનુભાવોએ હાજરી આપી શિક્ષણ વિશે માહિતગાર કર્યા હતા તેમજ મનસુરી પીંજારા સમાજના સેક્રેટરી ઈકબાલભાઈ ગનીભાઈ પીલુડિયાને વિદ્યાર્થી સન્માન સમારોહના અધ્યક્ષ સ્થાન આપી તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે તેમના દ્વારા દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવાયા હતા તેમજ આમંત્રિત મહેમાનો તથા સમાજના આગેવાનો તેમજ રિલીફ કમિટીના સભ્યો દ્વારા મનસુરી પીંજારા સમાજ મોરબીની કુટુંબ પરિચય બુકનું વિમોચન કરવામાં આવ્યું જેમાં સમાજ પ્રમુખ આરીફભાઈ હાજીહાસમભાઈ પીલુડિયાએ કુટુંબ પરિચય બુક વિશે માહિતી આપેલ અને તમામને અભિનંદન પાઠવ્યા હતા આમ રિલીફ કમિટીના દરેક સભ્યો તેમજ મનસુરી પીંજારા સમાજના આગેવાનોએ સાથે મળી વિદ્યાર્થી સન્માન સમારોહને સફળ બનાવ્યો હતો. આ તકે આમંત્રિત મહેમાનો તેમજ તમામ આગેવાનો શહેરી અને ગ્રામ્ય કારોબારી સભ્યો તેમજ તમામ સખી દાતાઓની આભારવિધિ રિલીફ કમિટીના સહકન્વીનર રજબઅલી દાઉદભાઈ ગોધાવીયા અને નદીમભાઈ રફીકભાઈ પીલુડિયા દ્વારા કરવામાં આવી હતી.



(તસવીર : રજ્જાક બુખારી, માળિયા મિંયાણા)

# સુરેન્દ્રનગરના થાનગઢમાં કાર્બોસેલના કૂવા પર દરોડા, કાર્બોસેલના પાંચ કૂવા ચાલુ હાલતમાં મળ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૯

સુરેન્દ્રનગર જિલ્લાના જામવાળીમાં પ્રાંત અધિકારી, મામલતદારે દરોડા પાડ્યા છે અને કાર્બોસેલના પાંચ કૂવા ચાલુ હાલતમાં મળી આવ્યા છે, ૧ ટ્રેક્ટર, ૨ કંપ્રેશન, ૪૦ મેટ્રિક ટન કાર્બોસેલનો જથ્થો, ૫ ચરખી, ૧ બાઈક જેટલો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે, કુલ રૂા.૧૫.૫૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે, ઝડપાયેલ મુદ્દામાલ થાનગઢ મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવ્યો છે. ચોટીલાના નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણા અને થાનગઢ મામલતદારની સંયુક્ત ટીમે ૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ રાત્રિના ૧ વાગ્યાની આસપાસ થાનગઢ તાલુકાના જામવાળી વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન ગેરકાયદેસર કાર્બોસેલના પાંચ ચાલુ કૂવા મળી આવ્યા હતા. ટીમે સ્થળ પરથી કુલ રૂા.૧૫.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.જપ્ત કરાયેલા મુદ્દામાલમાં એક ટ્રેક્ટર, બે કમ્પ્રેશન મશીન, ૪૦ મેટ્રિક ટન કાર્બોસેલ, પાંચ ચરખીઓ, ત્રણ બકેટ અને એક બાઈકનો સમાવેશ થાય છે. જપ્ત કરાયેલા તમામ મુદ્દામાલને થાનગઢ મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવ્યો છે. ગેરકાયદેસર કાર્બોસેલનું ખનન કરતા ઈસમો સામે નિયમો અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વધુમાં, આ ગેરકાયદેસર કાર્બોસેલના કૂવાઓ કોના દ્વારા ખોદવામાં આવ્યા હતા ? તે અંગે વધુ તપાસ ચાલી રહી છે.

### રૂા.૨૯.૭૮ લાખની અપ્રમાણસર મિલકતનો આરોપ

# સુરતના કોર્પોરેટર રાજેશ મોરડિયા પર ભ્રષ્ટાચારનો ગુનો

### હાલ કુલ આવકની સરખામણીમાં ૬૮.૫૦ ટકા વધુ અપ્રમાણસર મિલકત હોવાનું બહાર આવ્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં.-૨ના કોર્પોરેટર રાજેશભાઈ રાઘવભાઈ મોરડિયા વિરૂદ્ધ સુરત શહેર એ.સી.બી. પો.સ્ટે. દ્વારા ભ્રષ્ટાચારનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કોર્પોરેટર મોરડિયાએ ૧/૦૪/૨૦૨૧થી ૩૧/૦૩/૨૦૨૫ સુધીના તેમના સેવા કાર્યકાળ દરમિયાન ગેરકાયદેસર રીતે આવક મેળવીને પોતાની કાયદેસરની કુલ આવકની સરખામણીમાં ૬૮.૫૦% જેટલી વધુ એટલે કે, રૂપિયા ૨૯,૭૮,૭૭૨ની અપ્રમાણસર મિલકત વસાવી છે. અપ્રમાણસર મિલકતનો ગુનો કર્યો હોવાનું એ.સી.બી.ની તપાસમાં સામે આવ્યું છે.રાજેશ મોરડિયા મૂળરૂપે આમ આદમી પાર્ટીમાંથી ચૂંટાઈને કોર્પોરેટર બન્યા હતા. મોટા વરાછામાં કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર પાસેથી પૈસાની ઉઘરાણી કરવા બદલ તેમની વિરૂદ્ધ ઉતરાણ પોલીસ મથકમાં ખંડણીનો ગુનો પણ દાખલ થયેલો છે. આ ઉપરાંત, સવા વર્ષ પહેલાં આપમાંથી ભાજપમાં જોડાવા માટે નાણાંની લેવડદેવડ અંગેનો એક ઓડિયો વાઈરલ થયો હતો, જે બાદ તેમેને આર્થિક ગેરરીતિઓના કારણે આમ આદમી પાર્ટી દ્વારા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.હાલમાં તેઓ કોઈ પણ પક્ષ સાથે જોડાયેલા નથી અને અપક્ષ કોર્પોરેટર તરીકે સેવા આપી રહ્યા છે, પરંતુ રૂા.૨૯,૭૮,૭૭૨ની અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ થતાં તેમની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

# નડિયાદના બસ સ્ટેન્ડમાં પાંચ દિ'થી ઉભરાતી ગટર : મુસાફરો ત્રાહિમામ્

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૯
નડિયાદ શહેરના મુખ્ય બસ સ્ટેન્ડમાં છેલ્લા પાંચ દિવસથી ગટરના પાણી ઉભરાતા મુસાફરો અને એસ.ટી. કર્મીઓની હાલત કફોડી બની છે. સમગ્ર બસ સ્ટેન્ડ પરિસરમાં ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય છવાયું છે, જેના કારણે મુસાફરોને બસ પકડવા કે ઊભા રહેવા માટે સ્વચ્છ જગ્યા મળતી નથી. આ સમસ્યાના તાત્કાલિક નિરાકરણની માંગ પ્રબળ બની છે. નડિયાદનું મુખ્ય બસ સ્ટેન્ડમાં ગટરો ઉભરાઈ રહી છે. જેથી મુસાફરોને બસ પકડવા માટે ગટરના પાણીમાંથી પસાર થવું પડે છે, જેના કારણે તેમના કપડાં બગડે છે તો પડી જવાનો ભય રહે છે. પરિસ્થિતિ એટલી ખરાબ છે કે સમગ્ર સ્ટેન્ડ વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ પ્રસરે છે, જેના કારણે સામાન્ય મુસાફરો તેમજ વૃદ્ધો અને બાળકો માટે શ્વાસ લેવો પણ મુશ્કેલ બની ગયો છે. આ ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ મોટા પાયે વધી ગયો છે. આ બસ સ્ટેન્ડમાં ખાડા ઘણા સમયથી છે. આ ખાડાઓમાં ગટરના પાણી ભળતાં સ્થિતિ વધુ ગંભીર અને બિહામણી બની ગઈ છે. સત્તાવાળાઓ દ્વારા આ ગંભીર સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે અને મુસાફરોને આ ગંદકીમાંથી મુક્તિ મળે તેવી લોકમાગ ઉઠી છે. નડિયાદ એસ.ટી. ડેપોના મેનેજરને આ બાબતે પૂછતા તેમને જણાવ્યું હતું કે, મહાનગરપાલિકામાં અમોએ વારંવાર રજૂઆત કરી છે પરંતુ કોઈ ઉકેલ આવ્યો નથી.

# જંબુસરમાં કોંગ્રેસની 'વોટ ચોર, ગાદી છોડ' સહી ઝુંબેશનો પ્રારંભ

(સંવાદદાતા દ્વારા) જંબુસર, તા.૯
ચૂંટણીમાં કથિત 'વોટ ચોરી' અને મતદાર યાદીમાં ગેરરીતિના આક્ષેપો બાદ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આહ્વાન પર જંબુસર શહેર કોંગ્રેસ સમિતિએ પણ 'વોટ ચોર, ગાદી છોડ'ની રાજયવ્યાપી સહી ઝુંબેશનો પ્રારંભ કર્યો છે. ત્યારે જંબુસર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખની આગેવાની હેઠળ જંબુસર શહેરના વોર્ડ નંબર. ૧, ૨, ૩, ૪માં આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ મતદારોને જાગૃત કરવાનો અને લોકશાહી બચાવવા માટેનો છે. કોંગ્રેસ સમિતિના પ્રમુખે જણાવ્યું કે, લોકશાહીને બચાવવા માટે અને સામાન્ય નાગરિકના મતાધિકારની સુરક્ષા માટે કોંગ્રેસ દ્વારા આ 'વોટ ચોર, ગાદી છોડ' સહી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.' તેમણે જંબુસર શહેરના દરેક નાગરિકને આ લડતમાં સહભાગી થવા અને લોકશાહીના હિતમાં સહી કરીને પોતાનો અવાજ બુલંદ કરવા માટે આહ્વાન કર્યું હતું. કોંગ્રેસના કાર્યકરો દ્વારા શહેરભરમાં લોકોને મળીને સહીઓ એકત્રિત કરવામાં આવી રહી છે.

# અંકલેશ્વર તાલુકા કોંગ્રેસ દ્વારા ભડકોદરા તાલુકા પંચાયત ૨ સીટમાં વોટ ચોર ગાદી છોડ કાર્યક્રમ યોજાયો


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૯
અંકલેશ્વર તાલુકા કોંગ્રેસ દ્વારા ભડકોદરા તાલુકા પંચાયત ૨ સીટમાં વોટ ચોર ગાદી છોડનો કાર્યક્રમ અને સહી કરવાનો કાર્યક્રમ અને મીટિંગ કરવામાં આવી હતી. આ મીટિંગ ભરૂચ જિલ્લાના મહામંત્રી શૈલેષ પ્રજાપતિના ઘરે રાખવામાં આવી હતી. આ મીટિંગની અંદર અંકલેશ્વર તાલુકાના પ્રમુખ ગીરીશભાઈ પટેલ, ઈકબાલભાઈ ગોરી, ભરૂચ જિલ્લાના મહામંત્રી યુસુફ ખાન પઠાણ, ગુલામભાઈ સીધા, નોટિફાઈડના પ્રમુખ જીવનભાઈ સાવલિયા, ભરતસિંહ યાદવ, સુમનભાઈ વૈધ, હર્ષદભાઈ ગઢવી, યોગેશ જોશી, રાજ રાઠોડ, શેખર તિવારી, ગટ્ટી, અનિકેત, યશ, રોહિત વગેરે કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# મોડાસામાં "ગોગો", "બિચ્છુ", "બ્લેક સર્કિટ" અને "પિયાનો" જેવા કોડ વર્ડથી ચાલતું ડ્રગ્સ નેટવર્ક

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૯
અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ડ્રગ્સ માફિયાઓએ નશાનું જાળું એવું ફેલાવ્યું છે કે હવે શહેરના યુવાનો એના કાવતરમાં સપડાઈ રહ્યાં છે. ગાંજા અને એમડી ડ્રગ્સના નશાના વેપાર માટે માફિયાઓએ નવા નવા કોડ વર્ડ - "ગોગો", "બિચ્છુ", "બ્લેક સર્કિટ" અને "પિયાનો" - દ્વારા ગુપ્ત રીતે નેટવર્ક ચલાવવાનું શરૂ કર્યું હોવાનું ખુલ્યું છે.
શહેરના બાયપાસ રોડ, રેલવે સ્ટેશન વિસ્તાર અને ધોબીધાળ જેવા વિસ્તારોમાં સાંજ પડતાં જ યુવાધન ગાંજાનો કસ ખેંચતું જોવા મળતું હોવાની ચર્ચા છે. કેટલીક યુવતીઓ પણ ખુલ્લેઆમ નશો કરતી હોવાના દ્રશ્યો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યા છે. ડ્રગ્સ માફિયાઓ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને સુરત જેવા વિસ્તારોમાંથી નશો મંગાવી, સરકારી બસોમાંથી લઈ આવતા હોવાનું પણ બહાર આવ્યું છે. માફિયાઓ સોશિયલ મીડિયાના માધ્યમથી નશાના શોખીનો સાથે સંપર્ક કરી કોડ વર્ડ દ્વારા ડ્રગ્સ પહોંચાડતા હોવાનું જણાય છે. હાલમાં ધોબીધાળ વિસ્તારમાં પોલીસ દ્વારા ગાંજાના નેટવર્કનો પર્દાફાશ કરાતા થોડા સમય માટે વેચાણ અટકી ગયું છે, પરંતુ એમડી ડ્રગ્સનું રેકેટ હજી પણ શહેરમાં સક્રિય હોવાનું મનાય છે.
અરવલ્લી LCB અને SOG પોલીસે છેલ્લા કેટલાક સમયથી નશાના જાળાને તોડવાનો પ્રયાસ કર્યો હોવા છતાં હજી સુધી મોટું નેટવર્ક ભેદવામાં નિષ્ફળ રહ્યા છે. સ્થાનિક સ્તરે હવે માંગ ઉઠી છે કે અરવલ્લી જિલ્લા SP મનોહરસિંહ જાડેજા નશાના આ ચક્રવ્યુહને તોડવા માટે વિશેષ ટાસ્ક ફોર્સ બનાવી કડક કાર્યવાહી કરે, જેથી યુવાધનને નશાની ચુંગાલમાંથી મુક્ત કરી શકાય.

### ભરૂચ એલ.સી.બી.ની કાર્યવાહી

# સરકારે બંધ કરેલ રૂા.૧૦૦૦ની ૪૯૮ નોટો સાથે ચાર ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)ભરૂચ, તા.૧૯
ભારત સરકાર દ્વારા જૂની ચલણી નોટ બંધ કરવામાં આવી છે. ત્યારે ઝઘડિયા તાલુકાના રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભરૂચ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ પોલીસ પેટ્રોલિંગમાં હલિ. ત્યારે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા રાજપારડી ગામથી ઝઘડિયા તરફ આવેલા હનુમાનજી મંદિર પાસે ચાર અજાણ્યા શખ્સો શંકાસ્પદ જણાતા શંકાના આધારે તેમની તપાસ કરતાં તેમની પાસે રહેલ સ્કૂલ બેગમાં તપાસ કરતાં બંધ થઈ ગયેલી જૂની ચલણી ૧૦૦૦/-ની નોટ નંગ ૪૯૮ મળી આવી હતી.
આ બાબતે પુછતાછ કરતાં તેમણે કોઈ સંતોષકારક જવાબ નહીં આપતા તેઓની અટકાયત કરી રાજપારડી પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ બંધ થયેલ ૧૦૦૦ની ૪૯૮ નોટો અને મોબાઈલ નંગ ૪ કિંમત ૨૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# આણંદ તાલુકામાં અકસ્માતના બે બનાવમાં બે જણનાં મોત

**(સંવાદદાતા દ્વારા)**આણંદ, તા.૯
આણંદ તાલુકાના સારસા વાસદ રોડ ઉપર સારસા ચોકડી પાસે અકસ્માતમાં રિક્ષાચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. રાહતલાવ ગામ નજીક માલગાડીની ટક્કરે યુવકનું મોત નિપજયું છે. ગત રાત્રિના નવ વાગ્યાના આસપાસથી સંજયકુમારના નાનાભાઈ ગણપતભાઈ ચૌહાણ (ઉં.વ.૨૮) પોતાની રિક્ષા લઈને સારસા-વાસદ રોડ ઉપર સારસા ચોકડી નજીકથી પસાર થતાં હતાં. ત્યારે પૂરઝડપે આવી ચઢેલ ટ્રકના ચાલકે ગણપતભાઈની રિક્ષાને ટક્કર મારતાં રિક્ષાચાલક ગણપતભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને લઈને આજુબાજુના લોકો એકત્ર થઈ જતાં પોતાની ટ્રક લઇ ટ્રક ચાલક ભાગી છુટયો હતો. સ્થાનિકોએ ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ની ટીમ સ્થળ ઉપર આવી પહોંચી હતી અને ગણપતભાઈ ગોપાલભાઈ ચૌહાણને તપાસી મૃત્યુ પામેલા હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે ખંભોળજ પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ-ગોધરા રેલવે લાઈન ઉપર આવેલા રાહતલાવ નજીક બુધવારના રોજ ત્યાંથી પસાર થતી માલગાડીની અડફેટે એક ૩૫થી ૪૦ વર્ષનો યુવકને માથામાં છાતીમાં ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું સ્થળ પર જ મોત નિપજયું હતું. આ ઘટનાને લઈને આજુબાજુના લોકો દોડી આવ્યાં હતાં ભાલેજ પોલીસને જાણ કરતાં પોલીસ આવી પહોંચી હતી અને યુવકના મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો. આ અંગે ભાલેજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને મૃતક યુવકના વાલીવારસોની શોધખોળ હાથ ધરી છે.

### પોલીસમાં ત્રણ સામે ફરિયાદ નોંધાઈ

# નડિયાદમાં ફરીથી પશુપાલકો મનપાની ઢોર પકડ પાર્ટી પર હુમલો કરી ગાયો છોડાવી ગયા

### વારંવાર આવા બનાવો બનતા હોઈ પોલીસ આ લોકો સામે કડક બને તેવી લોકમાંગ

(સંવાદદાતા દ્વારા)નડિયાદ, તા.૯
નડિયાદ શહેરમાં ફરી એક વખત ગઈકાલે ઉતરસંડા રોડ પર પશુપાલકો મનપાની ઢોર પકડ પાર્ટી પર હુમલો કરી પકડેલ ગાયોને છોડાવી ગયાનો બનાવ ઉજાગર થતા શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. દરમિયાન નડિયાદ શહેર પોલીસ દ્વારા આ અંગે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે.
નડિયાદને મહાનગર પાલિકા તંત્ર દ્વારા થોડા સમય પહેલા શહેરના માર્ગો પર રખડતા પશુઓ માટે પોલીસી બનાવવામાં આવી છે જે અંતર્ગત મનપા તંત્ર દ્વારા આપવામાં આવેલ કોન્ટ્રાક્ટની એજન્સીએ મહાનગરપાલિકા વિસ્તારમાં પશુપાલકો રાખતા પશુઓનું સર્વે કરી આર.એફ.આઈ.ડી ચીપ અને ટેગ લગાવવા માટેની કામગીરી શરૂ કરી છે. સાથે કોન્ટ્રાક્ટર એજન્સી દ્વારા શહેરના માર્ગો પર રખડતા પશુઓને પકડી પાંજરાપોળમાં મોકલી આપવાની પણ કામગીરી શરૂ કરી છે.
આ કામગીરી દરમિયાન બે એક વખત પશુપાલકો દ્વારા આ ઢોર પકડ પાર્ટી પર હુમલા કરી પકડેલ પશુઓ છોડાવી ગયા ના બનાવો પણ બન્યા છે. જે બનાવો સંદર્ભે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે આવો વધુ એક બનાવ ગઈકાલે શહેરમાં બન્યો છે.
નડિયાદ મનપા દ્વારા આપવામાં આવેલ કોન્ટ્રાક્ટર એજન્સીના કર્મચારીઓએ ગઈકાલે શહેરના રસ્તા પર રખડતી છ જેટલી ગાયો પકડી ટ્રેક્ટર સાથે જોડેલ પાંજરામાં પુરી હતી ત્યાર પછી ઢોર પકડ પાર્ટી શહેરના ઉતરસંડા રોડ પર ગાયો પકડવા પહોંચી હતી. તે સમયે ત્યાં ધસી આવેલ ટીકા ભરવાડ સહિતના ત્રણ ઈસમોએ આ ગાયો અમારી ભરવાડોની છે. તમે કેમ પકડી છે ? તેમ કહીને ઢોર પકડ પાર્ટીની ટીમ સાથે ઝઘડો કરી ભીખા ભરવાડ સહિતની ત્રિપુટીએ ટીમના સુપરવાઈઝર હરીશ ખુબીરામ માહોર (ઉવ-૩૬ રહે અમદાવાદ)ને છાતીમાં ફેટો મારી હતી સાથે ટીકા ભરવાડ સહિતની ત્રિપુટી ઢોર પકડ ટીમે પકડેલ ગાયોને છોડાવી ભગાડી મૂકી હતી સાથે ટ્રેક્ટરના પાંજરામાં પુરેલ અન્ય છ ગાયોને પણ છોડી ભગાડી મૂકી હતી.દરમિયાન લોકો એકઠા થઈ જતા ટીકા ભરવાડ સહિતની ત્રિપુટી ગમેતેમ ગાળો બોલી ફરીથી અહીંયા ગાયો પકડવા આવશો તો તમને જીવતા સળગાવી દઈ જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી ત્યાંથી રફુ ચક્કર થઈ ગઈ હતી.નડિયાદ શહેર પોલીસે ટીકા ભરવાડ સહિતની ત્રિપુટી વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# બોરસદમાં ડિગ્રી વગર દવાખાનું ચલાવતો બોગસ ડોકટર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)આણંદ, તા.૯
આણંદ જિલ્લાના બોરસદ શહેરમાં નારાયણ નગર ૪૦૦ મકાન વિસ્તારમાંથી એક બોગસ ડોક્ટરને બોરસદ શહેર પોલીસની ટીમે રૂપિયા ૧૩,૫૬૯ મુદ્દામાલ સાથે ઝડપી પાડી ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.
બોરસદ શહેરમાં ૪૦૦ મકાન પામોલ રોડ વિસ્તારમાં એક ઈસમ પોતાના રહેણાંક મકાનમાં કોઈ પણ પ્રકારની ડિગ્રી વિના મેડિકલની પ્રેક્ટિસ કરે છે. આ બાબતની બોરસદ શહેર પોલીસની ટીમે તાલુકા હેલ્થ ઓફિસરને જાણ કરીને બોરસદ અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસરને સાથે રાખી માહિતી મુજબના સ્થળે હિતેશ ભોઈના મકાનમાં છાપો મારતાં એક ઈસમ હાજર મળી આવ્યો હતો. તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ હિતેશ ઉર્ફે સંજય મફતભાઈ ભોઈ (રહે. બોરસદ નારાયણ નગર ૪૦૦ મકાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તપાસ કરતાં તેની પાસે ડોક્ટર હોવા અંગેના કોઈ સર્ટી કે પ્રમાણપત્ર ન હતું.બીજી બાજુ પોલીસે સ્થળ ઉપરથી બીપી ઈન્સ્ટ્રુમેન્ટ, થર્મોમીટર, સ્ટેથોસ્કોપ, દવાઓ મળી રૂપિયા ૧૩,૫૬૯નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા બોગસ ડોક્ટર હિતેશ ઉર્ફે સંજય મફતભાઈ ભોઈ વિરૂદ્ધ બોરસદ અર્બન હેલ્થ સેન્ટરના ઈન્ચાર્જ મેડિકલ ઓફિસર ડોક્ટર પ્રિયાંશી રજનીશ અવસ્થીની ફરિયાદના આધારે ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટીશનર એક્ટ ૧૯૬૩ની કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં ફેક્ટરીની ઓફિસમાં શેર બજારના ડબ્બા ટ્રેડિંગ તેમજ જુગાર રમતા પાંચ જુગારીયાઓ ઝડપાયા

### રૂા.૩૦.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત



(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૯
અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ સોના આઈસ ફેક્ટરીની ઓફિસમાંથી ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વર શેર બજારના ડબ્બા ટ્રેડિંગ તેમજ જુગાર રમતા પાંચ જુગારીયાઓને રૂા.૩૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.
અંકલેશ્વર વિસ્તારમાં ભરૂચ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ સોના આઈસ ફેક્ટરીની ઓફિસમાં અલ્તાફ હુસેન ઘોઘારી આર્થિક લાભ માટે બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પર જુગાર રમતા ૫ જુગારીઓને ઝડપી પાડ્યાં હતા. આ સાથે જ સેબીની જાણ બહાર ગેરકાયદે ૯ કરોડના શેરની રકમનું ટ્રાન્ઝેક્શન કરી ટેક્સથી બચવા સરકાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી પણ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. આ મામલામાં પોલીસે અલ્તાફ ઘોઘારી (રહે ચીકુવાડી અંકલેશ્વર), આદમ ઘોઘારી (રહે, ચીકુવાડી અંકલેશ્વર), સાજીદભાઈ હુસેનભાઈ ઘોઘારી, (રહે.ચીકુવાડી અંકલેશ્વર), રમેશ મગનભાઈ જસાણી (રહે, સુંદરવન એપાર્ટમેન્ટ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.) અને ચંદ્રસિંહ આનંદસિંહ રાવત (રહે.જલદર્શન અંકલેશ્વર)ની અટકાયત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી લક્ઝ્યુરિયસ કાર સહિત કુલ રૂા. ૩૦.૩૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### તહેવારોના સમયમાં ચોરીના બનાવો અટકાવવા

# અંકલેશ્વરમાં દરેક જ્વેલરી શોપમાં CCTV કેમેરા ફરજિયાત



(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૯
અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે જ્વેલર્સ એસોસિએશનના વેપારીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં દિવાળીના તહેવારોના સમયમાં ચોરી અને ચીલઝડપના બનાવો અટકાવવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.
દિવાળીના તહેવારોના સમયમાં ચોરી અને ચીલઝડપના બનાવો બનતા હોય છે જેમાં તસ્કર ટોળકી જ્વેલર્સ અને જ્વેલરી શોપને ટાર્ગેટ કરતી હોય છે ત્યારે નવરાત્રિ અને દિવાળીના તહેવારોમાં ચોરી અને ચીલઝડપ જેવી ઘટનાઓ અટકાવવા અંકલેશ્વર શહેર એ ડિવિઝન

### પોલીસે આપી સૂચના

પોલીસ મથક ખાતે પી.આઈ.પી.જી. ચાવડાની અધ્યક્ષતામાં જ્વેલર્સ એસો.ની બેઠક મળી હતી. જેમાં સુરક્ષાને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં જ્વેલર્સ એસોસિએશનના સભ્યોને તમામ દુકાનોમાં સીસીટીવી કેમેરા લગાવવા પી.આઈ.પી.જી. ચાવડાએ સૂચન કર્યું. આ સાથે જ વિવિધ બેંકના અધિકારીઓ તેમજ અન્ય વેપારીઓને પણ તહેવારોમાં ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી કોઈ સંદિગ્ધ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# કપડવંજમાં જેસીબીને ડમ્પરે ટક્કર મારતા ફુટપાથ પર સૂતેલા યુવક અને યુવતીનાં મોત

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૯
કપડવંજ નગરમાં દેહગામ રોડ પર આવેલ અમૂલના ચીલીંગ સેન્ટરની સામે તાલુકા પંચાયતના વરંડા પાસે રોડ પર આજે વહેલી સવારના ખોટી રીતે પાર્ક જેસીબીને રોડ પર પૂરપાટ આવતા એક ડમ્પરે પાછળથી ટક્કર મારતાં નજીકની ફૂટપાથ પર ચડી ગયેલ જીસીબીના પાવડાની અડફેટે આવી વરંડાની દીવાલ સાથે અથડાતા ફુટપાથ પર સૂઈ રહેલ બે શ્રમજીવીનાં મોત થયા હતા.મળતી માહિતી મુજબ કપડવંજ નગરમાં દેહગામ રોડ પર આવેલ અમૂલના ચીલીંગ સેન્ટરની સામે તાલુકા પંચાયતના વરંડા પાસે ફૂટપાથ પર ગઈકાલે મોડી રાત્રિના સમયે શ્રમિક પંકજભાઈ ભવાનભાઈ પરમાર ઉ.વ ૩૦ રહે મોતીપુરા તાબે ઝગડુપુર તા. કપડવંજ તેમના શ્રમિક સ્ત્રી મિત્ર ચંપાબેન શીવાભાઈ પુજાભાઈ વાઘરી (રહે. માલઈંટાડી તા.કપડવંજ) અને શ્રમિક મિત્ર ગૌતમભાઈ ઉર્ફે કવલો પ્રવિણભાઈ તિરગર વાતો કરી સુઈ ગયા હતા. ત્રણેય પાછલા રાત્રીની મીઠી નીંદર માણી રહ્યા હતા. તે ફૂટપાટ પાસે રોડ પર એક ચાલકે પોતાનું જેસીબી પાર્કીંગ લાઈટ કે અન્ય કોઈ લાઈટ ચાલુ રાખ્યા વિના પાર્ક કરી દીધું હતું.દરમિયાન વહેલી સવારે દહેગામ તરફથી પૂરપાટ આવતુ ડમ્પર નંબર GJ 18 BT 5757 ત્યાં રોડ પર પાર્ક કરેલ જેસીબી સાથે ધડાકાભેર અથડાતા ફૂટપાથ ઉપર ચઢી ગયેલ જેસીબીના આગળના ભાગના પાવડાની અડફેટે આવી ગયેલ ફૂટપાથ પર વહેલી સવારની મીઠી નીંદર માણી રહેલ શ્રમિક પંકજભાઈ પરમાર અને તેમની સ્ત્રી મિત્ર ચંપાબેન વાઘરી ફંગોળાઈને નજીકમાં આવેલ તાલુકા પાંચાયતની દિવાલ સાથે અથડાયા હતા જેને લઈ શરીરે ગંભીર ઇંજાઓ પહોંચવાથી બંનેના ઘટના સ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ દરમિયાન ડમ્પર ચાલક અને જેસીબી ચાલક ત્યાંથી રફુ ચક્કર થઈ ગયા હતા. કપડવંજ શહેર પોલીસે આ અંગે જેસીબી ચાલક અને ડમ્પર ચાલક વિરૂદ્ધ ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# વિદ્યાનગરી હિંમતનગર ખાતે 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ યોજાયો


(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૯
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી હિંમતનગર ખાતે તા. ૭/૧૦/૨૫થી તા. ૯/૧૦/૨૫ના દરમિયાન પર્યાવરણની જાળવણી માટે 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કનૈયાલાલ એલ. પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી અને યુનિવર્સિટીના પરિપત્ર પ્રમાણે વિકાસ સપ્તાહ અભિયાન અંતર્ગત મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી ખાતે એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સો જેટલી સ્વયં-સેવિકા બહેનોએ વિદ્યાનગરી કેમ્પસની આસપાસના વિસ્તારોમાં સફાઈ યજ્ઞ શરૂ કરી, મારૂં શહેર સ્વચ્છ શહેરના કોન્સેપ્ટને ઉજાગર કર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડૉ. કે.એલ. પટેલે વિદ્યાર્થીનીઓને સ્વચ્છતા સંદર્ભે સુંદર વિચારો પાડ્યા હતા. કાર્યક્રમનું કો-ઓર્ડિનેશન પ્રોગ્રામ ઓ. ડૉ. રીટાબેન જોશી એ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપક મિત્રોએ સુંદર સહયોગ પૂરો પાડ્યો હતો. ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓની હાજરીમાં કાર્યક્રમ સફળ રહ્યો હતો. આવા ઉત્તમ કાર્યક્રમનું આયોજન કરવા બદલ આયોજકોને કેળવણી મંડળના પ્રમુખ ડૉ. ડી.એલ. પટેલ અને ટ્રસ્ટી મહેન્દ્રભાઈ પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ડીસા : અમૃતસાગર સોસાયટીમાં જનહિતની કામગીરી બદલ 'શાન તિરંગા ગ્રુપ'નું સન્માન


(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૯
ડીસા શહેરમાં જાહેર જનતાની મુશ્કેલીઓ ઉઠાવતા શાન તિરંગા ગ્રુપને ઠેર-ઠેર આવકાર મળી રહ્યો છે. એક તરફ પાલિકાના સત્તાધીશો આ ગ્રુપના સભ્યો પર 'તોડબાજ' હોવાના આરોપો લગાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ શહેરની અમૃતસાગર સોસાયટીના રહીશોએ ગ્રુપને સન્માનપત્ર આપીને તેમનું સન્માન કર્યું છે.
તાજેતરમાં અમૃતસાગર સોસાયટીના રહીશોએ પોતાની ભૂગર્ભ ગટર અને રોડની ગંભીર સમસ્યાઓ દર્શાવવા માટે શાન તિરંગા ગ્રુપને લાઈવ ચર્ચા માટે આમંત્રિત કર્યા હતા. ગ્રુપના સભ્યો રાત્રિ દરમિયાન સોસાયટી ખાતે પહોંચ્યા હતા.તેમણે નવરાત્રીના પ્રથમ દિવસથી શરૂ કરાયેલી ભૂગર્ભ ગટરની કામગીરીને લઈને લોકોને પડતી મુશ્કેલીઓ જાણી હતી. આ ઉપરાંત સોસાયટીમાં રોડ-રસ્તા, ભૂગર્ભ ગટર, સ્ટ્રીટ લાઈટ, સાફ-સફાઈ અને ડોર-ટુ-ડોર કચરા કલેક્શન જેવી પ્રાથમિક સુવિધાઓના અભાવ અંગે પણ રહીશો સાથે લાઈવ ચર્ચા કરી હતી.
શાન તિરંગા ગ્રુપના સભ્યોએ પાલિકાનું ધ્યાન કેન્દ્રીત કરીને તાત્કાલિક અસરથી રહીશોની મુશ્કેલીઓ દૂર કરવા માટે નમ્ર વિનંતીની સાથે આકરા પ્રહારો પણ કર્યા હતા. ગ્રુપના આ પ્રયાસો અને જનહિતની ભાવનાને બિરદાવતાં, અમૃતસાગર સોસાયટીના જાગૃત રહીશોએ શાન તિરંગા ગ્રુપના સભ્યોને સન્માનપત્ર આપીને સન્માનિત કર્યા હતા.

# હિંમતનગર જૂની સિવિલ ખાતે "ટ્રુનાટ મશીનનું" લોકાર્પણ કરાયું

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૯
સાબરકાંઠામાં જિલ્લા ક્ષય કેન્દ્ર, હિંમતનગર ખાતે "ટીબી મુક્ત ભારત અભિયાન" અંતર્ગત ટીબી રોગના આધુનિક અને ચોક્કસ નિદાન માટે રૂા.૧૫ લાખની કિંમતના "ટ્રુનાટ મશીન"નું હિંમતનગર ધારાસભ્ય વી.ડી. ઝાલાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ મશીનને નવી સુવિધાથી ક્ષય રોગના શંકાસ્પદ દર્દીના ગળફાની ચકાસણી અધ્યતન મશીનથી થશે અને નિદાન વધુસારી રીતે થઈ શકશે. જેથી ટીબી રોગની સમયસર ઓળખ અને તાત્કાલિક સારવારમાં આપી શકાશે.આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રાજ સુતરિયા, ઈન્ચાર્જ જિલ્લા ક્ષય અધિકારી ડૉ.મહેન્દ્રભાઈ પટેલ, મેડિકલ ઓફિસર ડૉ.દેવઆશિષ ત્રિવેદી, તથા જિલ્લા ક્ષય કેન્દ્રના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અરવલ્લી જિલ્લાની શાળાઓમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ભિલોડા, તા.૯
વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના વહીવટી તંત્ર, જિલ્લા શિક્ષણ વિભાગના આયોજન હેઠળ જિલ્લાની શાળાઓમાં નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં રાષ્ટ્રીય વિકાસ, આત્મવિશ્વાસ અને સામાજિક જવાબદારી અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓએ નિબંધ દ્વારા પોતાના વિચારો રજૂ કર્યા હતા અને રાષ્ટ્રનિર્માણ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### ગોધરા : નિવૃત્ત કર્મચારી મંડળની ૧૨મીએ સામાન્ય સભા

ગોધરા, તા.૯
ગોધરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની વાર્ષિક સામાન્ય સભા તા.૧૨/૧૦/૨૫ના રવિવાર રોજ ફતેસિંહ એસ. બારીઆના પ્રમુખ પદે સ્વામિનારાયણ મંદિર, એસ.ટી. નગર પાસે, ગોધરા ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ગુજરાત સ્ટેટ પેન્શનર ફેડરેશન, વડોદરા/ગાંધીનગર તથા પેન્શનર સમાજ અમદાવાદના હોદ્દેદારો હાજર રહેશે અને પેન્શનરોના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. તેમાં તાલુકાના તમામ પ્રમુખો તથા મંત્રીઓ હાજર રહેવાના છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે અજય દહિયા, I.A.S. કલેક્ટર પંચમહાલ, ગોધરા તથા ડૉ. જસવંતસિંહ પરમાર (સાંસદ-રાજ્યસભા) તથા સી.કે. રાઉલજી (ધારાસભ્ય-ગોધરા) તથા સ્ટેટ બેંકના મેનેજર પધારશે. એમ મહામંત્રી અ.મુનાફ શેખે જણાવ્યું છે.

# વૌઠા ગ્રામ પંચાયત ખાતે તાલુકા કાનૂની સેવા સત્તામંડળની ઓફિસનું ઉદ્દ્ઘાટન



જધોળકા, તા.૯
આજરોજ ધોળકા તાલુકાના વૌઠા ગ્રામ પંચાયતમાં તાલુકા કાનૂની સેવા સત્તમંડળની ઓફીસ ક્લિનિકનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું અને જન જાગૃતિ માટેની શિબિર પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ધોળકા કોર્ટના પી.એ.વી. અશોકભાઈ રાઠોડ, પેનલ એડવોકેટ વિનોદભાઈ સી પરમાર, પી.એલ.વી સંજયભાઈ ઠાકોર, વૌઠા ગામના ઉપ સરપંચ મહેન્દ્રસિંહ ડોડીયા, તથા સભ્ય તેમજ ગામના વડીલો હાજર રહ્યાં હતાં.

# દહેગામના બહિયલ ગામમાં હિંસા બાદ દબાણો તોડી પાડવાની નોટિસ બાબતે યથાવત્ સ્થિતિ જાળવવા હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

ગુજરાત હાઈકોર્ટે ગુરૂવારે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામમાં જાહેર રસ્તા પર અતિક્રમણ કરવાનો દાવો કરતી કેટલીક દુકાનોના પ્રસ્તાવિત તોડી પાડવાના મામલામાં ૧૬ ઓક્ટોબર સુધી યથાવત સ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો છે. નોંધનીય છે કે ૨૪ સપ્ટેમ્બરના રોજ નવરાત્રિ ઉત્સવ દરમિયાન ગામમાં હિંસાની ઘટના બની હતી. અધિકારીઓએ ગુરૂવારે ગામમાંથી ઘણા ગેરકાયદેસર બાંધકામો તોડી પાડ્યા હતા.

જોકે, રાઠોડ ગફારમિયા અલ્લારખા સહિત આઠ અરજદારોએ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા અને મિલકતોના કબજા અંગેના દસ્તાવેજો રજૂ કરવા માટે જારી કરાયેલી નોટિસ સામે હાઈકોર્ટમાં અરજી કરી છે. આ મામલો જસ્ટીસ મૌના ભટ્ટની કોર્ટ સમક્ષ સુનાવણી માટે આવ્યો અને તેમણે અરજદાર દુકાનદારોને તેમના દાવાને સમર્થન આપવા માટે દસ્તાવેજો રજૂ કરવા માટે ૧૬ ઓક્ટોબર સુધી સાત દિવસનો સમય આપ્યો અને જો તેઓ તેમ કરવામાં અસમર્થ હોય, તો અધિકારીઓ ૧૬ ઓક્ટોબર પછી યોગ્ય કાર્યવાહી કરી શકે છે. અરજદારોએ રજૂઆત કરી હતી કે દુકાનદારોને જારી કરાયેલી નોટિસ કાયદાની દૃષ્ટિએ અયોગ્ય છે કારણ કે ઉપરોક્ત નોટિસ હેઠળ અરજદારોને અતિક્રમણ દૂર કરવા માટે માત્ર બે દિવસનો સમય આપવામાં આવ્યો હતો. અરજદારોને તેમના કેસની રજૂઆત કરવાની કોઈ તક આપવામાં આવી નથી. તેઓ વર્ષોથી આ જગ્યા પર પોતાનો વ્યવસાય કરી રહ્યા છે. બે દિવસ જેટલા ઓછા સમયના અભાવે તેઓ અધિકારીઓને દસ્તાવેજો રજૂ કરવામાં અસમર્થ છે. આ હિંસાની તાજેતરની ઘટના માટે સજાના ભાગ રૂપે કાર્યવાહી જેવું છે. કાયદાકીય પ્રક્રિયાઓનું પાલન કર્યા સિવાય કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. નોંધનીય છે કે, માર્ગ અને મકાન વિભાગે ૬ ઓક્ટોબરે જાહેર રસ્તાઓ પરનું અતિક્રમણ દૂર કરવા માટે ચોક્કસ લોકોને નોટિસ જારી કરી છે. દસ્તાવેજો રજૂ કરવા માટે બે દિવસનો સમય આપવામાં આવ્યો છે અને સાત દિવસમાં અતિક્રમણ દૂર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જોકે, રાજ્ય સરકારના વકીલે અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે તાજેતરની હિંસા સાથે તેનો કોઈ સંબંધ નથી. અરજદારોને નોટિસ ફટકારવામાં આવી છે કારણ કે તેમણે જાહેર રસ્તા પર અતિક્રમણ કર્યું છે. કારણ કે તે ટ્રાફિકને અવરોધે છે. આ રસ્તો માર્ગ અને મકાન વિભાગ હેઠળ આવે છે. અગાઉ તેમને નોટિસ ફટકારવામાં આવી હતી અને તેઓ સત્તાધિકારીને સહાયક દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ ગયા હતા. આથી નોટિસ રદ બાતલ ઠેરવવાનો આદેશ કરવો જોઈએ નહીં.

# મકતમપુરામાં RTS સ્ટેશન વિરૂદ્ધ લોકો, સામાજિક કાર્યકરો અને કાઉન્સિલરોની લડત

અમદાવાદ,તા.૯

મક્તમપુરામાં રહેણાક વિસ્તારમાં બની રહેલા RTS સ્ટેશન વિરૂદ્ધ જાગૃત લોકો, સામાજિક કાર્યકરો અને બધા કાઉન્સિલરો એક થયા છે. ત્યારે આ અંગે મ્યુ. કાઉન્સિલરો મીરઝા હાજીભાઈ સિમેન્ટવાલા, સુહાના મન્સુરી, ઝૈનબ શેખ અને પૂર્વ કાઉન્સિલર ઝુબેર ખાનએ જણાવ્યું હતું કે, કાઉન્સિલરો છેલ્લા બે વર્ષથી આ RTS મામલે લડી રહ્યા છે, પરંતુ લગભગ ૧૦ દિવસથી, જ્યારે મક્તમપુરામાં RTSનું કામ શરૂ થયું, ત્યારે લોકોમાં વ્યાપક રોષ જોવા મળ્યો. કેટલાક લોકો કોર્પોરેશન અને સ્થાનિક કાઉન્સિલરોથી ગુસ્સે હતા, જેના કારણે એવી છાપ ઉભી થઈ કે કાઉન્સિલરો RTS સ્ટેશનને રોકવા માટે કોઈ પગલાં લેશે નહીં. જોકે, જ્યારે લોકો અને કાઉન્સિલરો આ મુદ્દે એકબીજા સામે આવ્યા, ત્યારે એવું બહાર આવ્યું કે બધા કાઉન્સિલરોએ વોર્ડ સમિતિમાં




## RTS કાર્ય અટકાવવા ઉગ્ર માંગ

નિર્ણય લીધો હતો કે RTSને નકારી કાઢવામાં આવે. ૨૦૨૪થી, લગભગ એક વર્ષથી, કાઉન્સિલરો તેનો વિરોધ કરી રહ્યા છે. દરેક વિભાગે મક્તમપુરાના દરેક કાઉન્સિલરે RTS શરૂ ન કરવા વિનંતી કરી છે. જો કે, અધિકારીઓએ પોતાની સર્વોચ્ચ સત્તાનો ઉપયોગ કરીને, કાઉન્સિલરોને જાણ કર્યા વિના, વોર્ડ કમિટીના પ્રસ્તાવ અથવા કાઉન્સિલરોના પત્રવ્યવહારને ધ્યાનમાં લીધા વિના RTS ને મંજૂરી આપી. પરંતુ અમે બધા જાગૃત નાગરિકો, બધા કાઉન્સિલરો અને સામાજિક નેતાઓના આભારી છીએ જેમણે સાથે મળીને લડાઈ લડી અને આ લડાઈમાં સૌથી મોટી જીત જાગૃત સ્થાનિક લોકોની છે. આજે સ્થાયી સમિતિના અધ્યક્ષ દિનેશ દાણીએ તમામ કાઉન્સિલરોને ખાતરી આપી છે કે RTS કાર્ય અટકાવવા માટે કાર્યવાહી કરવામાં આવશે અથવા જો કોઈ અન્ય વ્યક્તિ તેને ઉપાડશે તો તેને અટકાવવામાં આવશે. મ્યુ. કાઉન્સિલરોએ વધુમાં કહ્યું કે આપણે બધા આ બાબતમાં સામેલ છીએ, અહીં રહેતા અને મકતમપુરા વિશે જાણતા બધા ભાઈઓ અને બહેનો અને સમગ્ર જનતા સાથે કાઉન્સિલર મિર્ઝા હાજી ભાઈ સિમેન્ટવાલા ઝુબૈર ખાન, સુહાના મન્સૂરી, ઝૈનબ શેખ, પ્રોફેસર. જો ઈરફાન કાદરી, એજાઝ કુરેશી, સમીર મન્સૂરી, ફિરોઝ પઠાણ, દાઉદ કોઠારિયા, યુનુસભાઈ, ઈરફાન શેખ અન્સાભાઈ, ઝહીર શેખ, સાજીદ મન્સૂરી સાકીરભાઈ, નાસીર શેખ અસલમભાઈ શેખ ઓવૈસ મન્સૂરી, નદોલિયા મુખ્તારભાઈ, નઝીર પટેલ, મુન્ઝીર સૈયદ, અને અહીં હાજર મકતમપુરાના તમામ સ્થાનિક નેતાઓ અને એનજીઓ સાથે મળીને લડશે. આ કોઈ રાજકીય કાર્યક્રમ નથી; મકતમપુરાના લોકો અને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓની સરકાર પાસેથી માંગ છે. આ ઝુંબેશનો સંપૂર્ણ શ્રેય ફક્ત આપણને અને મકતમપુરાના જાગૃત લોકોને જાય છે.

# રહેણાંક વિસ્તારમાં AMC દ્વારા ડમ્પિંગ યાર્ડ બનાવવાની કામગીરી એ શરમજનક : વિપક્ષના નેતા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે મકતમપુરા વોર્ડમાં પ્રાથમિક સુવિધા મામલે ક્યાંકને ક્યાંક AMC સતત પ્રજાને પરેશાન કરે છે. ત્યાં જ બીજી તરફ રહેણાંક વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા કચરાનો ડમ્પિંગ યાર્ડ બનાવવાની શરમજનક કામગીરી કરવામાં આવી રહી છે. સૌથી મોટી વાત તો એ છે કે, ત્યાં શાળા આવેલી છે. આસપાસ રહેણાક વિસ્તાર છે. હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટ પણ માને છે કે, આવી કોઈપણ જગ્યાએ ડમ્પિંગ સ્ટેશન ન બનવું જોઈએ જ્યાં પ્રજા રહેતી હોય. પરંતુ AMC હાઈકોર્ટ તેમજ સુપ્રીમકોર્ટની આ વાતથી વિપરીત આ પ્રકારની કામગીરી કરે છે. કોંગ્રેસ દ્વારા ત્રણ વર્ષથી આ કામગીરીને રોકવા સતત રજૂઆતો કરવામાં આવી છે. હાલ પણ મેયરને આ મામલે રજૂઆત કરાઈ છે.

### નોરતામાં થયેલા ઝઘડા બાદ

# બહિયલમાં તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરાયા

## ૫૧ દબાણ કરનારાઓને નોટિસ આપી બે દિવસમાં દબાણો ખાલી કરવાની નોટિસ પાઠવાઈ હતી, જો કે, સમયમર્યાદા પૂરી થતાં તંત્રએ કરી કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

ગાંધીનગરના દહેગામના બહિયલમાં પોલીસ અને તંત્ર દ્વારા ગુરૂવારે ગેરકાયદે બાંધકામો પર બુલડોઝરની કાર્યવાહી કરી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ કાર્યવાહી નવરાત્રિ દરમિયાન બીજા નોરતાની રાત્રે થયેલી હિંસાના ભાગરૂપે કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, નવરાત્રિના બીજા નોરતે રાત્રિ બહિયલ ગામમાં સોશિયલ મીડિયા પોસ્ટને લઈને બે જૂથ વચ્ચે ઝઘડો થયો હતો. ગરબાના કાર્યક્રમ દરમિયાન પથ્થરમારાની ઘટના થઈ હતી અને બાદમાં રોષે ભરાયેલા ટોળાએ ચાર દુકાનોમાં આગ ચાંપી દીધી હતી. આ હિંસા દરમિયાન પોલીસે કાર્યવાહી કરી તો ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો. પોલીસે ભારે જહેમત બાદ મામલો થાળે પાડ્યો હતો અને બાદમાં ૮૩ લોકો સામે નામજોગ અને આશરે ૨૦૦



જેટલાં અજાણ્યા તત્ત્વો સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે અત્યાર સુધીમાં ૬૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. હવે આ મામલે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. સોમવારે (૬ ઓક્ટોબર) ૫૧ દબાણ કરનારાઓને નોટિસ આપી બે દિવસમાં દબાણો ખાલી કરવાની નોટિસ પાઠવવામાં આવી હતી. જોકે, સમય મર્યાદા પૂર્ણ થતા આજે માર્ગ અને મકાન વિભાગ, જિલ્લા પંચાયત તેમજ પોલીસ તંત્રની ટીમે ગામમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી છે. તંત્ર દ્વારા હાલ ગામમાં પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે. હાલમાં ગામમાં સિનિયર પોલીસ અધિકારીઓનો કાફલો છે અને CCTV ફૂટેજના આધારે વધુ તત્ત્વોની ઓળખ પ્રક્રિયા ચાલુ છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિકારીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

### વિકાસ રથના માધ્યમથી પ્રથમ બે દિવસમાં

# રાજ્યભરમાં રૂા.૧૩૦ કરોડથી વધુના ૨૬૦૦ જેટલા કામોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રાજ્યની વિકાસ યાત્રાના ૨૪ સફળ વર્ષોની ઉજવણી નિમિત્તે તા.૦૭થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં ‘વિકાસ સપ્તાહ’ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે ગુજરાતની વિકાસ ગાથાને જન-જન સુધી પહોંચાડવા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા માહિતી અને પ્રસારણ વિભાગના સહયોગથી દરેક જિલ્લા દીઠ એક ‘વિકાસ રથ’નું આયોજન કરવામાં આવ્યું છે. વિકાસ સપ્તાહ દરમિયાન ગુજરાતના ગામડે-ગામડે ફરીને આ વિકાસ રથ ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને તેમના ઘર આંગણે જ સહાય પહોંચાડી રહ્યા છે. આ ઉપરાંત વિકાસ રથ દ્વારા નાગરિકોને ગુજરાત સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યોની માહિતી અને માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે. આ રથના માધ્યમથી રાજ્યના નાગરિકો ગુજરાતના સર્વગ્રાહી વિકાસની સાફલ્ય ગાથાથી પરીચી થઈ રહ્યો છે. પ્રથમ બે દિવસમાં આ વિકાસ રથ સાથે રાજ્ય મંત્રી મંડળના સભ્યો, સાંસદ અને ધારાસભ્યો ઉપરાંત ૧,૬૦૦થી વધુ સ્થાનિક પદાધિકારી-અધિકારીઓ અને ૪૧,૦૦૦થી વધુ નાગરિકો જોડાયા હતા. આ બે દિવસમાં વિકાસ રથના માધ્યમથી રાજ્યભરમાં કુલ રૂા.૭૬.૮૩ કરોડથી વધુના ૧,૨૮૩ કામોના લોકાર્પણ તેમજ રૂા. ૫૩.૭૭ કરોડથી વધુના ૧,૩૨૦ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિકાસ રથના માધ્યમથી જ વિવિધ યોજનાના ૧૧,૪૦૦થી વધુ લાભાર્થીઓને કુલ રૂ. ૮૩૮ લાખથી વધુની સહાય વિતરણ કરવામાં આવી હતી. સાથે જ, વિકાસ રથ સાથે જોડાયેલા ૪૧,૦૦૦થી વધુ નાગરિકોએ “ભારત વિકાસ પ્રતિજ્ઞા” લીધી હતી.



દેશના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈનું અપમાન, હરિયાણામાં આઈપીએસ પૂરણજીની ઈન્સ્ટીટયૂશન હત્યા અને ઉત્તર પ્રદેશમાં હરિઓમ વાલ્મીકીની હત્યા વિરૂદ્ધ અમદાવાદમાં ગુરૂવારે સાંજે એક વિશાળ જન આંદોલન શરૂ કરાયો હતો. જેમાં કોંગ્રેસના યુવા નેતા શાહનવાઝ શેખ સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.



૯ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ, અમદાવાદ શહેર અને ગ્રામીણ જિલ્લા શિક્ષણ અધિકારીઓએ નિકોલ વિસ્તારની સંકલ્પ ઈન્ટરનેશનલ સ્કૂલમાં આયોજિત ‘મેઘોત્સવ કાર્યક્રમ’માં ૧૦ શહેર અને ૫ ગ્રામીણ શાળાઓના આચાર્યોની પસંદગી કરી અને તેમનું સન્માન કર્યું. જે અંતર્ગત રિપબ્લિક હાઈસ્કૂલના આચાર્ય રફીક કોઠારિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

# સિંધુ ભવન ખાતેની સત્વ વિકાસ પ્રિ-સ્કૂલની રૂા.૭૫ હજાર ફી મંજૂર

## અમદાવાદ ઝોનની ફી કમિટી દ્વારા ત્રણ જેટલી સ્કૂલોના ફીના ઓર્ડર જાહેર કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

સિંધુ ભવન રોડ પર આવેલી સત્વ વિકાસ સ્કૂલની પ્રોવિઝનલ ફીનો ઓર્ડર ફી કમિટી દ્વારા કરવામાં આવ્યો છે. સ્કૂલ દ્વારા પ્રિ-પ્રાયમરી માટે વાર્ષિક રૂા.૧.૯૭ લાખની ફી વસુલવા દરખાસ્ત કરી હતી. પરંતુ ફી કમિટી દ્વારા સ્કૂલે રજૂ કરેલા ખર્ચાઓને નકારી રૂા.૭૫ હજારની પ્રોવિઝનલ ફીનો ઓર્ડર કર્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ સંલગ્ન સત્વ વિકાસ અંગ્રેજી માધ્યમની સ્કૂલ દ્વારા નર્સરી, જુનિયર કે.જી. અને સિનિયર કે.જી.ના વિદ્યાર્થીઓની ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે વાર્ષિક ફી રૂા. ૧.૯૭ લાખ ફી વસુલવા માટે દરખાસ્ત કરી હતી. પરંતુ કમિટી દ્વારા સ્કૂલે માગેલી ફી સામે માત્ર ૩૮ ટકા જ ફી વસુલવા મંજુરી આપી છે. કમિટી દ્વારા કરાયેલા ઓર્ડરમાં જણાવાયું હતું કે, સ્કૂલે દર્શાવેલા વિવિધ ખર્ચમાં અમુક ખર્ચ બિન જરૂરી અને ઉંચા છે. ઉપરાંત શાળામાં એક્ટિવીટીના નામે જે ખર્ચ મુકવામાં આવ્યો છે તે માન્ય રાખી શકાય તેમ નથી. ઉપરાંત જગ્યાના ભાડા અંગે પણ ફી કમિટીએ સ્પષ્ટતા કરી હતી. આમ, આ તમામ બાબતોને જોતા સ્કૂલની રૂા.૭૫ હજારની જ પ્રોવિઝનલ ફી મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત નવા વાડજ વિસ્તારમાં આવેલી સ્વસ્તિક સ્કૂલની પ્રિ-પ્રાયમરીની વાર્ષિક ફી રૂા.૩૦ હજાર અને કાંકરીયાની વેદાન્ત સ્કૂલની પ્રિ-પ્રાયમરીની ફી રૂા.૩૫ હજાર મંજૂર કરતો પ્રોવિઝનલ ઓર્ડર ફી કમિટી દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. સ્વસ્તિક સ્કૂલ દ્વારા પ્રિ-પ્રાયમરીમાં રૂા.૫૪ હજાર ફી વસુલવા માટે દરખાસ્ત કરી હતી. પરંતુ ફી કમિટી દ્વારા તેની રૂા.૩૦ હજારની જ ફી મંજૂર કરી છે. આ ઉપરાંત શહેરના કાંકરિયા વિસ્તારમાં આવેલી વેદાંત સ્કૂલ દ્વારા પણ ફી કમિટી સમક્ષ રૂા.૪૫ હજાર જેટલી ફી વસુલવા માટે દરખાસ્ત કરી હતી. જેની સામે ફી કમિટી દ્વારા તેની રૂ. ૩૫ હજારની ફી મંજૂર કરવામાં આવી છે. સ્કૂલો તરફથી ખર્ચ પેટે રજૂ કરેલી વિગતોની ચકાસણી કર્યા બાદ કેટલાક ખર્ચાઓ માન્ય રાખ્યા ન હતા.

# વટવામાં ક્રિકેટના રૂપિયાની ઉઘરાણી મામલે ત્રણ શખ્સોએ દુકાનને આગ લગાવી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

શહેરના વટવામાં વિસ્તારમાં ઉઘરાણીના મામલે થયેલી આગચંપીની ઘટનાએ ચકચાર મચાવી છે. માત્ર ક્રિકેટના રૂપિયાની ઉઘરાણીને લઈને ત્રણ યુવકોએ એક દુકાનને નિશાન બનાવી આગ લગાવી દીધી હતી.

મળતી માહિતી મુજબ, ફરિયાદીના મિત્રના બાકી રહેલા રૂપિયાની ઉઘરાણી કરવા માટે ત્રણ યુવકો આવ્યા હતા. આ ઉઘરાણીના મામલે મામલો બિચકતાં, આ ત્રણેય યુવકોએ ઉશ્કેરાઈને દુકાનને આગ લગાવી દીધી અને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે પોલીસે રાજા, અક્રમ તથા એક અજાણ્યા આરોપી સહિત કુલ ત્રણ વ્યક્તિઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધી છે. વટવા પોલીસે ગુનો નોંધીને ફરાર થઈ ગયેલા ત્રણેય આરોપીઓને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# આજથી સેવન્થ ડે સ્કૂલમાં તમામ ધોરણમાં ઓફલાઈન વર્ગો શરૂ થઈ જશે

## ગુરૂવારથી ધોરણ-૬થી ૮માં ઓફલાઈન શરૂ કરાયા બાદ શુક્રવારથી ધો.૧થી ૫માં ઓફલાઈન વર્ગો શરૂ થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

મણિનગર વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું હતું. લગભગ દોઢ માસ પછી સૌપ્રથમ ધોરણ-૧૦ અને ૧૨ના ઓફલાઈન વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ધોરણ-૯ અને ૧૧ના વર્ગો શરૂ કરાયા હતા અને ગુરૂવારથી ધોરણ-૬થી ૮ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. જ્યારે શુક્રવારથી ધોરણ-૧થી ૫ના પણ વર્ગો ઓફલાઈન શરૂ કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીએ જ અન્ય વિદ્યાર્થી હત્યાની ઘટનાના પગલે મોટી સંખ્યામાં લોકો સ્કૂલ કેમ્પસ પર ધસી આવ્યા હતા. એટલુ જ નહીં, સ્કૂલમાં ભારે તોડફોડ સાથે વિરોધ નોંધાવ્યો હતો. સ્થિતિ ગંભીર જણાતા સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ શિક્ષણાધિકારી દ્વારા ૨૫ ઓગસ્ટથી ઓનલાઈન વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી વાલીઓની રજૂઆત અને સ્થિતિ યોગ્ય જણાતાં ક્રમશઃ ઓફલાઈન શિક્ષણકાર્ય શરૂ કરવાનો અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં સૌ પ્રથમ ધોરણ-૧૦ અને ૧૨ની આગામી બોર્ડની પરીક્ષાને ધ્યાને રાખીને તેમના ઓફલાઈન વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. ઉપરાંત અન્ય ધોરણમાં પણ તબક્કાવાર ઓફલાઈન શિક્ષણ શરૂ કરવાનું નક્કી કરાયું હતું. ધોરણ-૧૦ અને ૧૨ના વર્ગો શરૂ થયા બાદ સ્કૂલમાં ધોરણ-૯ અને ૧૧ના વર્ગો પણ ઓફલાઈન શરૂ કરી દેવામાં આવ્યા હતા. ત્યારપછી ગુરૂવારથી ધોરણ-૬થી ૮ના વર્ગો ઓફલાઈન શરૂ કરવામાં આવ્યા હતા. આમ, ગુરૂવારથી સ્કૂલમાં ધોરણ-૬થી લઈને ૧૨ સુધીના વર્ગો ઓફલાઈન શરૂ થઈ ગયા છે. જ્યારે બાકી રહેલા ધોરણ-૧થી ૫ના વર્ગો પણ શુક્રવારથી ઓફલાઈન શરૂ કરી દેવામાં આવશે. મહત્વની વાત એ છે કે, હાઈસ્કૂલમાં હજુ ૭૦થી ૮૦ ટકા જ્યારે ઉચ્ચ પ્રાથમિકમાં પ્રથમ દિવસે માત્ર ૫૦ ટકા જ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યાં હતા.

### વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાનો આક્ષેપ

# અમદાવાદના દસક્રોઈ PTC કોલેજમાં એડમિશનના નામે ભ્રષ્ટાચાર થતો હોવાનો આરોપ

## ૨ લાખ રૂપિયામાં PTC એડમિશનની સીટોનો વેપલો ચાલતો હોવાનો આક્ષેપ કરાયો

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૯

રાજ્યની PTC કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાને લઈને ગંભીર ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનો સનસનીખેજ આક્ષેપ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે. તેમણે ખાસ કરીને અમદાવાદની દસક્રોઈ વિસ્તારમાં આવેલી એક કોલેજને નિશાન બનાવીને આ ‘સીટ વેપલા’નો પર્દાફાશ કરવાનો દાવો કર્યો છે. યુવરાજસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર, અમદાવાદની દસક્રોઈ સ્થિત કુશાગ્ર લતાબા સ્ત્રી મંદિર PTC કોલેજ સામે સીધા આક્ષેપો મૂકવામાં આવ્યા છે. આ PTC સંસ્થામાં એડમિશન આપવાના નામે વિદ્યાર્થીઓ પાસેથી અંદાજે ૨ લાખ સુધીની માતબર રકમની માંગણી કરવામાં આવી રહી છે. આ કૌભાંડમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે કોલેજના ટ્રસ્ટીઓ દ્વારા ખુલ્લેઆમ એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ લાંચની રકમ છેક શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચે છે. ટ્રસ્ટી વર્મા નામના વ્યક્તિએ એવો પણ દાવો કર્યો છે કે, “એક લાખ રૂપિયા તો સીધા શિક્ષણ સચિવ મુકેશ કુમાર સુધી પહોંચે છે.” આ ઉપરાંત, લોકમાન્ય B.Ed. કોલેજ, શિવરંજનીના ગૌરાંગ પરમાર સુધી પણ રકમ પહોંચતી હોવાનો આક્ષેપ આ ટ્રસ્ટી દ્વારા કરવામાં આવ્યો છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય, તો રાજ્યના શિક્ષણ વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચારના મૂળ કેટલા ઊંડા છે તે સ્પષ્ટ થાય છે. ભ્રષ્ટાચારના આક્ષેપોની સાથે-સાથે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે ઉત્તર બુનિયાદી વિદ્યાર્થીઓને PTCમાં એડમિશન ન મળી શકે તેવો “તુઘલખી નિર્ણય” લેવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. જાડેજાએ સવાલ ઉઠાવ્યો છે કે, પહેલા વિદ્યાર્થીઓને એડમિશન આપી દેવામાં આવે છે અને પછી અંતિમ સમયે ઉત્તર બુનિયાદીનું બહાનું કાઢીને તેમને પ્રવેશથી વંચિત કરવામાં આવે છે. તેમણે સ્પષ્ટપણે પૂછ્યું છે કે, જો નિયમો બધા માટે સરખા છે, તો માત્ર ઉત્તર બુનિયાદીમાંથી આવેલા વિદ્યાર્થીઓને જ શા માટે અન્યાય કરવામાં આવી રહ્યો છે? આ સંપૂર્ણ મામલો હવે રાજ્યના શિક્ષણ જગતમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

## ક્રાઈમ ડાયરી

### ઉધારીમાં કાપડ લઈ રૂા.૭૭ લાખ ના આપી યુવકે છેતરપિંડી કરી

મહેશકુમાર પવનકુમાર અગ્રવાલે (ઉ.વ.૩૮, રહે. કલાઉડ-૯ ઝાંસીની રાણીના સ્ટેચ્યુ પાસે નહેરૂનગર સેટેલાઈટ) તા.૮/૧૦/૨૫ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૧૬/૫/૨૦૨૩થી તા.૨૩/૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રાયપુર ન્યુ કલોથ માર્કેટ ખાતે મહેશકુમાર અગ્રવાલની દુકાન ખાતેથી આરોપી રાધાકિશન એપરલ્સના માલિક દીપકભાઈ ભરતકુમાર ચાવલા (ઠે. દુકાન નં.૨૧૯ બીજો માળ કર્ણાવતી ગાર્મેન્ટ મોલ ઓલ્ડ મધુરમ સિનેમા ઘી કાંટા, રહે. રૂશ્વનીપાર્ક સોસાયટી શિવમંદિર સામે નોબલનગર સરદારનગર)એ ઉધારીમાં જથ્થાબંધ શુટીંગ કાપડ ખરીદ કરી બાકી નિકળતા રૂપિયા ૭૭,૭૫,૭૯૫/-નહી ચૂકવી વિશ્વાસઘાત કર્યો હતો.

### અમૂલ પાર્લરની એકઝોસ ફેનની બારી તોડી રૂા.૮૩ હજારની મત્તાની ચોરી

કાનન ઘનંજયભાઈ દેસાઈ (રહે. આસ્થા એમરલ્ડ નિલકંઠ મહાદેવ પાસે ઘાટલોડિયા)એ તા.૮/૧૦/૨૦૨૫ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૫/૯/૨૦૨૫ રાત્રે ૧૧:૦૦થી તા.૬/૯/૨૦૨૫ કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ કેન્યુગ ચાર રસ્તા પાસે કેવલ પબ્લિક પાર્ક ગાર્ડનની અંદર મા બહુચર એન્ટર પ્રાઈઝ અમુલ પાર્લરની પાછળ ફીટ કરેલ એકઝોન ફેનની બારી તોડી અજાણી વ્યકિત પાર્લરમાં પ્રવેશ કરી અમુલ ઘી ત્રણ બોક્ષ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/- અને કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૬૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.

# દિવાળીના તહેવારમાં ST બસો હાઉસફુલ! ૧.૭૪ લાખથી વધુ ટિકિટનું એડવાન્સ બુકિંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

તહેવાર સમયે એસટી બસમાં મુસાફરોનો ઘસારો જોવા મળતો હોય છે, ત્યારે અલગ-અલગ શહેરમાં વસતા લોકો પોતાના વતને જવા માટે એડવાન્સમાં જ બુકિંગ કરતા હોય છે. તેવામાં દિવાળીના તહેવારને લઈને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC)માં મુસાફરોએ એડવાન્સમાં બુકિંગ કર્યું હોવાનું સામે આવ્યુ છે. જેમાં ૧૭થી ૨૬ ઓક્ટોબરના સમયગાળા માટે કુલ ૧.૭૪ લાખ ટિકિટ અગાઉથી બુક કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ૭ ઓક્ટોબરના રોજ, એક જ દિવસમાં ૬૮,૦૫૧ ટિકિટ બુક થઈ છે. જેનાથી કોર્પોરેશનને ૧.૯૩ કરોડ રૂપિયાની એડવાન્સ આવક થઈ હતી. આમાંથી ૧૩,૮૫૬ ટિકિટ કાઉન્ટર પરથી, ૫૮૧૦ ઈ-બુકિંગ દ્વારા અને અન્ય ૪૩,૭૧૧ ટિકિટ મોબાઈલ બુકિંગ દ્વારા બુક કરવામાં આવી હતી. અમદાવાદ, રાજકોટ, સુરત, ભાવનગર, વલસાડ, વડોદરા અને જામનગર જેવા મુખ્ય વિભાગોમાં માગ વધુ જોવા મળી છે, કારણ કે લોકો તેમના વતન જવાની યોજના બનાવી રહ્યા છે. GSRTC અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ વર્ષે એડવાન્સ બુકિંગમાં નોંધપાત્ર વધારો થયો છે. અમદાવાદથી રાજકોટ, જૂનાગઢ, અંબાજી, દ્વારકા, સુરત-વલસાડ અને ઉદયપુરના રૂટ પર સૌથી વધુ બસો દોડશે. આ વધારાની માગને પહોંચી વળવા માટે, આ રૂટ પર ૧૦૦થી વધુ ખાસ બસો તૈનાત કરવામાં આવશે.

### VGRCની કોન્ફરન્સના પ્રથમ દિવસે

# ક્રિટિકલ મિનરલ્સ : નવા ઉભરતા ક્ષેત્રમાં અવસરો વિષય પર પરિસંવાદ યોજાયો

## રૂા.૨૦૩૭ કરોડ ૬૭ લાખથી વધુની રકમનો ચેક એનાયત કરાયો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પ્રથમ શૃંખલાનો પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણાની ગણપત યુનિવર્સિટી ખાતેથી પ્રારંભ કરાવ્યો છે.

આ કોન્ફરન્સના પ્રથમ દિવસે ગણપત યુનિવર્સિટી ખાતે ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન ‘ક્રિટિકલ મિનરલ્સ : નવા ઉભરતા ક્ષેત્રમાં અવસરો’ વિષય પર પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ પ્રોત્સાહક બની રહી હતી. આ પ્રસંગે GMDCના મેનેજિંગ ડિરેક્ટર રૂપવંતસિંઘ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રૂા.૨૩૭ કરોડ ૬૭ લાખથી વધુની રકમનો ચેક એનાયત કરાયો હતો.

પરિસંવાદની શરૂઆતમાં GMDCના MD રૂપવંતસિંઘે ગુજરાતનો મિનરલ ક્ષેત્રમાં વિકાસ અને મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના વિઝન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ક્રિટિકલ મિનરલ્સની સમજણ, આધાર અને સ્ટ્રેટેજિક પરિપ્રેક્ષ્ય વિષય પર એલિસ્ટર નીલ અને ભાસ્કર રક્ષિતે પ્રેઝન્ટેશન રજૂ કરીને પ્રકાશ પાડ્યો હતો. જેમાં વૈશ્વિક સ્તરે ક્રિટિકલ મિનરલ્સ માટે ભારતના વિકલ્પ, સપ્લાય ચેઈન્સ, વિકાસની સમીક્ષા, ભારત અને ગુજરાત માટેની તકો વગેરે બાબતે સવિસ્તૃત માહિતી આપી હતી. આ સાથે કર્નીના પાર્ટનર નિશાંત નિશ્ચલ, લિથિયમ રિસાયકલિંગ કંપનીના ચીફ બિઝનેસ ઓફિસરશ્રી, મહિન્દ્રા લિમિટેડના ડાયરેક્ટર સહિતનાઓએ ક્રિટિકલ મિનરલ્સ વિષય પર પેનલ ચર્ચા કરી હતી.

# ઈઝરાયેલ અને હમાસ દ્વારા ટ્રમ્પની શાંતિ યોજનાના 'પ્રથમ તબક્કા' માટે સંમતિ, બે વર્ષના નરસંહારનો અંત

## ટ્રમ્પે આ કરારના મધ્યસ્થી કતાર, ઈજિપ્ત અને તુર્કીનો પણ આભાર માન્યો છે ! તેમણે કહ્યું કે ગાઝામાં રહેલા બંધકો સોમવારે 'પાછા આવશે' એવી આશા છે

(એજન્સી) કૈરો, તા.૯

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે કહ્યું કે ઈઝરાયેલ અને હમાસ તેમની ગાઝા શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પર સંમત થયા છે, તેને બે વર્ષ જૂના યુદ્ધને સમાપ્ત કરવા માટે "ઐતિહાસિક અને અભૂતપૂર્વ" પગલું ગણાવ્યું છે. હમાસ તમામ બંધકોને મુક્ત કરશે જ્યારે ઈઝરાયેલ તેના સૈનિકોને સંમત રેખા પર પાછા ખેંચશે, ટ્રમ્પે ઈજિપ્તમાં તેમની ૨૦-મુદ્દાની શાંતિ યોજના પર વાતચીત પછી એક કરારમાં પરિણમ્યા પછી કહ્યું કે, મને જાહેરાત કરતા ખૂબ ગર્વ થાય છે કે ઈઝરાયેલ અને હમાસ બંનેએ અમારી શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પર હસ્તાક્ષર કર્યા છે. આનો અર્થ એ છે કે બધા બંધકોને ખૂબ જ ટૂંક સમયમાં મુક્ત કરવામાં આવશે, અને ઈઝરાયેલ શાશ્વત શાંતિ તરફના પ્રથમ પગલા તરીકે તેમના સૈનિકોને સંમત રેખા પર પાછા ખેંચશે.

ટ્રમ્પે મધ્યસ્થી કતાર, ઈજિપ્ત અને તુર્કીનો પણ આભાર માન્યો હતો. મધ્યસ્થીઓએ જણાવ્યું હતું કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે બંધકો-કેદીઓના વિનિમય અને ગાઝામાં સહાય પ્રવેશ માટે કરાર થયો છે. ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ કહ્યું હતું કે તેઓ "ભગવાનની મદદથી" બંધકોને ઘરે લાવશે.

એક નાટકીય ક્ષણમાં, AFP પત્રકારોએ યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોને વ્હાઈટ હાઉસ ખાતે એક કાર્યક્રમમાં વિક્ષેપ પાડતા અને ઈજિપ્તમાં વાટાઘાટોની પ્રગતિ વિશે તાત્કાલિક નોંધ આપતા જોયા હતા. ટ્રમ્પે કહ્યું કે, હું અઠવાડિયાના અંતમાં, કદાચ રવિવારે ત્યાં જઈ શકું છું, ઈજિપ્ત જવાની "મોટા ભાગે" શક્યતા છે પરંતુ યુદ્ધગ્રસ્ત ગાઝા જવાનું પણ વિચારશે.

ટ્રમ્પની યોજનામાં યુદ્ધવિરામ, ગાઝામાં રાખવામાં આવેલા તમામ બંધકોને મુક્ત કરવા, હમાસના નિઃશસ્ત્રીકરણ અને પ્રદેશમાંથી ધીમે ધીમે ઈઝરાયેલી પાછા ખેંચવાની માંગ કરવામાં આવી હતી. ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર અને મધ્ય પૂર્વના રાજદૂત સ્ટીવ વિટકોફ વાટાઘાટોમાં અગાઉ પહોંચ્યા હતા. ઉત્તર ગાઝામાંથી વિસ્થાપિત થયેલા ૫૦ વર્ષીય મોહમ્મદ ઝમલોટે કહ્યું કે, અમે વાટાઘાટો અને યુદ્ધવિરામ વિશેના દરેક સમાચાર પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. હમાસે યુદ્ધવિરામના પ્રથમ તબક્કામાં ઈઝરાયેલી જેલમાંથી મુક્ત થવા માંગતા પેલેસ્ટીની કેદીઓની યાદી સબમિટ કરી હતી. તેના બદલામાં, હમાસ બાકીના ૪૭ બંધકોને મુક્ત કરવા માટે તૈયાર છે, જે જીવંત અને મૃત બંને છે, જેમને ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ પરના હુમલામાં પકડવામાં આવ્યા હતા જેના કારણે આ યુદ્ધ શરૂ થયું હતું.

બુધવારે વાટાઘાટોમાં કતારના વડાપ્રધાન અને તુર્કીના ગુપ્તચર વડા પણ હતા. હમાસે કહ્યું કે તેમાં ઈસ્લામિક જેહાદના પ્રતિનિધિમંડળો જોડાશે જેણે ગાઝામાં કેટલાક બંધકોને રાખ્યા છે તેમજ પોપ્યુલર ફ્રન્ટ ફોર ધ લિબરેશન ઓફ પેલેસ્ટીન પણ હશે. હમાસે ગાઝામાં ૨૫૧ લોકોને બંધક બનાવ્યા હતા, જ્યાં હવે ૪૭ લોકો બાકી છે, જેમાં ઈઝરાયેલી સૈન્ય કહે છે કે ૨૫ લોકો મૃત્યુ પામ્યા છે. હમાસ સંચાલિત પ્રદેશના આરોગ્ય મંત્રાલય અનુસાર, ગાઝામાં ઈઝરાયેલના લશ્કરી અભિયાનમાં ઓછામાં ઓછા ૬૭,૧૮૩ લોકો માર્યા ગયા છે.

યુદ્ધનો અંત લાવવા માટે વૈશ્વિક દબાણ વધ્યું છે, ગાઝાનો મોટો ભાગ નષ્ટ થયો છે, યુએન દ્વારા જાહેર કરાયેલ દુષ્કાળ છે અને ઈઝરાયેલી બંધક પરિવારો હજુ પણ તેમના પ્રિયજનોના પાછા ફરવાની ઝંખના કરી રહ્યા છે. હમાસના ટોચના વાટાઘાટકાર, ખલીલ અલ-હૈયાએ એમ પણ કહ્યું કે ઈસ્લામિક જૂથ "રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પ્રાયોજક દેશો પાસેથી ગેરંટી માંગે છે કે યુદ્ધ હંમેશા માટે સમાપ્ત થશે." યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમનું માનવું છે કે ઈઝરાયેલ અને હમાસ યુદ્ધવિરામ માટે સંમત થયા પછી ગાઝામાં બંધકોના તમામ બંધકો, જેમાં મૃતકોના મૃતદેહોનો સમાવેશ થાય છે, તે સોમવારે "પાછા આવશે. બંધકોને મુક્ત કરાવવા માટે ઘણું બધું થઈ રહ્યું છે, અને અમને લાગે છે કે તેઓ બધા સોમવારે પાછા આવશે, અને તેમાં મૃતકોના મૃતદેહોનો સમાવેશ થશે.

ઈજિપ્તમાં વાતચીતના પરિણામે કરાર થયા પછી ટ્રમ્પે કહ્યું કે, આ યોજના હેઠળ, પેલેસ્ટીની આતંકવાદી જૂથ હમાસ બધા બંધકોને મુક્ત કરશે જ્યારે ઈઝરાયેલ તેના સૈનિકોને સંમત રેખા પર પાછા ખેંચી લેશે.

તેમણે સૂચવ્યું કે આ સોદો સમગ્ર પ્રદેશમાં આગળ વધી શકે છે, આ ગાઝા કરતાં વધુ છે, આ મધ્ય પૂર્વમાં શાંતિ માટે છે, તેઓ માને છે કે ઈરાન ખરેખર સમગ્ર શાંતિ પરિસ્થિતિનો એક ભાગ બનશે. તે ઈઝરાયેલ માટે ખૂબ જ સારું છે, મુસ્લિમો માટે ખૂબ જ સારું છે, આરબ દેશો માટે પણ સારું છે, અને આ દેશ માટે પણ ખૂબ જ સારું છે. અમેરિકન નેતાએ લાંબા સમયથી સૂચન કર્યું છે કે જો પ્રદેશમાં તણાવ ઓછો થાય તો ભૂમધ્ય સમુદ્ર કિનારે આવેલા પેલેસ્ટીન વિસ્તારને ફરીથી એક સમૃદ્ધ કેન્દ્રમાં ફેરવી શકાય છે, અને તેમણે બુધવારે ફરીથી આ આશાઓનો સંકેત આપ્યો, ઉમેર્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ તેમાં સામેલ થશે. ગાઝા "એક



એવું સ્થળ બનશે જ્યાં પુનર્નિર્માણ થશે, અને આ વિસ્તારના અન્ય દેશો તેને પુનર્નિર્માણ કરવામાં મદદ કરશે, કારણ કે તેમની પાસે પુષ્કળ સંપત્તિ છે, અને તેઓ આવું થાય તે જોવા માંગે છે. અને અમે તેને સફળ બનાવવામાં અને તેને શાંતિપૂર્ણ રાખવામાં મદદ કરવામાં સામેલ થઈશું.

# ઈઝરાયેલી નૌકાદળે ગાઝા સહાય ફ્લોટિલા પર હુમલો કર્યો, વિદેશમાં રહેતા તમામ કાર્યકરોની અટકાયત કરી

(એજન્સી) તા.૯

ઈઝરાયેલી નૌકાદળે બુધવારે વહેલી સવારે આંતરરાષ્ટ્રીય જળસીમામાં ગાઝા તરફ જતા ફ્રીડમ ફ્લોટિલા ગઠબંધન (FFC) જહાજો પર હુમલો કર્યો જ્યારે કાફલો ઘેરાયેલા પ્રદેશથી લગભગ ૧૨૦ નોટિકલ માઈલ દૂર હતો. ગઠબંધનના ટ્રેકર અને ઈઝરાયેલી કાનૂની કેન્દ્ર અદાલાહના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી નૌકાદળોએ મિશનના તમામ નવ જહાજો પર હુમલો કર્યો, જેમાં લીડ વેસલ, કોન્સાઈન્સનો સમાવેશ થાય છે અને બોર્ડ પરના તમામ ૧૪૫ કાર્યકરોની અટકાયત કરવામાં આવી છે. ગાઝા પર ઘેરાબંધી તોડવાની આંતરરાષ્ટ્રીય સમિતિએ અમેરિકન સોશિયલ મીડિયા કંપની ઠ દ્વારા જણાવ્યું હતું કે, "ઈઝરાયેલી કબજાએ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય જળસીમામાં યુદ્ધ અપરાધ કર્યા છે. અમે રોકાઈશું નહીં. નરસંહાર બંધ થવો જોઈએ અને ઘેરો તોડવો જ જોઈએ." સહાય ફ્લોટિલા થાઉઝન્ડ મેડલાઈન્સ દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં જણાવવામાં આવ્યું કે એક કલાકની અંદર, આંતરરાષ્ટ્રીય જળસીમામાં ઈઝરાયેલી નૌકાદળો દ્વારા તમામ નવ બોટ પર હુમલો કરવામાં આવ્યો હતો. એફએફસીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું કે, "ઈઝરાયેલે ફરી એકવાર ગેરકાયદેસર રીતે ફ્લોટિલાને રોકવા, હુમલો કરવા અને અપહરણ કરવાનું પસંદ કર્યું છે. ૩૦ દેશોના ૧૪૫ લોકોનું અપહરણ ગાઝા, પેલેસ્ટીન અને સમગ્ર સમુદ્રમાં




ઈઝરાયેલના વધતા માનવ અધિકારોના ઉલ્લંઘન માટે અમારી સરકારોના સમર્થનને વધુ છતી કરે છે." તેમણે જણાવ્યું કે "કોઈપણ અન્ય સંદર્ભમાં, આ માનવ તસ્કરી અને આતંકવાદ ગણવામાં આવશે. ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે ૧૫ ડિસેમ્બરે જણાવ્યું કે જપ્ત કરાયેલા જહાજો અને અટકાયતમાં લેવાયેલા કાર્યકરોને ઈઝરાયેલના બંદર પર તબદીલ કરવામાં આવ્યા છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું કે તમામ કાર્યકરો સલામત અને સ્વસ્થ છે અને શક્ય તેટલી વહેલી તકે તેમને દેશનિકાલ કરવામાં આવશે. ગઠબંધને અગાઉ જણાવ્યું કે, "અમે ખાતરી કરીએ છીએ કે ત્રણ જહાજો - ગાઝા સનબર્ડ, અલા અલ-નક્ઝર અને અનસ અલ-શરીફ - પર સવારે ૪:૩૪ વાગ્યે , ગાઝાથી ૨૨૦ કિમી દૂર ઈઝરાયેલી દળો દ્વારા હુમલો કરવામાં આવ્યો અને ગેરકાયદેસર રીતે અટકાવવામાં આવ્યા હતા." ગઠબંધનની યુટ્યુબ ચેનલ પરના લાઈવસ્ટ્રીમમાં ઘણા ઈઝરાયેલી સૈનિકોને ફ્લોટિલાના એક જહાજ, ગાઝા સનબર્ડ પર હુમલો કરતા દર્શાવવામાં આવ્યા હતા. ગઠબંધનએ જણાવ્યું કે, "ઈઝરાયેલી સૈન્યને આંતરરાષ્ટ્રીય જળસીમામાં કોઈ કાનૂની અધિકારક્ષેત્ર નથી. અમારા ફ્લોટિલાને કોઈ નુકસાન થતું નથી."

# પેલેસ્ટીની વૈજ્ઞાનિક ઓમર યાગીને રસાયણશાસ્ત્રમાં ૨૦૨૫નો નોબેલ પુરસ્કાર

(એજન્સી) તા.૯

બર્કલે, તા.૯ જોર્ડનમાં પેલેસ્ટીની શરણાર્થી, રસાયણશાસ્ત્રી ઓમર યાગીને મેટલ-ઓર્ગેનિક ફ્રેમવર્ક (MOFs) પરના તેમના કાર્ય માટે રસાયણશાસ્ત્રમાં ૨૦૨૫નો નોબેલ પુરસ્કાર મળ્યો છે. તેઓ મેલબોર્ન યુનિવર્સિટીના રિચાર્ડ રોબસન અને ક્યોટો યુનિવર્સિટીના સુસુમુ કિટાગાવા સાથે આ પુરસ્કાર શેર કરશે. રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સિસે "વાયુઓ અને અન્ય રસાયણો વહેતા કરી શકે તેવી વિશાળ જગ્યાઓ સાથે પરમાણુ બનાવવા" બદલ આ ત્રણેયની પ્રશંસા ક છેરી. MOFs સ્વચ્છ ઊર્જા, કાર્બન કેપ્ચર અને પાણીના સંગ્રહમાં ઉપયોગ સાથે પરમાણુઓનો સંગ્રહ, ફિલ્ટર અને રૂપાંતર કરી શકે છે. યાગી, મૂળ અલ-માસ્મિયા અલ-કાબીરા ગામના રહેવાસી છે, જે ૧૯૪૮માં ઝાયોનિસ્ટ લશ્કર દ્વારા ખાલી કરવામાં આવ્યું હતું, તેનો જન્મ ૧૯૬૫ માં અમ્માનમાં પેલેસ્ટીની શરણાર્થીઓના પરિવારમાં થયો હતો. તેમણે પોતાનું બાળપણ સાધારણ પરિસ્થિતિમાં વિતાવ્યું અને બાદમાં શિક્ષણ મેળવવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ ગયા. તેમણે હડસન વેલી કોમ્યુનિટી કોલેજમાંથી અભ્યાસ કર્યો અને ૧૯૮૫માં રસાયણશાસ્ત્રમાં બીએસસી કમ લોડની ડિગ્રી મેળવી. ૧૯૯૦માં તેમણે યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસ એટ અર્બાના-ચેમ્પેનમાંથી પીએચડી પૂર્ણ કર્યું હતું. ૨૦૧૨માં યુસી બર્કલેમાં જોડાતા



પહેલા યાગીએ હાર્વર્ડ, એરિઝોના સ્ટેટ યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ મિશિગન અને યુસીએલએમાં પોસ્ટડોક્ટરલ અને ફેકલ્ટી હોદ્દા સંભાળ્યા હતા. તેઓ બર્કલે ગ્લોબલ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ સહિત વૈશ્વિક વૈજ્ઞાનિક સહયોગને પ્રોત્સાહન આપતા સંશોધન કાર્યક્રમોનું નેતૃત્વ કરે છે, જેના સંશોધન કેન્દ્રો એશિયા, મધ્ય પૂર્વ અને લેટિન અમેરિકામાં છે. નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કર્યા પછીના તેમના પ્રથમ ભાષણમાં, યાગીએ વિજ્ઞાનને "સમાન શક્તિ" તરીકે વર્ણવ્યું જે કોઈપણને, ગમે ત્યાં, માનવતામાં યોગદાન આપવાની તક આપે છે. MOFs પરના તેમના કાર્યથી કાર્બન ડાયોક્સાઈડને સંગ્રહ કરી શકે તેવી સામગ્રી વિકસાવવામાં મદદ મળી છે, હાઈડ્રોજન અને મિથેનનો સંગ્રહ કરી શકે છે અને શુષ્ક હવામાંથી પીવાનું પાણી કાઢી શકે છે. યાગીના સંશોધને કાર્બનિક અને અકાર્બનિક રસાયણશાસ્ત્રને જોડ્યું છે અને વિશ્વભરમાં સ્વચ્છ ઊર્જા અને ટકાઉપણુંના પ્રયાસોને પ્રભાવિત કર્યા છે. યાગી યુએસ નેશનલ એકેડેમી ઓફ સાયન્સિસ અને જર્મન નેશનલ એકેડેમી ઓફ સાયન્સિસ લિયોપોલ્ડિના સહિત અનેક વૈજ્ઞાનિક એકેડેમીના સભ્ય છે. તેમને અસંખ્ય પુરસ્કારો મળ્યા છે. ૨૦૨૪ ટેંગ પુરસ્કાર, રસાયણશાસ્ત્રમાં ૨૦૧૮ વુલ્ફ પુરસ્કાર અને ૨૦૨૫ વોન હિપ્પલ પુરસ્કાર.

# મુસ્લિમ સોલિસિટર ફહાદ અન્સારી પર યુકેમાં થયેલી સતામણીની ટીકા કરતા ૧૦૦થી વધુ જાહેર હસ્તીઓએ નિવેદન પર હસ્તાક્ષર કર્યા



(એજન્સી) તા,૯

૧૦૦થી વધુ શિક્ષણશાસ્ત્રીઓ, વકીલો, ઈમામો, પત્રકારો અને કાર્યકરોએ રાષ્ટ્રીય સુરક્ષા અને માનવાધિકાર પરના તેમના કામ માટે જાણીતા આઈરિશ મુસ્લિમ વકીલ ફહાદ અન્સારી સામે બ્રિટિશ સત્તાવાળાઓ દ્વારા ચલાવવામાં આવી રહેલા "સતામણીના વધતા અભિયાન"ની ટીકા કરતા નિવેદન પર હસ્તાક્ષર કર્યા છે. હસ્તાક્ષરકર્તાઓ-કાયદો, શિક્ષણશાસ્ત્ર, નાગરિક સમાજ અને દવા સહિતના વિવિધ ક્ષેત્રોમાંથી-અંસારીને "માત્ર તેમની વ્યાવસાયિક ફરજો નિભાવવા માટે" રાજકીય રીતે નિશાન બનાવવાનો યુકે સરકારનો આરોપ છે. અંસારીને ૬ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ આયર્લેન્ડમાં પારિવારિક રજાઓમાંથી હોલીહેડ પોર્ટ પરત ફરતી વખતે આતંકવાદી કાયદાના શિડ્યુલ ૭ હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પોલીસે લગભગ ત્રણ કલાક સુધી તેની અટકાયત કરી, તેમની ધાર્મિક પ્રથાઓ વિશે પૂછપરછ કરી, જેમ કે તે કેવી રીતે નિયમિતપણે મસ્જિદમાં જાય છે, પેલેસ્ટીન પર તેના મંતવ્યો, અને તેના ઓફિસ ફોનને જપ્ત કરી લીધો, જેમાં કાયદેસર રીતે ગોપનીય માહિતી હતી. તેની પત્ની અને બાળકો સહિત તેના પરિવારને આ ત્રાસ દરમિયાન તેની કારમાં રાહ જોવાની ફરજ પડી હતી. અંસારીની અટકાયત એ પહેલો જાણીતો કેસ હોવાનું કહેવાય છે જેમાં વકીલ સામે આ રીતે શેડ્યૂલ ૭ની સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય. અંસારી એક વરિષ્ઠ વકીલ છે જે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પરના તેમના કાનૂની કાર્ય માટે જાણીતા છે, જેમાં સરકારની કાર્યવાહીને અદાલતોમાં પડકારવામાં આવે છે. આ વર્ષની શરૂઆતમાં, તેમણે સુપ્રીમ કોર્ટને ચુકાદો આપવા માટે સમજાવ્યું કે બ્રિટિશ સરકારે તેની રાષ્ટ્રીયતા છીનવી લેવામાં આવેલા એક વ્યક્તિના બાળકને નાગરિકત્વ આપવાનો ઈન્કાર કરીને ગેરકાનૂની રીતે કાર્ય કર્યું હતું. એપ્રિલમાં, તેણે હમાસની નાગરિકતા છીનવી લેવા માટે એક ઔપચારિક અરજી સબમિટ કરી, જેમાં આતંકવાદ અધિનિયમ ૨૦૦૦ની કલમ ૪ - એક કાનૂની જોગવાઈ છે જે પ્રતિબંધિત સંગઠનોને તેમની સ્થિતિને પડકારવાની મંજૂરી આપે છે. નિવેદન અનુગામી પ્રતિક્રિયાની વિગતો આપે છે: "વરિષ્ઠ રાજકારણીઓ અને મીડિયાએ તરત જ ફહાદની નિંદા કરવાનું શરૂ કર્યું, જેમાં તેને તેના ક્લાયન્ટ સાથે ઓળખવાનો સમાવેશ થાય છે, અને તેને હિંસા અને મૃત્યુની ધમકીઓ સહિત સેંકડો અપમાનજનક કોલ્સ અને સંદેશાઓ પ્રાપ્ત થયા હતા."

# અમેરિકાએ ઈઝરાયેલના ગાઝા નરસંહારને ૩૩ અબજ ડોલરની લશ્કરી સહાય આપી, નવા અહેવાલમાં ખુલાસો



(એજન્સી) તા.૯

બ્રાઉન યુનિવર્સિટીની ક્વિન્સી ઈન્સ્ટિટ્યૂટ ફોર રિસ્પોન્સિબલ સ્ટેટક્રાફ્ટ એન્ડ ધ કોસ્ટ્સ ઓફ વોર પ્રોજેક્ટ દ્વારા ગઈકાલે બહાર પાડવામાં આવેલા નવા રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સે ઈઝરાયેલને ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ૨૧.૭ બિલિયન ડોલર લશ્કરી સહાય પૂરી પાડી છે. આ નિષ્કર્ષ ઘણા માનવાધિકાર સમૂહો અને સંયુક્ત રાષ્ટ્ર અધિકારીઓએ નરસંહારનું લેબલ લગાવ્યું છે તેના માટે અમેરિકન સમર્થન સીધું પ્રતિબિંબિત કરે છે. ક્વિન્સી ઈન્સ્ટિટ્યૂટના ફેલો વિલિયમ ડી. હાર્ટુંગ દ્વારા લખાયેલ અહેવાલ, ઈઝરાયેલની સૈન્ય કામગીરીને વેગ આપનાર ખર્ચની ચેનલોની વિગતો આપે છે - પ્રત્યક્ષ શસ્ત્ર પુરવઠાથી માંડીને ફોરેન મિલિટરી ફાઈનાન્સિંગ (FMF) અને ઓફશોર પ્રોક્યોરમેન્ટ જેવા મોટા પાયે ધિરાણ કાર્યક્રમો સુધી. અહેવાલમાં તારણ છે કે ઈઝરાયેલનું લાંબુ અને વિનાશક લશ્કરી અભિયાન અમેરિકાના ભંડોળ, શસ્ત્રો અને રાજકીય સમર્થન વિના શક્ય બન્યું ન હોત. "વર્તમાન અને ભાવિ ખર્ચના સ્કેલને જોતાં, તે સ્પષ્ટ છે કે ઈઝરાયેલી સંરક્ષણ દળો (IDF) અમેરિકી સમર્થન વિના ગાઝામાં જે નુકસાન પહોંચાડી રહ્યા છે તે નહોતું પહોંચાડી શક્યું. ઈઝરાયેલને સીધા મોકલવામાં આવેલા ૨૧.૭ બિલિયન ડોલર ઉપરાંત, USએ યમન, ઈરાન અને આ ક્ષેત્રમાં ઈઝરાયેલી આક્રમણના અન્ય પ્રાદેશિક થિયેટરોમાં સંબંધિત લશ્કરી કામગીરી પર ૯.૬૫-૧૨.૦૭ બિલિયન ડોલરનો ખર્ચ કર્યો છે, જેનાથી ગાઝા હત્યાકાંડ સંબંધિત અમેરિકન ખર્ચ ૩૩ બિલિયન ડોલરથી વધુ થઈ ગયો છે. અહેવાલમાં અમેરિકા દ્વારા ઈઝરાયેલને મોકલવામાં આવેલા ઘાતક સાધનોની યાદી આપવામાં આવી છે: બોમ્બ, મિસાઈલ અને લેન્ડમાઈન્સની કિંમત ૨.૩ બિલિયન ડોલર; ૨૦,૦૦૦થી વધુ એસોલ્ટ રાઈફલ્સ; અને હજારો માર્ગદર્શન કિટ, વોરહેડ્સ અને અન્ય અપમાનજનક શસ્ત્રો. આ શસ્ત્રો ઈઝરાયેલના હવાઈ અભિયાનમાં કેન્દ્રિય છે, જેણે ૬૭,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓને માર્યા છે, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો છે. અહેવાલમાં એ પણ વિગતો આપવામાં આવી છે કે કેવી રીતે યુ.એસ.એ જોબાઈડેન અને ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર હેઠળ શસ્ત્રોનો સપ્લાય કરવાનું ચાલુ રાખ્યું છે, અને નવા શસ્ત્રોના સોદા - જેમ કે ગયા મહિને જાહેર કરાયેલા ૬ બિલિયન ડોલર પેકેજ - આવનારા વર્ષો માટે લાઈનમાં છે. ઈઝરાયેલના નરસંહાર સામે વધતા જતા જાહેર વિરોધ છતાં, સહાય અથવા શસ્ત્રોના પરિવહનને રોકવા માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે જ્યાં સુધી અમેરિકા તમામ સૈન્ય સહાય-જેમાં સ્પેરપાર્ટ્સ અને મેઈન્ટેનન્સનો સમાવેશ થતો નથી, ત્યાં સુધી ઈઝરાયેલ તેના યુદ્ધને ચાલુ રાખવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ રહેશે. અહેવાલમાં નિષ્કર્ષ આવે છે, "અમેરકાના સમર્થન વિના, ઈઝરાયેલ પાસે બોમ્બ છોડવા માટે ફાઈટર જેટ નહીં હોય અને ઘણા ઓછા બોમ્બ છોડવામાં આવશે. યુએસ કોન્ટ્રાક્ટરોના મિકેનિક્સ અને સ્પેરપાર્ટ્સ વિના, ઈઝરાયેલના શસ્ત્રાગારનો મોટો હિસ્સો જાળવણી માટે બંધ થઈ જશે."

# ઈઝરાયેલની કેટ્ઝિઓટ જેલમાં છ ગાઝા સુમુદ ફ્લોટિલા કાર્યકરો અટકાયતમાં છે

(એજન્સી) તા.૯

કાનૂની કેન્દ્ર અદાલાએ મંગળવારે સાંજે અહેવાલ આપ્યો હતો કે ગાઝા સુમુદ ફ્લોટિલામાં ભાગ લેનારા છ સ્વયંસેવકો નેગેવ રણમાં કટ્ઝિઓટ જેલમાં ઈઝરાયેલી કસ્ટડીમાં છે. ૧૮ વર્ષ લાંબી નાકાબંધી તોડવાના પ્રયાસમાં ગાઝા પટ્ટી તરફ જતી વખતે ફ્લોટિલાને અટકાવવામાં આવી હતી. અદાલાહે અહેવાલ આપ્યો કે અટકાયતમાં લેવાયેલા સ્વયંસેવકો નોર્વે, મોરોક્કો અને સ્પેનના છે અને ઉમેર્યું કે "મંગળવારે જ જોર્ડન દ્વારા ૧૩૦થી વધુ સ્વયંસેવકોને મુક્ત કરવામાં આવ્યા હતા." કેન્દ્રએ વધુમાં જણાવ્યું કે તે બાકીના અટકાયતીઓને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરી રહ્યું છે અને તેની ખાતરી કરવા માટે સંબંધિત અધિકારીઓ સાથે સંપર્કમાં છે. નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે જો કોઈ સ્વયંસેવકો હજુ પણ કસ્ટડીમાં



છે, તો અદાલાહની કાનૂની ટીમ તેમની કાનૂની અને માનવતાવાદી સ્થિતિનું મૂલ્યાંકન કરવા બુધવારે જેલની મુલાકાત લેશે. દરમિયાન, ઈઝરાયેલના જાહેર પ્રસારણકર્તા કાન ૧૧એ અહેવાલ આપ્યો છે કે સત્તાવાળાઓએ સ્પેનિશ કાર્યકર રેયસ રિગો સર્વિલાની અટકાયત એક અઠવાડિયા સુધી લંબાવી છે. પ્રસારણકર્તાએ દાવો કર્યો કે વિસ્તરણ "કેટઝિઓટ જેલમાં તબીબી કાર્યકર પરના કથિત હુમલાના સંદર્ભમાં હતું."

# સ્પેનની સંસદે ઈઝરાયેલ પર ઔપચારિક શસ્ત્ર પ્રતિબંધને મંજૂરી આપી

(એજન્સી) તા.૯

સ્પેનિશ સંસદે બુધવારે ઈઝરાયેલ પર સંપૂર્ણ શસ્ત્ર પ્રતિબંધને ઔપચારિક બનાવતા સરકારી હુકમનામું પસાર કર્યું હતું, જે ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધના જવાબમાં ગયા મહિને જાહેર કરાયેલા પ્રતિબંધોના વ્યાપક પેકેજનો એક ભાગ છે. યુરોપિયન યુનિયનમાં ઈઝરાયેલના સૌથી પ્રખર ટીકાકારો પૈકીનું એક સ્પેન, કહે છે કે હુકમનામું ઈઝરાયેલમાંથી તમામ સંરક્ષણ અને દ્વિ-ઉપયોગની તકનીકની આયાત અને નિકાસ પર પ્રતિબંધ મૂકે છે અને સંભવિત લશ્કરી ઉપયોગ માટે બળતણ અથવા સામગ્રી વહન કરતા જહાજો અને વિમાનોને સ્પેનિશ બંદરો અને એરસ્પેસમાં પ્રવેશતા અટકાવે છે, સ્પેનિશ સરકાર અનુસાર. મત સાંકડા માર્જિનથી પસાર થયો, કારણ કે દૂર-ડાબેરી પોડેમોસ પાર્ટીએ અન્ય ડાબેરી અને પ્રાદેશિક સાથીઓ સાથે હુકમને ટેકો આપ્યો હતો. પોડેમોસના નેતા ઈઓન બેલારા, જેમણે છેલ્લી ઘડી સુધી તેમના પક્ષની સ્થિતિ સ્પષ્ટ કરી ન હતી, જણાવ્યું કે સરકારે હાલના કરારો રદ કરીને અને ઈઝરાયેલ સાથેના તમામ સંબંધો તોડીને આગળ વધવું જોઈએ. તેણે અગાઉ આ આદેશને "બનાવટી પ્રતિબંધ" તરીકે વર્ણવ્યો હતો, સરકાર પર શસ્ત્ર કરાર ચાલુ રાખવાનો આરોપ મૂક્યો હતો અને ઈઝરાયેલ માટે બંધાયેલા યુએસ લશ્કરી સાધનો વહન કરતા ચાર જહાજોને સ્પેનિશ બંદરોમાં ડોક કરવાની મંજૂરી આપી હતી, તેમ છતાં આ આદેશ ગયા મહિને જ અમલમાં આવ્યો હતો. મંગળવારે સંસદીય ચર્ચા દરમિયાન, સ્પેનિશ અર્થતંત્ર પ્રધાન કાર્લોસ કુએર્પોએ પ્રતિબંધનો બચાવ કર્યો, તેને "એક મક્કમ પગલું અને



આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રણી" ગણાવ્યું. સુરક્ષા મંત્રી માર્ગારીટા રોબલ્સે આ પગલાનો બચાવ કર્યો અને તેને "લાંબી પ્રક્રિયાનું અંતિમ પગલું" ગણાવ્યું જે ૭ ઓક્ટોબરના હમાસના હુમલા પછી શરૂ થયું હતું. તેણીએ કહ્યું કે સ્પેને "તે જ દિવસે ઈઝરાયેલને લશ્કરી સાધનો વેચવાનું બંધ કર્યું." રૂઢિચુસ્ત પોપ્યુલર પાર્ટી (PP) અને દૂર-જમણે વોક્સે આદેશનો વિરોધ કર્યો. મત, મૂળ મંગળવાર માટે સુનિશ્ચિત થયેલ, હમાસ હુમલાની વર્ષગાંઠને ટાળવા માટે એક દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યો હતો જેમાં ૧,૨૦૦ લોકો મૃત્યુ પામ્યા . મેડ્રિડમાં ઈઝરાયેલી દૂતાવાસે સમયને "વિકૃત અને અમાનવીય" ગણાવી ટીકા કરી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# ઉ.પ્ર.માં કાનૂન નહીં પણ નિરંકુશ ટોળાનું રાજ : દલિત શખ્સની નિર્મમ હત્યા

ઉત્તરપ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી ખાડે ગઈ છે કે ખુદ એનસીઆરબી (નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો)ના સરકારી આંકડા સાબિતી આપે છે કે યુપી દેશનું સૌથી વધુ અપરાધોવાળું રાજ્ય છે. અહીં કોઈ એવો ગુનો નહીં હોય કે જે આચરવામાં આવતો ન હોય અને એમાંયે ચોક્કસ એજન્ડા પર કામ કરતી સરકારની પોલીસ ખાસ કરીને દલિત-મુસ્લિમો-વંચિતો વિરૂદ્ધના અપરાધો અંગે જે શાહમૃગી તેમજ પક્ષપાતી વલણ અપનાવે છે એ ખૂબ જ નિંદાને પાત્ર છે. ટોળા દ્વારા હિંસા-હત્યા અહીં સામાન્ય બાબત છે. ખાસ કરીને દલિતો અને મુસ્લિમો વિરૂદ્ધ ટોળા દ્વારા કરાતા લિન્ચિંગ બહુ જ આઘાતજનક બાબત છે અને એમાંય મોટાભાગની ઘટનાઓમાં ટોળું જ્યારે કાયદો હાથમાં લઈને નિર્દોષોને મોતને ઘાટ ઉતારી રહ્યું હોય છે ત્યારે યોગીની પોલીસ હાજર હોય છે પરંતુ કંઈ કરી શકતી નથી અથવા તો તેને કંઈ કરવા દેવામાં આવતું નથી. જેના કારણે છાશવારે યુપીમાં વંચિતોના મોબ લિન્ચિંગ થતા રહે છે. નિર્દોષોને મોતને ઘાટ ઉતારનારા ટોળાઓ વિરૂદ્ધ કોઈ ઠોસ કાર્યવાહી કરાતી નથી પરિણામે નરાધમોનું ટોળું સાવ નિશ્ચિંત થઈને હિંસા આચરે છે.

ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં એક દલિત શખ્સને માર મારીને હત્યા કરવાની ઘટના ભયાનક અને માનવીય સંવેદનાઓને આઘાત પહોંચાડે તેવી છે. આ સમગ્ર ઘટનામાં જે માનસિકતા બહાર આવી છે તે કોઈપણ સભ્ય સમાજમાં સંવેદનહીનતાની પરાકાષ્ઠા ગણાશે. મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને બેદરકાર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તેમ છતાં સરકારના સામાજિક સમાનતા અને રાજ્યના કાયદો અને વ્યવસ્થાના દાવાઓ પર પ્રશ્ન ઉઠવા સ્વાભાવિક છે.

એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે હત્યા સમયે કેટલાક પોલીસકર્મીઓ ઘટનાસ્થળે હાજર હતા. સૌથી મોટો પ્રશ્ન એ છે કે; પોલીસની હાજરીમાં આ ગુનો કેવી રીતે આચરવામાં આવ્યો ? આરોપીઓને પોલીસ અને કાયદાનો કોઈ ડર કેમ નહોતો ? શું ગુનાને નિયંત્રિત કરવાના યોગી સરકારના દાવાની આ જ વાસ્તવિકતા છે ?

પોલીસના જણાવ્યા અનુસાર, જે વ્યક્તિની ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હતી તે ઘટનાની રાત્રે તેની પત્ની અને પુત્રીને મળવા માટે તેના સાસરિયાના ઘરે ચાલીને જઈ રહ્યો હતો. સ્થાનિક લોકોએ તેને ચોર સમજીને પકડી લીધો. જ્યારે તે લોકોના પ્રશ્નોના યોગ્ય જવાબ આપી શક્યો નહીં, ત્યારે તેને નિર્દયતાથી માર મારવામાં આવ્યો અને રેલ્વે સ્ટેશન પર ખેંચી જવામાં આવ્યો, જ્યાં તેને ગંભીર હાલતમાં છોડી દેવામાં આવ્યો, જેના કારણે તેનું મૃત્યુ થયું. પ્રશ્ન એ ઊભો થાય છે કે જો સ્થાનિક લોકોને આ માણસ વિશે કોઈ શંકા હતી, તો તેને પકડીને પોલીસને કેમ સોંપવામાં આવ્યો નહીં ? તેમને કાયદો પોતાના હાથમાં લેવાનો અને આવી ક્રૂરતા આચરવાનો અધિકાર કોણે આપ્યો ? અને જો પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર હતા, તો તેઓ મૂક પ્રેક્ષક બનીને કેમ ઊભા રહ્યા ?

આ ઘટના ઉત્તરપ્રદેશના રાજ્ય સરકારના એ દાવાને પણ ખોટો પાડે છે કે રાજ્યમાં હવે કાયદાનું શાસન છે. આ દાવા મુજબ સમાજના દલિત, મુસ્લિમ અને વંચિત વર્ગનું રાજ્યમાં શું સ્થાન છે ? બંધારણ અને કાયદો દરેક નાગરિકને સમાન રક્ષણ, અધિકારો અને અભિવ્યક્તિની ખાતરી આપે છે. તેથી, આ કેસની નિષ્પક્ષ તપાસ થાય અને ગુનેગારો સામે કડક કાર્યવાહી થાય તે જરૂરી છે જેથી પીડિત પરિવારને ન્યાય મળી શકે. પરંતુ વર્તમાન યુપીમાં તો આવી આશા રાખી શકાય એમ છે ખરી ???

# ગાઝામાં ઈઝરાયેલના નરસંહાર મુદ્દે હિન્દુત્વ માનવતાની કસોટીમાં નિષ્ફળ રહ્યું છે

## (ભાગ - ૧)

ભારતનો પેલેસ્ટીન માટે પરંપરાગત ટેકો વર્તમાન સરકાર હેઠળ નબળો પડ્યો છે, જ્યારે પેલેસ્ટીનીઓ સાથે એકતામાં વિરોધ પ્રદર્શનો થતાં તેને સરકારના દમનનો સામનો કરવો પડી રહ્યો છે. આ લેખમાં એ શોધ કરવામાં આવી છે કે આ પરિવર્તન ભારતની વૈશ્વિક છબી અને લોકશાહીને કેવી રીતે અસર કરે છે. સુધીન્દ્ર કુલકર્ણી પૂછે છેઃ શું ભારત પેલેસ્ટીન પર તેનું નૈતિક નેતૃત્વ પાછું મેળવશે ? ૨૦મી સદી વસાહતીકરણની સદી હતી. ભારતે, તેના પોતાના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન અને તે પછી, વસાહતી તાબેદારીનો ભોગ બનેલા અન્ય લોકોને




## પેલેસ્ટીન પર ભારતનું મૌન અને હિન્દુત્વનું ઈઝરાયેલ તરફી પરિવર્તન વિદેશી અને સ્થાનિક રાજકારણમાં તીવ્ર પરિવર્તનનો સંકેત આપે છે

અડગપણે ટેકો આપ્યો છે. સ્વતંત્ર ભારતના સ્થાપક પિતા - મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, નેતાજી સુભાષચંદ્ર બોઝ અને અન્ય - સ્વતંત્રતા અને ન્યાય માટે લડતા અન્ય રાષ્ટ્રો સાથે ભારતની એકતાને આપણી આંતરરાષ્ટ્રીય ફરજ અને માનવતા પ્રત્યેની ફરજ માનતા હતા. આમ, તે એક નિર્વિવાદ સત્ય છે કે સ્વતંત્ર ભારત માટે આંતરરાષ્ટ્રીય સમુદાયના આદર અને પ્રશંસા આપણા નેતાઓએ બ્રિટિશ સંસ્થાનવાદથી મુક્તિ માટેના આપણા પોતાના સંઘર્ષ અને એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના લોકોની સમાન વસાહતી વિરોધી આકાંક્ષાઓ વચ્ચે સ્થાપિત કરેલા બંધનમાંથી ઉદભવ્યો હતો. એ પણ સાચું છે કે પેલેસ્ટીનના સ્વતંત્રતા અને રાજ્યત્વ માટેના સંઘર્ષને ભારતનો ટેકો ૧૯૪૭ પહેલા શરૂ થયો હતો, અને ત્યારબાદ તે અવિશ્વસનીય રીતે ચાલુ રહ્યો હતો. લાંબા સમય સુધી, પેલેસ્ટીનની સ્વતંત્રતા પર ભારતમાં વ્યાપક અને મજબૂત રાષ્ટ્રીય સર્વસંમતિ હતી. ૧૯૭૭માં મોરારજી દેસાઈની સરકારમાં ભારતના વિદેશ મંત્રી બનેલા ભાજપના દિગ્ગજ નેતા અટલબિહારી વાજપેયીજીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે ઈઝરાયેલ આક્રમક છે અને પેલેસ્ટીનીઓ તેનો ભોગ બન્યા છે, અને તેમણે માંગણી કરી હતી કે ઈઝરાયેલે ૧૯૬૭ના આરબ-ઈઝરાયેલ યુદ્ધ પછી ગેરકાયદેસર રીતે કબજે કરેલી પેલેસ્ટીન જમીન ખાલી કરવી જોઈએ.

૧૯૮૮માં ભારત, ૮૦થી વધુ દેશો સાથે, પેલેસ્ટીનને માન્યતા આપનારા પ્રથમ દેશોમાંનો એક હતો. ૧૯૯૨માં ભારતે ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા પછી પણ પેલેસ્ટીનને અમારો ટેકો ચાલુ રહ્યો હતો.

### હિન્દુત્વ સમર્થકો નેતાન્યાહુને રોલ મોડેલ તરીકે શા માટે જુએ છે

જો કે, ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારથી આ સમર્થનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજની ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પેલેસ્ટીનીઓને હિન્દુ-મુસ્લિમ દ્વિસંગી લેન્સ દ્વારા જુએ છે. ઈઝરાયેલ વિશ્વનું એકમાત્ર રાષ્ટ્ર છે જે 'હિન્દુત્વ'ને સમર્થન આપે છે, તેથી મોદી સમર્થકો ''મુસ્લિમ'' પેલેસ્ટીનીઓ પ્રત્યે કોઈ સહાનુભૂતિ દર્શાવતા નથી. આ વાત એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે ભાજપ અને સંઘ પરિવારે એવા સમયે આંખ આડા કાન કર્યા છે જ્યારે ગાઝામાં, તેમના પોતાના વતનમાં ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓના મૃત્યુ, ભૂખમરા, ક્રૂરતા, બોમ્બમારા અને વંશીય રીતે શુદ્ધિકરણ સામે કરવામાં આવી રહેલા અમાનવીય અત્યાચાર સામે વિશ્વભરમાં વિરોધ પ્રદર્શનો એક ઉગ્ર ઉત્તેજનાની જેમ વધી રહ્યા છે. શાસક સંસ્થાએ એ પણ સુનિશ્ચિત કર્યું છે કે ગાઝામાં ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓની સામૂહિક હત્યાકાંડ સામે ભારતમાં કોઈ વિરોધ ન થાય. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ, જે અમેરિકાના સંપૂર્ણ સમર્થનથી આગળ વધ્યા હતા, તેમણે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલાનો ઉપયોગ સમગ્ર ગાઝાનો નાશ કરવા, તેને પેલેસ્ટીનની વસ્તીથી મુક્ત કરવા અને તેને 'ગ્રેટર ઈઝરાયેલ'નો ભાગ બનાવવા માટે એક બહાના તરીકે કર્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરમાં કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે ગાઝા, તેના પોતાના હકદાર રહેવાસીઓ સિવાય, એક આંતરરાષ્ટ્રીય વૈભવી રિસોર્ટમાં ફેરવવામાં આવે. ભાજપના ઘણા સમર્થકો, જેમના માટે નેતાન્યાહુ એક હીરો છે, તેમને સમર્થન આપી રહ્યા છે કારણ કે તેઓ પાકિસ્તાન અને તેના પોતાના લઘુમતીઓ સાથે વ્યવહાર કરવામાં ભારત માટે સમાન નીતિને સમર્થન આપે છે.

### વૈશ્વિક નૈતિક કટોકટીની વાર્તા

યુનાઈટેડ નેશન્સ સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસે ૨૯ જુલાઈના રોજ શોક વ્યક્ત કર્યો હતો કેઃ ''ગાઝામાં પેલેસ્ટીનીઓ મહા માનવતાવાદી વિનાશનો સામનો કરી રહ્યા છે; આ કોઈ ચેતવણી નથી, તે આપણી નજર સમક્ષ પ્રગટ થતી વાસ્તવિકતા છે અને તેમણે તેને વૈશ્વિક અંતરાત્માનું નૈતિક સંકટ ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ઈઝરાયેલ ગાઝામાં બર્બરતાનો ઉપયોગ કરી રહ્યું છે. ભૂખથી લોકો મરી રહ્યા છે અને તે બંધ થવું જોઈએ. યુરોપિયન શહેરોમાં ભારે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે, જેના કારણે તે દેશો પણ પેલેસ્ટીનીઓની અલગ રાજ્યની માંગને સમર્થન આપવા માટે મજબૂર થયા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું છે કે પેરિસ સપ્ટેમ્બરમાં યુએન સત્રમાં પેલેસ્ટીન સરકારને સત્તાવાર રીતે માન્યતા આપશે. સઉદી અરેબિયા સાથે, ફ્રાન્સે ગયા અઠવાડિયે યુએનમાં પેલેસ્ટીન રાજ્યત્વને માન્યતા આપવા અને ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધનો અંત લાવવાના ધ્યેય સાથે એક પરિષદનું આયોજન કર્યું હતું. બ્રિટન, જેને ટીકાકારો દ્વારા પેલેસ્ટીનીઓને સૌપ્રથમ રાજ્યવિહીન બનાવનાર રાષ્ટ્ર તરીકે જોવામાં આવે છે, તે ઈઝરાયેલને આંધળો ટેકો આપવાનું બંધ કરવા માટે પણ ભારે જાહેર દબાણ હેઠળ છે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે જાહેરાત કરી છે કે જો ઈઝરાયેલ ગાઝા પરના તેના યુદ્ધને સમાપ્ત કરવા માટે ''નોંધપાત્ર પગલાં'' નહીં લે, કબજા હેઠળના વેસ્ટ બેન્કના ભાગોને જોડવાની યોજનાઓ બંધ ન કરે અને બે-રાજ્ય ઉકેલ તરફના રાજકીય માર્ગને સમર્થન ન આપે તો યુકે સપ્ટેમ્બર સુધીમાં પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપશે.

### આ ઘટનાના મોટા મુદ્દાઓ

નીતિમાં પરિવર્તન ૨૦૧૪થી પેલેસ્ટીન સાથે ભારતની ઐતિહાસિક એકતા ઓછી થઈ ગઈ છે, સરકાર અને ન્યાયતંત્ર પેલેસ્ટીની અધિકારોને સમર્થન આપતા વિરોધને વધુને વધુ નિરાશ કરી રહ્યું છે અને ઈઝરાયેલ સાથે નજીક આવી રહ્યું છે. અસંમતિ દબાવવામાં આવી છે અને તાજેતરના કોર્ટના આદેશો અને પોલીસ કાર્યવાહીએ નાગરિકોને પેલેસ્ટીનના સમર્થનમાં શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો અધિકાર નકારી કાઢ્યો છે, અને ભારતમાં લોકશાહી અધિકાર નષ્ટ થઈ રહ્યા છે તે અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. ફ્રાન્સ, યુકે, સ્પેન, નોર્વે અને આયર્લેન્ડ સહિત ઘણા દેશો પેલેસ્ટીનને ઔપચારિક રીતે માન્યતા આપવા તરફ આગળ વધી રહ્યા છે, જે ઈઝરાયેલ અને તેના સમર્થકોના વધતા આંતરરાષ્ટ્રીય અલગતાને પ્રતિબિંબિત કરે છે. ભારત માટે બોધપાઠ એ છે કે તેના માટે સંસદમાં નવેસરથી ચર્ચાની હાકલ કરવી જોઈએ અને ભારતને વૈશ્વિક બાબતોમાં તેની બંધારણીય સ્વતંત્રતાઓ, નૈતિક વારસો અને સહાનુભૂતિ જાળવી રાખવાની જરૂરિયાત પર ભાર મૂકવાની જરૂર છે. તેમના શાશ્વત શ્રેય માટે, સ્પેન, નોર્વે અને આયર્લેન્ડે મે મહિનામાં ઔપચારિક રીતે પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપી દીધી છે. જો ઈઝરાયેલ યુદ્ધવિરામનો ઈનકાર કરે તો ફ્રાન્સ, યુકે દ્વારા પેલેસ્ટીનને માન્યતા આપવામાં આવશે. અત્યાર સુધીમાં, યુએનમાં મોટાભાગના દેશો - ૧૯૩માંથી ૧૪૭ - પહેલાથી જ પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપી ચૂક્યા છે, જે હાલમાં યુએનમાં નિરીક્ષકનો દરજ્જો ધરાવે છે. ગયા સપ્ટેમ્બરમાં, આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (ICJ)એ જાહેર કર્યું હતું કે ઈઝરાયેલનો પેલેસ્ટીની પ્રદેશ પર કબજો ગેરકાયદેસર છે. આ બધું દર્શાવે છે કે પરિસ્થિતિ ઈઝરાયેલ વિરુદ્ધ થઈ રહી છે. તેલ અવીવ અને વોશિંગ્ટન ડીસીમાં તેના સમર્થકો બંને પેલેસ્ટીની મુદ્દા પર આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ પડી રહ્યા છે. પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્ર આંતરરાષ્ટ્રીય અભિપ્રાય અને પેલેસ્ટીનીઓના ન્યાય માટે પોકાર બંને પ્રત્યે બહેરું અને મૌન બની ગયું છે. મોટી સત્તા હોવાના ઘમંડના વધુ એક પ્રદર્શનમાં, તેણે ગયા અઠવાડિયે ગાઝા પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધને સમર્થન આપીને એક પગલું વધુ આગળ વધ્યું છે. તેણે પેલેસ્ટીન ઓથોરિટી અને પેલેસ્ટીન લિબરેશન ઓર્ગેનાઈઝેશનના સભ્યો પર પ્રતિબંધો લાદ્યા છે, તેમના પર ''આતંકવાદ''ને ટેકો આપવા અને ''શાંતિ પ્રયાસોને અસ્થિર કરવાનો'' પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો છે.

### બોમ્બે હાઈકોર્ટનો વિચિત્ર આદેશ

આ પૃષ્ઠભૂમિ સામે આપણે જોવું જોઈએ કે પેલેસ્ટીન સ્વતંત્રતાના ભારતીય સમર્થકોનો અવાજ કેવી રીતે વ્યવસ્થિત રીતે દબાવવામાં આવી રહ્યો છે. એક ઉદાહરણ બોમ્બે હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં આપવામાં આવેલ વિચિત્ર આદેશ છે જેમાં શાંતિપૂર્ણ જાહેર વિરોધ દ્વારા તેમની એકતા વ્યક્ત કરવાના તેમના બંધારણીય અધિકારને નકારી કાઢવામાં આવ્યો છે. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) ગાઝામાં પેલેસ્ટીનીઓ પર ઈઝરાયેલના અવિરત યુદ્ધ અને બચી ગયેલા લોકોને ભૂખે મારવાની તેની ઈરાદાપૂર્વકની નીતિ સામે મુંબઈના આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન કરવા માંગતી હતી. મહારાષ્ટ્ર સરકારે નાગરિકો માટે વિરોધ પ્રદર્શન અને પ્રદર્શનો કરવા માટે એક નાનો ખૂણો આઝાદ મેદાન (જે ભારતના સ્વતંત્રતા સંગ્રામ સાથે સંકળાયેલું છે) — તે નિયુક્ત કર્યો છે. સીપીઆઈ(એમ)એ જે યોજના બનાવી હતી તે સંપૂર્ણપણે કાયદેસર હતી. છતાં, મુંબઈ પોલીસે પાર્ટીના કાર્યકરોને પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ રવિન્દ્ર ઘુગે અને ગૌતમ અંકડે કહ્યું કે, ''આપણા દેશમાં ઘણા બધા મુદ્દાઓ છે. અમને આવું કંઈ જોઈતું નથી. તમે બધા ટૂંકી દ્રષ્ટિવાળા છો. તમે ગાઝા અને પેલેસ્ટીનના મુદ્દાઓ જોઈ રહ્યા છો. તમારા પોતાના દેશને જુઓ. દેશભક્ત બનો. આ દેશભક્તિ નથી.'' તેમણે આગળ અવલોકન કર્યું કેઃ ''પક્ષે ભારતમાં નાગરિક મુદ્દાઓ ઉઠાવવા જોઈએ. તમે ભારતમાં નોંધાયેલ સંગઠન છો. તમે કચરો ફેંકવા, પ્રદૂષણ, ગટર, પૂર જેવા મુદ્દાઓ ઉઠાવી શકો છો. તમે તેના પર નહીં પરંતુ દેશની બહાર હજારો માઈલ દૂર થઈ રહેલી કોઈ બાબત પર વિરોધ કરી રહ્યા છો.'' એ પછી કોર્ટ દ્વારા ઈઝરાયેલ વિરોધી વિરોધ પ્રદર્શનો યોજવાની પરવાનગી નકારવા પાછળનો તર્ક આપવામાં આવ્યો હતો. ન્યાયાધીશોએ કહ્યું કે, દેશની વિદેશ નીતિ સીપીઆઈ(એમ) દ્વારા અપનાવવામાં આવેલા વલણથી અલગ છે. તેમણે પક્ષને આવા વિરોધ પ્રદર્શનોના સંભવિત રાજદ્વારી પરિણામોની ચેતવણી આપતા કહ્યું કે, તમને ખબર નથી કે તે કેવી સમસ્યા લાવી શકે છે... પેલેસ્ટીન તરફ કે ઈઝરાયેલ તરફ જઈને તમે આવું શા માટે કરવા માંગો છો? તમે જે પક્ષનું પ્રતિનિધિત્વ કરો છો તે જોતાં, તમને સમજાતું નથી કે આનાથી દેશની વિદેશી બાબતો પર શું અસર થઈ શકે છે. ભારતની બહાર હજારો માઈલ દૂર શું થઈ રહ્યું છે તેના પર અવાજ ઉઠાવશો નહીં. કચરાના ડમ્પિંગ જેવા સ્થાનિક મ્યુનિસિપલ મુદ્દાઓ પર વળગી રહો. આ પહેલાં ક્યારેય કોઈ હાઈકોર્ટે એવી પાર્ટીને ઠપકો આપ્યો નથી જેણે ઘણી ચૂંટણીઓ જીતી હોય અને આ રીતે સરકાર બનાવી હોય. આવા માનનીય ન્યાયાધીશો સમક્ષ એક તીક્ષ્ણ પ્રશ્ન પૂછવો જરૂરી છે. માનનીય લોર્ડશીપ્સ, શું તમે ક્યારેય આ સૂત્ર સાંભળ્યું છેઃ 'અમર નામ તોમરનામ વિયેતનામ વિયેતનામ'? બંગાળી ભાષામાં અનુવાદિત, તેનો અર્થ 'મારું નામ, તમારું નામ, વિયેતનામ વિયેતનામ' થાય છે. આ શક્તિશાળી સૂત્ર ફક્ત કોલકાતામાં જ નહીં, પરંતુ ભારતના ઘણા ભાગોમાં અમેરિકા દ્વારા કરવામાં આવેલા ૨૦ વર્ષના યુદ્ધ (૧૯૫૫-૭૫) દરમિયાન વિયેતનામના લોકો સાથે એકતાની અભિવ્યક્તિ તરીકે હજારો વિરોધીઓ દ્વારા ઉચ્ચારવામાં આવ્યું હતું અને ફક્ત ડાબેરી પક્ષો જ નહીં, જેઓ તે સમયે પશ્ચિમ બંગાળમાં સત્તામાં ન હતા, તેમણે આ વિરોધ પ્રદર્શનોનું આયોજન કર્યું હતું. તત્કાલીન શાસક પક્ષ, કોંગ્રેસ અને અન્ય ઘણા પક્ષોના સમર્થકોએ પણ નિર્દોષ વિયેતનામીઓ પર અમેરિકાના યુદ્ધ સામે રેલીઓ યોજી હતી. શું તે સમયે ભારતમાં, કેન્દ્રમાં કે રાજ્યમાં, કોઈ સરકારે ભારતીય નાગરિકોને આ વિરોધ પ્રદર્શન કરતા અટકાવ્યા હતા? શું ભારતની કોઈ કોર્ટે આવા શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી નકારવામાં આવી હતી? વિયેતનામ યુદ્ધ એ એકમાત્ર એવું ઉદાહરણ નથી કે ભારતની અદાલતોએ નાગરિકોના શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાના અધિકારને સમર્થન આપ્યું છે. સ્વતંત્ર ભારતમાં આવા અસંખ્ય વિરોધ પ્રદર્શનો થયા છે. જ્યારે ૧૯૫૬માં હવે લુપ્ત થયેલા સોવિયેત સંઘે હંગેરી અને ૧૯૬૮માં ચેકોસ્લોવાકિયા પર આક્રમણ કર્યું હતું, ત્યારે ભારતીય જનસંઘના સમર્થકો, જેણે આખરે ભાજપને અપનાવ્યું અને સ્વતંત્ર પાર્ટીએ જાહેર વિરોધ પ્રદર્શનો કર્યા હતા. ૨૦૦૧માં જ્યારે અલ કાયદા દ્વારા ૯/૧૧ના આતંકવાદી હુમલાઓએ અમેરિકાને નિશાન બનાવ્યું હતું, ત્યારે ભારતીયોએ સ્વયંભૂ વિરોધ કર્યો હતો. તેવી જ રીતે, જ્યારે રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ બુશના નેતૃત્વ હેઠળ અમેરિકાએ ૨૦૦૩માં ''સામૂહિક વિનાશના શસ્ત્રો'' શોધવાના બહાના તરીકે ઈરાક પર હુમલો કર્યો (જે શસ્ત્રો હજુ સુધી મળ્યા નથી), ત્યારે નવી દિલ્હી, મુંબઈ અને અન્ય ભારતીય શહેરોમાં પ્રદર્શનો થયા હતા. ખરેખર, લોકોનો આક્રોશ એ એક કારણ હતું કે વાજપેયી સરકારે ઈરાક પર અમેરિકાના નેતૃત્વ હેઠળના હુમલાની નિંદા કરતો સંસદમાં ઠરાવ રજૂ કર્યો હતો. ભાજપ સહિત તમામ પક્ષો દ્વારા સર્વાનુમતે ઠરાવ અપનાવવામાં આવ્યો હતો. જ્યારે દક્ષિણ આફ્રિકામાં અમાનવીય રંગભેદ શાસન હજુ પણ ચાલુ હતું, ત્યારે લગભગ તમામ રાજકીય પક્ષોના ભારતીયોએ વિરોધ સભાઓ યોજી હતી, રંગભેદ વિરોધી સંઘર્ષ સાથે એકતા દર્શાવી હતી અને નેલ્સન મંડેલા અને તેમના સાથીઓને જેલમાંથી મુક્ત કરવાની માંગ કરી હતી. તેવી જ રીતે, દર વર્ષે હિરોશિમા દિવસ (૬ ઓગસ્ટ)ના રોજ ઘણા ભારતીય શહેરોમાં તાત્કાલિક અને સાર્વત્રિક પરમાણુ નિઃશસ્ત્રીકરણની માંગણી સાથે શાંતિ કૂચ થતી હતી. મેં પોતે મુંબઈના આઝાદ મેદાનમાં આવી ઘણી કૂચ અને સભાઓમાં ભાગ લીધો છે.

**(લેખકે ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના સહાયક તરીકે સેવા આપી હતી, તેઓ ભારત-પાકિસ્તાન અને ભારત-ચીન સહયોગને પ્રોત્સાહન આપવામાં સક્રિય રહ્યા છે. આ લેખ સૌપ્રથમ ૨ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ પ્રકાશિત થયો હતો અને ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની બીજી વર્ષગાંઠ પર ધ ક્વિન્ટના આર્કાઈવ્સમાંથી ફરીથી પોસ્ટ કરવામાં આવ્યો છે.)**

**- સુધીન્દ્ર કુલકર્ણી**

**(ક્રમશઃ)** **(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)**

# સુપ્રીમ કોર્ટે કસ્ટોડિયલ ડેથ કેસમાં પોલીસ કર્મચારીઓની ધરપકડમાં વિલંબ કરવા બદલ CBI અને મધ્યપ્રદેશ સરકારની આકરી ટીકા કરતાં નિષ્ક્રિયતા બદલ ઠપકો આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

૨૪ વર્ષીય યુવકના કથિત કસ્ટોડિયલ ડેથમાં સંડોવાયેલા બે પોલીસ કર્મચારીઓની ધરપકડ કરવામાં વિલંબ અંગે સુપ્રીમ કોર્ટે બુધવારે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) અને મધ્યપ્રદેશ સરકાર પાસેથી સ્પષ્ટતા માંગી હતી. સીબીઆઈએ કોર્ટને જાણ કરી કે બંને ફરાર અધિકારીઓની આખરે ધરપકડ કરવામાં આવી છે ત્યારબાદ ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેન્ચે આ આદેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે ૧૫ મેના રોજ આપેલા આદેશ છતાં અધિકારીઓની ધરપકડ કરવામાં આવી ન હતી, અને કોર્ટે ટિપ્પણી કરી હતી કે રાજ્ય સરકારે તિરસ્કાર અરજી દાખલ કર્યા પછી અને કોર્ટના અનુગામી અવલોકનો પછી જ કાર્યવાહી શરૂ કરી હતી. કોર્ટે કહ્યું કે, ''આટલા બધા દિવસોમાં શું થયું ? તમે તેમને કેમ શોધી શક્યા નહીં? અમારે તમારા પર કાર્યવાહી કરવા માટે લગભગ અવમાનનાના આરોપો ઘડવા પડ્યા છે.

## CBIએ કોર્ટને જાણ કરી કે બંને ફરાર અધિકારીઓની આખરે ધરપકડ કરવામાં આવી છે ત્યારબાદ ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેન્ચે આ આદેશ આપ્યો હતો

સુપ્રીમ કોર્ટના આદેશને આ રીતે લાગુ કરવો જોઈએ નહીં. ધરપકડ માટે ત્રણ ન્યાયાધીશોની બેન્ચનો આદેશ હતો.

આરોપી અધિકારીઓના વર્તન પર ચિંતા વ્યક્ત કરતા કોર્ટે પૂછ્યું કે, ''બે અધિકારીઓ સામે કયા વિભાગીય પગલાં લેવામાં આવ્યા છે? કોર્ટના આદેશ છતાં તેમણે આગોતરા જામીન માટે અરજી પણ કરી હતી કે તેમની ધરપકડ કરવામાં ન આવે?'' આ સુનાવણી દરમિયાન, સીબીઆઈનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ રાજા ઠાકરેએ કોર્ટને માહિતી આપી કે એજન્સીએ તેના આદેશનું પાલન કર્યું છે અને બંને અધિકારીઓની હવે ધરપકડ કરવામાં આવી છે.

ઉત્તમસિંહની ૨૭ સપ્ટેમ્બરના રોજ ઈન્દોરમાં ધરપકડ કરવામાં આવી હતી, અને સંજીવસિંહને ૫ ઓક્ટોબરના રોજ શિવપુરીમાં કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. બંને હાલમાં ઈન્દોર જેલમાં બંધ છે. બેન્ચે મધ્યપ્રદેશ સરકારને બંને અધિકારીઓ સામે શરૂ કરાયેલી વિભાગીય કાર્યવાહીની વિગતો પ્રદાન કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. આ કેસ ૬ નવેમ્બરના રોજ વધુ સુનાવણી માટે મુલતવી રાખવામાં આવ્યો છે.

કોર્ટ મૃતકની માતા દ્વારા દાખલ કરાયેલી અવમાનના અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં સુપ્રીમ કોર્ટના ૧૫ મેના નિર્દેશનું પાલન ન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તે તારીખે, સર્વોચ્ચ અદાલતે મધ્યપ્રદેશ સરકારની કસ્ટોડિયલ ડેથમાં કથિત રીતે સંડોવાયેલા પોલીસકર્મીઓ સામે નિષ્ક્રિયતા બદલ આકરી ટીકા કરી હતી અને તપાસ સીબીઆઈને સોંપી હતી. ૩૦ જૂને કેસ સંભાળનાર તપાસ અધિકારીએ ૨ જુલાઈના રોજ કસ્ટોડિયલ ત્રાસનો ખુલાસો કરતા એક પ્રત્યક્ષદર્શીના નિવેદનના આધારે બીજા પોલીસ અધિકારીની ધરપકડ કરી હતી.

૨૫ સપ્ટેમ્બરના રોજ, બેન્ચે ફરાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં નિષ્ફળ રહેવા બદલ મધ્યપ્રદેશ સરકાર અને સીબીઆઈ બંનેની આકરી ટીકા કરી હતી અને અવમાનનાની કાર્યવાહી શરૂ કરવાની ચેતવણી આપી હતી. તેમાં નોંધવામાં આવ્યું હતું કે અધિકારીઓ એપ્રિલથી ફરાર હતા છતાં તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી. સીબીઆઈએ બાદમાં કોર્ટને જાણ કરી હતી કે સસ્પેન્શન ૧ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. બેન્ચે અગાઉ ફરાર અધિકારીઓને તાત્કાલિક ધરપકડ કરવામાં નિષ્ફળતા બદલ એજન્સીને પણ ઠપકો આપ્યો હતો.

# આર્યન ખાને બનાવેલી સિરીઝ અંગે સમીર વાનખેડેના માનહાનિના કેસમાં દિલ્હી હાઈકોર્ટની શાહરૂખ ખાન અને નેટફ્લિક્સને નોટિસ

(એજન્સી) તા.૯

આર્યન ખાનની ડિરેક્ટોરિયલ ડેબ્યૂ વેબ સીરિઝ 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ'માં શાહરૂખ ખાનની મુશ્કેલીઓ વધી છે. પૂર્વ NCB (નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો) અધિકારી સમીર વાનખેડેએ શાહરૂખ ખાન-ગૌરી ખાનના પ્રોડક્શન હાઉસ 'રેડ ચિલીઝ' અને નેટફ્લિક્સ સામે માનહાનિનો દાવો કર્યો છે. તેમનો આરોપ છે કે, 'આ સીરિઝમાં એક પાત્રનો ચહેરો બિલકુલ મારા જેવો છે, જેના કારણે મારી ઈમેજને નુકસાન પહોંચ્યું છે. આ માટે હું રૂા. ૨ કરોડના વળતરની માંગ કરૂં છું. આ કારણસર સોશિયલ મીડિયામાં પણ મારા અને મારી પત્ની વિરુદ્ધ ટ્રોલિંગ કરાઈ રહ્યું છે. સમીર વાનખેડેની ફરિયાદ બાદ દિલ્હી હાઈકોર્ટે 'રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ'ને સમન્સ મોકલ્યું છે અને કંપનીના સભ્યોને ૭ દિવસની અંદર હાજર થવા જણાવ્યું છે. હવે આ મામલે ૩૦ ઓક્ટોબરે સુનાવણી થશે. આ મામલે હજુ સુધી શાહરૂખ ખાનની કંપની તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. જણાવી દઈએ કે સમીર વાનખેડેએ દાવો કર્યો હતો કે, '૧૮ સપ્ટેમ્બરના રોજ નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી આ સિરીઝમાં, મારી ઈમેજ ખરાબ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સિરીઝમાં કેટલાક એવા સીન્સ છે જેમાં મારો સંદર્ભ મળે છે.' માનહાનિની અરજીમાં સ્પષ્ટ જણાવાયું છે કે કોઈપણ વ્યક્તિની ઈમેજને કોઈ પણ ક્રિએટિવ અથવા ફિલ્મી કલ્પનાનું નામ આપીને બગાડી શકાય નહીં. વાનખેડેએ કોર્ટને એમ પણ જણાવ્યું કે, 'ભલે શૉમાં મારું નામ કે ઓળખનો સીધો ઉપયોગ ન કરાયો હોય, પરંતુ દર્શકો માટે એ સ્પષ્ટ છે કે આ પાત્ર મારાથી પ્રેરિત છે.' દિલ્હી હાઈકોર્ટે પ્રાથમિક સુનાવણી દરમિયાન તમામ પક્ષકારોને નોટિસ ફટકારીને સાત દિવસમાં જવાબ આપવાનો આદેશ આપ્યો હતો. આ મામલે ૩૦ ઓક્ટોબરે કોર્ટમાં તમામ પક્ષોની દલીલો સાંભળવામાં આવશે. પૂર્વ NCB અધિકારીએ કોર્ટને વિનંતી કરી છે કે શૉના કન્ટેન્ટને માનહાનિકારક જાહેર કરવામાં આવે અને તેના માટે તેમણે રૂા.૨ કરોડનું વળતર માંગ્યું છે. વાનખેડેએ દાવો કર્યો છે કે, 'શૉ પ્રસારિત થયા બાદ મારે સોશિયલ મીડિયા પર અનેક અપમાનજનક પ્રતિક્રિયાઓનો સામનો કરવો પડ્યો છે અને મારી ઈમેજને ગંભીર નુકસાન થયું છે. આ શૉ માત્ર ખોટો જ નથી, પરંતુ મારી વ્યવસાયિક ઈમાનદારી પર પણ સવાલ ઊભો કરે છે.'

**હદીસ બોધ**

કોઈ મહેમાને યજમાનને ત્યાં વધુ પડતું રોકાણ કરવું જોઈએ નહીં. (હદીસ બોધ)

**બોધ વચન**

આશા નિર્બળતામાંથી જન્મે છે પણ તેના ગર્ભમાંથી જ શક્તિનો જન્મ થાય છે. - પ્રેમચંદ

**આજની આરસી**

૧૦ ઓકટોબર શુક્રવાર ૨૦૨૫
૧૭ રબીઉલ આખર હિજરી ૧૪૪૭
આસો વદ ચોથ સંવત ૨૦૮૧

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૫ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૭ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૫ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૧૯ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# મહિલા વિશ્વ કપમાં ભારતને પહેલીવાર પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો; દક્ષિણ આફ્રિકાએ રોમાંચક મેચમાં નાદીન ડી ક્લાર્કની શાનદાર ૮૪ રનની અણનમ ઈનિંગની મદદથી ભારતને ત્રણ વિકેટે પરાજય આપ્યો

**ભારતીય મહિલાઓએ શાનદાર બેટિંગ કરીને દક્ષિણ આફ્રિકાને ૨૫૨ રનનું વિજય લક્ષ્યાંક આપ્યું હતું અને એક તબક્કે આફ્રિકાની ઇનિંગ હચમચી ગઈ હતી પરંતુ નાદીન ડી ક્લાર્ક દ્વારા જોરદાર બેટિંગ કરવામાં આવતા અને દબાણ હેઠળ અદ્ભૂત રમત બતાવતા ભારતના હાથમાંથી વિજય છીનવી લીધો**



## ભારત દ્વારા નિર્ધારિત ૨૫૨ રનના લક્ષ્યનો પીછો કરતા દક્ષિણ આફ્રિકાએ શરૂઆતના આંચકાઓ અને મુખ્ય વિકેટો ગુમાવવા છતાં સફળ પીછો કરવામાં સફળતા મેળવી

વિશાખાપટ્ટનમ, તા.૯ : ICC મહિલા વર્લ્ડ કપમાં આજે રાત્રે એક શ્વાસ લેનારી નાટકીય રમત જોવા મળી કારણ કે, નાદીન ડી ક્લાર્કે ડૉ.વાય.એસ. રાજશેખર રેડ્ડી ACA-VDCA ક્રિકેટ સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકાને અગાઉના અજેય યજમાન ભારત પર ત્રણ વિકેટથી અસંભવિત વિજય અપાવ્યો. ડી ક્લાર્કના સનસનાટીભર્યા, અણનમ ૮૪ રનથી ભારતે પોતાની નાટ્યાત્મક રિકવરી કર્યા પછી એક અદ્ભુત વળાંક આવ્યો. ૨૫૨ રનના સ્પર્ધાત્મક લક્ષ્યાંકનો પીછો કરતી વખતે કેપ્ટન લૌરા વોલ્વાર્ડ્ટ ૭૦ રન માટે આઉટ થયા પછી દક્ષિણ આફ્રિકાને એક મજબૂત રન રેટની જરૂર પડી. દક્ષિણ આફ્રિકાને તેમના નીચલા ક્રમના ઓપનિંગ આઉટેજ સાથે તીવ્ર રન રેટની જરૂર પડી. આ મહત્ત્વપૂર્ણ સમયે ઓલરાઉન્ડર નાદીન ડી ક્લાર્કે આ ક્ષણનો લાભ લીધો. ડી ક્લાર્કે એક ઉગ્ર વળતો હુમલો શરૂ કર્યો, ભારતીય સ્પિનરો અને ઝડપી બોલરોને સમાન અણગમો સાથે નિશાન બનાવ્યા. તેણીએ એક વિશાળ છગ્ગા સાથે પોતાની અડધી સદી ફટકારી અને વધુ મહત્ત્વપૂર્ણ રીતે, ૪૭મી ઓવરમાં ક્રાંતિ ગૌડના બોલ પર ૧૮ રન ફટકારીને જરૂરી રેટને પહોંચમાં લાવીને ગતિને નિર્ણાયક રીતે ફેરવી. સ્ટીલના નર્વ સાથે, તેણીએ અંતિમ તણાવપૂર્ણ ઓવરોમાં ટેઇલ-એન્ડર્સનું માર્ગદર્શન કર્યું, ૪૯મી ઓવરમાં વિજયી બાઉન્ડ્રી ફટકારીને દક્ષિણ આફ્રિકા માટે પ્રખ્યાત જીત મેળવી. દિવસની શરૂઆતમાં ભારતનો દાવ બે ભાગમાં વહેંચાયેલો હતો. ટોપ-ઓર્ડરના પરિચિત પતન પછી તેઓ ૬ વિકેટે ૧૦૨ રન પર પડી ગયા, વિકેટકીપર-બેટર રિચા ઘોષે એક શાનદાર, રેકોર્ડ-બ્રેકિંગ બચાવ કાર્ય કર્યું. ઘોષના ૭૭ બોલમાં વિસ્ફોટક ૯૪ રન, જે મહિલા વર્લ્ડ કપમાં આઠમા ક્રમે રહેલી બેટ્સમેન દ્વારા અત્યાર સુધીનો સૌથી વધુ સ્કોર હતો, તેણે ભારતને ૨૫૧ રનના લડાયક સ્કોર સુધી પહોંચાડ્યું. ઘોષની વીરતા અને બોલરોના લડાયક પ્રયાસ છતાં ભારત ડી ક્લાર્કના અંતિમ ઈનિંગ્સના આક્રમણનો સામનો કરી શક્યું નહીં. આ શાનદાર પ્રદર્શનથી દક્ષિણ આફ્રિકાને બે મૂલ્યવાન પોઈન્ટ મળ્યા અને ભારતને ટુર્નામેન્ટનો પ્રથમ મોટો પડકાર મળ્યો.

# અફઘાનિસ્તાનના રાશીદ ખાને રચ્યો ઇતિહાસઃ ODIમાં ૨૦૦ વિકેટ ઝડપનાર પ્રથમ એશિયન ખેલાડી બન્યો

તા.૯

આ જીતનો મુખ્ય સ્થાપત્યકાર તેમનો સુપરસ્ટાર બોલર રશીદ ખાન રહ્યો હતો. સ્ટાર લેગ સ્પિનરે તેની ૧૦ ઓવરમાં માત્ર ૩૮ રન આપીને ૩ વિકેટ ઝડપીને શાનદાર પ્રદર્શન કર્યું. પોતાના આ અવિશ્વસનીય બોલિંગ પ્રદર્શન સાથે, રાશીદ ખાને એક મોટો કિર્તીમાન સ્થાપિત કર્યો છે. બાંગ્લાદેશ સામેની ત્રણ વિકેટ સાથે, બીજો ખેલાડી છે.

**બ્રેટ લીને પછાડ્યો**

રાશીદ ખાને તેની ૧૦૭મી ODI ઈનિંગ્સમાં ૨૦૦મી વિકેટ ઝડપી. મેચોની દૃષ્ટિએ આ સીમાચિહ્ન સુધી પહોંચનાર તે ઈતિહાસનો પાંચમો સૌથી ઝડપી બોલર બન્યો છે. તેણે બ્રેટ લીને પાછળ છોડી દીધો છે, જેણે ૧૦૯ ઈનિંગ્સમાં આ સીમાચિહ્ન હાંસલ કર્યો હતો. સ્પિનરોમાં તે સકલેન રશીદ ખાન-અફઘાનિસ્તાન-૧૦૭

**અફઘાનિસ્તાનની જીત**

પ્રથમ ODIમાં અફઘાનિસ્તાને ૫ વિકેટે વિજય મેળવ્યો. બાંગ્લાદેશે પહેલા બેટિંગ કરતા ૨૨૧ રન બનાવ્યા હતા, જેમાં મેહદી હસને ૬૦ અને તોવહીદ હિદોયે ૫૬ રન બનાવ્યા હતા. અફઘાનિસ્તાન માટે રશીદ ખાન અને અઝમતુલ્લાહ ઓમરઝાઈ બંનેએ ૩-૩ વિકેટ ઝડપી

**બાંગ્લાદેશ સામેની T20I શ્રેણીમાં વ્હાઇટવોશ થયા બાદ અફઘાનિસ્તાનને આખરે જીતનો સ્વાદ ચાખવા મળ્યો છે. અફઘાનિસ્તાને અબુ ધાબીના શેખ ઝાયેદ ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં ૮ ઓક્ટોબરે રમાયેલી ત્રણ મેચની ODI શ્રેણીની પ્રથમ મેચમાં બાંગ્લાદેશના 'બાંગ્લા ટાઇગર્સ'ને પાંચ વિકેટે હરાવ્યું**

રાશીદ ખાનના હવે ODI ક્રિકેટમાં ૨૦૨ વિકેટ થઈ ગઈ છે. આ સાથે, તે ૨૦૦ વિકેટના આંકડાને પાર કરનાર પ્રથમ અફઘાન ખેલાડી બન્યો છે. આ ઉપરાંત, રાશીદ ખાન T20Iમાં ૧૫૦+ વિકેટ અને ODIમાં ૨૦૦+ વિકેટ લેનાર ઈતિહાસનો પ્રથમ એશિયન ખેલાડી બન્યો છે. એકંદરે, આ સિદ્ધિ હાંસલ કરનાર તે ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ પેસર ટીમ સાઉથી (૧૭૪ T20I અને ૨૨૧ ODI વિકેટ) પછીનો મુશ્તાક (૧૦૧ ઈનિંગ્સ) પછી બીજા ક્રમે સૌથી ઝડપી છે. ODI વિકેટમાં સૌથી ઝડપી ૨૦૦ વિકેટ લેનારા ખેલાડીઓ (ઈનિંગ્સના આધારે):

**ખેલાડી દેશ ઈનિંગ્સ**

સકલેન મુશ્તાક-પાકિસ્તાન-૧૦૧
મિચેલ સ્ટાર્ક-ઓસ્ટ્રેલિયા-૧૦૨
મોહમ્મદ શમી-ભારત-૧૦૩
ટ્રેન્ટ બોલ્ટ-ન્યૂઝીલેન્ડ-૧૦૬

હતી. જવાબમાં, અફઘાનિસ્તાને ૧૭ બોલ બાકી રાખીને ૪૭.૧ ઓવરમાં ૨૨૭/૫ રન સાથે લક્ષ્યનો પીછો કર્યો. રહેમાનુલ્લાહ ગુરબાઝ અને રહમત શાહ બંનેએ ૫૦-૫૦ રન બનાવીને પીછોને મજબૂત કર્યો. અંતમાં, ઓમરઝાઈના ૪૪ રને શાનદાર પ્રદર્શનની પૂર્ણાહુતિ કરી. શું તમે રશીદ ખાનની આ સિદ્ધિ વિશે વધુ વિગતો જાણવા માંગો છો, અથવા અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમ વિશે અન્ય કોઈ માહિતી?

# રિન્કુ સિંહને દાઉદ ઇબ્રાહિમની ગેંગ દ્વારા ૫ કરોડની ખંડણીની ધમકી મળી : રિપોર્ટ



તા.૯

ભારતીય ક્રિકેટ ટીમના ઉભરતાં સ્ટાર રિન્કુ સિંહને અંડરવર્લ્ડમાંથી પાંચ કરોડ રૂપિયાની ખંડણીની ધમકી મળી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ખુલાસો કર્યો છે કે, આ ધમકી તેને ડી કંપની અર્થાત મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમની ગેંગ તરફથી મળી છે. ફેબ્રુઆરીથી એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન રિન્કુની પ્રમોશનલ ટીમને ખંડણીની માગ કરતા ત્રણ ધમકીભર્યા મેસેજ મળ્યા હતાં. એનસીપી નેતા બાબા સિદ્દિકીની હત્યા બાદ તેમના પુત્ર જિશાન સિદ્દિકી પાસે પણ આ ગેંગે રૂા.૧૦ કરોડની ખંડણી માગી હતી. આ મામલે ત્રિનિદાદ અને ટોબેગોમાંથી આરોપી મોહમ્મદ દિલશાદ અને મોહમ્મદ નવીદની ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું હતું કે, આ ધમકીભર્યા ખંડણીના મેસેજ રિન્કુ સિંહની પ્રમોશનલ ટીમને મળ્યા હતાં. જ્યારે જિશાનને ૧૯-૨૧ એપ્રિલ દરમિયાન ખંડણીના ધમકીભર્યા ઈમેઈલ મળ્યા હતાં. ઉત્તરપ્રદેશના નાનકડાં શહેર અલીગઢનો રહેવાસી રિન્કુ અત્યંત ગરીબ અને સામાન્ય પરિવારમાંથી આવે છે. તે પોતાની મહેનતના જોર પર ટીમ ઈન્ડિયાનો ઉભરતો સ્ટાર બન્યો છે. તેના પિતા ખાનચંદ સિંહ સિલિન્ડર ડિલિવરીનું કામ કરતા હતાં. ક્રિકેટ રમવાના ચક્કરમાં રિન્કુએ ઘણીવખત પિતાના હાથનો માર ખાધો હતો. પરંતુ તે પોતાની અથાગ મહેનત અને પરિશ્રમના જોર પર ક્રિકેટની દુનિયામાં નામ હાંસલ કરવા સફળ રહ્યો છે. આઈપીએલમાં કોલકાતા નાઈટરાઈડર્સ તરફથી રમનારા રિન્કુ સિંહે એશિયા કપમાં ચોગ્ગો ફટકારી પાકિસ્તાન વિરૂદ્ધ ફાઈનલ મેચની જીતનો હીરો બન્યો હતો. રિન્કુએ જોનપુરના મછલીશહેરમાંથી સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કરી હતી. સમાજવાદી પાર્ટીની ટિકિટ પર સાંસદ પ્રિયાના પિતા અનેક વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. લખનૌમાં તેમના લગ્ન છે. આ લગ્નમાં અનેક રાજનેતાઓ અને વીઆઈપી હસ્તીઓ હાજર રહેવાનો આશાવાદ છે.

# મહિલા વર્લ્ડ કપ : બેથ મૂનીની લડાયક બેટિંગના સહારે ઓસ્ટ્રેલિયાની પાકિસ્તાન સામે પ્રભાવશાળી જીત



તા.૯

ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ શ્રીલંકાના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે બુધવારે (૮ ઓક્ટોબર) રમાયેલા મહિલા વર્લ્ડ કપ મુકાબલામાં પાકિસ્તાનને ૧૦૭ રનથી હરાવીને પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન પાછું મેળવ્યું છે. પાકિસ્તાન એક સમયે ઓસ્ટ્રેલિયાને ઈતિહાસનો સૌથી મોટો આંચકો આપવાની નજીક હતું, પરંતુ બેથ મૂની (Beth Mooney)ની શાનદાર સદીએ મેચનું ચિત્ર પલટી નાખ્યું. મેચમાં પાકિસ્તાને શાનદાર શરૂઆત કરી હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમને ૭૮ રનમાં ૭ વિકેટ ગુમાવી દીધી હતી. પાકિસ્તાની ડાબોડી સ્પિનર સાદિયા ઈકબાલએ એલિસા હિલી (૨૦)ને આઉટ કરીને પ્રથમ ફટકો આપ્યો હતો. નાશરા સંધુએ એલિસ પેરી (૫) અને અન્નાબેલ સધરલેન્ડ (૧)ને આઉટ કરીને ઓસ્ટ્રેલિયાની મધ્યમ ક્રમની કમર તોડી નાખી હતી. એશ ગાર્ડનર અને તાહલિયા મેકગ્રા પણ સસ્તામાં આઉટ થતાં, પાકિસ્તાની ટીમ ઐતિહાસિક જીતનું સપનું જોવા લાગી હતી. એક સમયે ઓસ્ટ્રેલિયા ૧૦૦ રનથી ઓછામાં ઓલઆઉટ થઈ જશે તેમ લાગતું હતું. જ્યારે ઓસ્ટ્રેલિયાની હાલત ૧૧૫ રનમાં ૮ વિકેટ જેટલી કફોડી હતી, ત્યારે ડાબોડી બેટ્સમેન બેથ મૂની અને અલાના કિંગએ બાજી સંભાળી. આ બંનેએ નવમી વિકેટ માટે ૧૦૬ રનની નિર્ણાયક ભાગીદારી કરીને ટીમને સન્માનજનક સ્કોર ૯ વિકેટે ૨૨૧ રન સુધી પહોંચાડી. બેથ મૂનીએ સંકટની ઘડીમાં ધીરજપૂર્વક બેટિંગ કરી, ૬૩ બોલમાં પોતાની અર્ધસદી પૂરી કરી. ત્યારબાદ તેણે ગિયર બદલ્યો અને ૧૧૦ બોલમાં પોતાની પાંચમી વન-ડે સદી પૂરી કરી. તે ૧૧ ચોગ્ગાની મદદથી ૧૦૯ રન બનાવીને અણનમ રહી. અલાના કિંગે પણ મૂનીને સારો સાથ આપ્યો અને ૫૧ રનનું મહત્ત્વનું યોગદાન આપ્યું. પાકિસ્તાન તરફથી નાશરા સંધુએ ૧૦ ઓવરમાં ૩૭ રન આપીને ૩ વિકેટ ઝડપી, જે સૌથી સફળ બોલર રહી. ૨૨૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમની શરૂઆત પણ સારી ન રહી અને તેમનો રન ચેઝ ક્યારેય ગતિ પકડી શક્યો નહીં. પાકિસ્તાન માત્ર ૩૬.૩ ઓવરમાં ૧૧૪ રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું. બદલાયેલી ટીમમાં આવેલી સદાફ શમસ બેક-ટુ-બેક સિંગલ ડિજિટ સ્કોર પર કિમ ગાર્થનો શિકાર બની. સિદ્રા અમીન ફરી એકવાર પાકિસ્તાન માટે એકમાત્ર લડત આપનારી ખેલાડી રહી, જેણે ૫૨ બોલમાં ૫ ચોગ્ગાની મદદથી ૩૫ રન બનાવ્યા. તેના આઉટ થતાં જ પાકિસ્તાનની ઈનિંગ્સ તૂટી પડી. ઓસ્ટ્રેલિયા તરફથી કિમ ગાર્થ સૌથી પ્રભાવશાળી બોલર સાબિત થઈ, જેણે ૬ ઓવરમાં માત્ર ૧૪ રન આપીને ૩ વિકેટ ઝડપી. મેગન શૂટ અને અન્નાબેલ સધરલેન્ડને પણ ૨-૨ વિકેટ મળી હતી.

# CJI ગવઈ પર હુમલાના પ્રયાસ માટે સનાતનીઓ દોષિત છે : કોંગ્રેસના નેતા ઉદિત રાજ

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

કોંગ્રેસના વરિષ્ઠ નેતા ઉદિત રાજે મંગળવારે સુપ્રીમ કોર્ટની અંદર ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બી.આર. ગવઈ પર હુમલો કરવાના પ્રયાસ માટે સનાતનીઓને દોષી ઠેરવ્યા છે અને દાવો કર્યો છે કે આવી ઘટનાઓ પાછળ સનાતન વિચારધારાનો વધતો જતો પ્રભાવ જવાબદાર છે. આ ઘટના સોમવારે બની હતી જ્યારે વરિષ્ઠ વકીલ રાકેશ કિશોરે CJI ગવઈની આગેવાની હેઠળની બેન્ચ પર કોઈ વસ્તુ ફેંકવાનો પ્રયાસ કરીને કોર્ટરૂમની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક દરમિયાનગીરી કરી અને તેને કોર્ટરૂમની બહાર લઈ ગયા. જ્યારે તેને લઈ જવામાં આવી રહ્યા હતા, ત્યારે કિશોરે સનાતન ધર્મના બચાવમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા ઉદિત રાજે જણાવ્યું હતું કે, "આ નેતૃત્વનો પોતાનો પ્રભાવ છે. દિવસ-રાત, ટેલિવિઝન પર ફક્ત 'સનાતન'ની વાતો થાય છે. તેથી, તે ચોક્કસપણે તેની અસર કરશે. ગોડસે પણ સનાતની હતો. હિન્દુ રાષ્ટ્રની માંગ કરનારાઓ સનાતની છે. ગૌરી લંકેશની હત્યા કરનારાઓ પણ સનાતની હતા. CJI ગવઈ પર જૂતા ફેંકવાનો નિષ્ફળ પ્રયાસ કરનાર વકીલ પણ સનાતની હતો. આ સનાતનીઓની લાંબી યાદી છે." કોંગ્રેસ નેતાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે સરખામણી કરતા કહ્યું કે જો ધાર્મિક વ્યક્તિઓએ સ્વતંત્રતા પછી શાસનમાં દખલ કરી હોત, તો ભારત પડોશી દેશ કરતાં પણ ખરાબ સ્થિતિમાં હોત. જો સ્વતંત્રતા પછી, 'બાબાઓ'એ શાસનમાં દખલ કરી હોત, તો ભારતની સ્થિતિ પાકિસ્તાન કરતાં પણ ખરાબ હોત.

# કર્ણાટક સરકાર બૌદ્ધ ધર્મ અપનાવનારા દલિતોને અનુસૂચિત જાતિ પ્રમાણપત્રો આપશે

**આ આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે કર્ણાટક સામાજિક અને શૈક્ષણિક સર્વેક્ષણ અથવા જાતિ વસ્તી ગણતરી હાથ ધરી રહ્યું છે**

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૯

કર્ણાટક સરકારે આદેશ આપ્યો હતો કે, બૌદ્ધ ધર્મ અપનાવનારા દલિતોને રોજગાર અને શિક્ષણના હેતુ માટે અનુસૂચિત જાતિ પ્રમાણપત્રો આપવામાં આવશે. સમાજ કલ્યાણ વિભાગે તેના આદેશમાં જણાવ્યું હતું કે, આ આદેશ બૌદ્ધ ધર્મ અપનાવનારા ૧૦૧ અનુસૂચિત જાતિઓ પૈકી કોઈપણને લાગુ પડશે. આ આદેશ અનુસાર, બૌદ્ધ ધર્મ અપનાવનારા અનુસૂચિત જાતિના લોકોને જાતિ પ્રમાણપત્ર અરજી ફોર્મમાં તેમના ધર્મને બૌદ્ધ તરીકે ઓળખવાની મંજૂરી આપવી જોઈએ. તેવી જ રીતે, બૌદ્ધ બનેલા અનુસૂચિત જાતિના લોકો શાળાઓ અને કોલેજોમાં શૈક્ષણિક રેકોર્ડમાં તેમના ધર્મને 'બૌદ્ધ ધર્મ' તરીકે દર્શાવી શકશે. આ આદેશમાં જણાવાયું હતું કે, કેન્દ્ર સરકારે ૧૯૯૦માં બૌદ્ધ ધર્મ અપનાવનારા દલિતોને અનુસૂચિત જાતિ પ્રમાણપત્રો મેળવવાની મંજૂરી આપી હતી. આના આધારે, રાજ્ય સરકારે ૨૦૧૩માં એક પરિપત્ર બહાર પાડ્યો હતો. ૨૦૧૬માં, કેન્દ્ર સરકારે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને બૌદ્ધ બનનારા દલિતોને અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર મળે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. સમાજ કલ્યાણ વિભાગે જણાવ્યું હતું કે, "જો કે, એક પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો, પરંતુ ઘણી સંસ્થાઓએ સરકારને અરજી કરીને આ બાબતે સ્પષ્ટતા અને યોગ્ય આદેશ માંગ્યો છે". આ આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે કર્ણાટક સામાજિક અને શૈક્ષણિક સર્વેક્ષણ અથવા જાતિ વસ્તી ગણતરી હાથ ધરી રહ્યું છે. તાજેતરમાં, પેટા-વર્ગીકરણ અથવા આંતરિક અનામતના હેતુ માટે અનુસૂચિત જાતિઓને આવરી લેતા એક અલગ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. કર્ણાટકમાં મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખો, ઝોરોસ્ટ્રિયન (પારસી) અને જૈનો સાથે બૌદ્ધો ધાર્મિક લઘુમતી છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, રાજ્યમાં ૯૫,૦૦૦ બૌદ્ધ હતા. કર્ણાટકમાં, બૌદ્ધો ૧૫ ટકા અનામત સાથે OBC શ્રેણી-2A હેઠળ આવે છે. ખ્રિસ્તીઓ અને જૈનો ૫ ટકા અનામત સાથે શ્રેણી-3B હેઠળ આવે છે. મુસ્લિમો ૪ ટકા અનામત સાથે શ્રેણી-2B હેઠળ છે.

# નીતિશ, ચિરાગ, માંઝી દલિત મતો પર મદાર રાખે છે પણ CJI પરના હુમલા મુદ્દે ચૂપ છે : કોંગ્રેસના સાંસદ તનુજ પુનિયાનો દાવો

(એજન્સી) પટણા, તા.૯

કોંગ્રેસના સાંસદ તનુજ પુનિયાએ કહ્યું કે એ વાત ચોંકાવનારી છે કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને કેન્દ્રીય મંત્રીઓ ચિરાગ પાસવાન અને જીતન રામ માંઝી જેવા નેતાઓ, જેઓ "દલિત મતો પર મદાર રાખવા માટે જાણીતા છે" પણ સુપ્રીમ કોર્ટમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ પર જૂતા ફેંકવાના પ્રયાસ મુદ્દે ચૂપ છે. અગાઉ કોર્ટની કાર્યવાહી દરમિયાન ૭૧ વર્ષીય એક વકીલે ભારતીય ન્યાયતંત્રના વડા બનનારા બીજા દલિત સીજેઆઈ ગવઈ પર જૂતા ફેંકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સુરક્ષા કર્મચારીઓએ આ પ્રયાસણે નાકાં બનાવી દીધો હતો. પુનિયા, જે પાર્ટીના દલિત ચહેરાઓમાંના એક છે, તેમણે પટણામાં પત્રકારોને જણાવ્યું હતું કે, "બિહારના નેતાઓ નીતિશ કુમાર, ચિરાગ પાસવાન અને જીતન રામ માંઝી - જે દલિત મતો પર મદાર રાખવા માટે જાણીતા છે - તેમનું મૌન સમજી શકાય તેમ નથી." પૂર્વ મુખ્યમંત્રી માંઝી અને પાસવાન દલિત સમુદાયના છે, જ્યારે કુમાર એક ઓબીસી નેતા છે. બારાબંકીના સાંસદ પુનિયાએ દાવો કર્યો કે, "તેમનો (CJIનો) અનાદર ભાજપ અને RSSની ઊંડા મૂળિયાવાળી જાતિવાદી માનસિકતાને ઉજાગર કરે છે." કોંગ્રેસના નેતાએ દાવો કર્યો હતો કે NDA અને મહાગઠબંધન, જેનો તેમનો પક્ષ એક ઘટક છે, વચ્ચેની ચૂંટણી લડાઈ "જૂતા અને કલમ" વચ્ચે હશે. 'કલમ' શબ્દનો ઉપયોગ કરીને, તેમણે બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનો ઉલ્લેખ કર્યો, જે દલિત મહામાનવ હતા. રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા NDA પર હુમલો કરતા, પુનિયાએ આરોપ લગાવ્યો કે કેન્દ્ર અને બિહારની સરકારોએ તેમના "પક્ષપાતી" કાર્યો દ્વારા દલિતોને હાંસિયામાં રાખી દીધા છે. નેશનલ સેમ્પલ સર્વે (NSS)ના અહેવાલને ટાંકીને, પુનિયાએ કહ્યું કે બિહારમાં ૧૯.૧૫ લાખ દલિત પરિવારો - લગભગ બધા નાના અને સીમાંત ખેડૂતો - ખેતી પર નિર્ભર છે અને તેઓ દરરોજ ૫૦ રૂપિયાથી પણ ઓછા કમાય છે. તેમણે કહ્યું કે, "NDAના ૨૦ વર્ષના શાસને તેમની આ દશા કરી દીધી છે." પુનિયાએ દાવો કર્યો હતો કે દલિતો પર અત્યાચારની બાબતમાં, બિહાર ઉત્તર પ્રદેશ પછી ભારતમાં બીજા ક્રમે છે. તેમણે NDA સરકાર પર "દલિતોનો ઉપયોગ ફક્ત વોટ બેંક તરીકે" કરવાનો આરોપ લગાવ્યો હતો જ્યારે નીતિ નિર્માણ અને અમલીકરણમાં તેમની અવગણના કરી હતી. પુનિયાએ કેન્દ્ર સરકાર પર જાહેર ક્ષેત્રના એકમોના ખાનગીકરણને શરૂ કરીને "સામાજિક ન્યાયની કરોડરજ્જુ તોડી નાખવાનો" આરોપ પણ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે આનાથી લગભગ ૪.૮ લાખ અનામત પદો નાબૂદ થશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દલિતો અને દલિત વર્ગો માટે સામાજિક ન્યાયના હેતુને ખરા અર્થમાં સમર્થન આપી રહ્યા છે. પુનિયાએ કહ્યું કે, ગાંધી "જૂતા" સામે "કલમ પકડવામાં" માને છે.

# 'ઉચ્ચ પદ પર પણ દલિતો સ્વીકાર્યતાથી દૂર': CJI પરના હુમલા મુદ્દે બિહાર કોંગ્રેસના વડા રડી પડ્યા

**ઝારખંડના મંત્રી દીપિકા પાંડે સિંહે મહિલાઓ માટે નાણાકીય સશક્તિકરણ સુનિશ્ચિત કરવાના NDA સરકારના દાવાની સત્યતા પર પ્રશ્ન ઉઠાવ્યો**

(એજન્સી) પટના, તા.૯

ચૂંટણીલક્ષી રાજ્યમાં પાર્ટીના દલિત ચહેરા એવા બિહાર કોંગ્રેસના પ્રમુખ રાજેશ કુમાર રામ, ભારતના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ પરના હુમલા પર દુઃખ વ્યક્ત કરતા રડી પડ્યા હતા. એક પત્રકાર પરિષદને સંબોધતા, રામે આરોપ લગાવ્યો કે આ ઘટના RSSની વિચારધારાની ગંધ લાવે છે. તેમણે ભાંગી પડતા કહ્યું કે, "જીવનભરના પ્રયાસો સાથે સૌથી આદરણીય બંધારણીય પદો પર પહોંચ્યા પછી પણ, દલિતો સ્વીકાર્યતાથી દૂર રહ્યા છે." તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ દલિતોને સશક્ત બનાવનારા બંધારણને 'મનુસ્મૃતિ'થી બદલવા માંગે છે અને કહ્યું કે, "આ ઘટના RSSની વિચારધારાની ગંધ લાવે છે." રામનો આરોપ છે કે દલિતો હજુ પણ રોજિંદા જીવનમાં અત્યાચારનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, "આપણે, દલિતો તરીકે, ગૃહની અંદર અને બહાર દિવસેને દિવસે ભેદભાવનો સામનો કરી રહ્યા છીએ." સોમવારે રાકેશ કિશોર તરીકે ઓળખાતા એક વકીલે CJI ગવઈ પર તેમના કોર્ટરૂમમાં જૂતા ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. ઘટના દરમિયાન અને પછી પણ CJI વિચલિત થયા ન હતા, તેમણે સુપ્રીમ કોર્ટના અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓને "બસ અવગણવા" અને ભૂલ કરનાર વકીલને ચેતવણી આપીને છોડી દેવા કહ્યું. કુટુમ્બા વિધાનસભા બેઠક પરથી હેટ્રિક મેળવવાનો પ્રયાસ કરી રહેલી રામે કેન્દ્ર અને રાજ્ય બંનેમાં NDA સરકારો પર મહિલાઓ માટે "ચૂંટણી-કેન્દ્રિત કલ્યાણકારી પગલાં" આપવાનો આરોપ પણ લગાવ્યો. આ પ્રસંગે બોલતા તેમની બાજુમાં બેઠેલા, ઝારખંડના મંત્રી દીપિકા પાંડે સિંહે NDA સરકારના મહિલાઓ માટે નાણાકીય સશક્તિકરણ સુનિશ્ચિત કરવાના દાવાની સત્યતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતા. તેમણે પૂછ્યું કે, "વડાપ્રધાનએ બિહારની મહિલાઓને શું આપ્યું છે? માત્ર ૧૦,૦૦૦ રૂપિયા ?." પાંડેએ જાહેરાત કરી કે જો સત્તામાં આવશે, તો મહાગઠબંધન મહિલાઓને દર વર્ષે ૩૦,૦૦૦ રૂપિયા આપશે અને તેમને ૩૦થી ૩૫ મીટરના પ્લોટની માલિકી પણ આપશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઝારખંડમાં મહાગઠબંધન સરકાર પહેલાથી જ મહિલાઓને વાર્ષિક ૩૦,૦૦૦ રૂપિયા આપી રહી છે, જે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે "ચૂંટણીલક્ષી નથી." તેમણે આરોપ લગાવ્યો કે બિહારમાં ૬૪ ટકા લોકોને NDA સરકારે "ગરીબીના દલદલમાં" ધકેલી દીધા છે. તેમણે દાવો કર્યો કે, "રાજ્યમાં શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષાની સ્થિતિ દયનીય છે, નાણાકીય સશક્તિકરણની સંભાવનાઓ તો દૂરની વાત છે. મહિલાઓ આ લક્ષિત ગરીબીનો સૌથી વધુ ભોગ બની રહી છે." તેમણે ઉમેર્યું કે, "જો વડાપ્રધાનના ઈરાદા સાચા હોત, તો તેમણે સમગ્ર રાષ્ટ્ર માટે જોગવાઈઓ કરી હોત, ફક્ત બિહાર માટે નહીં. જો નીતિશ કુમાર બિહારનું સંચાલન કરવા માટે પૂરતા સ્વસ્થ હોય, તો તેમણે આગળ આવીને બિહારની મહિલાઓ માટે પોતાનું વિઝન રજૂ કરવું જોઈએ."


**ANNOUNCEMENT**

My son of holder Indian passport no:U0232386 Qid no:31035602222 hereby change name from MOHAMMED SUFYAN TO MOHAMMAD SUFYAN ARODIYA any objection please contact permanent committee for nationality affer within 15 days the publication of the notice.

**દારૂલ કઝા, અહમદાબાદ**

Reg. No.E/17268/Ahmedabad.

**મુઆમલા નં.1/1264/1446 H**

મારીયા બિન્તે અરશદ શેખ પતા : મકાન નં.૧ શાહીન પાર્ક નવાબી ડુપ્લેક્ષ, કેનાલ વટવા એ'બાદ - ફરીકે અવ્વલ

**બનામ**

મો. સુહેલ વલ્દ મો.અનીસ અન્સારી પતા : મકાન નં.15 હીનાપાર્ક પક્કાપૂલ, નારોલ રોડ કેનાલ વટવા, અ'વાદ - **ફરીકે દોમ**

**ઈત્તિલા બનામ ફરીકે દોમ**

ઈસ મુઆમલે મેં ફરીકે અવ્વલને ફરીકે દોમ કે ખિલાફ દારૂલ કઝા મે ઉસ્કે નાનો નફકા અદા ન કરને ઔર દીગર ઝરૂરીયાત કી તરફ ધ્યાન ન દેને ઔર આખિરી પાંચ સાલ સે મૈકે મેં બિઠાકર લટકા કર રખને કી બિના પર અપના નિકાહ ખતમ કિયે જાને કા મુતાલબા કિયા હૈ ઈસ લીએ ઈસ એલાન કે ઝરીઆ આપ (ફરીકે દોમ) કો ઈત્તિલા દી જાતી હે કે આપ જહાં કહી ભી હો તારીખ 28 ઓકટોબર 2025 મુતાબિક ૫ જમાદલ ઉલા ૧૪૪૭ હી બરોઝ મંગલ બવકતે સુબહ 11-00 બજે દારૂલ કઝા અહમદાબાદ મેં હાઝીર હોકર સારે ઈલ્ઝામાત કો દૂર કરે વાઝેહ રહે કે પેરવી ન કરને કી સુરત મેં ઈસ મુઆમલે કા તસ્ફીયા કર દીયા જાએગા ફકત.

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૯ સને.૨૦૨૫-૨૬**

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં. અમરેલી**

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, અમરેલી. (ફોન.નં.૦૨૭૯૨ ૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની MPLADS,, ૧૫% વિવેકાધિન, ૧૫ મું નાણાપંચ નાં પેકેજ-૧૧, કામો-૧૧, અંદાજીત રકમ રૂા.૧૧૪.૦૧ લાખ ના કામો માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે તેમજ વિગતવાર માહિતી આ કચેરીનાં નોટીસ બોર્ડ તેમજ,, www.tender.nprocure.com, તથા www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.૧૭/૧૦/૨૦૨૫ ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૧૮/૧૦/૨૫ થી તા.૨૪/૧૦/૨૫ (૩) ટેન્ડર ખોલવાની તા.૧૮/૧૦/૨૫ ૧૧.૦૦ કલાકે

કાર્યપાલક ઇજનેર
પંચાયત મા.મ. વિભાગ, અમરેલી

માહિતી/અમર/૩૯૨/૨૫

# લંડન મેયર સાદિક ખાન દ્વારા દિવાળી ઉજવણીના કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદને સામેલ કરવામાં આવતા ચારે તરફથી જોરદાર ટીકા પ્રહારો

## જો કે અનેક બ્રિટિશ ભારતીય સંગઠનોએ મેયર દ્વારા દિવાળીની ઉજવણીના કાર્યક્રમોની ઝાટકણી કાઢી હતી અને હિન્દુઝ ફોર હ્યુમન રાઈટ્સ, યુકે સંસ્થાએ હિન્દુત્વ કટ્ટરપંથી જૂથ સાથે મળીને દિવાળીની સત્તાવાર ઉજવણી કરી એ બદલ મેયરની ભારે ટીકા કરી હતી અને સંગઠને કહ્યું હતું કે મેયર લક્ષ્મણરેખા ઓળંગી ગયા છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૯

લંડન મેયર સાદીકખાને વિશ્વ હિન્દુ પરિષદની સાથે મળીને દિવાળીની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરતા બ્રિટનની અનેક ભારતીય સંસ્થાઓએ મેયરની ભારે ઝાટકણી કાઢી છે. હિન્દુઝ ફોર હ્યુમન રાઈટ્સ સંગઠન મેયરની ભારે ટીકા કરી હતી અને દિવાળીની ઉજવણીમાં હિન્દુવાદી સંગઠનને સામેલ કરવા બદલ સાદીક ખાનને આડે હાથ લીધા હતા અને એવી માંગણી કરી હતી કે મેરે વિશ્વ હિન્દુ પરિષદ સાથેના તમામ સંબંધો અને સંપર્કો તોડી નાખવા જોઈએ. ઓક્ટોબર ૨૦૨૪માં દિવાળીની ઉજવણી માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ જૂથને પણ સામેલ કરતા તેમના પર ચારે તરફથી ટીકા પ્રહારો થયા છે. ખુદ યુકેની સરકારનો અહેવાલ છે કે વિહિપ યુકે સંગઠન દ્વારા ભારતમાં વિરોધી હિંસા કરવામાં આવી રહી છે અને વંશીય સાફસુફીના તમામ ઈરાદાઓ આ સંગઠન ધરાવે છે અને તેનો મુદ્રાલેખ જ વંશીય સાફ સુફ છે. અનેક બ્રિટિશ હિન્દુ અને માનવ અધિકાર ભારતીય સંગઠનોએ વિહિપની સાથે મળીને મેયર દ્વારા કરવામાં આવેલ દિવાળીની ઉજવણીની ભારે ટીકા કરવામાં આવી હતી અને એચએફએચઆર યુ.કે સંગઠનને તો ત્યાં સુધી કહ્યું હતું કે મેયર લક્ષ્મણરેખા ઓળંગી ગયા છે. ૨૦૨૫ની દિવાળીની ઉજવણીઓ પહેલા હિન્દુ હ્યુમન રાઈટ્સ સંગઠનના યુકેના નેતા રાજીવ સિંહાએ મંગળવારે એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં તેમણે માંગણી કરી હતી કે મેયર સાદીકખાને વિશ્વ હિન્દુ પરિષદ યુકે અને એવા અન્ય સંગઠનો સાથેના તમામ સંબંધો તોડી નાખવા જોઈએ અને હિન્દુત્વ અથવા તો મુસ્લિમ વિરોધી નફરત અથવા તો દ્રેસ ફેલાવતા હોય તેવા સંગઠનો અને જૂથોને દિવાળી સમિતિમાંથી દૂર કરીને તેમની સાથેના સંબંધો પૂરા કરવા જોઈએ. રાજીવ સિંહાએ આગળ કહ્યું હતું કે એકદમ પ્રાથમિક અને સામાન્ય અભ્યાસ અને સંશોધન કરવામાં આવે તો પણ ખબર પડી જાય છે કે કેટલી ખતરનાક પ્રવૃત્તિઓ સાથે આ સંગઠનો સંકળાયેલા છે એટલે એમની સાથે રહેવાનું ચલાવી લઈ શકાય અને એમની સાથેનો કોઈપણ ડિંબંધ અસ્વીકાર્ય છે. તેમણે આગળ લખ્યું હતું કે ગયા વર્ષે ખાન સાથે મેં બેઠક કરી હતી ત્યારે જ મેયર મને જમણેરી કટ્ટરવાદી હિન્દુત્વનો સામનો કરવાના મહત્વના એ સિદ્ધાંત વિશે હૈયાધારણ આપી હતી. પરંતુ એ દિશામાં કોઈ પગલાં ન લેવાય એ તો ખરેખર નિરાશાજનક અને



અપમાનજનક છે અને લેસ્ટર જેવા અતિશય જમણેરી અને કટ્ટરવાદી જે વિસ્તારો છે ત્યાંની પરિસ્થિતિની વાત કરી હતી. આપણો દેશ અત્યારે તાકીદની સ્થિતિમાં છે. શ્વેત પ્રભુત્વવાદી કટ્ટરવાદીઓ, હિન્દુત્વના જમણેરી કટ્ટરવાદીઓ તથા યહૂદી કટ્ટરવાદીઓ આ બધા એકબીજા સાથે સંકળાયેલા છે અને એકબીજા સાથે સહયોગમાં છે એવું દર્શાવતા રાજીવ સિંહાએ હિન્દુત્વના આ મુદ્દા ઉપર વધુ વિચારણા કરવા અને આ મુદ્દા પરની વધુ સમજ કેળવવા માટે એમના અન્ય સંગઠનો સાથે વાતચીત કરવા માટે મેયર સાદીકખાનને અનુરોધ કર્યો હતો. રાજીવ સિંહાએ અંતમાં જણાવ્યું હતું કે અત્યારે જમણેરી કટ્ટરવાદી સંગઠનો રાજકારણમાં સર્વોપરી થઈને વધુ આગળ વધી રહ્યા છે ત્યારે આપણે એક નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયા છીએ. સત્તાવાળાઓ દ્વારા કટ્ટરવાદી પગલાઓ લેવાય છે અને કોમી સંઘર્ષ કરવામાં આવે છે એટલે માત્ર બનાવતી વચનોથી કશું થશે નહીં અને આ લોકોની પ્રવૃત્તિઓનો અંત લાવી શકાશે નહીં. આપણે અલગ રીતે આ મામલો હાથમાં લેવાની જરૂર છે અને તમામ પ્રકારના જમણી રીત પરિબળો વચ્ચે જે મિલાપી પડવું છે તે આપણા સૌ માટે જોખમી બની રહ્યું છે.

# ટ્રમ્પ શૈલીમાં જાહેરાત કરીને અમિત શાહે દેશી એવું ઝોહો મેઈલ અપનાવ્યું

## અમેરિકી ટેરિફની પૃષ્ઠભૂમિ પર સરકારના ‘સ્વદેશી’ દબાણ વચ્ચે અમિત શાહ ઝોહો આધારિત પ્લેટફોર્મ અપનાવનારા નવીનતમ મંત્રી છે

(એજન્સી) તા.૯

યુએસ ટેરિફ દબાણની પૃષ્ઠભૂમિ પર સરકારના ‘સ્વદેશી’ દબાણ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાનું નવું ઈમેઈલ આઈડી જાહેર કરીને ઝોહો, એક સ્વદેશી સોફ્ટવેર સ્યુટનો ઉપયોગ કર્યો છે. જોકે, શાહે જે રીતે તેમની પોસ્ટ પર સહી કરી તે રીતે ધ્યાન ખેંચ્યું, જે શૈલી યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની યાદ અપાવે છે. ગૃહમંત્રીએ ટ્વિટ કર્યું કે, “બધાને નમસ્તે, મેં ઝોહો મેઈલ પર સ્વિચ કર્યું છે. કૃપા કરીને મારા ઈમેઈલ સરનામાંમાં ફેરફારની નોંધ લો. મારૂં નવું ઈમેઈલ સરનામું amitshah.bjp@ http://zohomail.in છે. ભવિષ્યમાં મેઈલ દ્વારા પત્રવ્યવહાર માટે, કૃપા કરીને આ સરનામાંનો ઉપયોગ કરો.” ઝોહો મેઈલને Gmail અને Microsoft Outlookના ભારતના હરીફ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. જોકે, શાહે જે રીતે તેમની ઠ પોસ્ટનો અંત કર્યો તે ઉડીને આંખે વળગે તેમ હતો, સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ તેને ટ્રમ્પ પર એક પ્રકારની ટીપ્પણી તરીકે જોતા હતા. શાહે કહ્યું, “આ બાબત પર તમારા ધ્યાન આપવા બદલ આભાર.” આ શૈલી ટ્રમ્પ તેમની પોસ્ટના અંતે અથવા તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર જાહેરાત કરતી વખતે જે રીતે ઉપયોગ કરે છે તેના જેવી જ છે. તેમની આ શૈલી હવે એક વાયરલ કેચફ્રેઝ અને ઓનલાઈન મીમ્સનો વિષય બની ગઈ છે. ઝોહોના સહ-સ્થાપક શ્રીધર વેમ્બુએ સ્વદેશી સોફ્ટવેર પ્લેટફોર્મને અપનાવવા બદલ શાહનો આભાર માન્યો. વેમ્બુએ ટ્વિટ કર્યું કે, “હું આ ક્ષણ અમારા મહેનતુ ઈજનેરોને સમર્પિત કરૂં છું જેમણે ૨૦ વર્ષથી વધુ સમયથી ઝોહોમાં સખત મહેનત કરી છે. તેઓ બધા ભારતમાં રહ્યા અને આટલા વર્ષો કામ કર્યું કારણ કે તેઓને શ્રધ્ધા હતી. તેમનો વિશ્વાસ સાર્થક થયો છે.”

**સરકારે ઝોહો ટૂલ્સ અપનાવ્યા :** શાહનું આ પગલું અન્ય મંત્રીઓ દ્વારા કરવામાં આવેલા સમાન વ્યવસાયો દ્વારા તેનું સમર્થન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વદેશી ઉત્પાદનો અને સેવાઓ અપનાવવાના આહ્વાન વચ્ચે આવ્યું છે. વેપાર દબાણ અને ભારત પર ૫૦ ટકાના ભારે ટેરિફને કારણે સરકારે તેના ‘આત્મનિર્ભર’ તરફના પ્રયાસોને વેગ આપવા તથા શોધ સંશોધન કરવા અને વિદેશી ટેક્નોલોજી



ફેરફારોને અનુસરે છે, જેમાં આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવનો પણ સમાવેશ થાય છે, જેમણે ગયા મહિને જાહેરાત કરી હતી કે તેઓ ઝોહોના ઓફિસ સ્યુટ સોફ્ટવેર તરફ આગળ વધી રહ્યા છે. વૈષ્ણવે કહ્યું કે, “હું ઝોહો અપનાવી રહ્યો છું - દસ્તાવેજો, સ્પ્રેડશીટ્સ અને પ્રસ્તુતિઓ માટેનું આપણું પોતાનું સ્વદેશી પ્લેટફોર્મ.” “ઝોહોની સ્વીકૃતિ અને મંત્રીઓ અને પ્લેટફોર્મ પર નિર્ભરતા ઘટાડવા માટે પગલાં લેવા માટે પ્રેરિત થયા છે. હકીકતમાં, ઝોહો મેઈલ અને તેના ઓફિસ ટૂલ્સ પહેલાથી જ વિવિધ સરકારી વિભાગોમાં સંકલિત થઈ રહ્યા છે. શિક્ષણ મંત્રાલયે અધિકારીઓને સત્તાવાર કાર્ય માટે માઈક્રોસોફ્ટ ઓફિસ અને ગૂગલ વર્કસ્પેસને બદલે ઝોહો પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની સૂચના પણ આપી છે.

# ઘરકામ કરતી પોતાની નોકરાણીએ રૂપિયા ૬૦ લાખના ફ્લેટની ખરીદી કરતાં માલિકણ પણ “આઘાતમગ્ન” થઈ કામવાળીએ માત્ર રૂપિયા દસ લાખની લોન લીધી”



(એજન્સી) સુરત, તા.૯

સોશિયલ મીડિયા પર કન્ટેન્ટ ક્રિએટર તરીકે સક્રિય નલીની ઉનાગર દ્વારા સોશિયલ મીડિયામાં પોતાના ઘરની કામવાળી અંગે એક ખૂબ જ રસપ્રદ પોસ્ટ મૂકવામાં આવી હતી જેની ચારે તરફ ચર્ચા થઈ રહી છે અને કામવાળીની ભરપૂર પ્રશંસા થઈ રહી છે. નલીનીએ પોતાના એક્સ હેન્ડલ પર પોસ્ટ મૂકી હતી કે મારી ઘરની કામવાળીએ તેના નવા મકાનમાં ફર્નિચર પર રૂા.૪,૦૦,૦૦૦નો ખર્ચ કર્યો હતો અને તેણે માત્ર રૂપિયા દસ લાખની લોન લીધી હતી. સુરતમાં કામવાળીએ રૂપિયા ૬૦ લાખના ફ્લેટની ખરીદી કરી હતી અને એ જોઈને હું પણ ખૂબ જ સ્તબ્ધ બની ગઈ હતી. આ પોસ્ટ વ્યાપક ચર્ચા સાથે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે અને ખૂબ જ ડહાપણ અને સમજદારીથી બચત કરવા બદલ ઘરની નોકરાણીની લોકો પ્રશંસા કરી રહ્યા છે. નલીનીએ આગળ લખ્યું હતું કે મારી કામવાળી આજે ખૂબ જ ખુશ મિજાજ જોવા મળી હતી અને રાજીરાજી થઈને ઘરે આવતી હતી. તેણે મને કહ્યું હતું કે મેં સુરતમાં ત્રણ બેડ હોલ કિચનનો રૂપિયા ૬૦ લાખનો ફ્લેટ ખરીદી લીધો છે અને ફર્નિચર ઉપર રૂપિયા ચાર લાખ રૂપિયા વાપરી નાખ્યા છે અને મેં માત્ર રૂા.૧૦,૦૦,૦૦૦ની લોન લીધી છે. નલીનીએ ઉમેર્યું હતું કે દેખીતી રીતે અને સ્વાભાવિકપણે જ હું એકદમ ચોંકી ગઈ અને સ્તબ્ધ થઈ ગઈ હતી અને મારી કામવાળીએ મને એવું પણ કહ્યું હતું કે પાસેના વેલણજા ગામમાં પણ મારું પોતાની માલિકીનું બે માળનું મકાન છે અને એક દુકાન છે જે બધા મેં ભાડે આપી દીધા છે અને આ સાંભળીને તો મારી બોલતી બંધ થઈ ગઈ હતી. નલીનીએ પોતાની પોસ્ટમાં પોતાની કામવાળીની વાત કરવા સાથે ખૂબ જ સ્માર્ટ રીતે અને ચપળતાથી બચતનો જાદુ કેવો હોય છે તે સમજાવ્યું હતું અને લખ્યું હતું કે મને લાગે છે કે બિનજરૂરી ચીજો અને વસ્તુઓ ઉપર નાણાં નહિ વેડફી નાખવાનો અને સ્માર્ટ રીતે બચત કરવાનો આ જાદુ છે. તેનાથી વિશેષ કશું નહીં. હોશિયારી અને ચપળત સાથે બચત કરવાનો આ જાદુ છે એવું મને લાગે છે. આ પોસ્ટની દેશભરમાં ભારે ચર્ચા થઈ રહી છે અને અનેક સારી પ્રતિક્રિયાઓ મળી રહી છે અને ઘણા લોકોએ કામવાળીની બચત કરવાની પદ્ધતિની પ્રશંસા કરી છે અને કેટલાકને એ જાણીને પણ નવાઈ લાગી છે કે સુરત જેવા શહેરમાં ત્રણ બેડરૂમ હોલ કિચનનો ફ્લેટ રૂપિયા ૬૦ લાખમાં કેવી રીતે મળી ગયો હશે. સોશિયલ મીડિયા પર એક યુઝરે કોમેન્ટ બોક્સમાં લખ્યું હતું કે હા તો તમને રૂપિયા ૬૦ લાખમાં ત્રણ બેડરૂમ હોલ કિચનનો ફ્લેટ મળી ગયો અને સુરતમાં તમને આટલો મોટો ફ્લેટ મળ્યો એ તો એક બહુ મોટી સ્ટોરી બને એવું છે. એક યુઝરે કન્ટેન્ટ ક્રિએટર નલીનીને સંબોધીને કહ્યું હતું કે તમારી બોલતી શું કામ બંધ થઈ જવી જોઈએ. તમારે તો તમારી કામવાળી આવી પ્રગતિ કરી તેનાથી ખુશ થવું જોઈએ. નલીનીએ જવાબમાં લખ્યું હતું કે મને ખરેખર આનંદ જ થયો છે પરંતુ આપણા સમાજમાં એક સામાન્ય રીતે એવી માન્યતા ઘર કરી ગઈ હોય છે કે ઘરમાં નોકર જેવા સામાન્ય કામ કરતા લોકો વાસ્તવમાં ગરીબ હોય છે પરંતુ તેઓ નાણાં બચાવવામાં સૌથી વધુ હોશિયાર અને સ્માર્ટ હોય છે એ દેખાઈ આવે છે. આપણે તો કાફેમાં જઈને ખર્ચા કરીએ છીએ અને ફોન ઉપર ખર્ચો કરીએ છીએ અને લક્ઝરી વસ્તુઓની ખરીદી કરીએ છીએ. મોંઘા પ્રવાસો કરીએ છીએ પરંતુ એ લોકો ખૂબ જ ડાહપણથી બચત કરે છે અને જીવન પણ આગળ વધારે છે અને નાણાં બચાવે છે. એક યુઝરે લખ્યું હતું કે આ તો માની ન શકાય એવું છે પણ મને લાગે છે કે વેરા વગરની કમાણીનો આ જાદુ છે.

**ન્યુઝ પોઈન્ટ:** **ઘરકામવાળીએ ફક્ત રૂા.૧૦ લાખની લોન લઈ રૂા.૬૦ લાખનો ફ્લેટ ખરીધ્યો, મહેનત અને બચતની પ્રશંસા.**

# હાઈકોર્ટે એરપોર્ટ પર કસ્ટમ્સ દ્વારા જપ્ત કરાયેલ રોલેક્સ ઘડિયાળ દંડ ભર્યા પછી પાછી મેળવવા માટે એક વ્યક્તિને મંજૂરી આપી : યુએસ, દુબઈથી આઈફોન, મેકબુક અથવા અન્ય લેપટોપ ખરીદવાની યોજના બનાવનારાઓ માટે કેસનો શું અર્થ થાય છે

(એજન્સી) તા.૯

દિલ્હી હાઈકોર્ટે ચુકાદો આપ્યો કે એક જ રોલેક્સ ઘડિયાળ વ્યાપારી જથ્થો નથી, જેનાથી માણસ દંડ ભરીને તેની જપ્ત કરેલી વસ્તુ પાછી મેળવી શકે છે. આ દાખલો સ્પષ્ટ કરે છે કે કસ્ટમ અધિકારીઓએ આયાતી માલ માટે ફક્ત મૂલ્ય જ નહીં, પણ વ્યક્તિગત ઉપયોગનો પણ વિચાર કરવો જોઈએ. આ નિર્ણય વિદેશથી આઈફોન અને મેકબુક જેવા ઈલેક્ટ્રોનિક્સ લાવનારા મુસાફરો માટે માર્ગદર્શન આપે છે. દિલ્હી હાઈકોર્ટે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજના તેના ચુકાદામાં એક વ્યક્તિને દંડ ભર્યા પછી ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગ દ્વારા જપ્ત કરાયેલ તેની રોલેક્સ ઘડિયાળ પાછી મેળવવાની મંજૂરી આપી હતી. આ કેસ એક નવો દાખલો સ્થાપિત કરે છે, જે કસ્ટમ નિયમોમાં એક મહત્વપૂર્ણ ગ્રે એરિયાને સ્પષ્ટ કરે છેઃ ફક્ત આયાતી ઉત્પાદનની કિંમત હેતુ નક્કી કરી શકતી નથી. રોલેક્સ કેસમાં યુએસ, દુબઈ અને અન્ય દેશોમાંથી આઈફોન (તાજેતરમાં લોન્ચ કરાયેલ આઈફોન ૧૭ શ્રેણી સહિત) અથવા લેપટોપ (એપલ મેકબુક અને અન્ય બ્રાન્ડ્સ) મેળવવાની યોજના બનાવી રહેલા ભારતીયો માટે એક મહત્વપૂર્ણ ‘ટિપ/રિમાઈન્ડર’ પણ છે. જેમ કોર્ટે કહ્યું હતું કે કસ્ટમ્સ અધિકારીઓ મુસાફરો દ્વારા લઈ જવામાં આવતી ઉચ્ચ-મૂલ્યની વસ્તુઓને આપમેળે વાણિજ્યિક આયાત તરીકે ગણી શકે નહીં. કોર્ટે ભાર મૂક્યો હતો કે અધિકારીઓએ દરેક કેસની પરિસ્થિતિઓ, જેમાં વ્યક્તિગત ઉપયોગનો પણ સમાવેશ થાય છે, તે જોવું જોઈએ. પરંતુ હા, એક ચોક્કસ મૂલ્ય છે જ્યાં સુધી ભારતીય નાગરિકોને વિદેશથી ઈલેક્ટ્રોનિક્સ લાવવાની મંજૂરી છે, અને તેનું પાલન કરવાની જરૂર છે. અન્યથા, આ ઉપકરણો આયાત ડ્યુટી માટે જવાબદાર છે. જો જાહેર ન કરવામાં આવે તો, મુસાફરોએ દંડ પણ ચૂકવવો પડી શકે છે.

**રોલેક્સ ઘડિયાળ જપ્તી કેસ શું છે**

ભારતીય નાગરિક અને દુબઈનો વર્તમાન રહેવાસી મહેશ ૭ માર્ચ, ૨૦૨૪ના રોજ એરપોર્ટ પર તેની રોલેક્સ ઘડિયાળ પહેરીને ઉતર્યો હતો. કસ્ટમ્સ અધિકારીઓ દ્વારા માલ આયાત કરવા માટે ખોટી ચેનલમાંથી પસાર થવા બદલ તેને અટકાવવામાં આવ્યો હતો.



સંબંધિત જોગવાઈઓનું ઉલ્લંઘન કરતા, કસ્ટમ્સ વિભાગે તારણ કાઢ્યું કે જપ્ત કરાયેલ રોલેક્સ ઘડિયાળ (૧ યુનિટ) વાણિજ્યિક જથ્થામાં છે અને તે વ્યક્તિગત ઉપયોગ માટે હોઈ શકે નહીં. વિભાગે તેમને ૧૨૦ દિવસની અંદર રોલેક્સ ઘડિયાળને ફરીથી નિકાસ કરવા માટે ૧.૮ લાખ રૂપિયાનો દંડ ભરીને રિડીમ કરવાનો આદેશ આપ્યો. મહેશે આ આદેશ સામે દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી. જસ્ટિસ પ્રતિભા એમ. સિંહ અને સાહિલ જૈનના એક વિભાગે મહેશને તેની અટકાયતમાં લેવાયેલી રોલેક્સ ઘડિયાળ પાછી મેળવવાની મંજૂરી આપી. પરંતુ, કોર્ટે કસ્ટમ વિભાગના રિડીમ દંડ લાદવાના અધિકારને પણ સમર્થન આપ્યું. કોર્ટે કહ્યું કે, "સ્પષ્ટપણે, આ કોર્ટનો મત છે કે એક રોલેક્સ ઘડિયાળને વ્યાપારી જથ્થો ગણી શકાય નહીં અને તેને વ્યક્તિગત ઉપયોગ માટે કેમ રાખી શકાય નહીં તેનું કોઈ કારણ નથી. જોકે, અરજદારને રિડીમનો વિકલ્પ આપવામાં આવ્યો હતો તે હકીકતને ધ્યાનમાં લેતા, અરજદાર (મહેશ) હવે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીમાં રિડીમ દંડ ચૂકવશે, અને ડિટેઈન કરેલી વસ્તુને રિડીમ કરવાના આદેશ અનુસાર રિડીમ કરશે,". વિદેશથી iPhone અને અન્ય ગેજેટ્સ મેળવવાની યોજના ધરાવતા લોકો માટે રોલેક્સ કેસનો શું અર્થ થાય છે આવતા મુસાફરોના કસ્ટમ્સ ક્લિયરન્સના હેતુ માટે, બે ચેનલ સિસ્ટમ અપનાવવામાં આવી છેઃ

- કોઈ ડ્યુટીપાત્ર માલ ન ધરાવતા મુસાફરો માટે ગ્રીન ચેનલ
- ડ્યુટીપાત્ર માલ ધરાવતા મુસાફરો માટે રેડ ચેનલ. મુસાફરોને કસ્ટમ્સ ક્લિયરન્સ માટે યોગ્ય ચેનલ પર જાણ કરવાની સલાહ આપવામાં આવે છે. જો કે, ગ્રીન ચેનલમાંથી પસાર થતા મુસાફરો (મહેશે તેની રોલેક્સ ઘડિયાળ સાથે કરેલી ભૂલ) ડ્યુટીપાત્ર / પ્રતિબંધિત માલ સાથે કાર્યવાહી/દંડ અને માલ જપ્ત કરવાને પાત્ર છે. જો કોઈ વપરાશકર્તા વિદેશથી Apple Macbook અથવા અન્ય કોઈપણ લેપટોપ ખરીદવાનું આયોજન કરી રહ્યો હોય, તો કસ્ટમ્સ નિયમો કસ્ટમ્સ ડ્યુટી ફ્રી એલાઉન્સ હેઠળ એક લેપટોપ કમ્પ્યુટર (નોટ બુક કમ્પ્યુટર)ની મંજૂરી આપે છે. વધુમાં, ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મુસાફરો સામાન્ય ભથ્થા ઉપરાંત પણ એક વધારાનું લેપટોપ ડ્યુટી-ફ્રી લાવી શકે છે. iPhonesની વાત કરીએ તો, ખરીદેલ ઉપકરણ વ્યક્તિગત વપરાશ માટે હોવું જોઈએ, અને એક યુનિટથી વધુ ન હોઈ શકે. જો તમે કેમેરા અથવા પ્રોજેક્ટર જેવી મોંઘી વસ્તુઓ ભારતની બહાર લઈ જઈ રહ્યા છો અને તેને પાછા લાવવાની યોજના બનાવી રહ્યા છો, તો તમારે ફરીથી ડ્યુટી ચૂકવવાની જરૂર નથી. પરંતુ ખાતરી કરો કે પ્રસ્થાન સમયે, કસ્ટમ્સ અધિકારી વસ્તુની વિગતો (જેમ કે સીરીયલ નંબર અથવા અનન્ય ગુણ) નોંધશે અને તમને નિકાસ પ્રમાણપત્ર આપશે. જયારે તમે પાછા ફરો છો, ત્યારે તમારે ફક્ત આ પ્રમાણપત્ર કસ્ટમ્સને બતાવવાની જરૂર છે. તેઓ વસ્તુની તપાસ કરશે અને તમને ડ્યુટી લીધા વિના તેને લઈ જવા દેશે.

# ભારતના સૌથી ધનિક યુટ્યુબર તન્મય ભટે પોતાની સામગ્રીથી પથી વધુ વખત વિવાદ ઊભો કર્યો છે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર મજાકથી લઈને લતા મંગેશકર અને સચિન તેંડુલકરની પેરોડી સુધી, ભટ્ટની કેટલીક સામગ્રીની વર્ષોથી જાહેરમાં ટીકા કરવામાં આવી છે

(એજન્સી) તા.૯

તન્મય ભટે સમય રૈના અને કેરીમિનાટીને પાછળ છોડીને ભારતના સૌથી ધનિક યુટ્યુબર બન્યા છે, તેમની પાસે ૬૬૫ કરોડ રૂપિયાની આશ્ચર્યજનક નેટવર્થ છે. ક્રિએટિવ એજન્સી ઓલ ઈન્ડિયા બકછોડ (AIB)ના સહ-સ્થાપક અને ભૂતપૂર્વ CEO, ભટે ૨૦૦૬માં UTV બિન્દાસના ફ્લેગશિપ શો, હસ લે ઈન્ડિયા સાથે પોતાનો પ્રવેશ કર્યો હતો. ૩૮ વર્ષીય આ કોમેડિયન-યુટ્યુબરે MTV ઈન્ડિયાના વાસુપ (૨૦૦૮-૨૦૧૦) અને સરોજખાન સાથે નચલે વે (૨૦૦૮-૨૦૧૧) માટે લેખન કર્યું હતું.

ભટે ડિઝની ઈન્ડિયાની કોમેડી ક્યા મસ્ત હૈ લાઈફ (૨૦૦૯-૨૦૧૦), ધ સ્યુટ લાઈફ ઓફ કરણ એન્ડ કબીર (૨૦૧૨-૨૦૧૩) અને NDTV ઈમેજીનના ઓયે! ઈટ્સ ફ્રાઈડે ! (૨૦૦૮-૨૦૦૯) માટે ફરહાન અખ્તર સાથે વાર્તા, પટકથા અને સંવાદ લેખનમાં સાહસ કર્યું હતું. તેમણે ૨૦૧૩માં ગુરસિમરન ખાંબા, રોહન જોશી અને આશિષ શાક્ય સાથે મળીને ઓલ ઈન્ડિયા બકછોડ નામની યુટ્યુબ ચેનલની સ્થાપના કરી હતી.

૨૦૧૮માં, ભટે એમેઝોન પ્રાઈમ વિડીયોના કોમિક્સ્ટાન, સ્ટેન્ડ-અપ કોમેડી સ્પર્ધાના સીઝન ૧માં જજ તરીકે સેવા આપી હતી. ૨૦૨૦માં, નેટફ્લિક્સ ઈન્ડિયાએ ભટ- તન્મય રિએક્ટ્સ સાથે એક શ્રેણી શરૂ કરી, જેમાં તેમને નેટફ્લિક્સ પર વિવિધ ફિલ્મો અને ટીવી શો પર પ્રતિક્રિયા આપતા દર્શાવવામાં આવ્યા હતા. તાજેતરમાં, ભટે સમય રૈનાના કોમેડી શો, ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટના બે એપિસોડ માટે મહેમાન ન્યાયાધીશ તરીકે દેખાયા હતા. જોકે, ભટ્ટ ઘણીવાર વિવાદોમાં ફસાઈ ગયા છે, જેના કારણે તેમના કોમેડી શો AIBનું પતન પણ થયું છે, શોના સર્જકો સામે તેની ‘સ્પષ્ટ’ સામગ્રી માટે ઘણી FIR નોંધાઈ છે.

**અર્જુન કપૂર અને રણવીર સિંહ દર્શાવતો AIB નોકઆઉટ રોસ્ટ (૨૦૧૪)**

આ કોમિક ઈવેન્ટમાં બોલિવૂડ ફિલ્મ નિર્માતા કરણ જોહર અને હાસ્ય કલાકારોના એક પેનલનો સમાવેશ થતો હતો જેમણે અભિનેતાઓ રણવીર સિંહ અને અર્જુન કપૂરને તેમના અંગત અને વ્યાવસાયિક જીવન પર "ગ્રિલ્ડ" કર્યા હતા.



જોકે, ખ્રિસ્તી સમુદાયના સભ્યોએ આ શો દ્વારા ધાર્મિક લાગણીઓ દુભાવવાનો આરોપ લગાવ્યા બાદ AIB અને તેના તત્કાલીન CEO ભટને કાનૂની મુશ્કેલીઓ અને પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો હતો. ટીમ AIB એ મુંબઈના ખ્રિસ્તી સમુદાયની માફી માંગી અને પછીથી વીડિયો દૂર કરવામાં આવ્યા હતા.

**સચિન તેંડુલકર અને લતા મંગેશકરની પેરોડી (૨૦૧૬)**

સચિન તેંડુલકર અને સ્વર્ગસ્થ ગાયિકા લતા મંગેશકરની વાતચીતનો ભટનો સ્કેચ બધા ખોટા કારણોસર વાયરલ થયો, સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ ચર્ચા કરી કે શું ભટે વાણી સ્વાતંત્ર્યની દ્રષ્ટિએ મર્યાદા ઓળંગી દીધી છે.

ભટે સ્નેપચેટના ફેસ સ્વેપ ફીચરનો ઉપયોગ કરીને બે ભારતીય આઈકોન વચ્ચે દલીલ કરી હતી. આ વીડિયોમાં, તેંડુલકર તરીકે દેખાતા ભટ્ટ કહે છે કે લતા મંગેશકર "૫,૦૦૦ વર્ષ જૂની" છે અને તેમનો ચહેરો એવો લાગે છે કે તેને આઠ દિવસથી પાણીમાં રાખવામાં આવ્યો છે. આનાથી ભટને તેંડુલકર અને મંગેશકરનું અપમાન કરવા બદલ ગુસ્સે ભરાયેલા નેટીઝન્સની ટીકાનો સામનો કરવો પડ્યો.

**સ્નેપચેટ ડોગ ફિલ્ટર સાથે પીએમ નરેન્દ્ર મોદી જેવા દેખાતા મીમ (૨૦૧૭)**

એક વર્ષ પછી, એઆઈબી અને ભટ ફરીથી મુશ્કેલીમાં મુકાયા જયારે એઆઈબીના સોશિયલ મીડિયા હેન્ડલે સ્નેપચેટ ડોગ ફિલ્ટર સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જેવા દેખાતા મીમ પોસ્ટ કર્યું. પોસ્ટનું કેપ્શન હતું, “#Wanderlust”. જોકે, વડા પ્રધાનનું અપમાન કરીને ‘રાષ્ટ્રીય ભાવનાને ઠેસ પહોંચાડવા’ બદલ કથિત ટીકાનો સામનો કર્યા બાદ એઆઈબીએ આ મીમ કાઢી નાખ્યું હતું.

**ડિપ્રેશન સામે લડવાના દાવાઓ પર સાથી હાસ્ય કલાકાર અદિતિ મિત્તલ સાથે ઝઘડો (૨૦૧૯)**

ઓક્ટોબર ૨૦૧૮માં, લેખક-હાસ્ય કલાકાર મહિમા કુકરેજાએ યુટ્યુબર ઉત્સવ ચક્રવર્તી, જે AIB સાથે ફ્રીલાન્સર તરીકે કામ કરતી હતી, તેના પર સોશિયલ મેસેજિંગ એપ્સ દ્વારા તેણી અને અન્ય મહિલાઓને અશ્લીલ સંદેશાઓ અને ફોટા મોકલવાનો આરોપ મૂક્યો હતો. થોડા જ દિવસોમાં એઆઈબીએ જાહેરાત કરી કે ભટ્ટ તાત્કાલિક "એઆઈબી સાથેના તેમના જોડાણથી દૂર થઈ જશે". આરોપોને પગલે ભટ્ટને એમેઝોન પ્રાઈમ વિડિયોના કોમિક્સસ્ટાનની બીજી સીઝન માટે ન્યાયાધીશોની પેનલમાંથી પણ દૂર કરવામાં આવ્યા હતા.

મે ૨૦૧૯માં, AIBએ જાહેરાત કરી કે ભટ્ટને હવે સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી પરંતુ CEO પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. થોડા અઠવાડિયા પછી, ભટે ઈન્સ્ટાગ્રામ વિડિઓઝની શ્રેણી પોસ્ટ કરી જેમાં તેમણે દાવો કર્યો હતો કે તેઓ ક્લિનિકલ ડિપ્રેશનથી પીડાય છે. જો કે, હાસ્ય કલાકારો મહિમા કુકરેજા અને અદિતિ મિત્તલે ભટ્ટ પર AIB પર તેમના અયોગ્ય વર્તન માટે ડિપ્રેશનના બહાનાનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો.

**ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ વિવાદ (૨૦૨૫) પર ભટની પ્રતિક્રિયા :**

આ વર્ષની શરૂઆતમાં, સમય રૈના, રણવીર અલ્લાહબાદિયા, મુખિજા, જસપ્રીત સિંહ અને આશિષ ચંચલાની દર્શાવતા વિવાદાસ્પદ ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ એપિસોડમાં અલ્લાહબાદિયાએ માતાપિતાના સેક્સ વિશે કરેલી અપ્રિય ટિપ્પણીઓ બાદ સોશિયલ મીડિયા પર આક્રોશ ફેલાયો હતો. બધા ન્યાયાધીશો સામે અનેક FIR અને ફરિયાદો દાખલ કરવામાં આવી હતી.

એક યુટ્યુબ વિડીયોમાં આ મુદ્દાને સૂક્ષ્મ સંબોધતા, ભટ્ટે કહ્યું કે, "જ્યારે પણ તમારા પરિવારમાં કોઈ બીમાર પડે છે, ખાસ કરીને એવી દુર્લભ બીમારીથી જે પહેલાં કોઈને થઈ નથી, ત્યારે તમને હંમેશા આ એક કાકા યાદ આવે છે જેમને સાત વર્ષ પહેલાં આ જ સ્થિતિ હતી. તમે તેમને ફોન કરો છો અને પૂછો છો કે આગળ શું કરવું જોઈએ.... હું કોમેડીમાં પેશન્ટ ઝીરો છું."

# મુન્શી પ્રેમચંદની પુણ્યતિથિની સ્મરણાંજલિનો કાર્યક્રમ 'અનેક ભાષા, એક રંગ' મુંબઇ ખાતે યોજાયો



મુંબઇ, તા.૯

બુધવાર, તા. ૮ ઓક્ટોબર ૨૦૨૫ના દિગ્ગજ હિન્દી સાહિત્યકાર મુન્શી પ્રેમચંદની પુણ્યતિથિના સ્મરણાંજલિનો યાદગાર કાર્યક્રમ 'અનેક ભાષા, એક રંગ' વેદા કુંબા થિયેટર, અંધેરી ખાતે યોજાયો હતો. ભાષા અને સાહિત્યના આદાન-પ્રદાન અનુલક્ષીને પ્રેમચંદના આઠ નાટકોની હિન્દી, સિંધી, ગુજરાતી, સંસ્કૃત, તેલુગ અને બંગાળી સહિત ૬ ભાષામાં રજૂઆત થઈ. ગોરબંજારા સાહિત્ય એકેડમી દ્વારા આયોજિત મંત્રી આશિષ શેલારના નેતૃત્ત્વ યોજાયેલા સરસ કાર્યક્રમની ખાસ બાબત એ હતી કે, નાટક ભજવનારા કલાકારની માતૃભાષા અલગ હતી અને નાટક અન્ય ભાષામાં હતું. દિગ્દર્શક હતાં મુજીબ ખાન. જ્યારે ચેતન ગૌડા, શાલિની સનીલ, કાર્તિક પોથારા, રસિકા ખિરવાડકર, પૂનમ સિંયાલ, અંબાલા જનાર્દન, લીના યાદવ, શહનશાહ નસીન, વરૂણ મહેરા, સંદીપ ભટ્ટાચાર્ય, અજોય ગિરી, સાહિલ માધવાની, રમેશ ચૌવાલ, રાજુ દસારી, શંકર ચાનાગિરી, તેજસ પારેખ, ગીત દેશમુખ, યુક્તાર્થ શ્રીવાસ્તવ ઔર અક્ષય, ટાઇગર જેવા કલાકાર હતા.સાંસ્કૃતિક ખાતાના સચિવ સચિન નિમ્બાલકરે મહાનુભાવોનું શાલ ઓઢાડી યથોચિત સન્માન કર્યું હતું.

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના સન્માનનિય સદસ્ય (૨૦૨૩) નિરંજન પડયા.

હિન્દી અકાદમીના માજી સદસ્ય જયેશ જોશી; તેલુગુ અકાદમીના અશોક કુન્ટે, સિંધી અકાદમીના દીપક ચાંદવાણી. આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

વિવિધ ભાષિક આદાન - પ્રદાનના કાર્યક્રમ વધુ થતાં રહે જેથી રાજ્યની સાંસ્કૃતિક વિકાસથી દેશની એકાંત્મતા વધે; એમ લોક માગણી છે.

# સુરતમાં તહેવારો દરમિયાન લૂંટ-ચોરીની ઘટનાઓ પર અંકુશ માટે એકશન પ્લાન તૈયાર

## પોલીસ કમિશનર દ્વારા આંગડિયા પેઢી, સોની બજાર અને બેંકોની આસપાસ કોમ્બિંગની સૂચના

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

દિવાળી દરમિયાન શહેરમાં કોઈ અનિચ્છીય બનાવ ન બને તથા કાયદો વ્યવસ્થા જળવાય રહે અને લૂંટ, ચોરી જેવા બનાવો અટકાવવાના હેતુસર સુરત પોલીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલીગ અને કોમ્બિંગ સાથે વાહન ચેકિંગ પણ શરૂ કરવામાં આવ્યું છે.

પર્વ દરમિયાન શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા વિવિધ વ્યુહરચના ઘડવામાં આવી છે. કમિશનરે ડીસીપી, એસીપી સહિત પોલીસ અધીકારીઓ તથા જુદી જુદી બ્રાન્ચના અધિકારીઓ સાથે ક્રાઈમની મીટિંગનું આયોજન કર્યું હતું. આગામી દિવાળી તહેવાર નિમિતે અલગ અલગ વિસ્તારોમા આંગડિયા પેઢીઓ, સોની બજાર તેમજ બેંકો પાસે પોલીસની વિશેષ અને ચાંપતી નજર રાખવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી. બીજી તરફ પરપ્રાંતીયોની ગતિવિધિ ઉપર નજર રાખવા માટે શહેરના સીમાવર્તી વિસ્તારો તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં સુરત પોલીસ દ્વારા કોમ્બિંગ અને ફૂટ પેટ્રોલીગ સાથે વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.આ સિવાય કોમ્બિંગ દરમિયાન પરપ્રાંતીયો તેમજ બહારગામથી આવનારા વ્યકિતઓના નામની નોંધણી કરવામાં આવી રહી છે. દિવાળી પર્વ દરમિયાન સોની બજારમાં મોટા પ્રમાણમાં દાગીનાની ખરીદી થતી હોય છે. આ ઉપરાંત સામાન્ય દિવસોની સરખામણીમાં જુદી જુદી આંગડિયા પેઢીઓમાં પણ ધંધાકીય વ્યહવારો અને નાણાંકીય લેવડદેવડનું પ્રમાણ વધી જાય છે. બેકોમાં કેશ ઉપાડવા તથા ડિપોઝીટ સહિતના કામકાજ માટે ગ્રાહકોની ભીડ પણ વધી જતી હોય છે. આવા સમય ખાસ કરીને ગુનેગારો ફાયદો ઉઠાવતા હોય છે. ત્યારે આવા બનાવોને અટકાવવા અને શહેરીજનો શાંતિપૂર્ણ વાતાવરણ વચ્ચે દિવાળી પર્વ ઉજવી શકે અને દિવાળીના તહેવાર દરમિયાન કોઈ અઘટિત બને તે માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા એકશન પ્લાન ઘડવામાં આવ્યો છે. એટલું જ નહીં AI ટેક્નોલોજી દવારા અને સુરત મહાનગર પાલિકાના અન્ય સીસીટીવી કેમેરાની મદદથી શહેરના વિવિધ રસ્તાઓ પર નજર રાખવામાં આવી રહી છે. શહેરના રાજમાર્ગ, ઘોડદોડ રોડ, ગૌરવપથ રોડ તેમજ અન્ય બજારોમાં અને રહેણાંક વિસ્તારોમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ ઘનિષ્ઠ બનાવવામાં આવ્યું છે.

## બોરસદમાં ડિગ્રી વગર દવાખાનું ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૯

આણંદ જિલ્લાના બોરસદ શહેરમાં નારાયણ નગર ૪૦૦ મકાન વિસ્તારમાંથી એક બોગસ ડોક્ટરને બોરસદ શહેર પોલીસની ટીમે રૂપિયા ૧૩,૫૬૯ મુદ્દામાલ સાથે ઝડપી પાડી ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બોરસદ શહેરમાં ૪૦૦ મકાન પામોલ રોડ વિસ્તારમાં એક ઈસમ પોતાના રહેણાંક મકાનમાં કોઈ પણ પ્રકારની ડિગ્રી વિના મેડિકલની પ્રેક્ટિસ કરે છે. આ બાબતની બોરસદ શહેર પોલીસની ટીમે તાલુકા હેલ્થ ઓફિસરને જાણ કરીને બોરસદ અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસરને સાથે રાખી માહિતી મુજબના સ્થળે હિતેશ ભોઈના મકાનમાં છાપો મારતાં એક ઈસમ હાજર મળી આવ્યો હતો. તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ હિતેશ ઉર્ફે સંજય મફતભાઈ ભોઈ (રહે. બોરસદ નારાયણ નગર ૪૦૦ મકાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તપાસ કરતાં તેની પાસે ડોક્ટર હોવા અંગેના કોઈ સર્ટી કે પ્રમાણપત્ર ન હતું.બીજી બાજુ પોલીસે સ્થળ ઉપરથી બીપી ઈન્સ્ટુમેન્ટ, થર્મોમીટર, સ્ટેથોસ્કોપ, દવાઓ મળી રૂપિયા ૧૩,૫૬૯નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા બોગસ ડોક્ટર હિતેશ ઉર્ફે સંજય મફતભાઈ ભોઈ વિરૂદ્ધ બોરસદ અર્બન હેલ્થ સેન્ટરના ઈન્ચાર્જ મેડિકલ ઓફિસર ડોક્ટર પ્રિયાંશી રજનીશ અવસ્થીની ફરિયાદના આધારે ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટીશનર એક્ટ ૧૯૬૩ની કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હિંમતનગર-ઉદેપુર રેલવે લાઇન પર મેમુ ટ્રેન ઊથલાવવાનો પ્રયાસ : પાટા પર લોખંડનો રોડ મૂક્યો

### અસારવા-ચિતોડગઢ ટ્રેનના ચાલકે સમયસર ઈમરજન્સી બ્રેક મારતા મોટી દુર્ઘટના ટળી, ત્રણ સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૯

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર-ઉદેપુર રેલવે લાઇન પર પાંચ દિવસ પહેલા ત્રણ અજાણ્યા ઈસમોએ રેલવે પાટા પર લોખંડનો રોડ મૂક્યો હતો. અસારવા-ચિતોડગઢ મેમુ ટ્રેનના ચાલકે સમયસર ઈમરજન્સી બ્રેક મારતા મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટના અંગે હિંમતનગર RPF પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.



(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

પ્રાપ્ત વિગતો અનુસાર, ૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ બપોરના ૧૨:૧૨ વાગ્યે હિંમતનગર-ઉદેપુર રેલવે લાઇન પર ૩૨૧/૧૧ અને ૧૨ નંબરના પિલર વચ્ચે આ ઘટના બની હતી. ત્રણ અજાણ્યા વ્યક્તિઓએ રેલવે પાટા પર લોખંડનો રોડ મૂકીને અસારવા-ચિતોડગઢ મેમુ ટ્રેન આવતા જ ત્યાંથી ભાગી ગયા હતા.

ટ્રેનના લોકો પાયલોટે આ રોડ જોતા જ તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી હતી, જેના કારણે મુસાફરોના જાનમાલને થનારૂં મોટું નુકસાન અટકાવી શકાયું હતું. રેલવેમાં મુસાફરી કરતા લોકોની સુરક્ષાને જોખમમાં મૂકવાના ઈરાદાથી આ કૃત્ય કરવામાં આવ્યું હોવાથી RPF દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.મેમુ ટ્રેન માત્ર બે મિનિટના રોકાણ બાદ ચિતોડગઢ તરફ રવાના થઈ હતી. લોકો પાયલોટે વાંટડા રેલવે સ્ટેશન પર સ્ટેશન માસ્તરને આ અંગે જાણ કરી હતી. લોકો પાયલોટના નિવેદનના આધારે હિંમતનગર RPF પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગુજરાતમાં શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત

## રાજ્યમાં બુલેટ ટ્રેનના સ્ટેશનોની આસપાસ સ્માર્ટ અર્બન ડેવલપમેન્ટ માટે નવી પહેલ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

ગુજરાતમાં શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે "હાઈ સ્પીડ રેલવે સ્ટેશનોની આસપાસના નગર આયોજન અને વિકાસ" વિષયક વિઝ્યુલાઈઝેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટની કુલ લંબાઈ ૫૦૮ કિલોમીટર છે, જેમાંથી આશરે ૩૫૦ કિલોમીટરનો વિસ્તાર ગુજરાત રાજ્યમાંથી પસાર થાય છે. આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૧૨ સ્ટેશનોમાંથી સાબરમતી, કાલુપુર, નડિયાદ, વડોદરા, ભરૂચ, બિલીમોરા, સુરત અને વાપી એમ ૮ સ્ટેશનો ગુજરાત રાજ્યમાં આવેલા છે. આ પ્રોજેક્ટનું બાંધકામ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે.

હાઈસ્પીડ રેલવે સ્ટેશનોની આસપાસના ૧થી ૨ કિલોમીટરના વિસ્તારના શહેરી વિકાસ પર વિશેષ ધ્યાન રાખીને, ગુણવત્તાયુક્ત અને સુસંગત ટાઉન પ્લાનિંગ માટે વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ દિશામાં જાપાન ઈન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સીની ૧૫ સભ્યોની નિષ્ણાત ટીમ અકીમુરાના નેતૃત્વ હેઠળ ગુજરાતના નગર આયોજકો સાથે મળીને કાર્ય કરી રહી છે અને જાપાનના અનુભવો તથા શ્રેષ્ઠ નગર આયોજન પદ્ધતિઓનું ગુજરાત સાથે આદાન-પ્રદાન કરી રહી છે. સેમિનાર દરમિયાન સાબરમતી (અમદાવાદ) તથા સુરતના હાઈસ્પીડ રેલવે સ્ટેશનોની આસપાસના ભાવિ નગર આયોજન અંગે શ્રેણીબદ્ધ પ્રેઝન્ટેશનો રજૂ કરવામાં આવ્યા હતા.

ગુજરાતના શહેરી વિકાસ વિભાગના મુખ્ય સચિવ એમ. થેન્નારાસને સહભાગીઓને જાપાનની નગર આયોજન પદ્ધતિઓને વિગતવાર સમજાવી હતી અને તેના અનુસરણ દ્વારા ગુજરાતમાં ઉચ્ચ ગુણવત્તાવાળો, સુસંગત તથા આધુનિક શહેરી વિકાસ સાધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ તેઓએ હિતધારકોને સ્ટેશન વિસ્તારોમાં સુસંગત નગર આયોજન, જાહેર પરિવહન, ઈન્ટરમોડલ એકીકરણ, વિકાસ નિયમો અને સહયોગી અભિગમને મજબૂત બનાવવા માટે પણ આહ્વાન કર્યું હતું.

### મૈયત લઈ કબ્રસ્તાન જવામાં પણ હાલાકી

## પાલીતાણાના એ બંને માર્ગોની સત્વરે મરામત કરાવવા મુસ્લિમ સમાજની માંગ

### જુદી જુદી જમાતના આગેવાનોની સી.ઓ.ને રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા,તા.૯

પાલીતાણા નગરના જૂના જકાતનાકાથી રેલવે સ્ટેશન સુધીનો રોડ સાવ બિસ્માર બન્યો છે. જેના કારણે મુસ્લિમ બિરાદરોને મૈયત ટાણે કબ્રસ્તાન જવામાં પણ ભારે હાડમારીનો સામનો કરવો પડે છે. જેના પગલે સમસ્ત મુસ્લિમ સમાજે આ પ્રશ્ને નગરપાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવી સત્વરે સમારકામ તથા નવીનીકરણની માગણી કરી છે. સમસ્ત મુસ્લિમ સમાજે પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે, અત્રેના જુના જકાતનાકા (ભાવનગર રોડથી) રેલવે સ્ટેશન સુધીનો રસ્તો તદ્દન બિસ્માર બન્યા છે. રોડ ઉપર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે. તેમજ સુમેરૂથી વડોદરા રોડ ઘાંચી જમાતના કબ્રસ્તાન સુધી પણ રસ્તો ઘણો જ ખરાબ છે. મુસ્લિમ બિરાદરોને કબ્રસ્તાન જતી વેળા ભારે હાડમારી સહન કરવી પડે છે. મૈયત લઈને જવાનું હોય છે ત્યારે ચાલતા જવામાં પણ મુશ્કેલી પડે છે. તો આ બંને બિસ્માર માર્ગો ઉપરના ખાડાઓ પાલિકા તંત્ર દ્વારા સત્વરે પૂરવામાં આવે તેવી માંગ કરી છે. ઉપરાંત આ બંને રસ્તાઓ પેવર રોડ બનાવવામાં આવે તેવી માગણી વિવિધ જમાતોના વડીલોએ કરી છે. ચીફ ઓફિસર તથા પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ પ્રશ્નને ઝડપથી ઉકેલે તેવી લોકોની લાગણી અને માગણી છે.

### ત્રણ સંતાનનો પિતા હોવા છતાં બનેવી ભાન ભૂલ્યો

## સુરત : સાળી સાથે લગ્ન કરવાની જીદમાં બનેવીએ સાળા-સાળીની હત્યા કરી નાખી

### ઝઘડો છોડાવવા પડેલી સાસુને પણ ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીંકતાં હાલત ગંભીર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

સુરતના ઉધનાનાં પટેલનગરમાં ગઈકાલે એક કરૂણ ઘટના બની હતી જેમાં બનેવીએ સાળી સાથે લગ્ન કરવાની જીદ કરી પોતે ત્રણ સંતાનનો પિતા હોવા છતાં ભાનભૂલીને સાળી અને સાળા ઉપર જીવલેણ હુમલો કરી બંનેને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ઝઘડો છોડાવવા વચ્ચે પડેલી સાસુ ઉપર પણ ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીંકી દેવાયા હોય સાસુની હાલત પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવની જાણ ઉધના પોલીસને થતા પોલીસે ફરાર થઇ ગયેલા બનેવીને ગઈકાલે મોડી રાત્રે ઉધના રેલવે સ્ટેશન પાસેથી જ દબોચી લીધો હતો.પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર, સંદીપ ઘનશ્યામ ગૌર (ઉ.વ.૩૪) પત્ની તથા ત્રણ સંતાનો સાથે ઉધના પટેલનગરમાં રહે છે. ગઇ તા.૪ સપ્ટેમ્બરના રોજ કેની લાલુ શકુંતલા, સાળો નિશ્ચય કશ્યપ અને સાળી મમતા (ઉ.વ.૨૫) વતનથી સુરત આવ્યા હતા. દરમિયાન બુધવારે રાત્રે બનેવી સંદીપ ગૌર સાળી સાથે લગ્ન કરવાનું જણાવી છેડતી કરતા ઝઘડો થયો હતો. મમતાની મોટી બહેન સાથે સંદીપના લગ્ન થયા હોય અને તેને ત્રણ સંતાનો હોય તેમ છતાં તેણે સાળી સાથે લગ્ન કરવાનું જણાવતા સાળાએ અને સાસુએ ઠપકો આપ્યો હતો. આ વાત ઉગ્ર બનતા ભાનભૂલેલા સંદીપ ગૌરે સાળી મમતા અને સાળા નિશ્ચય પર ચપ્પુથી જીવલેણ હુમલો કરી દીધો હતો. ઉપરા છાપરી ચપ્પુના ઘા મારી દેવાતા બંનેનું મોત થયું હતું. આ ઝઘડામાં વચ્ચે પડેલી સાસુને પણ ચપ્પુના ઘા મારી દેવાયા હતા. આસપાસના લોકો એકત્ર થઇ જતા આ વાતની જાણ પોલીસને થઇ હતી. દરમિયાન ઉધના પોલીસ પણ સ્થળ ઉપર પહોંચી ગઇ હતી. આ મામલે ડબલ મર્ડરનો ગુનો નોંધી પોલીસે ફરાર થઇ ગયેલા સંદીપ ગૌરને ઝડપી પાડ્યો હતો. આ પ્રકરણમાં સાસુને પણ ગંભીર ઈજા પહોંચી હોય તેની હાલત પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

## લિંબાયતમાં મફત કપડાં અને અનાજની લાલચ આપી ઠગ ટોળકીએ બે વૃદ્ધ મહિલાઓને લૂંટી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

શહેરના લિંબાયત વિસ્તારમાં આવેલ મમતા સિનેમા પાસે અજાણ્યા ઈસમોએ બે અલગ અલગ મહિલાઓને પોતાનો શિકાર બનાવી હતી. બંને વૃદ્ધ મહિલાઓને આગળ મફતમાં અનાજ મળતું હોવાનું તથા મફતમાં કપડા મળતા હોવાના બહાના કરી તેમના મંગળસૂત્ર ઉતારી લઈ ટોળકી ફરાર થઈ ગઈ હતી.

બનાવની વિગત એવી છે કે, લિંબાયત વિસ્તારમાં આવેલ પર્વત ગામ ખાતે ચંદ્રલોક સોસાયટીમાં રહેતા નરેશભાઈ ગૌરીની વિધવા પત્ની સિંધુબાઇ ગતરોજ લિંબાયતના સુરત મમતા સિનેમા પાસે શંકર નગર ગલી નંબર એક પાસેથી પસાર થતા હતા. આ સમયે ૪ અજાણ્યા ઈસમો તેમની પાસે આવ્યા હતા અને આગળ ગાડીવાળા મફતનું અનાજ આપે છે તેમ કહીને ત્યાં વધારે ભીડ હશે તો કોઈ તમારૂં મંગળસૂત્ર કાઢી લેશે. તમારૂં મંગળસૂત્ર ઉતારી તમારા પાકીટમાં મૂકી દો અને અમને આપી દો. અમે અમારી થેલીમાં સાચવીને મૂકી રાખીશું તેમ કહીને તેમને વાતોમાં ભોળવી તેમનો મંગળસૂત્ર ઉતરાવી લીધું હતું અને ફરાર થઈ ગયા હતા. જોકે બાદમાં સિંધુબાઇને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ હતા તેઓએ મામલે લિંબાયત પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રૂપિયા ૩૦,૦૦૦નું સોનાનો મંગળસૂત્ર અને રોકડા રૂપિયા ૪૦૦૦ મળી કુલ રૂપિયા ૩૪,૦૦૦ની છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં લિંબાયત વિસ્તારમાં આસપાસ નગર બેમાં રહેતા ક્રિષ્નાભાઈ હેડાઉની પત્ની વચ્છલાએ રૂપિયા ૩૦,૦૦૦ની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. જેમાં પણ તેઓએ જણાવ્યું હતું કે, ગત તારીખ ૭/૧૦/૨૦૨૫ના રોજ વચ્છલાબેન લિંબાયત વિસ્તારમાં રસ્તાથી ચાલતા ચાલતા જતા હતા ત્યારે ૪ અજાણ્યા ઈસમો તેમની પાસે આવ્યા હતા અને આગળ ગાડીમાં ગાડીવાળા મફતમાં કપડાં આપે છે તેમ કહીને ત્યાં વધારે ભીડ હશે તો કોઈ તમારૂં મંગળસૂત્ર કાઢી લેશે. તમારૂં મંગળસૂત્ર ઉતારી તમારા પાકીટમાં મૂકી દો અને અમને આપી દો અમે તમારી થેલીને સાચવી મૂકી રાખીશું તેમ કહીને વાતોમાં બોળવી તેમનું મંગળસૂત્ર ઉતરાવી લીધું હતું. જોકે ત્યારબાદ આ ચારેય સમયે મંગળસૂત્ર સાચવવાના બહાને પાકીટ તેમની પાસેથી લઈ લીધું હતું. જોકે બાદમાં થોડીવારમાં આ ચારેય સમયે વચલાબેનને અમારા મિત્રોએ જોતા આવી આગળ જગ્યા રોકી છે કે નહીં તેમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા હતા. જોકે એક કલાક કરતાં પણ વધારે સમય થવા છતાં ચારેય ઈસમો નહી દેખાતા વૃદ્ધ વચ્છલાબેનને ચારેય ઈસમોની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેઓ નહી દેખાતા તેઓને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડતા તેઓએ આ મામલે લિંબાયત પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રૂપિયા ૩૦,૦૦૦નું મંગળસૂત્રની છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કાપોદ્રા પોલીસે વૃદ્ધ નાગરિકોને ટાર્ગેટ કરતી રિક્ષા ગેંગ ઝડપી પાડી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

શહેરમાં અવાર નવાર અનેક મુસાફરો ચીટર રિક્ષા ગેંગના શિકાર બનતા હોય છે. આવા ચીટરો મુસાફરોના મોબાઈલ, કિંમતી વસ્તુઓ ચોરી કરી લેતા હોય છે. ત્યારે કાપોદ્રા વિસ્તારમાં આતંક મચાવી રહેલ રિક્ષાના ગેંગને પોલીસે ઝડપી પાડી છે.

મળતી માહિતી મુજબ કાપોદ્રા પોલીસના સર્વેલેન્સ સ્ટાફના માણસો પેસેન્જરોને રિક્ષામાં બેસાડી તેમની નજર ચૂકવી ખિસ્સામાંથી રોકડ, મોબાઈલ સહિતની કિંમતી વસ્તુઓની ચોરી કરતી ગેંગ પર નજર રાખી આરોપીઓને પકડવાની દિશામાં કામગીરી કરી રહ્યા હતા. ત્યારે મળેલ બાતમીને આધારે પોલીસે રિક્ષા ગેંગના ત્રણ આરોપીઓ રિઝવાન ઉર્ફે સમીર મહેમુદ ખાન, શોએબ ઉર્ફે બોખા મહેમદ ખાન પઠાણ અને અસલમ ઉર્ફે બડા મનુ રફીકોદ્દીન કાઝીને ઝડપી પાડયા હતા. તેમજ આરોપીઓ પાસેથી રોકડા ૩૪ હજાર અને એક રિક્ષા સહિતનો મુદ્દામાલ કબજે કરાવવામાં આવ્યો હતો. વધુમાં પોલીસ દવારા પુછપરછ કરવામાં આવતા આરોપીઓએ ફરિયાદી રમેશ કોરાટ નામના મુસાફરને સીમાડા નાકા ચાર રસ્તાથી ચીકુવાડી સીએનજી પંપ સુધી રિક્ષામાં બેસાડયા બાદ તેમના ખિસ્સામાંથી નજર ચુકવી રોકડા રૂ.૩૪ હજારની ચોરી કરી લીધી હતી અને તેમણે હીરાબાગ સર્કલ પાસે ઉતારીને ભાગી ગયા હતા. આરોપીઓ વિરૂદ્ધ કાપોદ્રા પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

## સુરત : જમીન દલાલના બનેવી સાથે રૂા. ૧.૭૮ કરોડની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

શહેરના મોટા વરાછા, પેડર રોડ વિસ્તારમાં રહેતા જમીન દલાલને મિત્રતામાં મદદ કરવાનું ભારે પડ્યું છે. આહિર બંધુઓએ તેમની પાસેથી બેન્ક લોનની ભરપાઈ કરવા માટે ચાર પાંચ દિવસના બહાને ૧.૭૮ કરોડ પડાવી લીધા બાદ ચૂનો ચોપડ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા મુજબ મોટા વરાછા, પેડર રોડ, રિવર વ્યુ હાઈટ્સ ખાતે રહેતા અને જમીન દલાલીનું કામકાજ કરતા ભરતભાઈ સવજીભાઈ બાબરીયા (ઉં.વ.૪૬) સાથે રૂપિયા ૧.૭૮ કરોડની છેતરપિંડી કરવામાં આવી છે. આરોપી અભિષેકકુમાર દિપકકુમાર આહિર અને તેનો પિતરાઈ ભાઈ જિજ્ઞેશ દિનેશભાઈ પંટોળી (આહિર) (બંને, રહે, ટ્રીલાઈટ સ્ટાર, મીડાસ સ્કેવર સામે, ગોડાદરા રોડ, પરવત ગામ)એ તેમની સંયુક્ત માલીકીનો વરાછા. એલ.એચ, રોડ ખાતે વિક્રમનગર કો.ઓ. હાઉસિંગ સોસાયટીમાં આવેલ બંગ્લાનો ભરતભાઈના બનેવી જિજ્ઞેશ ચતુરભા માંડલીયા સાથે સોદો કર્યો હતો અને તેમની પાસેથી ૨ કરોડ રૂપિયા લીધા હતા. જોકે. આરોપી આહિર બંધુઓએ બંગલા ઉપર બેન્કમાંથી ૪ કરોડની સી.સી લોન લીધી હતી. જેથી લોનની ભરપાઈ કરી દસ્તાવેજ છોડાવવા માટે ૬ ઓકટોબર ૨૦૨૪થી ૨ એપ્રિલ ૨૦૨૫ના સમયગાળા દરમિયાન ભરતભાઈ બાબરીયા પાસેથી ૧.૭૮ કરોડ હાથ ઉછીના લીધા હતા. પૈસા લીધા બાદ આહિર બંધુઓએ બેન્કમાંથી દસ્તાવેજ છોડાવી જિજ્ઞેશ ચતુરભાઈને દસ્તાવેજ બનાવી આપ્યો હતો. જોકે ભરતભાઈ બાબરીયાએ તેમની પાસેથી ઉછીના લીધેલા રૂપિયા ૧.૭૮ કરોડ પરત આપ્યા ન હતા. ભરતભાઈ દ્વારા અવાર-નવાર પૈસાની માંગણી કરવા છતાંયે આહિરબંધુઓએ ખોટા ખોટા વાયદાઓ આપી સમય પસાર કરતા આવ્યા હતા. આખરે આ મામલે ભરતભાઈએ ગતરોજ ફરિયાદ નોધાવતા ક્રાઈમ બ્રાન્ચે આહિર બંધુઓસામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ પઠાણ શહીદુલલાખાન મુજફફરખાન હતુ જે બદલીને નવું નામ **શાહીદખાન પઠાણ** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : બી-૬૩, મદીના પાર્ક, ડુંગરી શેરપુરા રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.

**જાહેર હરાજી**

બાલાસિનોર તાલુકાની રામાનામુવાડા પ્રાથમિક શાળાના કુલ-૩ (ત્રણ) જર્જરિત ઓરડાઓ જાહેર હરાજીથી ઉતારી કાટમાળ સાથે આપવાના છે. જેની હરાજીમાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ નીચેના સ્થળે અને સમયે હાજર રહેવું.
હરાજીની શરતો જે તે સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

જાહેર હરાજીની તારીખઃ- ૧૫/૧૦/૨૦૨૫ને બુધવાર

સમય :- સવારે ૧૧:૦૦ કલાકે

સ્થળ :- પ્રાથમિક શાળા રામાનામુવાડા, તા.બાલાસિનોર, જિ.મહીસાગર

આચાર્યશ્રી, પ્રાથમિક શાળા રામાનામુવાડા અને શાળા વ્યવસ્થાપન સમિતિ, તાઃ- બાલાસિનોર.

**જી.વી. મહેતા, એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં. એડીએમ/જન્મમરણ/કેસ નં.૧૫૪/૨૦૨૫ તા.૦૩/૧૦/૨૦૨૫

(૧) મોહંમદ શકીલ અબ્દુલભાઈ .....અરજદાર
રહે. ૦૯, રોનક સોસાયટી હિત ગાર્ડન, મોડાસા, તા. મોડાસા. જિ. અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને
સબ રજિસ્ટ્રાર નગરપાલિકા મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી ...સામાવાળા

વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૨૨/૦૮/૨૦૨૫ની અરજીથી તેઓનો ભાઈ નામે મોહંમદ અમીન અબ્દુલભાઈ દાદુનો જન્મ તા.૩૦/૦૭/૧૯૬૮ના રોજ મોડાસા ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૩/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

કોર્ટનો સિક્કો

એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ મોડાસા

**જી.વી. મહેતા, એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

ન.એડીએમ/જન્મ-મરણ/કેસ નં.૧૬૧/૨૦૨૫ તા.૦૩/૧૦/૨૦૨૫

(૧) મુમતાજબાનુ સિદ્ધિકભાઈ બાંડી ..... અરજદાર
રહે.મનવા હિલ ગાર્ડન, મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને
સબ રજિસ્ટ્રારશ્રી, નગરપાલિકા મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી .....સામાવાળા

વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરદારશ્રીએ તા.૨૫/૦૮/૨૦૨૫ની અરજીથી તેઓનો જન્મ તા.૧૭/૦૭/૧૯૭૬ના રોજ મોડાસા ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૩/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

કોર્ટનો સિક્કો

એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ મોડાસા

**જી.વી. મહેતા, એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં.એ.ડી. એમ/જન્મ-મરણ/એસ નં.૬૯/૨૦૨૫

(૧) ગુલામહુસેન અહેમદભાઈ ઈપ્રોલીયા ....અરજદાર
રહે. બસેરા સોસાયટી, તા. મોડાસા, જિ. અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને
સબ રજિસ્ટ્રારશ્રી, નગરપાલિકા મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી .....સામાવાળા

વિષય :- જન્મ/મરણ નોંધણીઅધિનિયમ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરદારશ્રીએ તા.૨૪/૦૪/૨૦૨૫ના રોજ અરજી કરી તેઓશ્રીના માતા નામે હસીનાબેન અહેમદભાઈ ઈપ્રોલીયાનું મરણ તા.૨૪/૦૧/૨૦૧૭ના રોજ મોડાસા ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ મરણ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોય તો તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૨/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

કોર્ટનો સિક્કો

એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ મોડાસા

ત્રણ સંતાનનો પિતા હોવા છતાં બનેવી ભાન ભૂલ્યો

# સુરત : સાળી સાથે લગ્ન કરવાની જીદમાં બનેવીએ સાળા-સાળીની હત્યા કરી નાખી

## ઝઘડો છોડાવવા પડેલી સાસુને પણ ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીંકતાં હાલત ગંભીર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

સુરતના ઉધનામાં પટેલનગરમાં ગઈકાલે એક કરૂણ ઘટના બની હતી જેમાં બનેવીએ સાળી સાથે લગ્ન કરવાની જીદ કરી પોતે ત્રણ સંતાનનો પિતા હોવા છતાં ભાનભૂલીને સાળાને અને સાળા ઉપર જીવલેણ હુમલો કરી બંનેને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ઝઘડો છોડાવવા વચ્ચે પડેલી સાસુ ઉપર પણ ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીંકી દેવાયા હોય સાસુની હાલત પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવની જાણ ઉધના પોલીસને થતા પોલીસે ફરાર થઈ ગયેલા બનેવીને ગઈકાલે મોડી રાત્રે ઉધના રેલવે સ્ટેશન પાસેથી જ દબોચી લીધો હતો.પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર, સંદીપ ઘનશ્યામ ગૌર (ઉ.વ.૩૪) પત્ની તથા ત્રણ સંતાનો સાથે ઉધના પટેલનગરમાં રહે છે. ગઈ તા.૪ સપ્ટેમ્બરના રોજ કેની લાલુ શકુંતલા, સાળો નિશ્ચય કશ્યપ અને સાળી મમતા (ઉ.વ.૨૫) વતનથી સુરત આવ્યા હતા. દરમિયાન બુધવારે રાત્રે બનેવી સંદીપ ગૌર સાળી સાથે લગ્ન કરવાનું જણાવી છેડતી કરતા ઝઘડો થયો હતો. મમતાની મોટી બહેન સાથે સંદીપના લગ્ન થયા હોય અને તેને ત્રણ સંતાનો હોય તેમ છતાં તેણે સાળી સાથે લગ્ન કરવાનું જણાવતા સાળાએ તેને સાસુએ ઠપકો આપ્યો હતો. આ વાત ઉગ્ર બનતા ભાનભૂલેલા સંદીપ ગૌરે સાળી મમતા અને સાળા નિશ્ચય પર ચપ્પુથી જીવલેણ હુમલો કરી દીધો હતો. ઉપરા છાપરી ચપ્પુના ઘા મારી દેવાતા બંનેનું મોત થયું હતું. આ ઝઘડામાં વચ્ચે પડેલી સાસુને પણ ચપ્પુના ઘા મારી દેવાયા હતા. આસપાસના લોકો એકત્ર થઈ જતા આ વાતની જાણ પોલીસને થઈ હતી. દરમિયાન ઉધના પોલીસ પણ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. આ મામલે ડબલ મર્ડરનો ગુનો નોંધી પોલીસે ફરાર થઈ ગયેલા સંદીપ ગૌરને ઝડપી પાડ્યો હતો. આ પ્રકરણમાં સાસુને પણ ગંભીર ઈજા પહોંચી હોય તેની હાલત પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

# વડોદરામાં મેંગો ક્રીમ બાઈટ્સના નમૂના સબ સ્ટાન્ડર્ડ જાહેર થતાં હનુરામ ફૂડ્સના કારખાના ખાતે આરોગ્ય વિભાગનું ચેકિંગ

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૯

વડોદરા શહેરના ચકલી સર્કલ પાસે આવેલ હનુરામ ફૂડ પ્રાઈવેટ લિમિટેડના લીધેલા મેંગો ક્રીમ બાઈટ્સના નમુના સબ સ્ટાન્ડર્ડ જાહેર થયા હતા. જે બાદ પાલિકાની આરોગ્ય વિભાગના ફૂડ ઈન્સ્પેક્ટર દ્વારા ખંડેરાવ માર્કેટ પાછળ આવેલ તેના કારખાનામાં વધુ તપાસ સાથે અહીંથી સેમ્પલ લેવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

પાલિકાના આરોગ્ય વિભાગની ખોરાક શાખાના ફૂડ ઈન્સ્પેક્ટર દ્વારા સમયાંતરે વિવિધ જગ્યાએથી ખાદ્ય પદાર્થના નમુના લઈ તેને ચકાસણી માટે ફતેગંજ સ્થિત લેબોરેટરીમાં મોકલવામાં આવતા હોય છે. જેના આધારે તેના પૃથ્થકરણ અને પરિણામ અંતર્ગત લીધેલા નમુના પાસ થયા છે કે નાપાસ? એ અંગેનું રિપોર્ટ આવતો હોય છે. તાજેતરમાં પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ચકલી સર્કલ ખાતે આવેલ હનુરામ ફૂડ પ્રાઈવેટ લિમિટેડના મેંગોક્રીમ બાઈટ્સના નમુના સબ સ્ટાન્ડર્ડ જાહેર થયા હતા. એટલે કે, આ પદાર્થ આરોગ્યની દૃષ્ટિએ ખાવા લાયક નથી એવું તેનું પૃથ્થકરણ જણાઈ આવ્યું હતું. જે બાદ પાલિકાના આરોગ્ય વિભાગના ફૂડ ઈન્સ્પેક્ટરોએ ખંડેરાવ માર્કેટ પાછળ આવેલા હનુરામ ફૂડ પ્રાઈવેટ લિમિટેડના કારખાના ખાતે તપાસ હાથ ધરી હતી જેમાં એફએસએસએઆઈના નિયમ અંતર્ગત રો-મટીરીયલ તથા ફાઈનલ તૈયાર માલની તપાસણી કરવામાં આવી હતી. ઈન્સ્પેક્ટર દ્વારા અહીંથી કાજુકતરી અને ચાંદીની વરખના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ દિવાળી પહેલા આવે તેવું અનુમાન છે. બીજી તરફ ફૂડ ઈન્સ્પેક્ટરે તૈયાર થનાર પ્રોડક્ટમાં ખુલ્લી રાખેલ સામગ્રી જરૂર હોય ત્યારે જ ખુલ્લો રાખવાની તાકીદ કરી હતી. અન્યથા ખુલ્લું રો-મટીરીયલ બંધ રાખવામાં આવે તેવી સૂચના હનુરામ ફૂડસ પ્રાઈવેટ લિમિટેડના સંચાલકોને આપી હતી. આ સાથે કારખાના ખાતે જરૂરી સ્વચ્છતા જાળવવા અને જ્યાં જણાય ત્યાં ફાયર સેફ્ટી મામલે જરૂરી કાર્યવાહી કરવાની પણ મૌખિક તાકીદ કરાઈ હતી.

# વડોદરામાં આજવા રોડ પર દબાણ હટાવવા ગયેલી કોર્પો. ટીમ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ : પોલીસનો લાઠીચાર્જ

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૯

શહેરના વિકાસ માટે મહત્ત્વની ગણાતી કોર્પોરેશનની દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન આજે આજવા રોડ વિસ્તારમાં ઉગ્ર ઘર્ષણ સર્જાયું હતું. ઈબ્રાહિમ બાવાણી આઈટીઆઈ પાસેના મુખ્ય ટીપી સ્કીમના રસ્તા પરના ગેરકાયદે દબાણો દૂર કરવા પહોંચેલી કોર્પોરેશનની ટીમ અને સ્થાનિક રહીશો વચ્ચે મોટો વિવાદ થતા પોલીસને મામલો શાંત પાડવા માટે લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કોર્પોરેશન દ્વારા ગેરકાયદે બાંધકામો અને દબાણો તોડવાની કામગીરી ચાલી રહી છે. આજે ટાઉન પ્લાનિંગ અને દબાણ શાખાની ટીમ આજવા રોડ પર પહોંચી હતી. મુખ્ય ટીપી રસ્તા પરના દબાણો હટાવવાની કામગીરી શરૂ થાય તે પહેલા જ સ્થાનિક રહીશોએ તેનો ઉગ્ર વિરોધ શરૂ કર્યો હતો અને કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.

### વિસ્તારમાં અફરાતફરી મચી : ત્રણને ઈજા થઈ



(તસવીર : અતીક શેખ, વડોદરા)

સ્થાનિક રહીશોનો વિરોધ આક્રમક બનતા કોર્પોરેશનની ટીમ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણના દૃશ્યો સર્જાયા હતા. પરિસ્થિતિ વણસતા ત્યાં હાજર પોલીસ કાફલાએ સૌપ્રથમ રહીશોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિરોધીઓ ન માનતા આખરે પોલીસને હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.પોલીસના લાઠીચાર્જ અને ભાગદોડને કારણે વિસ્તારમાં થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં બેથી ત્રણ જેટલા વ્યક્તિઓને ઈજા પહોંચી હોવાની માહિતી જાણવા મળી છે. જોકે, પોલીસે કડક વલણ અપનાવતા મામલો થાળે પડ્યો હતો.પોલીસની કાર્યવાહી બાદ કોર્પોરેશન દ્વારા દબાણ હટાવવાની ઝુંબેશ ફરીથી શરૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. શહેરના વિકાસ માટે નડતરરૂપ એવા દબાણો સામે કોર્પોરેશનની ઝુંબેશ સતત ચાલુ રહેશે તેવું તંત્ર દ્વારા જણાવાયું છે.

# અંકલેશ્વર ખાતે ૪૦ વ્યક્તિઓના નામે લોન લઈ છેતરપિંડી કરનાર દંપતી પૈકી પતિની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વરના સુરવાડી ગામ ખાતે રહેતા અંજનાબેન પટેલના જ ગામમાં રહેતા સંગીતા પટેલ અને તેના પતિ ભરત પટેલ દ્વારા લોભામણી લાલચ આપી તેમના ડોક્યુમેન્ટ મેળવી લોન લઈ લીધી હતી અને તમામ હપ્તા ભરવાની ખાતરી આપી હતી. અંજના પટેલ અને અન્ય લોકોના ડોક્યુમેન્ટના આધારે અલગ અલગ બેંકમાંથી રૂપિયા ૧૭.૬૭ લાખની લોન મેળવી પટેલ દંપતીએ રૂપિયા પોતાની



પાસે રાખી લીધા હતા.

હપ્તા ભરપાઈ ન થતા બેંક દ્વારા ઉઘરાણી કરવામાં આવતા પટેલ દંપતીએ છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું હતું.આ અંગે અંજનાબેન પટેલ દ્વારા અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી જેમાં પોલીસે છેતરપિંડી આચરનાર ભરત પટેલની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે જુલાઈ ૨૦૨૪થી અત્યાર સુધીમાં ઠગ દંપતિએ ૪૦ વ્યક્તિઓના નામે લોન લઈ વૈભવી જીવન જીવી રહ્યા હતા. આ મામલામાં ફરાર પત્નીને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## જાહેર હરાજી

બાલાસિનોર તાલુકાની રામાનામુવાડા પ્રાથમિક શાળાના કુલ-૩ (ત્રણ) જર્જરિત ઓરડાઓ જાહેર હરાજીથી ઉતારી કાટમાળ સાથે આપવાના છે. જેની હરાજીમાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ નીચેના સ્થળે અને સમયે હાજર રહેવું.
હરાજીની શરતો જે તે સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

**જાહેર હરાજીની તારીખઃ- ૧૫/૧૦/૨૦૨૫ને બુધવાર**
**સમય :- સવારે ૧૧:૦૦ કલાકે**
**સ્થળ :- પ્રાથમિક શાળા રામાનામુવાડા, તા.બાલાસિનોર, જિ.મહીસાગર**

**આચાર્યશ્રી, પ્રાથમિક શાળા રામાનામુવાડા અને શાળા વ્યવસ્થાપન સમિતિ, તાઃ- બાલાસિનોર.**

# વડોદરા મધ્યસ્થ જેલમાં છુપાવેલો મોબાઈલ ફોન મળી આવતા ત્રણ કેદીઓ વિરૂદ્ધ ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૯

વડોદરા મધ્યસ્થ જેલની બેરેકમાં ગાદલાની નીચે છુપાવેલો મોબાઈલ ફોન મળી આવતા જેલરે રાવપુરા પોલીસ સ્ટેશને ત્રણ કેદીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.વડોદરા મધ્યસ્થ જેલમાં અવારનવાર ચેકિંગ કરાતા કેદીઓ પાસેથી પ્રતિબંધિત વસ્તુઓ મળી આવતી હોય છે. ત્યારે ગઈકાલે રાત્રે વડોદરા મધ્યસ્થ જેલના ઈ.જેલર એન.જે. મુંધવા તથા સ્થાનિક ઝડતી જેલર અને ઝડતી સ્કવોડના કર્મચારીઓ તેમના સિનિયર જેલર (વહીવટ)ની સૂચના મુજબ સરદાર યાર્ડ બેરેક નં.૩૦૩ની ઝડતી લીધી હતી. જેમાં મશીન દ્વારા ચેક કરતા ગાદલાની નીચે છુપાવેલો સીમકાર્ડ તથા ચાર્જર સાથે મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આ મોબાઈલફોન પાકા કામના કેદી ઈરફાન સિરાજ પાડા, ભાવેશ મફતભાઈ ઠાકોર તથા કાચા કામના કેદી અબ્દુલ રહેમાન શેખનો હોવાનું જાણવા મળ્યું હતું. ફરિયાદના આધારે પોલીસે ત્રણેય કેદીઓ વિરૂદ્ધ જેલરનામા ભંગ તથા કેદી અધિનિયમ હેઠળ ગુનો નોંધી મોબાઈલ ફોન જેલમાં કઈ રીતે પહોંચ્યો ? તથા આ મોબાઈલ ફોનનો ઉપયોગ કઈ દિશામાં થયો છે ? તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# હિંમતનગર શહેર કોંગ્રેસ દ્વારા રસ્તાની સમસ્યા બાબતે વિરોધ પ્રદર્શન



(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૯

ભાજપ શાસિત હિંમતનગર નગરપાલિકામાં મહાવીરનગર વિસ્તારમાં છેલ્લા ૬ મહિનાથી રોડ બનાવવામાં આવતો નથી જેના વિરોધમાં હિંમતનગર શહેર કોંગ્રેસ દ્વારા ખાડા પુંજ કરી રામધૂન કરી સખત વિરોધ દર્શાવામા આવ્યો. સમગ્ર શહેરમાં તમામ વોર્ડ વિસ્તારના રોડ રસ્તા ખખડગજ થઈ ગયેલ છે. જેના લીધે પ્રજાજનો-વેપારીઓ-સ્કૂલના બાળકો-મહિલાઓને કમર તોડ દુખાવો અને ધુળની ડમરીઓ મફતમાં મળી રહી છે. જેનો સખત વિરોધ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો. જેમા પૂર્વ જિલ્લા પ્રમુખ અશોકભાઈ પટેલ, હિંમતનગર શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ બારોટ, વિપક્ષના નેતા ઈમરાન બાદશાહ, સંગઠન મહામંત્રી પ્રિયવદન પટેલ, ટીવી પટેલ, ઈશ્વરભાઈ દેસાઈ, કમળાબેન પરમાર, અશોકભાઈ પટેલ, ઈસ્વરસિહ, જીહિદાબેન, હિરાભાઈ, મુકેશભાઈ, રણછોડભાઈ, કાંતિભાઈ, અકીલ સહિત સૌ આગેવાનો હાજર હતા.

# વડોદરાના કરજણમાં ગેરકાયદેસર ગેસ રીફિલિંગ કરનાર એકની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

વડોદરામાં કરજણની ગ્રીનપાર્ક સોસાયટીમાં પોતાના રેહણાંક મકાનમાં રસીદ મુસાભાઈ પટેલ નામનો વ્યક્તિ ગેરકાયદેસર રીતે મોટી એલપીજી બોટલોમાંથી નાની બોતલોમાં ગેસ રીફિલિંગ કરે છે તેવી બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. પોલીસ તપાસમાં એક ઈસમ ગેસની મોટી બોટલમાંથી નાની ગેસની બોટલોમાં બિન અધિકૃત રીતે ગેસ રીફિલિંગ(ટ્રાન્સફર) કરતો મળી આવ્યો હતો. જેના વિરૂદ્ધમાં કરજણ પોલીસે આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ-૩, ૭ મુજબ કાર્યવાહી કરી રસીદ મુસાભાઈ પટેલ (રહે. જલારામનગર ગ્રીનપાર્ક સોસાયટી, તા.કરજણ)ની ધરપકડ કરી અલગ-અલગ કંપનીના નાના-મોટા ગેસના ખાલી તથા ભરેલા બોટલો નંગ-૧૩૬ કી.રૂા.૩૦૨૭૩૦ ઉપરાંત ગેસ રીફિલિંગ કરવા માટેના સાધનો સહિત રૂા.૩.૧૦ લાખનો મુદ્દામાંલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસના આરોપીને એક વર્ષની સજા ફટકારતી ડીસા કોર્ટ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૯

ચેક રિટર્નના એક કેસમાં ડીસાની અદાલતે મહત્ત્વનો ચુકાદો આપી, આરોપીને કસૂરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા અને ફરિયાદ પક્ષને રૂા.૧,૦૦,૦૦૦/- (એક લાખ) વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. આ ચુકાદાથી નાણાકીય વ્યવહારોમાં બેદરકારી દાખવનારા અને ચેક બાઉન્સ કરનારા સામે કાયદાનો ડર વધશે. કેસની મુખ્ય વિગતો મુજબ ઠાકોરજી ટ્રેડીંગ કું.ના પ્રોપરાઈટર સોલંકી પ્રકાશકુમાર મફાજી (ફરિયાદી) દ્વારા પ્રશાંતકુમાર મોતીલાલ પરમાર (આરોપી) વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ- ૧૩૮ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.ફરિયાદીએ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, આરોપી અને તેમની વચ્ચે ગાઢ મિત્રતાના સંબંધો હતા. આરોપીએ તેમની પાસેથી રૂા.૨,૦૦,૦૦૦ (બે લાખ) હાથ ઉછીના લીધા હતા અને તે રકમ પરત કરવા માટે બેંક ઓફ બરોડાના રૂા.૧,૦૦,૦૦૦/-ના બે ચેક આપ્યા હતા. પણ ફરિયાદીએ જ્યારે ચેક બેંકમાં જમા કરાવ્યા, ત્યારે તે 'ફંડસ ઈનસફીસીયન્ટ' (ખાતામાં અપૂરતું ભંડોળ) ના શેરા સાથે તારીખ ૩/૫/૨૩ના રોજ પરત ફર્યો હતો. ત્યારબાદ, ફરિયાદીએ કાયદા મુજબ આરોપીને રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા તારીખ ૧/૬/૨૩ના રોજ કાનૂની નોટિસ મોકલાવી હતી, નોટિસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપીએ રકમ પરત ન કરતાં, ફરિયાદીએ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જ્યાં લાંબી કાનૂની કાર્યવાહીના અંતે, ડીસા કોર્ટે આરોપી પ્રશાંતકુમાર મોતીલાલ પરમારને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ કસૂરવાર ઠરાવ્યા હતા અને એક વર્ષની સાદી કેદની સજા તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭ (૩) અન્વયે ફરિયાદ પક્ષને રૂા.૧,૦૦,૦૦૦/-નું વળતર ચુકાદાની તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવાનો આદેશ કર્યો હતો.જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો તે બદલ આરોપીને વધુ ત્રણ માસની સાદી કેદની સજા પણ ભોગવવી પડશે.

# ડીસાના ખુશ્બુ શોપિંગ સેન્ટરમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા દોડધામ મચી

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૯

ડીસા શહેરમાં ગુરૂવારે સવારના સુમારે જૂની કોર્ટ નજીક આવેલા ખુશ્બુ શોપિંગ સેન્ટરમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં દોડધામ મચી ગઈ હતી. શોપિંગ સેન્ટરમાં આવેલી મુરલીધર ફેશન પોઈન્ટ નામની દુકાનના ઉપરના ભાગેથી અચાનક ધુમાડો નીકળવાનું શરૂ થતાં દુકાન અને આસપાસના વિસ્તારમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, દુકાનના માલિકે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જાણ થતાં જ ફાયર ફાઈટરની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી. સદનસીબે, ફાયર ફાઈટરની ટીમ પહોંચે તે પહેલાં જ આગ બુઝાઈ ગઈ હતી. જેના કારણે દુકાનમાં મોટું નુકસાન થતાં અટક્યું હતું અને મોટી જાનહાનિ પણ ટળી હતી.સમયસરની કાર્યવાહી અને તકેદારીના કારણે દુકાન માલિકને લાખોના નુકસાનમાંથી બચાવી શકાયા હતા. શોર્ટ સર્કિટના કારણે સર્જાયેલી આ ઘટનાએ શોપિંગ સેન્ટરની અન્ય દુકાનદારોમાં પણ ચિંતાનો માહોલ પેદા કર્યો હતો.

# હિંમતનગર-ઉદેપુર રેલવે લાઈન પર મેમુ ટ્રેન ઊથલાવવાનો પ્રયાસ : પાટા પર લોખંડનો સળિયો મૂક્યો

## અસારવા-ચિતોડગઢ ટ્રેનના ચાલકે સમયસર ઈમરજન્સી બ્રેક મારતા મોટી દુર્ઘટના ટળી, ત્રણ સામે ગુનો નોંધાયો



(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૯

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર-ઉદેપુર રેલવે લાઈન પર પાંચ દિવસ પહેલા ત્રણ અજાણ્યા ઈસમોએ રેલવે પાટા પર લોખંડનો સળિયો મૂક્યો હતો. અસારવા-ચિતોડગઢ મેમુ ટ્રેનના ચાલકે સમયસર ઈમરજન્સી બ્રેક મારતા મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટના અંગે હિંમતનગર RPF પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ બપોરના ૧૨:૧૨ વાગ્યે હિંમતનગર-ઉદેપુર રેલવે લાઈન પર ૩૨૧/૧૧ અને ૧૨ નંબરના પિલર વચ્ચે આ ઘટના બની હતી. ત્રણ અજાણ્યા વ્યક્તિઓએ રેલવે પાટા પર લોખંડનો સળિયો મૂકીને અસારવા-ચિતોડગઢ મેમુ ટ્રેન આવતા જ ત્યાંથી ભાગી ગયા હતા.

ટ્રેનના લોકો પાયલોટે આ રોડ જોતા જ તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી હતી, જેના કારણે મુસાફરોના જાનમાલને થનારૂં મોટું નુકસાન અટકાવી શકાયું હતું. રેલવેમાં મુસાફરી કરતા લોકોની સુરક્ષાને જોખમમાં મૂકવાના ઈરાદાથી આ કૃત્ય કરવામાં આવ્યું હોવાથી RPF દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.મેમુ ટ્રેન માત્ર બે મિનિટના રોકાણ બાદ ચિતોડગઢ તરફ રવાના થઈ હતી. લોકો પાયલોટે વાંટડા રેલવે સ્ટેશન પર સ્ટેશન માસ્તરને આ અંગે જાણ કરી હતી. લોકો પાયલોટના નિવેદનના આધારે હિંમતનગર RPF પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હિંમતનગર : સિકંદર લોઢાના કરોડો રૂપિયાના કૌભાંડને ઉજાગર કરનાર તેનો સગો નાનો ભાઈ ક્રાઈમ બ્રાન્ચમાં હાજર થયો

(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૯

હિંમતનગર પાણપુર પાટિયા વિસ્તારમાં છેલ્લા દોઢેક વર્ષથી બોગસ વિદેશ વિઝા કૌભાંડ કોઈ પણ રોકટોક વિના ચાલતું હતું. જેમાં સેંકડો લોકો જોડે એક લાખથી દસ લાખ સુધીની રકમ લઈ છેતરપિંડી કરી કોઈને પણ વિદેશ મોકલવામાં આવ્યા ના હતા, અને અખબારમાં હમણાં સુધી ૮૫,૦૦૦ લોકોને વિદેશ મોકલી દીધા છે તે મતલબની ખોટી જાહેરાતો અને ઈન્સ્ટાગ્રામમાં ભ્રામક જાહેરાતો આપી નરી છેતરપિંડી આચરાતી હતી, તેના કૌભાંડોને શરૂઆતમાં બહાર પાડનાર ગુજરાત ટુડેના પત્રકાર ઉપરજ ખોટી ફરિયાદ દાખલ કરી હતી જેમાં ડી સ્ટાફની તપાસ બાદ ક્લીન ચિટ મળી ગઈ હતી, સિકંદર તેની સામે પડનાર ઉપરજ ફરિયાદ દાખલ કરી બીવડાવવાની



સ્ટ્રેટજીથી પોતાનો સિક્કો જમાવી દીધો હતો, આ બધું ઘણા લાંબા સમયથી ચાલી આવતું હતું, પરંતુ યેન કેન પ્રકારે તેના વિરૂદ્ધ કોઈ પોલીસ ફરિયાદ થવા દેવામાં આવતી ન હતી, સિકંદર લોઢાના નાના ભાઈને લાંબા સમયથી ચાલી આવતી છેતરપિંડીને ઉજાગર કરવાનું સૂઝયું તેનું ઝમીર ઝાગી ગયું અને તેને ૪/૯/૨૫ના રોજ બે વીડિઓ સોશ્યિલ મીડિયા પર વાઈરલ કરી લોકોને આહ્‌વાન કર્યું કે સિકંદર લોઢા મારો સગો ભાઈ છે અને તેને આજ દીન સુધી કોઈને વિદેશ મોકલ્યો નથી અને તે વિદેશ વિઝાના નામે છેતરપિંડી જ કરી રહ્યો છે જેથી જે લોકો એ વર્ક વિઝા માટે પૈસા આપ્યા હોય તેઓ પોતાના પૈસા સિકંદર પાસેથી પરત લઈ આવે તેના આ પ્રકારના વીડિઓ વાઈરલ થયા પછી તેને સિકંદરના માણસો અને સંબંધીઓ દ્વારા જાનનું જોખમ હોવાના લીધે જયપુર અને નેપાળ બાજુ જતો રહ્યો હતો, ક્રાઈમ બ્રાન્ચમાંથી ૬/૧૦/૨૫એ તેના ઉપર સિકંદર એ લગાવેલ પચાસ લાખના જુઠા આરોપ અંગે નિવેદનની નોટિસ મળ્યા બાદ આજરોજ કૌભાંડના એક મહિના પછી સવારે ૧૨ વાગ્યાંની આસપાસ ક્રાઈમ બ્રાન્ચમાં પોતાના વકીલ સાથે નિવેદન આપવા હાજર થયો હતો, સોહેલ લોઢા હજુ પણ સિકંદરના કેટલાક રાજ પર્દાફાશ કરે તો નવાઈ નહી.

# બિહારમાં બાળક વેચી દેવાના રેકેટનો માસ્ટર માઈન્ડ વડોદરામાંથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

બિહારમાં ઓર્કેસ્ટ્રામાં કામ કરતી યુવતીના બાળકને પડાવી લેવા માટે સંચાલક અને ડોક્ટરે રચેલા કારસાનો ભાંડો ફૂટયા બાદ યુવતીનું બાળક અઢી લાખ રૂપિયામાં વેચી દેવાના કૌભાંડનો એજન્ટ વડોદરામાંથી ઝડપાયો છે.વડોદરા પોલીસના જણાવ્યા અનુસાર, બિહારના સારણ જિલ્લાના જનતાબજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થોડા સમય પહેલાં નવજાત શિશુનો સોદો કરવાનો બનાવ બન્યો હતો. જેમાં ઓર્કેસ્ટ્રામાં કામ કરતી યુવતીને ઓર્કેસ્ટ્રા સંચાલક અને તેના મળતીયાઓએ માં દુર્ગા નર્સિંગ હોમમાં જબરદસ્તી દાખલ કરાવી હતી.બાળકનો જન્મ થતાં ઓર્કેસ્ટ્રા સંચાલક તેમજ ડોક્ટરે બાળકને પડાવી લેવા માટે કારસો ઘડયો હતો અને પ્રસૂતાને તેની ગજા બહારનું બિલ પકડાવી દીધું હતું. જે માટે બિહારના વતની એવા વચેટિયા સોનુકુમાર તારકેશ્વર ગીરીએ તેના નિઃસંતાન મિત્ર નિરજ પ્રસાદ અને આશાદેવીને રૂા.૨.૫ લાખમાં બાળક પધરાવી દીધું હતું.

આ અંગે પોલીસ કેસ થતાં બિહાર પોલીસની સાથે દિલ્હી અને મુંબઈની એનજીઓ પણ મદદમાં સામેલ થઈ હતી. બાળક વેચવામાં મહત્વની ભૂમિકા ભજવનાર સોનુકુમાર વડોદરાના ગોરવાના રિફાઈનરી રોડ પર યશોનંદન પાર્ક આશરો લેતો હોવાની વિગતો મળતાં વડોદરા પોલીસની મદદ લેવામાં આવી હતી. જેથી એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પીઆઈ એચ જે પટેલ અને ટીમે તેને ઝડપી પાડ્યો હતો.બિહારમાં નવજાત શિશુને વેચવાના રેકેટનો માસ્ટર માઈન્ડ વડોદરામાં એકલો જ રહેતો હતો અને બાળક વેચ્યા તેના અઢી લાખ રૂપિયા પણ તેણે જ રાખી લીધા હતા. ઓર્કેસ્ટ્રામાં કામ કરતી યુવતીનું બાળક પડાવી લેવા માટે ઓર્કેસ્ટ્રા સંચાલક અને નર્સિંગ સ્ટાફે કારસો રચ્યો હોવાની વિગતો ખૂલતાં સમગ્ર કૌભાંડનો માસ્ટર માઈન્ડ સોનુ કુમાર ભાગીને વડોદરા આવી ગયો હતો. છેલ્લા એક મહિનાથી ગોરવા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા સોનુકુમારે ખાનગી નોકરી પણ શોધી કાઢી હોવાની પોલીસને માહિતી મળી છે. બિહાર પોલીસ આવી જતાં એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના લેડી પીઆઈએ તેને સોંપી દીધો હતો.

# વડોદરા નજીક દુમાડ પાસે તોડ કરનાર નકલી પોલીસની ટોળકીના ચાર સભ્યો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૯

વડોદરા નજીક દુમાડ ગામ પાસે મોડી રાત્રે બરોડા ડેરીની ગાડી ચેક કરવાના બહાને રૂા.૧.૮૭ લાખ રોકડા તેમજ બે મોબાઈલ તફડાવી જનાર નકલી પોલીસની ગેંગના ચાર સભ્યોને પોલીસે ઝડપી પાડ્યા હતા.

દિવ્યેશ સુરેશભાઈ સોલંકી તેમજ કલ્પેશ ચંદ્રકાંત વણકર બંને બરોડા ડેરીમાંથી દૂધની પ્રોડક્ટો લઈને સાવલી તાલુકાના ગામોમાં વેચાણ કરીને વડોદરા પરત ફરતા હતા. ત્યારે મોડી રાત્રે દોઢ વાગે દુમાડ ગામે બાપાસીતારામની મઢૂલી પાસે ટેમ્પો ઉભો રાખી હાથ પગ ધોઈને બંને ઉભા હતા તે વખતે નકલી પોલીસ બનીને આવેલા ત્રણ શખ્સોએ દૂધની ગાડીમાં દારૂ લાવો છો તેમ જણાવી ગાડી ચેક કરી હતી અને દૂધની પ્રોડકટના વેચાણની રોકડા રૂા.૧.૮૭ લાખ અને બે મોબાઈલનો તોડ કરી ત્રણેય શખ્સો સહિત ચાર જણા એક કારમાં ફરાર થઈ ગયા હતા.આ અંગેની ફરિયાદ મંજુસર પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. કારનો નંબર મેળવી પોલીસે ગણતરીના કલાકોમાં વિશ્વ રાજુ ઓડ (રહે.અમરોલી, સુરત, મૂળ ચોરાવાળું ફળિયું, તરસાલી), ફિરોઝ સિકંદર શેખ (રહે.વરણામા), ઈર્શાદ ઉર્ફે બૂલ્લી અનવર શેખ (રહે.વરણામા) અને પવન ઉર્ફે વિપુલ રમેશભાઈ ઓડ (રહે.નરસિંહધામ કોમ્પ્લેક્સ, બાપોદ પોલીસ સ્ટેશન પાછળ)ને ઝડપી પાડ્યા હતા.

પોલીસે ત્રણે પાસેથી તોડ કરેલ રૂા.૮૦ હજાર રોકડા કાર અને પાંચ મોબાઈલ કબજે કર્યા હતા. ચારેય શખ્સોની પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે. અગાઉ નકલી પોલીસ બનીને કેટલી વ્યક્તિઓ પાસેથી પૈસા પડાવ્યા તે અંગે વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

## નામ બદલેલ છે

મારૂ જુનું નામ પઠાણ શહીદુલ્લાખાન મુજફ્ફરખાન હતુ જે બદલીને નવું નામ **શાહીદખાન પઠાણ** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : બી-૬૩, મદીના પાર્ક, ડુંગરી શેરપુરા રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.

## જી.વી. મહેતા, એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં

નં. એડીએમ/જન્મમરણ/કેસ નં.૧૫૪/૨૦૨૫ તા.૦૩/૧૦/૨૦૨૫

(૧) મોહંમદ શકીલ અબ્દુલભાઈ .....અરજદાર
રહે. ૦૯, રોનક સોસાયટી હિત ગાર્ડન, મોડાસા, તા. મોડાસા. જિ. અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને
સબ રજિસ્ટ્રાર નગરપાલિકા મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી ...સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૨૨/૦૮/૨૦૨૫ની અરજીથી તેઓનો ભાઈ નામે મોહંમદ અમીન અબ્દુલભાઈ દાદુનો જન્મ તા.૩૦/૦૭/૧૯૬૮ના રોજ મોડાસા ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૩/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

કોર્ટનો સિક્કો

**એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટ મોડાસા**

## જી.વી. મહેતા, એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં

ન.એડીએમ/જન્મ-મરણ/કેસ નં.૧૬૧/૨૦૨૫ તા.૦૩/૧૦/૨૦૨૫

(૧) મુમતાજબાનુ સિદ્દિકભાઈ બાંડી .....અરજદાર
રહે.મનવા હિલ ગાર્ડન, મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને
સબ રજિસ્ટ્રારશ્રી, નગરપાલિકા મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી .....સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરદારશ્રીએ તા.૨૫/૦૮/૨૦૨૫ની અરજીથી તેઓનો જન્મ તા.૧૭/૦૭/૧૯૭૬ના રોજ મોડાસા ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૩/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

કોર્ટનો સિક્કો

**એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટ મોડાસા**

## જી.વી. મહેતા, એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં

નં.એ.ડી. એમ/જન્મ-મરણ/એસ નં.૬૯/૨૦૨૫

(૧) ગુલામહુસેન અહેમદભાઈ ઈપ્રોલીયા ....અરજદાર
રહે. બસેરા સોસાયટી, તા. મોડાસા, જિ. અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને
સબ રજિસ્ટ્રારશ્રી, નગરપાલિકા મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી .....સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણીઅધિનિયમ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં અરદારશ્રીએ તા.૨૪/૦૪/૨૦૨૫ના રોજ અરજી કરી તેઓશ્રીના માતા નામે હસીનાબેન અહેમદભાઈ ઈપ્રોલીયાનું મરણ તા.૨૪/૦૧/૨૦૧૭ના રોજ મોડાસા ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ મરણ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોય તો તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૨/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

કોર્ટનો સિક્કો

**એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટ મોડાસા**

### ફિલ્મોને પણ ટક્કર મારે તેવી રણનીતિ દાણીલીમડા પોલીસે અપનાવી

# પોલીસે ફેક આઈડી દ્વારા રીઢા આરોપીને પ્રેમજાળમાં ફસાવ્યો, રિવરફ્રન્ટ પર મળવા બોલાવી ઝડપી લીધો

## ૧૪ ગુનાના રીઢા આરોપીને પકડવા મહિલા પોલીસે બુરખો પહેર્યો, આરોપીએ એક્ટિવા પર બેસવાનું કહેતાં જ પોલીસ કર્મીઓએ દબોચી લીધો





(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૯

અમદાવાદની દાણીલીમડા પોલીસે મારામારીના ગુનામાં છેલ્લા ચાર મહિનાથી ફરાર આરોપીને પકડવા માટે એક અનોખી અને સફળ યુકિત અપનાવી છે. દાણીલીમડા પોલીસ સ્ટેશનની મહિલા પોલીસકર્મીએ ફેક આઈડી બનાવ્યું. છેલ્લા એક મહિનાથી આરોપી સાથે પ્રેમભરી વાતચીત કરીને મિત્રતા કેળવ્યા બાદ, રિવરફ્રન્ટ ખાતે મળવા બોલાવ્યો હતો. મળવાના સમયે, મહિલા પોલીસે બુરખો ધારણ કર્યો હતો અને આરોપી તૌફિકે મહિલા પોલીસકર્મીને એક્ટિવા પર બેસવાનું કહેતા જ રિવરફ્રન્ટ પર હાજર અન્ય પોલીસકર્મીઓએ આરોપી તૌફિકને કોર્ડન કરીને દબોચી લીધો હતો. ફિલ્મોને પણ ટક્કર મારે તેવી રીતે દાણીલીમડા પોલીસ સ્ટેશનની મહિલા પોલીસે ૧૪ ગુના આચરી ચુકેલા રીઢા આરોપીને દબોચ્યો. લૂંટ, મારામારી, ખંડણી, જેલમાંથી નાસી જવા સહિતના ગંભીર ગુનાઓને અંજામ આપી ચુકેલા આરોપીને પ્લાનિંગના આધારે ઝડપાયો છે. આરોપી એક મારામારીના ગુનામાં ફરાર હતો. આરોપી પોલીસથી બચતો ફરતો હતો ત્યારે પોલીસે પ્લાન ઘડીને આરોપીને ઝડપી પાડ્યો હતો. દાણીલીમડા પોલીસ સ્ટેશનની મહિલા પોલીસ કોન્સ્ટેબલોએ આરોપીને પકડવા ઈન્સ્ટાગ્રામ પર ફેંક આઈડી બનાવ્યું હતું. જે બાદ આરોપીઓનો સંપર્ક કર્યો હતો. મહિલા કોન્સ્ટેબલે આરોપી સાથે પ્રેમભરી વાતો કરીને મિત્રતા કેળવી હતી. બાદમાં મહિલા પોલીસે આરોપી રિવરફ્રન્ટ મળવા માટે બોલાવ્યો હતો. ત્યારે આ મહિલા પોલીસ બુરખો ધારણ કરીને આરોપીની રાહ જોઈને ઉભી હતી. કોઈ મહિલા મળવા આવવાની હોવાથી આરોપી પહોંચી પણ ગયો હતો. આરોપીએ મહિલા પોલીસને એક્ટિવા પર બેસી જવાનું કહ્યું એટલે પોલીસકર્મી આરોપીના એક્ટિવા પર બેસી ગઈ. ત્યારે ચાલાકી વાપરીને અન્ય પોલીસકર્મીને ઈશારો કરતા રીવરફ્રન્ટ પર હાજર અન્ય પોલીસકર્મીએ આરોપી તૌફીકને કોર્ડન કરીને દબોચી લીધો હતો.

# અમદાવાદમાં એક જ દિવસમાં હત્યાના બે બનાવ બન્યા

## રાણીપમાં જન્મદિવસે જ યુવકની બર્થ-ડે સેલિબ્રેશન દરમિયાન હત્યા

## અસારવા સિવિલના ગેટ પાસે સામાન્ય બાબતે યુવકનું ઢીમ ઢાળી દેવાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદમાં એક જ દિવસમાં હત્યાના બે ઘટના બનતા ચકચાર મચી છે. રાણીપ વિસ્તારમાં જન્મદિવસે જ યુવકની બર્થડે સેલિબ્રેશન દરમિયાન હત્યા કરી દેવાઈ છે. તો બીજી તરફ અસારવા સિવિલના ગેટ પાસે સામાન્ય બાબતે અન્ય એક યુવકની ઢીમ ઢાળી દેવાયું હતું. પોલીસે બંને બનાવમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના રાણીપ વિસ્તારમાં આવેલા કાળીગામ જાંબુચોક ખાતે નરેશ ઠાકોર નામનો યુવક પોતાના પરિવાર સાથે રહેતો હતો. ગઈકાલે આઠ ઓક્ટોબરના રોજ નરેશ ઠાકોરનો જન્મદિવસ હતો, જેના કારણે તે તેના અન્ય મિત્રો સાથે રાણીપ જનકલ્યાણ કેન્દ્ર નજીક બર્થડે પાર્ટીની ઉજવણી કરી રહ્યો હતો. નરેશ ઠાકોરે તેમની જ ચાલીમાં રહેતા પ્રકાશ ઠાકોર નામના યુવક પાસે બાઈક ગીરવી મૂકી અને ૧૦,૦૦૦ રૂપિયા ઉધાર લીધા હતા. પૈસાની સગવડ થયા બાદ નરેશ જ્યારે બાઈક લેવા ગયો ત્યારે ૧૫૦૦૦ રૂપિયા માગ્યા હતા, જેથી અવારનવાર તેમની વચ્ચે ઝઘડો ચાલતો હતો અને પ્રકાશના ભાઈ પ્રેમ ઠાકોર સાથે પણ આ બાબતે બોલાચાલી થઈ હતી.

નરેશ ઠાકોર તેના મિત્રો સાથે જન્મદિવસની ગઈકાલે આઠ ઓક્ટોબરના રોજ રાત્રે ઉજવણી કરી રહ્યો હતો ત્યારે નરેશે પ્રેમ ઠાકોરને ફોન કરી કહ્યું હતું કે તું તારા ભાઈનું ઉપરાણું કેમ લે છે. આ બાબતે બોલાચાલી કરી હતી. ત્યાર બાદ ૧૧ વાગે જ્યારે ઉજવણી ચાલતી હતી ત્યારે પ્રેમ ઠાકોર ઋતિક ઠાકોર, ઋતિક સાગરા અને સુમિત રાજક નામના ચારેય યુવકો આવ્યા હતા અને નરેશ સાથે બોલાચાલી કરી હતી. નરેશને પ્રેમે કહ્યું હતું કે તું બહુ દાદા થઈ ગયો છે એમ કહી મારામારી કરી તેની છાતીમાં છરો મારી દીધો હતો, જેથી નરેશ રોડ ઉપર પડી ગયો હતો અને લોહીલુહાણ થઈ ગયો તો તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જોકે તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. રાણીપ પોલીસે આ મામલે ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચી આરોપીઓ સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

જ્યારે બીજા બનાવમાં શહેરના અસારવા વિસ્તારમાં આવેલી પ્રભુનગર સોસાયટીમાં રહેતા રાહુલ ભીલનો ભાઈ સુરેશ ભીલ ગઈકાલે આઠ ઓક્ટોબરના રોજ રાત્રે અસારવા સિવિલ હોસ્પિટલ ગેટ નંબર ૨ પાસે આવેલા પાર્કિંગમાં હતો ત્યારે શાહીબાગ પ્રીતમનગર શાહની ચાલીમાં રહેતા ભાવેશ ભીલ અને મેહુલ ભીલ તેમજ તેનો ભાઈ કરણ ભીલે ભેગા મળીને રાહુલને ખંજર જેવા હથિયાર વડે આડેધડ ઘા મારી દીધા હતા. સુરેશ દ્વારા બચાવો બચાવોની બૂમો પાડવામાં આવી હતી. બૂમાબૂમ થતાં સુરેશનો ભાઈ રાહુલ ત્યાં દોડી ગયો હતો. રાહુલ ત્યાં પહોંચતાં ત્રણે ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

શરીરમાં ખંજરના ઘા મારતાં સુરેશ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સુરેશે જણાવ્યું હતું કે રાત્રે હું ભાવેશની ચાલીમાં ગયો હતો. જેથી ભાવેશે મને કહ્યું હતું કે કેમ મારી ચાલીમાં આવ્યો એમ કહીને પાર્કિંગમાં આવી ઝઘડો કરી ખંજર મારી દીધું હતું. આ બાબતે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને તાત્કાલિક તેને સારવાર અર્થે ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. શરીરના અલગ અલગ ભાગે પાંચેક જેટલા ખંજરના ઘા માર્યા હતા અને બાકીના ભાગે ઘસરતા માર્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સુરેશનું સારવાર દરમિયાન મોડીરાત્રે મૃત્યુ થઈ ગયું હતું. આ મામલે શાહીબાગ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉના નજીક મધદરિયે પોલીસે દારૂ ભરેલી બોટ પકડી

## મહારાષ્ટ્રથી ઘૂસેલી બોટમાં ૨૦૦થી વધુ દારૂની પેટીઓ હતી; ૧૦ ખલાસીઓની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

ઉના પાસેના સીમર દરિયાકિનારે મરીન પોલીસે દારૂની મોટી હેરાફેરીનો પર્દાફાશ કરીને મહારાષ્ટ્રની એક બોટમાંથી વિદેશી દારૂ-બીયરની ૨૦૦થી વધુ પેટીઓનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ ઓપરેશનમાં પોલીસે બોટ સાથે વલસાડના ૧૦ ખલાસીઓની પણ ધરપકડ કરી છે.

નવાબંદર પોલીસને બાતમી મળી હતી કે ઉનાના સીમરના દરિયાઈ માર્ગે વિદેશી દારૂનો મોટો જથ્થો પસાર થઈ રહ્યો છે. આ માહિતી મળતા જ પી.આઈ. એન.એમ. રાણા સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક સીમર બીચ પર પહોંચી ગયો હતો. પોલીસે સત્વરે બોટ મારફત દરિયામાં પેટ્રોલિંગ શરૂ કર્યું અને ત્યાંથી પસાર થતી મહારાષ્ટ્રની બોટને અટકાવી તેની તલાશી લીધી હતી. બોટમાંથી વ્યાપક પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો જોઈને પોલીસ ટીમ પણ ચોંકી ઉઠી હતી. બોટમાં વલસાડના ૧૦થી વધુ ખલાસીઓ હતા, જેમને પોલીસે ઝડપીને કાંઠે લાવ્યા હતા. જોકે, દરિયામાં પાણી ઓછું હોવાને કારણે મુખ્ય બોટ કાંઠા સુધી પહોંચી શકી નહોતી. આ સંજોગોમાં, પોલીસે અન્ય સ્થાનિક બોટોની મદદ લીધી હતી. પોલીસે દરિયામાં જ દારૂના જથ્થાને મહારાષ્ટ્રની બોટમાંથી બીજી બોટમાં ટ્રાન્સફર કરાવ્યો હતો. દારૂ ભરેલી એક બોટ કિનારા પર લાવવામાં આવી હતી, જેમાં ૧૦૦થી વધુ પેટી વિદેશી દારૂ હોવાનું જાણવા મળ્યું છે. આ જથ્થાને કિનારે ટ્રેક્ટરમાં ભરવામાં આવ્યો હતો. ઓટ હોવાને કારણે બોટ કિનારાથી દૂર હોવાથી, પોલીસ જવાનો અને માણસો એરિયામાં ચાલીને દારૂનો જથ્થો બોટમાંથી ટ્રેક્ટરમાં ભર્યો હતો છે. મહારાષ્ટ્રની મુખ્ય બોટ મધદરિયે છે અને પોલીસે તેને કોર્ડન કરીને રાખી છે. પોલીસના જણાવ્યા મુજબ, દરિયામાં પાણી વધુ આવ્યા બાદ બાકીનો દારૂનો જથ્થો કાંઠે લાવવામાં આવશે.

# ૧૧ ઓક્ટોબરે કાંકરિયા લેક બંધ રહેશે

## ૭૦મો ફિલ્મફેર એવૉર્ડ યોજાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

શહેરના મણિનગર વિસ્તારમાં આવેલા ટ્રાન્સ્ટેડિયા ખાતે ૧૧ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ ૭૦મા ફિલ્મફેર ઍવૉર્ડનું આયોજન કરવામાં આવ્યુ છે. આ દરમિયાન VIP મૂવમેન્ટ અને ટ્રાફિક હોવાના કારણે તંત્રએ આગામી શનિવારે (૧૧ ઑક્ટોબર) કાંકરિયા બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાતમાં સતત બીજી વખત ફિલ્મફેર ઍવૉર્ડ્સનું આયોજન કરાયું છે. આ વખતે ૭૦મા ફિલ્મફેર ઍવૉર્ડના આયોજન માટે ટુરિઝમ કોર્પોરેશન અને વર્લ્ડ વાઈડ મીડિયા વચ્ચે કરાર કરવામાં આવ્યા છે. આમ શહેરના મણિનગર વિસ્તારમાં બે દિવસ બાદ ફિલ્મફેર ઍવૉર્ડ્સનું આયોજન છે, તે દિવસે બોલિવૂડના કલાકારો સહિતના સ્ટાર આવવાના છે.

આ દરમિયાન શહેરમાં ટ્રાફિની સમસ્યા કે અન્ય કોઈ ઘટના ન બને તેને લઈને ૧૧ ઑક્ટોબરે કાંકરિયા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં કાંકરિયા તળાવ, કિડ્સ સિટી, પ્રાણી સંગ્રહાલય સહિત શનિવારના દિવસે બંધ રહેશે.

### ત્રણ સંતાનનો પિતા હોવા છતાં બનેવી ભાન ભૂલ્યો

# સુરત : સાળી સાથે લગ્ન કરવાની જીદમાં બનેવીએ સાળા-સાળીની હત્યા કરી નાખી

## ઝઘડો છોડાવવા પડેલી સાસુને પણ ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીંકતાં હાલત ગંભીર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

સુરતના ઉધનાનાં પટેલનગરમાં ગઈકાલે એક કરૂણ ઘટના બની હતી જેમાં બનેવીએ સાળી સાથે લગ્ન કરવાની જીદ કરી પોતે ત્રણ સંતાનનો પિતા હોવા છતાં ભાનભૂલીને સાળી અને સાળા ઉપર જીવલેણ હુમલો કરી બંનેને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ઝઘડો છોડાવવા વચ્ચે પડેલી સાસુ ઉપર પણ ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીંકી દેવાયા હોય સાસુની હાલત પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવની જાણ ઉધના પોલીસને થતા પોલીસે ફરાર થઈ ગયેલા બનેવીને ગઈકાલે મોડી રાત્રે ઉધના રેલવે સ્ટેશન પાસેથી જ દબોચી લીધો હતો.પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર, સંદીપ ઘનશ્યામ ગૌર (ઉ.વ.૩૪) પત્ની તથા ત્રણ સંતાનો સાથે ઉધના પટેલનગરમાં રહે છે. ગઈ તા.૪ સપ્ટેમ્બરના રોજ કેની લાલુ શકુંતલા, સાળો નિશ્ચય કશ્યપ અને સાળી મમતા (ઉ.વ.૨૫) વતનથી સુરત આવ્યા હતા. દરમિયાન બુધવારે રાત્રે બનેવી સંદીપ ગૌર સાળી સાથે લગ્ન કરવાનું જણાવી છેડતી કરતા ઝઘડો થયો હતો. મમતાની મોટી બહેન સાથે સંદીપના લગ્ન થયા હોય અને તેને ત્રણ સંતાનો હોય તેમ છતાં તેણે સાળી સાથે લગ્ન કરવાનું જણાવતા સાળાએ અને સાસુએ ઠપકો આપ્યો હતો. આ વાત ઉગ્ર બનતા ભાનભૂલેલા સંદીપ ગૌરે સાળી મમતા અને સાળા નિશ્ચય પર ચપ્પુથી જીવલેણ હુમલો કરી દીધો હતો. ઉપરા છાપરી ચપ્પુના ઘા મારી દેવાતા બંનેનું મોત થયું હતું. આ ઝઘડામાં વચ્ચે પડેલી સાસુને પણ ચપ્પુના ઘા મારી દેવાયા હતા. આસપાસના લોકો એકત્ર થઈ જતા આ વાતની જાણ પોલીસને થઈ હતી. દરમિયાન ઉધના પોલીસ પણ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. આ મામલે ડબલ મર્ડરનો ગુનો નોંધી પોલીસે ફરાર થઈ ગયેલા સંદીપ ગૌરને ઝડપી પાડ્યો હતો. આ પ્રકરણમાં સાસુને પણ ગંભીર ઈજા પહોંચી હોય તેની હાલત પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

# મુખ્યમંત્રીએ ગુજરાતના છ આર્થિક પ્રદેશો માટેના 'પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન'નું અનાવરણ કર્યું

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' શ્રેણીની પ્રથમ કોન્ફરન્સમાં એક ઐતિહાસિક પગલું ભર્યું છે.

મુખ્યમંત્રીએ રાજ્યના છ મુખ્ય આર્થિક પ્રદેશો માટે તૈયાર કરાયેલા પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન (રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન)નું અનાવરણ અને લોકાર્પણ કર્યું છે. ગુજરાતના ઐતિહાસિક અને આર્થિક દ્રષ્ટિકોણથી મહત્વના છ મુખ્ય આર્થિક પ્રદેશો માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયા છે. આ પ્રદેશોમાં ઉત્તર ગુજરાત, કચ્છ, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, કોસ્ટલ સૌરાષ્ટ્ર અને સુરતનો સમાવેશ થાય છે. આ માસ્ટર પ્લાન ગુજરાતના ૩૩ જિલ્લામાં સંતુલિત પ્રાદેશિક વિકાસ દ્વારા રાજ્યની અર્થવ્યવસ્થાને વર્તમાન ૨૮૦ બિલિયન ડૉલર (નાણાકીય વર્ષ ૨૦૨૩)ના કદથી વધારીને ૩.૫ ટ્રિલિયન ડૉલરથી વધુ સુધી પહોંચાડવાના મહત્ત્વકાંક્ષી લક્ષ્યને સિદ્ધ કરવાનો રોડમેપ છે. આ છ પ્રાદેશિક માસ્ટર પ્લાન હેઠળ ૫૦૦ થી વધુ પ્રોજેક્ટ્સમાં ૧૫ લાખ કરોડ (US $ 200 બિલિયનથી વધુ)થી વધુના જાહેર અને ખાનગી મૂડીરોકાણનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના અને આર્થિક પ્રવૃતિઓ દ્વારા ૨૮૦ લાખ નવા રોજગારીના અવસરો યુવાનો માટે ઉપલબ્ધ થશે.

# હિંમતનગર-ઉદેપુર રેલવે લાઈન પર મેમુ ટ્રેન ઊથલાવવાનો પ્રયાસ પાટા પર લોખંડનો સળિયો મૂક્યો

## અસારવા-ચિતોડગઢ ટ્રેનના ચાલકે સમયસર ઈમરજન્સી બ્રેક મારતા મોટી દુર્ઘટના ટળી, ત્રણ સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૯

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર-ઉદેપુર રેલવે લાઈન પર પાંચ દિવસ પહેલા ત્રણ અજાણ્યા ઈસમોએ રેલવે પાટા પર લોખંડનો સળિયો મૂક્યો હતો. અસારવા-ચિતોડગઢ મેમુ ટ્રેનના ચાલકે સમયસર ઈમરજન્સી બ્રેક મારતા મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટના અંગે હિંમતનગર RPF પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ બપોરના ૧૨:૧૨ વાગ્યે હિંમતનગર-ઉદેપુર રેલવે લાઈન પર ૩૨૧/૧૧ અને ૧૨ નંબરના પિલર વચ્ચે આ ઘટના બની હતી. ત્રણ અજાણ્યા વ્યક્તિઓએ રેલવે પાટા પર લોખંડનો સળિયો મૂકીને અસારવા-ચિતોડગઢ મેમુ ટ્રેન આવતા જ ત્યાંથી ભાગી ગયા હતા.

ટ્રેનના લોકો પાયલોટે આ રોડ જોતા જ તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી હતી, જેના કારણે મુસાફરોના જાનમાલને થનારૂં મોટું નુકસાન અટકાવી શકાયું હતું. રેલવેમાં મુસાફરી કરતા લોકોની સુરક્ષાને જોખમમાં મૂકવાના ઈરાદાથી આ કૃત્ય કરવામાં આવ્યું હોવાથી RPF દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.મેમુ ટ્રેન માત્ર બે મિનિટના રોકાણ બાદ ચિતોડગઢ તરફ રવાના થઈ હતી. લોકો પાયલોટે વાંટડા રેલવે સ્ટેશન પર સ્ટેશન માસ્તરને આ અંગે જાણ કરી હતી. લોકો પાયલોટના નિવેદનના આધારે હિંમતનગર RPF પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## PEB લીડર ઈન્ટરઆર્કે ખેડામાં નવી ઉત્પાદન સુવિધા માટે શિલાન્યાસ કર્યું

અમદાવાદ, તા.૮

પ્રી-એન્જિનિયર્ડ સ્ટીલ બિલ્ડિંગ્સમાં અગ્રણી એવી ઈન્ટરઆર્ક બિલ્ડિંગ સોલ્યુશન્સ લિમિટેડએ ૯ ઓક્ટોબરના રોજ ગુજરાતના ખેડામાં તેની નવી ઉત્પાદન સુવિધા માટે શિલાન્યાસ કર્યું. આ પગલું ભારતમાં સૌથી ઝડપથી વિકસતા ઔદ્યોગિક રાજ્યોમાંના એક, ગુજરાતમાં કંપનીના પ્રી-એન્જિનિયર્ડ બિલ્ડિંગ (PEB) પદચિહ્ન અને પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે. ગુજરાત પહેલાથી જ ઈન્ટરઆર્કના કેટલાક સૌથી મોટા અને સૌથી પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ્સનું ઘર છે.

૧૨ એકરના વિસ્તારમાં વિકસાવાયેલી આ નવી અત્યાધુનિક સુવિધા ઈન્ટરઆર્કની સમગ્ર ભારતમાં ઉત્પાદન હાજરી પૂર્ણ કરશે અને પશ્ચિમ અને મધ્ય ભારતમાં ઉચ્ચ વિકાસશીલ ક્ષેત્રોને સેવા આપવાની તેની ક્ષમતાને મજબૂત બનાવશે. આ નવી સુવિધામાં પ્રથમ તબક્કામાં ૪૦,૦૦૦ મેટ્રિક ટન સ્થાપિત ક્ષમતા રહેશે અને તેમાં આશરે રૂા.૭૦ કરોડનું રોકાણ સામેલ હશે. વ્યૂહાત્મક રીતે અગ્રણી બંદરો પાસે સ્થિત, આ સુવિધા નિકાસને પણ ટેકો આપશે, જે ઈન્ટરઆર્કની આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચને વિસ્તૃત કરશે.

# આફ્રિકામાં બીમારીમાં ઉપયોગ થતી દવા ઓછા ભાવે ખરીદી વધુ ભાવે વેચવાના નામે અમદાવાદના વેપારી પાસેથી ૨૭ લાખ પડાવ્યા

## પોલીસે નાઈજીરીયન ગેંગ સાથે જોડાયેલા પાંચ ઠગની ધરપકડ કરી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

અમદાવાદના વેપારીને આફ્રિકામાં મેલેરિયા અને ડેન્ગ્યુની બીમારીમાં ઉપયોગ થતી દવા ઓછા ભાવે ખરીદી આફ્રિકામાં વધુ ભાવે વેચવાના નામે એડવાન્સ પેટે ૨૭ લાખ પડાવી છેતરપિંડી કરી હતી. આ સમગ્ર મામલે સાયબર ક્રાઈમ બ્રાન્ચે નાઈજીરીયન ગેંગ સાથે સંકળાયેલા કુલ પાંચ જેટલા સભ્યોની ધરપકડ કરી છે. આરોપીઓ આંગડિયા મારફતે નાઈજીરીયામાં રહેલા આરોપીઓને પૈસા મોકલતા હોવાનું સામે આવ્યું છે. સાયબર ક્રાઈમ બ્રાન્ચે મોબાઈલ ફોન સહિતની ચીજ વસ્તુઓ કબજે કરી છે. મણીનગર વિસ્તારમાં રહેતા અને વેપારી મનહાર અમરજીત વમાગે ફરિયાદ નોંધાવી હતી કે, આફ્રિકન કંપનીના પ્રતિનિધિ તરીકે ઓળખ આપીને કેટલાક લોકોએ તેમનો ઓનલાઈન સંપર્ક કર્યો હતો. તેઓએ Eupatorium Mercola Liquid નામની હોમિયોપેથીક દવા ખરીદવાની વાત કરી અને ભારતમાં વેન્ડર તરીકે Sharma Enterprises Manufacturingનું નામ આપ્યું હતું. આરોપીઓએ ફરિયાદીને દવાની ખરીદી માટે પ્રલોભન આપીને પહેલા ૧ લીટર માટે રૂપિયા ૫.૫૨ લાખ ભરાવ્યા હતા અને નકલી સેમ્પલ મોકલી વિશ્વાસ જીત્યો હતો. બાદમાં આફ્રિકાના વ્યક્તિ પાસે સેમ્પલ એપ્રુવલ કરાવીને વેપારીને મોટો ઓર્ડર મળ્યો હોવાનું કહી વધુ રૂપિયા ૨૭ લાખ એડવાન્સ પેટે ભરાવવા જણાવ્યું, પરંતુ જ્યારે ફરિયાદી રાજસ્થાનના ભીલવાડા સ્થિત બતાવેલ સરનામે પહોંચ્યા ત્યારે ત્યાં આવી કોઈ કંપની અસ્તિત્વમાં ન હોવાનું જણાયું. કુલ રૂા.૩૨.૭૨ લાખની છેતરપિંડી બાદ ફરિયાદીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર પી.વી. વાઘેલા તથા ટીમે ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ કરી જામનગરથી નાઈજીરીયન ગેંગ સાથે સંકળાયેલા પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં આરોપીઓ પૈસા જમા કરાવડાવતા હતા. આરોપીઓ મળેલા નાણાં હવાલા મારફતે નાઈજીરીયન ગેંગ સુધી પહોંચાડતા હતા. ઉપયોગમાં લીધેલા બેન્ક એકાઉન્ટના ચંડીગઢ, તમિલનાડુ અને હરિયાણામાં પણ ફરિયાદ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

## મૂવીવર્સ સ્ટુડિયો અને જોજો સ્ટુડિયોની પ્રથમ ગુજરાતી ફિલ્મ

અમદાવાદ, તા.૯

IN10 મીડિયા નેટવર્કની મુખ્ય ધારાની કન્ટેન્ટ શાખા, મૂવીવર્સ સ્ટુડિયો અને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ગુજરાતી OTT પ્લેટફોર્મ, JOJO એપના નવા લોન્ચ થયેલા ફિલ્મ વિભાગ, JOJO સ્ટુડિયોએ તેમની ઘણી બધી ગુજરાતી ફિલ્મોમાંથી પ્રથમની જાહેરાત કરવા માટે ભેગા થયા હતા. ગુજરાતી સિનેમામાં મૂવીવર્સનો પ્રવેશ અને જોજો સ્ટુડિયોનો ફિલ્મોમાં પ્રથમ પ્રવેશ છે. આ નવરાત્રિમાં શૂટિંગ શરૂ થઈ હતી. છેલ્લા દાયકામાં ગુજરાતી સિનેમા પ્રભાવશાળી વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે, જે મજબૂત વાર્તા કહેવાના કારણે છે, જે હવે માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ પડોશી રાજ્યોમાં પણ બોક્સ ઓફિસ પર નોંધપાત્ર કમાણી કરી રહ્યું છે જે મુખ્ય પ્રવાહના રોકાણોને આકર્ષિત કરી રહ્યું છે. આ ગતિને ઓળખીને, મૂવીવર્સ સ્ટુડિયો અને જોજો સ્ટુડિયો એક સ્વસ્થ કૌટુંબિક મનોરંજન ફિલ્મમાં રોકાણ કરી રહ્યા છે. તેઓએ તેમની પ્રથમ ગુજરાતી ફિલ્મ ફેમિલી એન્ટરટેન્ટની જાહેરાત કરી હતી.

## ક્રોક્સ™ ફેસ્ટિવ સીઝનમાં ૪0% સેલ્સ ગ્રોથના લક્ષ્ય સાથે પ્રવેશ્યું

અમદાવાદ, તા.૯

વૈશ્વિક ફૂટવેર બ્રાન્ડ ક્રોક્સન ભારતના ઝડપથી વિકસતા ફેશન ફૂટવેર માર્કેટમાં પોતાના પ્રભાવને મજબૂત બનાવવા માટે તહેવારની મોસમમાં વ્યૂહાત્મક માર્કેટિંગ પહેલ તરીકે 'શેર ધ જોય' કેમ્પેઈન સાથે પરત આવ્યું છે. કંપનીનું લક્ષ્ય આ ફેસ્ટિવ સીઝનમાં ૪0% સુધીના સેલ્સ ગ્રોથ હાંસલ કરવાનું છે, ખાસ કરીને ઈ-કોમર્સ અને ટાયર-૨ શહેરોમાં વધતા ગ્રાહક આધારને ધ્યાનમાં રાખીને.

ભારતમાં ફૂટવેર માર્કેટનું કદ હાલમાં અંદાજે રૂા.૯૦,૦૦૦ કરોડ છે અને તે દર વર્ષે ૧૦-૧૨%ના દરે વૃદ્ધિ પામી રહ્યું છે. આ વધતા માર્કેટમાં યુવા ગ્રાહકોની ફેશન અને કમ્ફર્ટ બંને માટેની માંગને ધ્યાનમાં રાખીને ક્રોક્સનએ પોતાની ઓફરિંગ્સને વધુ ટ્રેન્ડી અને ફેસ્ટિવ બનાવી છે. આ વર્ષે બ્રાન્ડે પોતાની વૈશ્વિક એમ્બેસેડર રશ્મિકા પંદાના સાથે જોડાઈને નવા ક્રિએટિવ દિશામાં પગલું ભર્યું છે.


**જાહેર નોટિસ**

આથી અમો નીચે સહી કરનાર શેખ મોહંમદ યાકુબ મો. ઈસ્લામ, રહેવાસી-૨ મન્દુ માસ્ટરની ચાલી, મોનોગ્રામ મિલની પાછળ, રખિયાલ, અમદાવાદના તે આથી લાગતા વળગતા તમામને જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,

અમારા પુત્ર શેખ મોહંમદ આરીફ મોહંમદ યાકુબ નાઓ અમારા કહ્યામાં નથી. અને પોતાની રીતે અમારાથી ઘણા સમયથી દૂર રહે છે અને અમારા પુત્રની પત્નીએ તેની સામે નામદાર કોર્ટમાં કેસો કરેલા છે. તે કેસોની તમામ પ્રકારની જવાબદારી અમારા પુત્રની રહેશે અને અમારી કોઈ જવાબદારી રહેશે નહીં. અને અમો તથા અમારા પુત્ર વચ્ચે હવે પછીના કોઈપણ જાતના સંબંધો રહેતા નથી અને અમોએ તેઓને અમારી તમામ મિલકતમાંથી તેમજ સામાજીક સંબંધમાંથી તેઓને બેદખલ કરેલ છે. જેથી અમારા પુત્ર સાથે કોઈપણ જાતના નાણાકીય સામાજીક કે અન્ય વ્યવહાર કોઈએ કરવા નહીં તેમ છતાં તેની સાથે કોઈપણ વ્યકિત કોઈપણ જાતના નાણાકીય, સામાજીક કે અન્ય વ્યવહાર કરશે તો તેની તમામ જવાબદારી અમારી રહેશે નહી તેની સહુએ નોંધ લેવી.

તા.૧૬-૮-૨૦૧૯

(અસીલની સહી)

(શેખ મોહંમદ યાકુબ મો. ઈસ્લામ)

જયંતિભાઈ કે. હડિયેલ (એડવોકેટ)

૩૯, નાગોરીની ચાલી, ગોમતીપુર પોલીસ સ્ટેશનની સામે, રખિયાલ, રોડ અમદાવાદ-૨૧,

(મો) ૯૮૨૫૯૬૭૪૨૨

**નામ સુધારેલ છે**

મારૂં જૂનું નામ : **સુભાના સમસુદ્દીન અન્સારી** હતું તે સુધારીને મારૂં નવું નામ : **સુહાના સમસુદ્દીન અન્સારી** કરેલ છે.

સરનામું : 27, શેખાવટી પાર્ક-૨ વટવા, અમદાવાદ, ગુજરાત-382440

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ પઠાણ શહીદુલ્લાખાન મુજફ્ફરખાન હતુ જે બદલીને નવું નામ **શાહીદખાન પઠાણ** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : બી-૬૩, મદીના પાર્ક, ડુંગરી શેરપુરા રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.






We manage 26 schemes comprising 12 equity schemes, 10 debt schemes and 4 hybrid schemes*.

- Incorporated in 1993 and Joint Venture since 2007 with a shareholding structure where Canara Bank owns 51% and ORIX Corporation Europe N.V. holds 49%
- Second-oldest asset management company in India#
- Pan-India network of 25 branches and 52,343 distribution partners, serving customers across 14 states and 2 union territories*
- Integrated technology-led operations with a well-established digital eco-system

CANARA ROBECO Mutual Fund
CANARA ROBECO ASSET MANAGEMENT COMPANY LIMITED
www.canararobeco.com

*As of June 30, 2025, Source: Company data #Source: CRISIL Report

CANARA ROBECO ASSET MANAGEMENT COMPANY LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated October 3, 2025 with RoC, SEBI and the Stock Exchanges to be read with corrigendum dated October 5, 2025 and addendum dated October 8, 2025. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at https://www.canararobeco.com and the websites of the BRLMs, i.e., SBI Capital Markets Limited, Axis Capital Limited and JM Financial Limited at www.sbicaps.com, www.axiscapital.co.in and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "Risk Factors" beginning on page 32 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Issue, including the risks involved, for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold outside of the United States to non-U.S. persons (as defined in Regulation S) in offshore transactions as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales occur. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering in the United States..
Statutory Details: Canara Robeco Asset Management Company Limited [Corporate Identity Number (CIN): U65990MH1993PLC071003] Registered Office: Construction House, 4th Floor, 5, Walchand Hirachand Marg, Ballard Estate, Mumbai - 400001.
**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

Adfactors 495/25 B

# બિહારમાં 'મહાગઠબંધન ફોર્મ્યુલા': તેજસ્વી યાદવ મુખ્યમંત્રી અને દલિત, મુસ્લિમ અને EBC સમુદાયોમાંથી ૩ નાયબ મુખ્યમંત્રી ?

**બિહાર ચૂંટણી ૨૦૨૫ : બિહારમાં મહાગઠબંધન તેની બેઠક વહેંચણી વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપી રહ્યું છે. તેજસ્વી યાદવ મુખ્યમંત્રી પદ માટે મહાગઠબંધનનો ચહેરો હશે. દલિત, મુસ્લિમ અને EBC સમુદાયોમાંથી ત્રણ નાયબ મુખ્યમંત્રીઓની પણ નિમણૂક થઈ શકે છે. ટૂંક સમયમાં આ જાહેરાત થવાની અપેક્ષા છે**

(એજન્સી) તા.૯

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા, વિપક્ષી મહાગઠબંધન (ગ્રાન્ડ એલાયન્સ)એ તેની બેઠક વહેંચણી વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપી દીધું છે અને જો તે સત્તામાં આવે તો ત્રણ નાયબ મુખ્યમંત્રીઓની નિમણૂક કરવાની રણનીતિ ઘડી છે. રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ જણાવ્યું હતું કે જો મહાગઠબંધન સત્તામાં આવે છે, તો દલિત, મુસ્લિમ અને અત્યંત પછાત વર્ગ (EBC) સમુદાયોમાંથી એક-એક નાયબ મુખ્યમંત્રીની નિમણૂક કરી શકાય છે. મહાગઠબંધનના બિનસત્તાવાર મુખ્યમંત્રીપદના ચહેરા તરીકે આરજેડી નેતા તેજસ્વી યાદવની નિમણૂક કરવામાં આવી છે, જે પછાત વર્ગના છે અને અગાઉ બે વાર નાયબ મુખ્યમંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. જો કે, તેમના સાથી પક્ષોએ હજુ સુધી ઔપચારિક રીતે તેમના નામની જાહેરાત કરી નથી. તેજસ્વી રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ)ના મુખ્યમંત્રી નીતિશ કુમાર સામે હશે, અને હાલમાં બે નાયબ મુખ્યમંત્રી છે: સમ્રાટ ચૌધરી (ઓબીસી) અને વિજય કુમાર સિંહા (ભૂમિહાર).



**બેઠક વહેંચણી ફોર્મ્યુલા :** આરજેડી પ્રવક્તા મૃત્યુંજય તિવારીએ જણાવ્યું હતું કે બેઠક વહેંચણી ફોર્મ્યુલાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આરજેડી લગભગ ૧૨૫ બેઠકો પર ચૂંટણી લડશે, જે ૨૦૨૦માં તેણે લડેલી ૧૪૩ બેઠકો કરતા ૧૯ ઓછી છે. કોંગ્રેસને ૫૦-૫૫ બેઠકો મળશે, અને ડાબેરી પક્ષોને આશરે ૨૫ બેઠકો મળશે. બાકીની બેઠકો વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી), લોક જનશક્તિ પાર્ટી (પશુપતિ કુમાર પારસ જૂથ), અને ઝારખંડ મુક્તિ મોરચા જેવા અન્ય સાથી પક્ષોમાં વહેંચવામાં આવશે. તિવારીએ કહ્યું કે, ''આ ફોર્મ્યુલા સ્પષ્ટ કરે છે કે તેજસ્વી યાદવ ગઠબંધનનો નિર્વિવાદ મુખ્યમંત્રીનો ચહેરો છે. યાદવ-કેન્દ્રિત રાજકારણમાંથી RJDની છબી બદલીને દલિતો, EBC અને લઘુમતીઓને સત્તામાં હિસ્સો આપવાનો આ તેજસ્વીનો માસ્ટરસ્ટ્રોક છે.'' કોંગ્રેસના નેતા પ્રવીણસિંહ કુશવાહાએ કહ્યું કે ત્રણ નાયબ મુખ્યમંત્રીઓની દરખાસ્ત રાહુલ ગાંધીની સામાજિક ન્યાયની નીતિને પ્રતિબિંબિત કરે છે. તેમણે તેને સામાજિક ન્યાયની કથાને આગળ વધારવાનો, તમામ સમુદાયોને એકસાથે લાવવાનો વધુ સારો પ્રયાસ ગણાવ્યો છે. દરમિયાન, VIP પ્રવક્તા દેવ જ્યોતિએ કહ્યું કે તેજસ્વીને ગુરુવાર સાંજ સુધીમાં ગઠબંધનના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર જાહેર કરવામાં આવશે, જેમાં VIP નેતા મુકેશ સાહની તેમના નાયબ મુખ્યમંત્રીઓ પૈકી એક હશે.

**કેટલાક પક્ષોને આ ફોર્મ્યુલા ગમી નહીં :** રાષ્ટ્રીય લોક મોરચાના મહાસચિવ રામ પુકાય શર્માએ તેને હવામાં કિલ્લાઓ બનાવવાનો પ્રયાસ ગણાવ્યો. તેમણે કહ્યું, ''મહાગઠબંધન માટે ત્રણ અંક સુધી પહોંચવું પણ મુશ્કેલ છે, છતાં તેઓ આવી જાહેરાતો કરી રહ્યા છે.'' જનસુરાજ પાર્ટીના અનિલ કુમાર સિંહે ચૂંટણી પહેલા આને ''ખોટો સંદેશ'' ગણાવ્યો હતો અને કહ્યું હતું કે આટલા મોટા પાયે સત્તાની વહેંચણીથી અમલદારશાહી ગૂંચવણો અને આંતરિક સંઘર્ષો થઈ શકે છે, જેનાથી તેજસ્વીની પોતાની સ્થિતિ નબળી પડી શકે છે.

**બિહારના ઈતિહાસમાં નાયબ મુખ્યમંત્રી :** બિહારમાં અત્યાર સુધીમાં ૧૦ નાયબ મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. પહેલા નાયબ મુખ્યમંત્રી અનુગ્રહ નારાયણ સિંહાએ શ્રી કૃષ્ણ સિંહા સાથે ૧૧ વર્ષથી વધુ સમય સુધી સત્તા સંભાળી હતી. કર્પુરી ઠાકુરે ૩૨૯ દિવસ સુધી આ પદ સંભાળ્યું. સુશીલકુમાર મોદી દેશના બીજા સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા નાયબ મુખ્યમંત્રી છે, જેમણે ૧૦ વર્ષ અને ૩૧૬ દિવસ સુધી આ પદ સંભાળ્યું. તેજસ્વી યાદવે ૨૦૧૫થી ૨૦૨૫ દરમિયાન મહાગઠબંધન સરકારમાં બે કાર્યકાળમાં ત્રણ વર્ષથી વધુ સમય સુધી નાયબ મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.

રાજકીય વિશ્લેષકો કહે છે કે નાયબ મુખ્યમંત્રી પદ રાજકીય સુમેળ અને સંતુલનનું પ્રતીક છે. ''તેજસ્વી યાદવ માટે ત્રણ નાયબ મુખ્યમંત્રી ફોર્મ્યુલા અનેક ફાયદાઓ પ્રદાન કરશે. તે વંશીય વર્ચસ્વના આરોપોને ઘટાડશે, યાદવ-કેન્દ્રિત છબીથી દૂર એક નવી ઓળખ બનાવશે અને દલિત, EBC અને મુસ્લિમ સમુદાયોને પ્રતિનિધિત્વ આપશે.

# બિહારની અંતિમ મતદાર યાદીઓ અંગે ચૂંટણી પંચને ચિદમ્બરમના સાત પ્રશ્નો

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

બિહારમાં ચૂંટણી પંચના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની કોંગ્રેસ દ્વારા આકરી ટીકા વચ્ચે, પાર્ટીના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે ગુરૂવારે રાજ્ય વિધાનસભા ચૂંટણીઓ પહેલા 'મતદાર શુદ્ધિકરણ' અભિયાનમાં કથિત ગેરરીતિઓ અંગે મતદાન પેનલ પર પ્રહાર કર્યો છે. ચિદમ્બરમે ગુરૂવારે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર સાત પ્રશ્નો પૂછ્યા અને SIRની પ્રામાણિકતા પર શંકા વ્યક્ત કરી અને માંગ કરી કે મતદાન પેનલ 'પારદર્શિતા અને ન્યાયીતાના હિતમાં' વાજબી જવાબ આપે. તેમણે કહ્યું કે તેઓ ચૂંટણી પંચ પર કોઈ ખોટું કામ કરવાનો આરોપ લગાવી રહ્યા નથી, પરંતુ ભારતના લોકો, તેમજ બિહાર, ચૂંટણી પહેલા ઉતાવળમાં શરૂ કરાયેલ મતદાર ચકાસણી અભિયાનને લગતી વિવિધ શંકાઓ, મૂંઝવણ અને શંકાના જવાબો જાણવા માટે હકદાર છે. ચિદમ્બરમે ''ભારત સરકાર અનુસાર બિહારની પુખ્ત વસ્તીનો અંદાજ કેટલો છે ? બિહારની મતદાર યાદીમાં પુખ્ત વસ્તીનો કેટલો હિસ્સો સામેલ કરવામાં આવ્યો છે ? શું તે ૯૦.૭ ટકા છે ? પુખ્ત વસ્તીના બાકીના ૯.૩ ટકાનું શું ? મતદાર યાદીમાં તેમનો સમાવેશ કેમ થતો નથી ?'' એવા પ્રશ્નો પૂછ્યા હતા. તેમણે એમ પણ પૂછ્યું, ''મતદાર યાદીમાં કેટલા નામો ખોટા છે ? શું સંખ્યા આશરે ૨૪,૦૦૦ છે ? મતદાર યાદીમાં કેટલા ઘર નંબર ખાલી છે કે સ્પષ્ટપણે અમાન્ય છે ? શું ૨,૦૦,૦૦૦થી વધુ સંખ્યા છે ? મતદાર યાદીમાં સમાવિષ્ટ કેટલા નામો ડબલ અથવા ડુપ્લિકેટ એન્ટ્રીઓ છે? શું આ સંખ્યા આશરે ૫,૨૦,૦૦૦ છે ?'' ECIએ ૩૦ સપ્ટેમ્બરના રોજ બિહાર ચૂંટણી માટે અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરી, ૭.૪૨ કરોડ નોંધાયેલા મતદારોની અંતિમ યાદી જાહેર કરી છે. જો કે, તેનો કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષ તરફથી જોરદાર વિરોધ થયો છે, જેમણે ચૂંટણી પરિણામોમાં ફેરફાર કરવા માટે ચૂંટણી સંસ્થા પર શાસક પક્ષ સાથે સાંઠગાંઠનો આરોપ લગાવ્યો છે. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કુલ ૬૭.૩ લાખ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે તેમાંથી ઓછામાં ઓછા ૧૦ ટકા ૨૪૩ વિધાનસભા બેઠકોમાંથી માત્ર ૧૫ બેઠકો પર થયા છે. તેણે ચૂંટણી પંચને એ પણ પૂછ્યું કે તે કાઢી નાખવામાં આવેલા મતદારો અને બૂથ દ્વારા યાદી કેમ પૂરી પાડવામાં આવતી નથી અને તેમના નામો કાઢી નાખવાના કારણો શું છે તે તેઓએ સમજાવવું જોઈએ.



**તેમણે મતદાર યાદીઓમાંથી નામો નિકળી ગયાનો, ડુપ્લીકેટ નામ હોવાનો અને ખામીભરી એન્ટ્રી હોવાનો આક્ષેપ કર્યો છે અને મતદારયાદી રિવિઝન અંગે વિગતવાર ખુલાસો માંગીને કહ્યું છે કે, લોકોને બધુ જાણવાનો અધિકાર છે**

# ભારત સાથે યુદ્ધ થવાની ખરેખર શક્યતા છે; પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફની ચેતવણી

**ખ્વાજા આસિફે કહ્યું કે, છેલ્લા છ મહિનામાં પાકિસ્તાનના સાથીદારોમાં વધારો થયો છે અને વધુ ટેકેદારો મળ્યા છે, તેમણે દાવો કર્યો કે, મે મહિનાના યુદ્ધ પહેલા જે ભારતની પડખે હતા એવા દેશોનું સમર્થન પણ ભારતે ગુમાવ્યું છે**

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૯

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ભારત સાથે ખરેખર યુદ્ધ થવાની શક્યતાઓ અંગે ચેતવણી આપી હતી અને એવો દાવો કર્યો હતો કે, ભવિષ્યમાં કોઈ પણ પ્રકારનો સશસ્ત્ર સંઘર્ષ થશે તો અમારો દેશ અગાઉ કરતાં પણ ઘણી વધુ સફળતા મેળવશે. પાકિસ્તાનના સમા ટીવી પરની મુલાકાતમાં આસિફને ભારતીય રાજકીય અને લશ્કરી નેતાઓ દ્વારા તાજેતરમાં થયેલા નિવેદનો અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે આ મુજબ કહ્યું હતું.



રક્ષા મંત્રીએ ઉમેર્યું હતું કે, યુદ્ધ થવાનું જોખમ છે અને પાકિસ્તાન પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને એકદમ સાવધ છે. તેમણે દાવો કર્યો હતો કે, હવે પછી ભારત સાથે કોઈ યુદ્ધ થશે તો પરિણામો પાકિસ્તાનની તરફેણમાં છે અને વધુ મોટી સફળતા મળશે. હું યુદ્ધ ચાહતો નથી પરંતુ જોખમ ખરેખર છે અને હું તેનો ઈન્કાર કરતો નથી અને જો ખરેખર યુદ્ધ થાય તો ઈન્શાલ્લાહ આપણને અગાઉ કરતાં વધુ સારૂં પરિણામ મળશે.

તેમણે કહ્યું હતું કે, છેલ્લા છ મહિનામાં પાકિસ્તાનને વધુ સમર્થકો અને સાથીદારો મળ્યા છે જ્યારે મે મહિનાના સંઘર્ષ પછી જે દેશો તેની તરફેણમાં હતા એ દેશોનો ટેકો પણ ભારતે ગુમાવી દીધો છે. જો કે, તેમણે કોઈ દેશનું નામ આપ્યું નહોતું પણ એવો દાવો કર્યો હતો કે, ભારત કદી પણ એક રાષ્ટ્ર નહોતું. એકમાત્ર મોગલ શહેનશાહ ઔરંગઝેબના જમાનામાં જ ભારત એક અને સંયુક્ત રાષ્ટ્ર હતું એ સિવાય ભારત કદી એક રહ્યું નથી. જ્યારે પાકિસ્તાનની રચના અલ્લાહના નામે થઈ છે એટલે અનેક આંતરિક સમસ્યાઓ અને સંઘર્ષ છતાં પાકિસ્તાન એક અને એકતા સાથે ઊભું છે. ઘરે ગમે તે મુદ્દા પર સામસામે દલીલો થાય છે અને વિવાદો થાય છે પરંતુ ભારત સાથે યુદ્ધની વાત આવે તો આપણે બધા સાથે મળી જઈએ છીએ.

તાજેતરમાં ભારતીય લશ્કરી વડા ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે જો આતંકવાદનો ફેલાવો અને સમર્થન બંધ નહીં કરે તો પાકિસ્તાનને વિશ્વના નકશા પરથી ભૂંસી નાખવામાં આવશે. એ જ પ્રકારે ભારતીય વાયુસેનાના વડા એપી સિંઘે શુક્રવારે એવું કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના અમેરિકી બનાવટના એફ ૧૬ જેટ યુદ્ધ વિમાનો સહિત એકાદ ડઝન જેટલા યુદ્ધ વિમાન તોડી પાડવામાં આવ્યા હતા. જ્યારે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે પણ એવું કહ્યું હતું કે, ભારત તેની એકતા અને અખંડિતતાના રક્ષણ માટે તેના નાગરિકોની સુરક્ષા માટે ગમે ત્યારે સરહદ ઓળંગી શકે છે.

# 'કફ સિરપ' પીધા પછી બાળકોનાં મૃત્યુ થતાં તામિલનાડુ સ્થિત શ્રીસન ફાર્માના માલિકની ધરપકડ

**બાળકોનાં મૃત્યુ બાદ કોલ્ડ્રિફ કફ સિરપ બનાવતી કંપની કાયમ માટે બંધ, તેના માલિકની ધરપકડ**

(એજન્સી) ચેન્નાઈ, તા.૯

મધ્યપ્રદેશની એક વિશેષ તપાસ ટીમ (SIT)એ ચેન્નાઈ શહેર પોલીસની મદદથી, તમિલનાડુ સ્થિત શ્રીસન ફાર્માના માલિક રંગનાથન (૭૫)ની નકલી કફ સિરપના ઉત્પાદનના સંબંધમાં ધરપકડ કરી હતી, જે અનેક રાજ્યોમાં અનેક બાળકોના મૃત્યુ સાથે જોડાયેલી છે. SIT દ્વારા રંગનાથનને કોડમ્બક્કમ સ્થિત તેમના નિવાસસ્થાનેથી પકડી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ તેને પ્રાથમિક પૂછપરછ માટે કાંચીપુરમ જિલ્લાના સુંગુવરચત્રમ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો છે. આરોપીને વધુ કસ્ટોડિયલ





**૧૭ બાળકોનાં મૃત્યુ બાદ ભારતે ત્રણ કફ સિરપ પર પ્રતિબંધ મૂક્યો; કોલ્ડરિફ કફ સિરપમાં ઝેરી તત્વો મળી આવ્યા**

પૂછપરછ માટે મધ્યપ્રદેશ ટ્રાન્સફર કરવા માટે ટ્રાન્ઝિટ વોરંટની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. આ ધરપકડ 'કોલ્ડ્રિફ' કફ સિરપના ઉત્પાદન સાથે સંબંધિત છે, જેમાં વોરંટની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. ધરપકડ પછી તરત જ, SITએ સ્થાનિક અધિકારીઓ સાથે મળીને સુંગુવરચત્રમમાં ભાડાના ૪,૫૦૦ ચોરસ ફૂટ પરિસરમાં ફાર્મા યુનિટ કથિત રીતે ફાર્મા-ગ્રેડ પ્રોપીલીન ગ્લાયકોલ, કફ સિરપમાં મુખ્ય ઘટક, મેળવવામાં નિષ્ફળ ગયો હતો અને તેના બદલે DEG ધરાવતી હલકી

**આરોગ્ય અધિકારીઓએ માતા-પિતા અને ડોકટરોને તાત્કાલિક પ્રતિબંધિત સીરપનો ઉપયોગ બંધ કરવા કહ્યું છે**

ડાયથિલિન ગ્લાયકોલ (DEG) હોવાનું જાણવા મળ્યું છે, જે એક ઝેરી રાસાયણિક સંયોજન છે અને આ સિરપ પીનારા અનેક બાળકોના મૃત્યુ થયા છે. મધ્યપ્રદેશ પોલીસ આ કેસની તપાસ કરી રહી છે, અને આરોપીને વધુ કસ્ટોડિયલ પૂછપરછ માટે મધ્યપ્રદેશ ટ્રાન્સફર કરવા માટે ટ્રાન્ઝિટ સ્થિત શ્રીસન ફાર્માની ઉત્પાદન સુવિધાનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તમિલનાડુ ડ્રગ્સ કંટ્રોલ વિભાગના અધિકારીઓ દ્વારા આ યુનિટને સીલ કરવામાં આવ્યું છે, જેમણે ઉત્પાદન પ્રોટોકોલના અનેક ઉલ્લંઘનો શોધી કાઢ્યા છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુણવત્તાવાળી સામગ્રી અશુદ્ધિ તરીકે મેળવી હતી. પરિસરમાંથી જપ્ત કરાયેલા નમૂનાઓમાં ઝેરી પદાર્થ હોવાનું જાણવા મળ્યું છે. કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી, મધ્યપ્રદેશની SIT તપાસ ચાલુ રાખવા માટે રંગનાથનને કસ્ટડીમાં લે તેવી અપેક્ષા છે.

# હૈદરાબાદમાં ધાર્મિક ઓળખને કારણે મુસ્લિમ ડિલિવરી બોય પર ઘાતકી હુમલો

(એજન્સી) તા.૯

કર્ણાટકના હૈદરાબાદમાંથી એક આઘાતજનક ઘૃણાસ્પદ ગુના (hate crime)ની ઘટના સામે આવી છે, જ્યાં એક મુસ્લિમ ડિલિવરી બોયને તેની ધાર્મિક ઓળખના કારણે બે વ્યક્તિઓ દ્વારા નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. આ ઘટના મંગળવારે રાત્રે ઓલ્ડ સિટીના મોગલપુરા વિસ્તારમાં બની હતી. પીડિત યુવકનું નામ મુહમ્મદ નદીમ છે, જે તળાવ કટ્ટાનો રહેવાસી છે અને સુલતાનપુર શાહી ખાતે એક પાર્સલ પહોંચાડવા જઈ રહ્યો હતો. તે ડિલિવરીના સરનામે જઈ રહ્યો હતો ત્યારે બે અજાણ્યા માણસોએ તેને અટકાવ્યો, તેનું નામ પૂછ્યું અને પછી તેના પર હુમલો કરવાનું શરૂ કર્યું. આ હુમલામાં નદીમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકો અને તેના પરિવારજનો તાત્કાલિક તેને ઉસ્માનિયા હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યારબાદ નદીમ અને તેના પરિવારે મોગલપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૭(૨) અને ૩(૫) હેઠળ અજાણ્યા



વ્યક્તિઓ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ ઘટના આઘાતજનક રીતે પુનરાવર્તિત થતી ઘટનાઓની સાંકળનો એક ભાગ છે. દેશભરમાં પશુઓની તસ્કરીના આક્ષેપોને લઈને થતાં ગૌરક્ષાના નામે થતા હુમલાઓ (lynchings), ઘાતકી હુમલાઓ, સતામણી અને હત્યાના બનાવો સતત સામે આવી રહ્યા છે. અધિકાર જૂથો (Rights groups), નાગરિક સમાજ સંગઠનો (civil society groups) અને કાર્યકર્તાઓ દેશમાં વધી રહેલા ઈસ્લામોફોબિયા અને અન્ય લઘુમતીઓ પરના હુમલાઓ અંગે સતત ચેતવણી આપી રહ્યા છે. કાયદાનું અમલ કરનારી એજન્સીઓ પર ઘણીવાર આરોપીઓનો પક્ષ લેવાનો આરોપ મૂકવામાં આવે છે, જેમાં કસ્ટડીમાં કરાતા આઘાતજનક ત્રાસ (custodial torture)ના અહેવાલો પણ સામેલ છે. તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં એક નાના મુસ્લિમ છોકરાને કસ્ટડીમાં ત્રાસ આપવાની ઘટનાએ સમગ્ર રાષ્ટ્રને હચમચાવી દીધું હતું. પોલીસે આ છોકરાને એટલા માટે પકડ્યો હતો કારણ કે, તેના પર 'સ્થાનિક મસ્જિદમાં તેના પિતાની ચિકન શોપ ફરી ખોલવાની જાહેરાત' કરવા બદલ ફરિયાદ નોંધાઈ હતી. આ પ્રકારની ઘટનાઓ પર વોચડોગ સંસ્થાઓ (watch-dogs) વારંવાર આઘાત વ્યક્ત કરે છે અને દેશમાં લઘુમતીઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે.

# 'આવા વ્યક્તિઓનો બહિષ્કાર થવો જોઈએ': ખડગેએ CJI ગવઈ પર જૂતું ફેંકનારા વકીલની ટીકા કરી

(એજન્સી) બેંગલુરૂ, તા.૯

સુપ્રીમ કોર્ટમાં એક વકીલ દ્વારા ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) પર જૂતું ફેંકવાની ઘટના પર કડક પ્રતિક્રિયા આપતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, ''અમે સુપ્રીમ કોર્ટમાં બનેલી ઘટના અને ભારતના મુખ્ય ન્યાયાધીશના અપમાનની નિંદા કરીએ છીએ.''

તેમણે કહ્યું કે: ''જો સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલો આવી માનસિકતા અને વિચારધારા ધરાવે છે અને તેમાંથી કોઈ પોતાનું જૂતું કાઢીને CJI પર ફેંકી શકે છે, તો તે નિંદનીય છે. આવા વ્યક્તિઓનો વકીલોના સમુદાય દ્વારા બહિષ્કાર થવો જોઈએ. જો આ વ્યક્તિ પોતાને એક હિમાયતી કહે છે, છતાં એવી વિચારધારા ધરાવે છે જે મૂળભૂત માનવીય ગૌરવને માન્યતા આપતી નથી અને તે માનવીને તરીકે માનવી ગણતાં નથી અને આજે મહિલાઓને મળતી



તકોની વિરૂદ્ધ શિક્ષણ આપે છે. જે 'સનાતન ધર્મ' માટે વકીલ બોલ્યા હતા તે ભારતીયોને હજારો વર્ષોથી ગુલામીમાં રાખતો રહ્યો છે. આઝાદી પછી ૭૮ વર્ષ પછી પણ, જો આવી માનસિકતા ચાલુ રહે, તો કોઈ કલ્પના કરી શકે છે કે આ વિચારધારાના લોકો કેવા છે.

હું તે હિમાયતીઓની પ્રશંસા કરૂં છું જેમણે આ ઘટનાની નિંદા કરી અને બંધારણ અને મૂળભૂત અધિકારો અનુસાર અવાજ ઉઠાવ્યો છે. હું તે સંગઠનોનો પણ આભાર માનું છું જેમણે આ માટે અવાજ ઉઠાવ્યો છે. ખડગેએ કડક કાર્યવાહીની માંગ કરતા કહ્યું કે, જે લોકો મનુસ્મૃતિ અથવા સનાતન ધર્મના નામે આવા કૃત્યો કરે છે તેમને સજા થવી જોઈએ. જેઓ જાણી જોઈને સામાજિક તણાવ પેદા કરે છે અને શાંતિને ખલેલ પહોંચાડે છે તેમને સજા થવી જોઈએ. તેમણે રાયબરેલીમાં થયેલા મોબ લિંચિંગના બનાવની પણ નિંદા કરી હતી. રાયબરેલીમાં એક ઘટના સામે આવી હતી જેમાં વાલ્મીકિ સમુદાયના એક વ્યક્તિ, જે પોતાના સસરાના ઘરે જઈ રહ્યો હતો, તેને ચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હતો, તેને પકડી લેવામાં આવ્યો હતો અને માર મારવામાં આવ્યો હતો. જો ચોરીનો આરોપ લાગે છે, તો તે વ્યક્તિની ધરપકડ થવી જોઈએ અને મામલાની તપાસ થવી જોઈએ; જો દોષ સાબિત થાય છે, તો તેને કાયદા અનુસાર સજા થવી જોઈએ. કાયદો પોતાના હાથમાં લેવો અને લિંચિંગનો આશરો લેવો અસ્વીકાર્ય છે.

# ટ્રમ્પ અને મુનીરની મુલાકાત બાદ સંબંધો સુધરતા પાકિસ્તાનને US તરફથી મિસાઈલો મળવાની શક્યતા : અહેવાલ

(એજન્સી) તા.૯

એક મીડિયા અહેવાલ મુજબ, અમેરિકા અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં સુધારો થવાને કારણે પાકિસ્તાનને યુએસ તરફથી AIM-120 એડવાન્સ્ડ મીડિયમ-રેન્જ એર-ટુ-એર મિસાઈલ્સ (AMRAAM) મળવાની શક્યતા છે. મંગળવારે પ્રકાશિત થયેલા એક અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે.

★ યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ વૉર (DoW), જેનું પૂર્વ નામ ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ હતું દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા એક શસ્ત્ર કરારમાં AIM-120 AMRAAM મિસાઈલના ખરીદદારોમાં પાકિસ્તાનનું નામ પણ સામેલ છે, એમ ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન અખબારે અહેવાલ આપ્યો છે.

★ ગયા મહિને, વોશિંગ્ટન ડીસીમાં ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફ અને આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે મુલાકાત કરી હતી, જેમણે અગાઉ જૂનમાં ઓવલ ઑફિસમાં યુએસ પ્રમુખ સાથે એક દુર્લભ વન-ઓન-વન બેઠક પણ યોજી હતી.

★ DoW અનુસાર, AMRAAMની ઉત્પાદક કંપની રેથિઓનને મિસાઈલના C8 અને D3 વેરિઅન્ટ્સના ઉત્પાદન માટે 'અગાઉ આપવામાં આવેલા કરાર (FA8675-23-C-0037)' પર $41.6 મિલિયનથી વધુનો ફેરફાર (modification) આપવામાં આવ્યો હતો, જેનાથી કરારનું કુલ મૂલ્ય વધીને $2.51 બિલિયનથી વધુ થયું છે.

★ આ ફેરફારમાં વિદેશી સૈન્ય વેચાણ મેળવનારા દેશોમાં પાકિસ્તાનનો પણ સમાવેશ થાય છે. આ ઓર્ડર પરનું કામ મે ૨૦૩૦ના અંત સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

★ જો કે, પાકિસ્તાનને કેટલી નવી AMRAAM મિસાઈલો મળશે તે અંગે સ્પષ્ટતા નથી, પરંતુ આ વિકાસથી પાકિસ્તાન એરફોર્સ (PAF)ના F-16 ફલીટને સંભવિતપણે અપગ્રેડ કરવાની ચર્ચા શરૂ થઈ ગઈ છે.



★ અહેવાલ મુજબ, પાકિસ્તાની વાયુસેનામાં AMRAAM મિસાઈલ F-16 ફાઈટર જેટ સાથે સુસંગત છે અને ફેબ્રુઆરી ૨૦૧૯માં વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન દ્વારા ઉડાવવામાં આવેલા ભારતીય વાયુસેનાના MiG-21ને તોડી પાડવા માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

★ પાકિસ્તાની વાયુસેનાના ચીફ ઑફ એર સ્ટાફ એર ચીફ માર્શલ ઝહીર અહેમદ બાબર જુલાઈમાં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટની મુલાકાતે ગયા હતા.

★ ડિફેન્સ પ્રકાશન 'ક્વા' અનુસાર, AIM-120C8એ AIM-120Dનું નિકાસ સંસ્કરણ (export version) છે, જે હાલમાં યુએસ સેવામાં AMRAAMનું મુખ્ય વેરિઅન્ટ છે. PAF હાલમાં તેનાથી જૂનું C5 વેરિઅન્ટ ચલાવે છે, જેમાંથી ૫૦૦ મિસાઈલો ૨૦૧૦માં તેના લેટેસ્ટ બ્લોક ૫૨ F-16 વિમાનો સાથે મેળવવામાં આવી હતી.

# ભુજીયા ડુંગર સ્મૃતિવનના વિકાસ માટે કચ્છ કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ

(સંવાદદાતા દ્વારા) અંજાર, તા.૯

કચ્છ કલેકટર કચેરી ખાતે ગત તા.૮/૧૦/૨૫ના રોજ ભુજીયા ડુંગર સ્મૃતિવનના વિકાસ માટે કચ્છના જિલ્લા સમાહર્તા આનંદ પટેલ દ્વારા એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમના દ્વારા આ મીટિંગ માટે અંજાર સિચ્ચદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસ મહારાજને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. મહંત ત્રિકમદાસ મહારાજે અગાઉ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાન ઉપર કામ કરીને ભુજીયા ડુંગર સ્મૃતિવનમાં અંદાજે ૮૦૦૦ (આઠ હજાર) જેટલા વૃક્ષોનું વાવેતર કરી, ત્રણ વર્ષ સુધી ઉછેર કર્યા હતા. ભૂતકાળમાં જ્યારે દેશના વડાપ્રધાન ગોવર્ધન પર્વત મુકામે એક કાર્યક્રમ દરમ્યાન આવ્યા હતા ત્યારે ગોવર્ધનની હરિયાળી જોઈ તેમણે સંત ત્રિકમદાસને આ ગોવર્ધન પર્વતની માફક મારે



(તસવીર : દિનેશ દૈયા, અંજાર)

ભુજીયો ડુંગર પણ નંદનવન બનાવવો છે, તે માટે તમારા આશીર્વાદ અને મહેનત જોઈશે તેમ જણાવ્યું હતું. તે સમયે મહારાજ દ્વારા આ ભગીરથ કાર્ય માટે તન, મન અને ધનથી કાર્ય કરવાની અને ભુજીયા ડુંગરને લીલોછમ નંદનવન બનાવવાની નેમ વ્યકત કરાઈ હતી. ત્યારબાદ સતત ત્રણ વર્ષ સુધી વૃક્ષોનું વાવેતર કર્યા બાદ તેનો ઉછેર કર્યા હતા જેથી આજે સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત થાય તે રીતનો ટુરીઝમ માટેનો સ્મૃતિવન હરિયાળો દેખાઈ રહ્યો છે. સ્મૃતિવનને વધારે હરિયાળું બનાવવા માટે હજુ પણ વધુમાં વધુ વૃક્ષો વવાય અને બીજા ફેઈઝમાં બાકી રહેતા વિસ્તારને નંદનવન બનાવી શકાય તે માટે કચ્છના સમાહર્તા આનંદ પટેલ દ્વારા જિલ્લા કલેકટર કચેરી ખાતે અગત્યની એક મીટિંગ બોલાવી અને આ ભગીરથ કાર્ય માટે ફરીથી ત્રિકમદાસ મહારાજને પોતાનો સમય ફાળવવા અને છોડમાં રહેલ રણછોડરાયની સેવા કરવા અપીલ કરી હતી. તેના પ્રત્યુત્તરમાં પ્રકૃતિપ્રેમી સંત ત્રિકમદાસ મહારાજે જેટલા પણ વધુમાં વધુ વૃક્ષો વાવીને તેમનો ઉછર કરવા માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યકત કરીને રાષ્ટ્ર નિર્માણ અને દેશ સેવા માટે તેમનો હરહંમેશ યોગદાન રહેશે તેવી ખાતરી આપી હતી. આ પ્રસંગે કલેકટર દ્વારા અંજાર મધ્યે ચાલતી નંદીશાળાની વિગતો મેળવી અને સમગ્ર જિલ્લામાં આવી એક અદભુત નંદીશાળા બંને તે માટે ઈચ્છા વ્યકત કરી હતી.

### નોરતામાં થયેલા ઝઘડા બાદ

# બહિયલમાં તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરાયા

## ૫૧ દબાણ કરનારાઓને નોટિસ આપી બે દિવસમાં દબાણો ખાલી કરવાની નોટિસ પાઠવાઈ હતી, જો કે, સમયમર્યાદા પૂરી થતાં તંત્રએ કરી કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

ગાંધીનગરના દહેગામના બહિયલમાં પોલીસ અને તંત્ર દ્વારા ગુરૂવારે ગેરકાયદે બાંધકામો પર બુલડોઝરની કાર્યવાહી કરી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ કાર્યવાહી નવરાત્રિ દરમિયાન બીજા નોરતાની રાત્રે થયેલી હિંસાના ભાગરૂપે કરવામાં આવી છે.



ઉલ્લેખનીય છે કે, નવરાત્રિના બીજા નોરતે રાત્રિ બહિયલ ગામમાં સોશિયલ મીડિયા પોસ્ટને લઈને બે જૂથ વચ્ચે ઝઘડો થયો હતો. ગરબાના કાર્યક્રમ દરમિયાન પથ્થરમારાની ઘટના થઈ હતી અને બાદમાં રોષે ભરાયેલા ટોળાએ ચાર દુકાનોમાં આગ ચાંપી દીધી હતી. આ હિંસા દરમિયાન પોલીસે કાર્યવાહી કરી તો ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો. પોલીસે ભારે જહેમત બાદ મામલો થાળે પાડ્યો હતો અને બાદમાં ૮૩ લોકો સામે નામજોગ અને આશરે ૨૦૦ જેટલાં અજાણ્યા તત્ત્વો સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે અત્યાર સુધીમાં ૬૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

હવે આ મામલે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. સોમવારે (૬ ઓક્ટોબર) ૫૧ દબાણ કરનારાઓને નોટિસ આપી બે દિવસમાં દબાણો ખાલી કરવાની નોટિસ પાઠવવામાં આવી હતી. જોકે, સમય મર્યાદા પૂર્ણ થતા આજે માર્ગ અને મકાન વિભાગ, જિલ્લા પંચાયત તેમજ પોલીસ તંત્રની ટીમે ગામમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

તંત્ર દ્વારા હાલ ગામમાં પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે. હાલમાં ગામમાં સિનિયર પોલીસ અધિકારીઓનો કાફલો છે અને CCTV ફૂટેજના આધારે વધુ તત્ત્વોની ઓળખ પ્રક્રિયા ચાલુ છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિકારીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

# કાનપુરમાં માર્કેટમાં બોમ્બ ધડાકો થતાં ૮ વ્યક્તિઓ ઘાયલ, ધડાકાનું કારણ જાણવા માટે તપાસનો ધમધમાટ



## કઈ રીતે શેનાથી ધડાકો થયો તેની તપાસ કરી રહી છે ફોરેન્સિક ટીમો અને બેટરી તથા અન્ય સરંજામની ચકાસણી થઈ રહી છે, બોમ્બને શણના રેસાઓથી બાંધીને તેના ઉપર ફટાકડાના સ્ટીકર અને રેપર લગાડી દેવામાં આવ્યા હતા

(એજન્સી) કાનપુર, તા.૯

કાનપુરમાં અત્યંત ગીચ વસ્તીવાળા અને અવર-જવર વાળા મેસ્ટર્ન રોડ વિસ્તારમાં એક રમકડાની દુકાનની બહાર બોમ્બ ધડાકો થતા આઠ લોકોને ઈજાઓ થઈ હતી અને સંખ્યાબંધ દુકાનોને નુકસાન થયું હતું. રમકડાની દુકાનની બહાર બે સ્કૂટરમાં મૂકવામાં આવેલા બોમ્બનો વિસ્ફોટ થયો હતો. તેના કારણે દુકાનદારોમાં પણ ભારે ભય અને ગભરાટની લાગણી પ્રસરી વળી હતી તેમ પોલીસે જણાવ્યું હતું. બુધવારે આ ઘટના બની હતી અને કાનપુરના જાણીતા એવા રોડ ઉપર મુલગંજ પોલીસ મથક વિસ્તારમાં આવેલી મરકઝ મસ્જિદ નજીક જ સાંજે ૭:૩૦ વાગ્યાના સુમારે ધડાકો થયો હતો. બે સ્કૂટરમાં બે બોમ્બ હતા જેના વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે બોમ્બની કરચો આસપાસ ઉડી હતી અને ધડાકાનો અવાજ ૫૦ મીટર દૂર સુધી સંભળાયો હતો. અહીં જેટલી દુકાનો છે તેમાં બેઠેલા દુકાનદારો અને ખરીદી કરવા આવેલા ગ્રાહકોમાં ભગદોડ મચી ગઈ હતી અને સમગ્ર વિસ્તારમાં ધુમાડો ધુમાડો છવાઈ ગયો હતો. પોલીસ કમિશનર રઘુવીર લાલે જણાવ્યું હતું કે બે બોમ્બ ધડાકાથી આઠ લોકોને ઈજા થઈ હતી. બંને સ્કૂટરની ડીકીમાં બોમ્બ રાખી દેવાયા હતા. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ઘાયલ થયેલામાં એક વ્યક્તિ જે સ્કૂટરની માલિક છે તે અને એક કચરો વીણી રહેલી એક મહિલાની હાલત ગંભીર હોવાનું તેમણે જણાવ્યું હતું. સ્કૂટર માલિક તેના સ્કૂટર પાસે પહોંચ્યો ત્યારે ધડાકો થયો હતો અને એ સમયે એ મહિલા પણ ત્યાં કચરો વીણી રહી હતી એ બંનેને ખૂબ ગંભીર ઈજા થઈ છે.

જોઈન્ટ પોલીસ કમિશનર આશુતોષકુમારે જણાવ્યું હતું કે બંને ધડાકા હળવી માત્રાના હતા એવું દેખાય છે અને અમે બંને વાહનોના માલિકોની ઓળખ કરી લીધી છે અને એમની પૂછપરછ કરી રહ્યા છીએ. કેટલીક બેટરી અને અન્ય કેટલાક સાધન સાથે આ બોમ્બ બનાવવામાં આવ્યા હતા જેની ફોરેન્સિકની ટીમો ચકાસણી કરી રહી છે. પેટ્રોલની ટાંકીમાં બંને વિસ્ફોટક પદાર્થો છુપાવી દેવામાં આવ્યા હતા એવું પ્રારંભિક તપાસમાં ખુલ્યું છે અને જેના કારણે પેટ્રોલની સાથે ભળી જતા જોરદાર ધડાકો થયો હતો. બંને વિસ્ફોટક પદાર્થો પર શણની દોરીથી વીંટી દેવામાં આવી હતી અને ઉપર ફટાકડાના રેપર લગાડી દેવામાં આવ્યા હતા જે સ્થળ પરથી પડી આવ્યા છે અને ધડાકાથી આસપાસ ૫૦ મી. વિસ્તારમાં કરચો ઉડી હતી તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. દાઝી જવાથી જેમને વધુ ગંભીર ઈજા થઈ છે તેમાં અશ્વિનીકુમાર (ઉં. ૫૦), સુહાના (ઉં. ૧૬), મુર્સલીન (ઉં. ૨૫), અબ્દુલ સતાર (ઉં. ૨૫), ભરત ભાટીયા (ઉં. ૩૦) અને એસ.કે. રઈસુદ્દીન (ઉં. ૪૦)નો સમાવેશ થાય છે. આ વિસ્ફોટથી આસપાસની ઘણી બધી દુકાનોને પણ નુકસાન થયું છે અને જેની દુકાનની બહાર બે ધડાકા થયા એ રમકડાની દુકાનના માલિક અબ્દુલ હમીદે જણાવ્યું હતું કે ખૂબ ઓછા અવાજ સાથે ધડાકો થયો હતો પરંતુ તેની તીવ્રતા એટલી હતી કે મારી દુકાનની છતની સીલીંગ નીચે તૂટી પડી હતી અને અંદર બધું વેરવિખેર થઈ ગયું હતું અને ધુમાડો પ્રસરી ગયો હતો અને ચારે તરફ ઉડેલા કાટમાળથી પણ લોકોને ઈજા થઈ હતી. મોહમ્મદ અવેશ નામના બીજા વેપારીએ જણાવ્યું હતું કે ધડાકો થયા પછી ભારે નાશભાગ મચી ગઈ હતી અને દુકાનદારો તથા ગ્રાહકો બચવા માટે આમથી તેમ દોડવા લાગ્યા હતા. અબ્દુલ અમીર અને મોહમ્મદ કેસની દુકાનોને પણ ભારે નુકસાન થયું હતું.

# Gmail વિરૂદ્ધ Zoho Mail : એકાઉન્ટ્સ સરળતાથી કેવી રીતે સ્વિચ કરવા | સ્ટેપ બાય સ્ટેપ માર્ગદર્શિકા

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના સત્તાવાર ઈમેઈલ Gmailમાંથી Zoho Mail પર સ્વિચ કર્યા છે, નાગરિકોને તેનું પાલન કરવા વિનંતી કરી છે

(એજન્સી) તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચલાવવામાં આવતી ભારતની સ્વદેશી ટેક ચળવળના હિંમતભર્યા સ્વીકારમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના સત્તાવાર ઈમેઈલ Gmailમાંથી Zoho Mail પર સ્વિચ કર્યા છે, નાગરિકોને ડેટા સાર્વભૌમત્વ વધારવા અને વિદેશી પ્લેટફોર્મ પર નિર્ભરતા ઘટાડવા માટે તેનું પાલન કરવા વિનંતી કરી છે. આ હાઈ-પ્રોફાઈલ પરિવર્તન યુએસ સાથે વધતા તણાવ વચ્ચે આવ્યું છે, જ્યાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના કડક પગલાંએ - ટેરિફ દરો અને કડક H-1B વિઝા પ્રતિબંધો સહિત - ભારતીય વ્યાવસાયિકો અને વ્યવસાયોને દબાવી દીધા છે, જેના કારણે ગોપનીયતા અને આર્થિક સ્વતંત્રતાને સુરક્ષિત રાખવા માટે Zoho જેવા સ્વદેશી વિકલ્પો અપનાવવામાં વધારો થયો છે.

**Gmail વિરૂદ્ધ Zoho Mail : મુખ્ય સુવિધાઓ અને મર્યાદાઓ :**

ઝોહો મેઈલ પોતાને ગોપનીયતા-પ્રથમ પાવરહાઉસ તરીકે ઓળખાવે છે, Gmailના જાહેરાત-સંચાલિત મોડેલથી વિપરીત જાહેરાત મુક્ત સ્વચ્છ, સુરક્ષિત ઈનબોક્સ છે જે લક્ષિત જાહેરાતો માટે ઈમેઈલ્સ સ્કેન કરતું નથી, મજબૂત TLS એક્રિપ્શન પૂરૂં પાડે છે અને સાયબર જોખમોને રોકવા માટે ડિજિટલ હસ્તાક્ષરો માટે વૈકલ્પિક S/MIME સુવિધા પણ પૂરી પાડે છે. ઉત્તમ સુવિધાઓમાં સ્ટ્રીમ્સ, ટીમ પોસ્ટ્સ, ટાસ્ક અસાઈનમેન્ટ્સ અને ઈવેન્ટ્સ માટે એક સહયોગી સામાજિક ફીડ, એક જ સાહજિક દશ્યમાં; સ્માર્ટ ફિલ્ટર્સ જે તમારા પ્રાથમિક ઈનબોક્સને ડિક્લટર કરવા માટે સૂચનાઓ અને ન્યૂઝલેટર્સને જાતે જ વિભાજિત કરે છે; અને કેલેન્ડર, ટાસ્ક, નોટ્સ, કોન્ટેક્ટ્સ અને બુકમાર્ક્સ જેવા સંકલિત સાધનો, જે સુવ્યવસ્થિત વર્કફ્લો માટે એક એપ્લિકેશનમાંથી બીજી એપ્લિકેશનમાં સ્વિચિંગ વિના સુલભ છે. તે વિશાળ 1GB જોડાણોને સપોર્ટ કરે છે-મોટી ફાઈલોને શેર કરી શકાય તેવી લિંક્સમાં સ્વતઃ-રૂપાંતરિત કરે છે-અને મોકલ્યા પછી પણ ઈમેઈલ પરત ખેંચી લેવાની સુવિધા ઓફર કરે છે, પ્રાપ્તકર્તાઓને નિયંત્રણના તે વધારાના સ્તર માટે સૂચિત કરે છે જ્યારે Gmailનું સમય-મર્યાદિત અનડુ સેન્ડ મેચ કરી શકતું નથી. કસ્ટમ ડોમેન હોસ્ટિંગ, જાહેરાત-મુક્ત ઈન્ટરફેસ અને એન્ટરપ્રાઈઝ લાભો જેમ કે બેકઅપ માટે ઈમેઈલ રીટેન્શન અને પાલન માટે eDiscovery તેની અપીલને પૂર્ણ કરે છે, ખાસ કરીને વ્યવસાયો માટે, વ્યક્તિઓ માટે મફત સ્તરો અને સ્કેલેબલ પેઈડ પ્લાન સાથે એકદમ ઓછી કિંમતે શરૂઆત થાય છે. મોબાઈલ પર, મેઈલ, સ્ટ્રીમ્સ અને એડમિન કાર્યો માટે સમર્પિત Android અને iOS એપ્લિકેશનો બધું તમારી આંગળીના ટેરવે રાખે છે. જોકે, ઝોહોમાં કોઈ ગેરફાયદા નથી એવું પણ નથીઃ તેમાં ડ્રાઈવ અથવા કીપ જેવા ગૂગલ વર્કસ્પેસ ટૂલ્સ સાથે Gmail ના ઊંડા સંબંધોનો અભાવ છે, જેનો અર્થ એ છે કે સ્વિચ પછી તે એકીકરણ અદશ્ય થઈ જાય છે, અને જ્યારે સ્થળાંતર મોટાભાગના ડેટાને સાચવે છે, ત્યારે કસ્ટમ લેબલ્સ અથવા ફિલ્ટર્સ સરળતાથી ટ્રાન્સફર થઈ શકતી નથી, જેના માટે પાવર વપરાશકર્તાઓ માટે વ્યક્તિગત જાફામારીની જરૂર પડી શકે છે.

**Gmail થી Zoho Mail પર સ્વિચ કરવામાં પડકારો**

સારા સમાચાર એ છે કે Gmailથી Zoho Mail પર સ્વિચ કરવું મોટાભાગે મુશ્કેલી-મુક્ત છે, Zohoના માઈગ્રેશન વિઝાર્ડ ડેટા ગુમાવ્યા વિના ઈમેઈલ્સ, સંપર્કો અને ફોલ્ડર્સને હેન્ડલ કરે છે, જે મોટાભાગના વપરાશકર્તાઓ માટે તેને સરળ રાઈડ બનાવે છે - ખાસ કરીને ભૂતકાળના સ્થળાંતરની તુલનામાં જે ઘણીવાર અણઘડ લાગતા હતા. તેમ છતાં, Gmailનો ભારે ઉપયોગ કરનારા અનુભવીઓ માટે પડકારો ઉભા થઈ શકે છેઃ દાયકા જૂના એકાઉન્ટ્સમાંથી મોટા આર્કાઈવ્સ આયાત દરમિયાન વિલંબ અથવા અપૂર્ણ ટ્રાન્સફરનો સામનો કરવો પડી શકે છે, કારણ કે પ્રક્રિયા IMAP દ્વારા ડેટા ખેંચે છે અને ટેરાબાઈટ ઈમેઈલ્સ માટે કલાકો કે દિવસો લાગી શકે છે. લેબલ્સ, નિયમો અને ફિલ્ટર્સ હંમેશા એક-થી-એક મેપ કરતા નથી, જેના કારણે કેટલાક પુનઃરૂપરેખાંકનોની જરૂર પડે છે, અને તમે ઈમેઈલમાં ઈન્સ્ટન્ટ ગૂગલ સર્ચ અથવા વર્કસ્પેસ સિનર્જી જેવા Gmail-વિશિષ્ટ લાભોની સીમલેસ ઍક્સેસ ગુમાવશો, જે જો તમે Google ઈકોસિસ્ટમમાં ઊંડાણપૂર્વક એમ્બેડેડ હોવ તો વર્કફ્લોને વિક્ષેપિત કરી શકે છે. સંપર્કો, બેંકો, સોશિયલ મીડિયા અને સબ્સ્ક્રિપ્શન્સમાં તમારા સરનામાંને અપડેટ કરવાથી થકવાડી નાખતો મેન્યુઅલ સ્તર ઉમેરાય છે, અને ફોરવર્ડ કરતી વખતે નવા મેઈલ્સ પકડાય છે, કોઈપણ અવગણનાનો અર્થ શરૂઆતમાં ચૂકી ગયેલા સંદેશાઓ હોઈ શકે છે.

**ઝોહો મેઈલ પર સ્વિચ કરવા માટે સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા**

૧. સ્વિચ શરૂ કરવું સીધું છેઃ ઝોહોની વેબસાઈટ પર જાઓ અને મફત એકાઉન્ટ માટે સાઈન અપ કરો અથવા તમારી જરૂરિયાતોના આધારે પેઈડ પ્લાન પસંદ કરો, જેમ કે વ્યાવસાયિકો માટે કસ્ટમ ડોમેન્સ.

૨. આગળ, IMAP ઍક્સેસને સક્ષમ કરીને [illegible] તૈયાર કરો—સેટિંગ્સમાં ડાઈવ કરો, ફોરવર્ડિંગ અને POP/IMAP દબાવો, અને IMAPને ટૉગલ કરો જેથી Zoho અવરોધ વિના તમારો ડેટા સુરક્ષિત રીતે ખેંચી શકે.

૩. એકવાર Zohoમાં લોગ ઈન થયા પછી, આયાત/નિકાસ વિભાગમાં નેવિગેટ કરો, સ્થળાંતર વિઝાર્ડ ખોલો, અને Gmailને સ્રોત તરીકે પસંદ કરો - તે તમારા ઈમેઈલ્સ, સરનામાં પુલ અને ફોલ્ડર માળખાને સુરક્ષિત, સ્વચાલિત પુલમાં ફેરવશે જે ડાઉનટાઈમ ઘટાડે છે.

૪. આયાત પૂર્ણ થયા પછી, ફોરવર્ડિંગને સક્રિય કરવા માટે Gmailની સેટિંગ્સ પર પાછા ફરો, બધા તાજા આવનારા મેઈલને સીધા તમારા Zoho ઈનબોક્સમાં રૂટ કરો જેથી કંઈપણ ખામીમાં ન આવે. છેલ્લે, આ વાત ફેલાવોઃ તમારા નવા Zoho સરનામાંથી મુખ્ય સંપર્કોને સૂચિત કરો અને તેને બેંકિંગ પોર્ટલ અને સોશિયલ પ્રોફાઈલ્સથી લઈને ન્યૂઝલેટર્સ સુધી દરેક જગ્યાએ અપડેટ કરો અને થોડાક જ દિવસોમાં સ્વચ્છ અને સંપૂર્ણ રીતે તેનાથી ટેવાઈ જાઓ. આ પગલાંઓ સાથે, તમારું સંક્રમણ એકીકૃત રીતે પૂર્ણ થશે, Zohoની સુરક્ષિત, મદદરૂપ સુવિધાઓનો લાભ મળવાનું ચાલુ થઈ જશે.

# રાજસ્થાન હાઈકોર્ટે મુકદ્દમાના નામની આગળ ઉલ્લેખિત "મહારાજા, મહામહિમ, નવાબ, અથવા મહારાણી અને રાજકુમારી" વગેરે જેવા 'ઉપસર્ગ' તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો

## રાજસ્થાનના રાજવીઓએ ૧૩ ઓક્ટોબર સુધીમાં 'મહારાજા' અથવા 'રાજકુમારી' જેવા નાબૂદ કરાયેલા ખિતાબનો ઉપયોગ કર્યા વિના અરજીઓ ફરીથી દાખલ કરવી પડશે

(એજન્સી) તા.૯

૧૯૭૧માં વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ખાનગી ખિતાબ નાબૂદ કર્યા હતા અને માનદ ઉપાધિઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો, ત્યારથી ભૂતપૂર્વ શાસકો મહારાજા, મહામહિમ, નવાબ, અથવા મહારાણી અને રાજકુમારી વગેરે જેવા ખિતાબનો 'સત્તાવાર રીતે' ઉપયોગ કરી શકતા નથી.

જયપુરના છેલ્લા રજવાડાના શાસકના વંશજો વચ્ચે છેલ્લા ૩૦ વર્ષથી કોર્ટમાં ચાલી રહેલા મિલકતના વિવાદોમાં, રાજવી વંશજોને નિયમિતપણે તેમના અગાઉના આદરણીય ખિતાબથી સંબોધવામાં આવે છે.

જોકે, રાજસ્થાન હાઈકોર્ટના જસ્ટિસ મહેન્દ્ર કુમાર ગોયલે કહ્યું છે કે જો કાનૂની દસ્તાવેજોમાં સુધારો કરવામાં ન આવે અને સન્માનપત્રો રદ કરવામાં ન આવે તો તેઓ તેમની સમક્ષની અરજીઓ ફગાવી દેશે. તેમણે નિર્દેશ કર્યો કે તેમનો કોઈ કાનૂની આધાર નથી, કારણ કે ૧૯૭૧માં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમણે જાહેર કર્યું કે કાનૂની દસ્તાવેજોમાં તેમનો ઉપયોગ ઘૃણાસ્પદ છે.

હાઈકોર્ટ અથવા તો રજિસ્ટ્રી કે ન તો અન્ય કોઈ ન્યાયાધીશે છેલ્લા ત્રણ દાયકા દરમિયાન થયેલા આ વિચલનની નોંધ લીધી છે. સામંતશાહી પ્રથાઓ એટલી ઊંડે સુધી છે કે સન્માનપત્રોનો ઉપયોગ કોઈ પણ આંખ મીંચીને થાય છે. જસ્ટિસ ગોયલના ચુકાદાએ સ્વાભાવિક રીતે જ ખળભળાટ મચાવ્યો છે અને હવે તે જયપુરમાં ચર્ચાનો વિષય બન્યો છે. ૧૯૪૭-૪૮માં જ્યારે પાંચસોથી વધુ રજવાડાઓનું ભારતના સંઘમાં વિલિનીકરણ થયું, ત્યારે તેમને યોગ્ય ખાનગી ખિતાબો અને સન્માનપત્રોના ઉપયોગ સહિત કેટલાક અન્ય વિશેષાધિકારો ઓફર કરવામાં આવ્યા હતા. ૧૯૭૧માં જ્યારે વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ ખાનગી ખિતાબ નાબૂદ કર્યા અને સન્માનના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો ત્યારથી, ભૂતપૂર્વ શાસકો મહારાજા, મહામહિમ, નવાબ, અથવા મહારાણી અને રાજકુમારી વગેરે જેવા ખિતાબનો 'સત્તાવાર' ઉપયોગ કરી શકતા નથી. કેન્દ્ર સરકારે ૧૯૭૧માં દલીલ કરી હતી કે ભૂતપૂર્વ શાસકોને ચૂકવણી અને વિશેષાધિકારો ભારતીય બંધારણના સમાજવાદી અને લોકશાહી સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. કેટલાક પસંદગીના લોકોને તેમના જન્મના આધારે વિશેષ ભથ્થાં અને વિશેષાધિકારો બંધારણમાં ગેરંટીકૃત સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે.

ન્યાયાધીશ મહેન્દ્ર કુમાર ગોયલે રાજવી વંશજોને "મહારાજ" અને 'રાજકુમારી' ઉપસર્ગ છોડી દેવા અથવા તેમની અરજીઓ બરતરફ કરવા માટે તૈયાર રહેવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે અવલોકન કર્યું કે, આવા સન્માનના શબ્દોનું કાનૂની દસ્તાવેજોમાં કોઈ સ્થાન નથી. 'કોર્ટના આદેશોનું પાલન કરવામાં નિષ્ફળતાનો અર્થ પક્ષકારોના સંદર્ભ વિના આપમેળે બરતરફ થશે.'

જયપુરના ભૂતપૂર્વ 'મહારાણી' સ્વ. ગાયત્રી દેવીના પુત્ર સ્વ. જગત સિંહ અને તેમના સાવકા પુત્ર પૃથ્વી રાજના કાનૂની વારસદારો દ્વારા ૨૦૦૧માં દાખલ કરાયેલી અરજીનો નિર્ણય લેતી વખતે આ આદેશ પસાર કરવામાં આવ્યો હતો. તેમણે જયપુરના ભૂતપૂર્વ શાસકોની માલિકીની મિલકતો માટે નગરપાલિકાઓ દ્વારા ઘરવેરાની વસૂલાતને પડકારી હતી. જગત સિંહ માટે 'મહારાજ' ઉપસર્ગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને 'રાજકુમારી' ઉપસર્ગનો ઉપયોગ રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી, સ્વ. બ્રિગેડિયર ભવાની સિંહની પુત્રી દિયા કુમારીનો ઉલ્લેખ કરવા માટે કરવામાં આવ્યો હતો.

# સુપ્રીમ કોર્ટે બિહાર કાનૂની સેવા સત્તામંડળને અંતિમ મતદાર યાદીમાંથી બાકાત કરાયેલા મતદારોને મદદ કરવા નિર્દેશ આપ્યો

## બેન્ચે જિલ્લા સંસ્થાઓને મતદારોને વિગતવાર અસ્વીકાર આદેશો સાથે અપીલ દાખલ કરવામાં મદદ કરવા કહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે બિહાર રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ (BSLSA)ને ચૂંટણી પંચમાં અપીલ દાખલ કરવામાં અંતિમ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા ૩.૬૬ લાખ મતદારોને મદદ કરવા માટે તેના જિલ્લા-સ્તરીય સંસ્થાઓને નિર્દેશો જારી કરવા કહ્યું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રાજકીય પક્ષો આ મામલામાં સામેલ થયા પછી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયત અંગે તેમની ફરિયાદો રજૂ કરશે તેવી અપેક્ષા છે, પરંતુ તેઓ સંતુષ્ટ દેખાય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, બિહારમાં મતદાર યાદીના SIR કવાયત પછી બાકાત રાખવામાં આવેલા મતદારો દ્વારા અપીલનો નિર્ણય નિર્ધારિત સમયની અંદર અને તર્કસંગત આદેશ સાથે લેવાનો પ્રશ્ન ૧૬ ઓકટોબરના રોજ સુનાવણીની આગામી તારીખે ધ્યાનમાં લેવામાં આવશે.

જસ્ટિસ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અપીલ દાખલ કરીને બાકાત રાખવામાં આવેલા મતદારોને મદદ કરવા માટે પેરા-લીગલ સ્વયંસેવકોની યાદી જાહેર કરશે અને ખાતરી કરશે કે તેમની પાસે તેમના નામ અસ્વીકારના વિગતવાર આદેશો છે. અમે ઈચ્છીએ છીએ કે, દરેકને અપીલ કરવાની વાજબી તક આપવામાં આવે અને તેમની પાસે તેમના નામ શા માટે બાકાત રાખવામાં આવ્યા છે તે અંગે વિગતવાર આદેશો હોવા જોઈએ. તે એક લીટીનો ગુપ્ત આદેશ ન હોવો જોઈએ.

વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ નિર્દેશ કર્યો કે અરજદાર NGO, 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ', જેણે બિહાર SIR કવાયતને પડકાર્યો હતો, તેણે એક વ્યક્તિની ખોટી વિગતો આપી હતી, જેણે દાવો કર્યો હતો કે, તેનું નામ અંતિમ યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યું છે. દ્વિવેદીએ ધ્યાન દોર્યું કે NGOના સોગંદનામામાં ઉલ્લેખ કરાયેલ વ્યક્તિનું નામ ડ્રાફ્ટ રોલમાં ન હતું અને તેમણે જે વિગતો આપી હતી તે કોઈ મહિલાની હતી. આ કાગળો કોર્ટને જે રીતે બતાવવામાં આવી રહ્યા છે તે આશ્ચર્યજનક છે. હવે તેઓએ એ વાર્તા છોડી દીધી છે કે, મુસ્લિમો સહિત મોટી સંખ્યામાં લોકોને બાકાત રાખવામાં આવ્યા હતા. હવે તે એક અલગ વાર્તા છે. જસ્ટિસ કાંતે કહ્યું કે, અમે વિચાર્યું હતું કે, અમે એવા લોકોને મદદ કરી શકીશું જેઓ ખરેખર અંતિમ યાદીમાં સામેલ થવા માંગે છે.

દ્વિવેદીએ કહ્યું કે, ADR તેના સોગંદનામામાં ઘણું કહી રહ્યું છે. તેઓ કેવી રીતે જાણે છે કે, કેટલા મુસ્લિમો અને અન્ય લોકો બાકાત છે ? હું કોર્ટ પાસેથી આદેશ માંગુ છું કે જેઓ અપીલ કરવા માંગે છે તેઓ આમ કરી શકે કારણ કે, પાંચ દિવસમાં વિન્ડો બંધ થઈ જશે. વિગતોનો અભ્યાસ કર્યા પછી બેન્ચે કહ્યું કે, અમને આશ્ચર્ય થાય છે કે, શું આવી કોઈ વ્યક્તિ અસ્તિત્વમાં છે.

એનજીઓ વતી હાજર રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે કહ્યું કે, આ વિગતો તેમને ખૂબ જ જવાબદાર વ્યક્તિ દ્વારા આપવામાં આવી હતી. બિહારની અંતિમ મતદાર યાદીમાં પોતાનું નામ ન હોવાનો દાવો કરનાર મતદારનું નામ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા નક્કી કરી શકાય છે. જસ્ટિસ કાંતે કહ્યું કે, BSLSA બૂથ લેવલ ઓફિસર્સ (BLO) પાસેથી ડેટા એકત્રિત કર્યા પછી બાકાત કરાયેલા મતદારોને તેમની અપીલ દાખલ કરવામાં મદદ કરશે અને જે મતદારોને બાકાત રાખવામાં આવ્યા છે તેઓ તેમના વિસ્તારોના પેરા-લીગલ સ્વયંસેવકોનો સંપર્ક કરી શકે છે. દ્વિવેદીએ ધ્યાન દોર્યું કે અત્યાર સુધી કોઈપણ મતદાર આગળ આવીને એવું કહેવા માટે આગળ આવ્યો નથી કે તેમને EC તરફથી તેમના નામ કેમ કાઢી નાખવામાં આવ્યા તે અંગેનો આદેશ મળ્યો નથી. બિહાર સ્થિત કેટલાક કાર્યકરો વતી હાજર રહેલા વકીલ વૃંદા ગ્રોવરે જણાવ્યું હતું કે, ૧૭ ઓકટોબરના રોજ મતદાર યાદી સ્થિર થઈ જશે કારણ કે, તે નામાંકન દાખલ કરવાની છેલ્લી તારીખ છે અને EC યોજના અનુસાર નામો નકારવા સામે અપીલનો નિર્ણય લેવા માટે કોઈ જોગવાઈ કે સમયમર્યાદા નથી.

૭ ઓકટોબરના રોજ સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને ૩.૬૬ લાખ મતદારોની વિગતો આપવા કહ્યું હતું જેઓ ડ્રાફ્ટ મતદાર યાદીમાં હતા પરંતુ બિહારની SIR કવાયત પછી તૈયાર કરાયેલ અંતિમ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા અને કોર્ટે કહ્યું હતું કે, આ બાબતે 'ગૂંચવણ' છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી પંચે બિહારની ચૂંટણી માટેની અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરતી વખતે જણાવ્યું હતું કે, મતદાર યાદીના SIR કવાયત પહેલા અંતિમ મતદાર યાદીમાં મતદારોની કુલ સંખ્યા ૭.૮૯ કરોડથી લગભગ ૪૭ લાખ ઘટીને ૭.૪૨ કરોડ થઈ ગઈ છે.

# વકીલોએ CJI ગવઈ પરના હુમલાનો વિરોધ કર્યો, AILUએ તેને ન્યાયતંત્ર પર આયોજિત હુમલો ગણાવ્યો

## સુપ્રીમ કોર્ટમાં CJI બી.આર. ગવઈ પર થયેલા હુમલા સામે ઓલ ઈન્ડિયા લોયર્સ યુનિયન અને અંધેરી કોર્ટના વકીલોએ મુંબઈમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું, AILUએ તેને ન્યાયતંત્ર પર RSS-પ્રેરિત વૈચારિક હુમલો અને CJI સામે જાતિગત ભેદભાવ ગણાવ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટ પરિસરમાં એડવોકેટ રાકેશ કિશોર દ્વારા ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બી.આર. ગવઈ પર થયેલા હુમલાના વિરોધમાં ગુરૂવારે (૯ ઓક્ટોબર) મુંબઈમાં CJM કોર્ટ સંકુલમાં ઓલ ઈન્ડિયા લોયર્સ યુનિયન (AILU) અને મુંબઈની અંધેરી કોર્ટના વકીલોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ૭૦થી વધુ વકીલોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. પોતાના સંબોધનમાં હિમાયતીઓએ આ ઘટનાની સખત નિંદા કરી અને ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે એકતાનું આહ્વાન કર્યું હતું.

AILUએ ૬ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટ રૂમ નં.૧માં બનેલી ઘટનાને 'ન્યાયતંત્ર પર આયોજિત હુમલો' ગણાવ્યો છે. સંગઠને જણાવ્યું હતું કે, 'સનાતન ધર્મ'ના નામે આચરવામાં આવેલું આ કૃત્ય ફક્ત એક વ્યક્તિના ગાંડપણનું પરિણામ નથી, પરંતુ RSS પ્રેરિત જમણેરી તત્ત્વો દ્વારા ન્યાયતંત્ર અને બંધારણના ધર્મનિરપેક્ષ પાયાને નબળું પાડવાના પ્રયાસનો એક ભાગ છે.

**૬ ઓક્ટોબરના રોજ શું થયું હતું ? :**

૬ ઓક્ટોબરના રોજ બંધારણીય બેંચમાં દિવસની પહેલી સુનાવણી શરૂ થયાના થોડા સમય પછી ૭૧ વર્ષીય વરિષ્ઠ વકીલ રાકેશ કિશોરે મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ પર જૂતું ફેંક્યું અને 'ભારત સનાતનનું અપમાન સહન કરશે નહીં' જેવા નારા લગાવ્યા હતા. જો કે, જૂતું મુખ્ય ન્યાયાધીશ સુધી પહોંચ્યું નહીં. મુખ્ય ન્યાયાધીશ ગવઈએ સંયમ દર્શાવતા કહ્યું કે, 'હું આવી બાબતોથી પ્રભાવિત થઈશ નહીં. કૃપા કરીને કાર્યવાહી ચાલુ રાખો.' ત્યારબાદ કોર્ટની કાર્યવાહી સામાન્ય રીતે ચાલુ રહી હતી.

સુરક્ષા કર્મચારીઓએ રાકેશ કિશોરની અટકાયત કરી હતી, પરંતુ ન્યાયાધીશ ગવઈએ તાત્કાલિક દંડાત્મક કાર્યવાહી કરવાનો ઈન્કાર કર્યા પછી તેમને છોડી દીધા હતા. જો કે, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ વ્યાવસાયિક આચરણના ગંભીર ઉલ્લંઘનને ટાંકીને વકીલનું લાઈસન્સ સસ્પેન્ડ કરી દીધું છે.

**'દલિત CJIને નિશાન બનાવવામાં આવ્યા' :**

એઆઈએલયુએ જણાવ્યું હતું કે, CJI ગવઈને તેમની દલિત પૃષ્ઠભૂમિને કારણે જાતિ ભેદભાવ માટે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ સંગઠન અનુસાર તાજેતરની સુનાવણી દરમિયાન CJI દ્વારા કાનૂની સંદર્ભમાં હિન્દુ દેવતા વિષ્ણુનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તેનું 'હિન્દુત્વવાદી દળો' દ્વારા ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું અને તેને 'સનાતન ધર્મનું અપમાન' તરીકે દર્શાવવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, આ ઘટના માત્ર CJI પર હુમલો નથી, પરંતુ દેશની લોકશાહી અને બિનસાંપ્રદાયિક પરંપરાઓ પર પણ હુમલો છે. સંગઠન અનુસાર નાથુરામ ગોડસે માનસિકતા ફરી એકવાર ન્યાયતંત્રને નિશાન બનાવી રહી છે, જે બંધારણના મૂળભૂત મૂલ્યોને જોખમમાં મૂકે છે.

**એઆઈએલયુની માગણીઓ અને યોજનાઓ :**

એઆઈએલયુએ આ સમગ્ર મામલાની તાત્કાલિક, નિષ્પક્ષ અને વ્યાપક તપાસની માંગ કરી છે જેથી માત્ર દોષિતોને જ નહીં પરંતુ તેની પાછળના કોઈપણ કાવતરાખોરોને પણ સજા મળી શકે. સંગઠને દેશભરના વકીલો અને નાગરિક સમાજને એક થવા અને વિરોધ કરવા, રેલીઓનું આયોજન કરવા અને ન્યાયતંત્રની સ્વતંત્રતાના રક્ષણ અને સુરક્ષા માટે પ્રણાલીગત સુધારાઓની માંગ કરવા હાકલ કરી છે. મહારાષ્ટ્રમાં ટૂંક સમયમાં શાંતિપૂર્ણ રેલીઓ અને ઓનલાઈન ઝુંબેશ શરૂ કરવામાં આવશે. AILU સુપ્રીમ કોર્ટ અને અન્ય ન્યાયિક સંસ્થાઓમાં આવા કૃત્યો સામે કડક દંડ અને સુધારાની માગણી કરતી અરજીઓ પણ દાખલ કરશે.

# ભાજપના નેતાએ CJI પર હુમલો કરવાનો પ્રયાસ કરનાર વકીલની પ્રશંસા કરી, તેમના વર્તનની ટીકા થતાં માફી માંગી

## બેંગ્લુરૂના પૂર્વ પોલીસ કમિશનર અને હવે ભાજપના નેતા ભાસ્કર રાવે ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ પર વકીલ રાકેશ કિશોર દ્વારા જૂતા ફેંકવાના ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું, 'જો કે, તે કાયદેસર અને સંપૂર્ણપણે ખોટું હતું પણ હું આ ઉંમરે વકીલની હિંમતની પ્રશંસા કરૂં છું કે, તેઓ પરિણામની પરવા કર્યા વિના સ્ટેન્ડ લે છે અને તેને વળગી રહે છે'

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

બેંગ્લુરૂના પૂર્વ પોલીસ કમિશનર અને ભાજપ નેતા ભાસ્કર રાવે ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બી.આર. ગવઈ પર વકીલ રાકેશ કિશોરના હુમલાની પ્રશંસા કરીને વિવાદ ઊભો કર્યો હતો. પૂર્વ આઈપીએસ અધિકારી અને ભાજપના નેતાએ રાકેશ કિશોરનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'કાયદેસર અને સંપૂર્ણપણે ખોટું હોવા છતાં આ ઉંમરે પરિણામની પરવા કર્યા વિના સ્ટેન્ડ લેવા અને તે માર્ગ પર ચાલવાની તમારી હિંમતની હું પ્રશંસા કરૂં છું.' નોંધનીય છે કે, ભાસ્કર રાવ ૨૦૨૩માં આમ આદમી પાર્ટી (AAP) છોડીને ભાજપમાં જોડાયા હતા. રાવ ૧૯૯૦ બેચના આઈપીએસ અધિકારી છે જેમણે ૨૦૧૯થી ૨૦૨૦ દરમિયાન બેંગ્લુરૂના પોલીસ કમિશનર તરીકે સેવા આપી હતી. તેમણે ૨૦૨૧માં સ્વૈચ્છિક નિવૃત્તિ માટે અરજી કરી હતી અને ૨૦૨૨માં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. એક વર્ષ કરતાં પણ ઓછા સમય પછી તેમણે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપમાં જોડાવા માટે પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું. જો કે, તેમની ટીકા થયા બાદ ભાસ્કર રાવે બુધવારે (૮ ઓક્ટોબર) માફી માંગી હતી. રાવે X પર લખ્યું કે, મારી પ્રતિક્રિયા આઘાત અને પ્રત્યાઘાતની હતી કે, એક વ્યક્તિ, આટલો શિક્ષિત અને વૃદ્ધ, આવા ભયંકર અને કાયદેસર રીતે ખોટા કૃત્યના પરિણામો સારી રીતે જાણતા હોવા છતાં આટલું ઘૃણાસ્પદ અને કાયદેસર રીતે ખોટું કૃત્ય કરે છે. મેં સુપ્રીમ કોર્ટ, મુખ્ય ન્યાયાધીશ અથવા કોઈપણ સમુદાયનું અપમાન કર્યું નથી. જો મારા ટ્વિટથી કોઈને દુઃખ થયું હોય કે નારાજ થયા હોય, તો મને માફ કરશો. ઉલ્લેખનીય છે કે, ૬ ઓક્ટોબરના રોજ રાકેશ કિશોરે સુપ્રીમ કોર્ટની અંદર CJI ગવઈ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાથી વ્યાપક આક્રોશ ફેલાયો હતો. વિવિધ પક્ષોના ઘણા નેતાઓએ આ ઘટનાની નિંદા કરી હતી, ખાસ કરીને કારણ કે, તે જાતિ આધારિત હેતુઓથી પ્રેરિત હોવાનું માનવામાં આવે છે કારણ કે, CJI ગવઈ દલિત સમુદાયના છે. આ ઘટના બાદ વકીલ રાકેશ કિશોરને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) દ્વારા તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. BCI પ્રમુખ મનનકુમાર મિશ્રા દ્વારા જારી કરાયેલા પત્રમાં કાઉન્સિલે જણાવ્યું હતું કે, કિશોરનું વર્તન વ્યાવસાયિક આચરણ અને શિષ્ટાચારના તેના ધોરણો અને કોર્ટની ગરિમા સાથે અસંગત હતું. સસ્પેન્શનના સમયગાળા દરમિયાન કિશોરને ભારતમાં કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા સત્તાવાળા સમક્ષ હાજર થવા, દલીલ કરવા અથવા પ્રેક્ટિસ કરવા પર પ્રતિબંધ છે. દરમિયાન આ ગુનેગાર વકીલ પોતાના કાર્ય માટે અડગ રહે છે અને દાવો કરે છે કે, આ કૃત્ય તેનું પોતાનું કાર્ય નથી પરંતુ દૈવી હસ્તક્ષેપથી પ્રેરિત હતું. કિશોરે કહ્યું કે, મને કોઈ અફસોસ નથી. મેં યોગ્ય કાર્ય કર્યું છે. મેં બધા પરિણામો ધ્યાનમાં લીધા કે મારે જેલમાં જવું પડશે, મારે ભોગવવું પડશે, પરંતુ તે ભગવાનના નામે હતું, કારણ કે, ભગવાન મને આ બધું કરવા માટે પ્રેરણા આપી રહ્યા હતા. મધ્યપ્રદેશના ખજુરાહો મંદિર સંકુલમાં ભગવાન વિષ્ણુની પ્રતિમાની પુનઃસ્થાપનાની માંગ કરતી જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશની તાજેતરની ટિપ્પણીથી કિશોર નારાજ થયા હોવાનું કહેવાય છે. જાહેર હિતની અરજીમાં મધ્યપ્રદેશના ખજુરાહોમાં એક વારસા સ્થળ પર ભગવાન વિષ્ણુની જર્જરિત પ્રતિમાની પુનઃસ્થાપનાની માંગ કરવામાં આવી હતી. અરજીને 'જાહેર હિતની અરજી' ગણાવતા ન્યાયાધીશ ગવઈએ ટિપ્પણી કરી, 'જાઓ અને ભગવાનને કંઈક કરવા માટે કહો. જો તમે કહો છો કે તમે ભગવાન વિષ્ણુના કટ્ટર ભક્ત છો, તો તમારે પ્રાર્થના અને ધ્યાન કરવું જોઈએ.' આ ઉપરાંત મોરેશિયસમાં બુલડોઝર ન્યાય વિરુદ્ધ CJI ગવઈની ટિપ્પણીઓથી કિશોર પણ નારાજ હતા. સમાચાર એજન્સી ANI સાથે વાત કરતા કિશોરે કહ્યું, મુખ્ય ન્યાયાધીશે વિચારવું જોઈએ કે, તેઓ આટલા ઉચ્ચ બંધારણીય પદ પર હોવાથી, તેમણે 'માય લોર્ડ' શબ્દનો અર્થ સમજવો જોઈએ અને તેની ગરિમા જાળવી રાખવી જોઈએ. તમે મોરેશિયસ જાઓ અને કહો કે દેશ બુલડોઝરથી ચલાવી શકાતો નથી. હું મુખ્ય ન્યાયાધીશ અને મારો વિરોધ કરનારાઓને પૂછું છું : શું યોગી આદિત્યનાથજી દ્વારા સરકારી મિલકત પર અતિક્રમણ કરનારાઓ સામે બુલડોઝર કાર્યવાહી ખોટી છે ? મને દુઃખ થયું છે.

# કાનપુરમાં માર્કેટમાં બોમ્બ ધડાકો થતાં ૮ વ્યક્તિઓ ઘાયલ, ધડાકાનું કારણ જાણવા માટે તપાસનો ધમધમાટ



## કઈ રીતે શેનાથી ધડાકો થયો તેની તપાસ કરી રહી છે ફોરેન્સિક ટીમો અને બેટરી તથા અન્ય સરંજામની ચકાસણી થઈ રહી છે, બોમ્બને શણના રેસાઓથી બાંધીને તેના ઉપર ફટાકડાના સ્ટીકર અને રેપર લગાડી દેવામાં આવ્યા હતા

(એજન્સી) કાનપુર, તા.૯

કાનપુરમાં અત્યંત ગીચ વસ્તીવાળા અને અવર-જવર વાળા મેસ્ટર્ન રોડ વિસ્તારમાં એક રમકડાની દુકાનની બહાર બોમ્બ ધડાકો થતા આઠ લોકોને ઈજાઓ થઈ હતી અને સંખ્યાબંધ દુકાનોને નુકસાન થયું હતું. રમકડાની દુકાનની બહાર બે સ્કૂટરમાં મૂકવામાં આવેલા બોમ્બનો વિસ્ફોટ થયો હતો. તેના કારણે દુકાનદારોમાં પણ ભારે ભય અને ગભરાટની લાગણી પ્રસરી વળી હતી તેમ પોલીસે જણાવ્યું હતું. બુધવારે આ ઘટના બની હતી અને કાનપુરના જાણીતા એવા રોડ ઉપર મુલગંજ પોલીસ મથક વિસ્તારમાં આવેલી મરકઝ મસ્જિદ નજીક જ સાંજે ૭:૩૦ વાગ્યાના સુમારે ધડાકો થયો હતો. બે સ્કૂટરમાં બે બોમ્બ હતા જેના વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે બોમ્બની કરચો આસપાસ ઉડી હતી અને ધડાકાનો અવાજ ૫૦ મીટર દૂર સુધી સંભળાયો હતો. અહીં જેટલી દુકાનો છે તેમાં બેઠેલા દુકાનદારો અને ખરીદી કરવા આવેલા ગ્રાહકોમાં ભગદોડ મચી ગઈ હતી અને સમગ્ર વિસ્તારમાં ધુમાડો ધુમાડો છવાઈ ગયો હતો. પોલીસ કમિશનર રઘુવીર લાલે જણાવ્યું હતું કે બે બોમ્બ ધડાકાથી આઠ લોકોને ઈજા થઈ હતી. બંને સ્કૂટરની ડીકીમાં બોમ્બ રાખી દેવાયા હતા. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ઘાયલ થયેલામાં એક વ્યક્તિ જે સ્કૂટરની માલિક છે તે અને એક કચરો વીણી રહેલી એક મહિલાની હાલત ગંભીર હોવાનું તેમણે જણાવ્યું હતું. સ્કૂટર માલિક તેના સ્કૂટર પાસે પહોંચ્યો ત્યારે ધડાકો થયો હતો અને એ સમયે એ મહિલા પણ ત્યાં કચરો વીણી રહી હતી એ બંનેને ખૂબ ગંભીર ઈજા થઈ છે.

જોઈન્ટ પોલીસ કમિશનર આશુતોષકુમારે જણાવ્યું હતું કે બંને ધડાકા હળવી માત્રાના હતા એવું દેખાય છે અને અમે બંને વાહનોના માલિકોની ઓળખ કરી લીધી છે અને એમની પૂછપરછ કરી રહ્યા છીએ. કેટલીક બેટરી અને અન્ય કેટલાક સાધન સાથે આ બોમ્બ બનાવવામાં આવ્યા હતા જેની ફોરેન્સિકની ટીમો ચકાસણી કરી રહી છે. પેટ્રોલની ટાંકીમાં બંને વિસ્ફોટક પદાર્થો છુપાવી દેવામાં આવ્યા હતા એવું પ્રારંભિક તપાસમાં ખુલ્યું છે અને જેના કારણે પેટ્રોલની સાથે ભળી જતા જોરદાર ધડાકો થયો હતો. બંને વિસ્ફોટક પદાર્થો પર શણની દોરીથી વીટી દેવામાં આવી હતી અને ઉપર ફટાકડાના રેપર લગાડી દેવામાં આવ્યા હતા જે સ્થળ પરથી પડી આવ્યા છે અને ધડાકાથી આસપાસ ૫૦ મી. વિસ્તારમાં કરચો ઉડી હતી તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. દાઝી જવાથી જેમને વધુ ગંભીર ઈજા થઈ છે તેમાં અશ્વિનીકુમાર (ઉં. ૫૦), સુહાના (ઉં. ૧૬), મુર્સલીન (ઉં. ૨૫), અબ્દુલ સતાર (ઉં. ૨૫), ભરત ભાટીયા (ઉં. ૩૦) અને એસ.કે. રઈસુદ્દીન (ઉં. ૪૦)નો સમાવેશ થાય છે. આ વિસ્ફોટથી આસપાસની ઘણી બધી દુકાનોને પણ નુકસાન થયું છે અને જેની દુકાનની બહાર બે ધડાકા થયા એ રમકડાની દુકાનના માલિક અબ્દુલ હમીદે જણાવ્યું હતું કે ખૂબ ઓછા અવાજ સાથે ધડાકો થયો હતો પરંતુ તેની તીવ્રતા એટલી હતી કે મારી દુકાનની છતની સીલીંગ નીચે તૂટી પડી હતી અને અંદર બધું વેરવિખેર થઈ ગયું હતું અને ધુમાડો પ્રસરી ગયો હતો અને ચારે તરફ ઉડેલા કાટમાળથી પણ લોકોને ઈજા થઈ હતી. મોહમ્મદ અવેશ નામના બીજા વેપારીએ જણાવ્યું હતું કે ધડાકો થયા પછી ભારે નાશભાગ મચી ગઈ હતી અને દુકાનદારો તથા ગ્રાહકો બચવા માટે આમથી તેમ દોડવા લાગ્યા હતા. અબ્દુલ અમીર અને મોહમ્મદ કેસની દુકાનોને પણ ભારે નુકસાન થયું હતું.

# Gmail વિરૂદ્ધ Zoho Mail : એકાઉન્ટ્સ સરળતાથી કેવી રીતે સ્વિચ કરવા | સ્ટેપ બાય સ્ટેપ માર્ગદર્શિકા

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના સત્તાવાર ઈમેઈલ Gmailમાંથી Zoho Mail પર સ્વિચ કર્યા છે, નાગરિકોને તેનું પાલન કરવા વિનંતી કરી છે

(એજન્સી) તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચલાવવામાં આવતી ભારતની સ્વદેશી ટેક ચળવળના હિંમતભર્યા સ્વીકારમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના સત્તાવાર ઈમેઈલ Gmailમાંથી Zoho Mail પર સ્વિચ કર્યા છે, નાગરિકોને ડેટા સાર્વભૌમત્વ વધારવા અને વિદેશી પ્લેટફોર્મ પર નિર્ભરતા ઘટાડવા માટે તેનું પાલન કરવા વિનંતી કરી છે. આ હાઈ-પ્રોફાઈલ પરિવર્તન યુએસ સાથે વધતા તણાવ વચ્ચે આવ્યું છે, જ્યાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના કડક પગલાંએ - ટેરિફ દરો અને કડક H-1B વિઝા પ્રતિબંધો સહિત - ભારતીય વ્યાવસાયિકો અને વ્યવસાયોને દબાવી દીધા છે, જેના કારણે ગોપનીયતા અને આર્થિક સ્વતંત્રતાને સુરક્ષિત રાખવા માટે Zoho જેવા સ્વદેશી વિકલ્પો અપનાવવામાં વધારો થયો છે.

**Gmail વિરૂદ્ધ Zoho Mail : મુખ્ય સુવિધાઓ અને મર્યાદાઓ :** ઝોહો મેઈલ પોતાને ગોપનીયતા-પ્રથમ પાવરહાઉસ તરીકે ઓળખાવે છે, Gmailના જાહેરાત-સંચાલિત મોડેલથી વિપરીત જાહેરાત મુક્ત સ્વચ્છ, સુરક્ષિત ઈનબોક્સ છે જે લક્ષિત જાહેરાતો માટે ઈમેઈલ્સ સ્કેન કરતું નથી, મજબૂત TLS એન્ક્રિપ્શન પૂરૂં પાડે છે અને સાયબર જોખમોને રોકવા માટે ડિજિટલ હસ્તાક્ષરો માટે વૈકલ્પિક S/MIME સુવિધા પણ પૂરી પાડે છે. ઉત્તમ સુવિધાઓમાં સ્ટ્રીમ્સ, ટીમ પોસ્ટ્સ, ટાસ્ક અસાઈનમેન્ટ્સ અને ઈવેન્ટ્સ માટે એક સહયોગી સામાજિક ફીડ, એક જ સાહજિક દૃશ્યમાં; સ્માર્ટ ફિલ્ટર્સ જે તમારા પ્રાથમિક ઈનબોક્સને ડિક્લટર કરવા માટે સૂચનાઓ અને ન્યૂઝલેટર્સને જાતે જ વિભાજિત કરે છે; અને કેલેન્ડર, ટાસ્ક, નોટ્સ, કોન્ટેક્ટ્સ અને બુકમાર્ક્સ જેવા સંકલિત સાધનો, જે સુવ્યવસ્થિત વર્કફ્લો માટે એક એપ્લિકેશનમાંથી બીજી એપ્લિકેશનમાં સ્વિચિંગ વિના સુલભ છે. તે વિશાળ 1GB જોડાણોને સપોર્ટ કરે છે-મોટી ફાઈલોને શેર કરી શકાય તેવી લિંક્સમાં સ્વતઃ-રૂપાંતરિત કરે છે-અને મોકલ્યા પછી પણ ઈમેઈલ પરત ખેંચી લેવાની સુવિધા ઓફર કરે છે, પ્રાપ્તકર્તાઓને નિયંત્રણના તે વધારાના સ્તર માટે સૂચિત કરે છે જ્યારે Gmailનું સમય-મર્યાદિત અનડુ સેન્ડ મેચ કરી શકતું નથી. કસ્ટમ ડોમેન હોસ્ટિંગ, જાહેરાત-મુક્ત ઈન્ટરફેસ અને એન્ટરપ્રાઈઝ લાભો જેમ કે બેકઅપ માટે ઈમેઈલ રીટેન્શન અને પાલન માટે eDiscovery તેની અપીલને પૂર્ણ કરે છે, ખાસ કરીને વ્યવસાયો માટે, વ્યક્તિઓ માટે મફત સ્તરો અને સ્કેલેબલ પેઈડ પ્લાન સાથે એકદમ ઓછી કિંમતે શરૂઆત થાય છે. મોબાઈલ પર, મેઈલ, સ્ટ્રીમ્સ અને એડમિન કાર્યો માટે સમર્પિત Android અને iOS એપ્લિકેશનો બધું તમારી આંગળીના ટેરવે રાખે છે. જોકે, ઝોહોમાં કોઈ ગેરફાયદા નથી એવું પણ નથીઃ તેમાં ડ્રાઈવ અથવા કીપ જેવા ગૂગલ વર્કસ્પેસ ટૂલ્સ સાથે Gmail ના ઊંડા સંબંધોનો અભાવ છે, જેનો અર્થ એ છે કે સ્વિચ પછી તે એકીકરણ અદૃશ્ય થઈ જાય છે, અને જ્યારે સ્થળાંતર મોટાભાગના ડેટાને સાચવે છે, ત્યારે કસ્ટમ લેબલ્સ અથવા ફિલ્ટર્સ સરળતાથી ટ્રાન્સફર થઈ શકતી નથી, જેના માટે પાવર વપરાશકર્તાઓ માટે વ્યક્તિગત જાફામારીની જરૂર પડી શકે છે.

**Gmail થી Zoho Mail પર સ્વિચ કરવામાં પડકારો :** સારા સમાચાર એ છે કે Gmailથી Zoho Mail પર સ્વિચ કરવું મોટાભાગે મુશ્કેલી-મુક્ત છે, Zohoના માઈગ્રેશન વિઝાર્ડ ડેટા ગુમાવ્યા વિના ઈમેઈલ્સ, સંપર્કો અને ફોલ્ડર્સને હેન્ડલ કરે છે, જે મોટાભાગના વપરાશકર્તાઓ માટે તેને સરળ રાઈડ બનાવે છે - ખાસ કરીને ભૂતકાળના સ્થળાંતરની તુલનામાં જે ઘણીવાર અણઘડ લાગતા હતા. તેમ છતાં, Gmailનો ભારે ઉપયોગ કરનારા અનુભવીઓ માટે પડકારો ઉભા થઈ શકે છેઃ દાયકા જૂના એકાઉન્ટ્સમાંથી મોટા આર્કાઈવ્સ આયાત દરમિયાન વિલંબ અથવા અપૂર્ણ ટ્રાન્સફરનો સામનો કરવો પડી શકે છે, કારણ કે પ્રક્રિયા IMAP દ્વારા ડેટા ખેંચે છે અને ટેરાબાઈટ ઈમેઈલ્સ માટે કલાકો કે દિવસો લાગી શકે છે. લેબલ્સ, નિયમો અને ફિલ્ટર્સ હંમેશા એક-થી-એક મેપ કરતા નથી, જેના કારણે કેટલાક પુનઃરૂપરેખાંકનોની જરૂર પડે છે, અને તમે ઈમેઈલમાં ઈન્સ્ટન્ટ ગૂગલ સર્ચ અથવા વર્કસ્પેસ સિનર્જી જેવા Gmail-વિશિષ્ટ લાભોની સીમલેસ ઍક્સેસ ગુમાવશો, જે જો તમે Google ઈકોસિસ્ટમમાં ઊંડાણપૂર્વક એમ્બેડેડ હોવ તો વર્કફ્લોને વિક્ષેપિત કરી શકે છે. સંપર્કો, બેંકો, સોશિયલ મીડિયા અને સબ્સ્ક્રિપ્શન્સમાં તમારા સરનામાંને અપડેટ કરવાથી થકવાડી નાખતો મેન્યુઅલ સ્તર ઉમેરાય છે, અને ફોરવર્ડ કરતી વખતે નવા મેઈલ્સ પકડાય છે, કોઈપણ અવગણનાનો અર્થ શરૂઆતમાં ચૂકી ગયેલા સંદેશાઓ હોઈ શકે છે.

**ઝોહો મેઈલ પર સ્વિચ કરવા માટે સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા**

૧. સ્વિચ શરૂ કરવું સીધું છેઃ ઝોહોની વેબસાઈટ પર જાઓ અને મફત એકાઉન્ટ માટે સાઈન અપ કરો અથવા તમારી જરૂરિયાતોના આધારે પેઈડ પ્લાન પસંદ કરો, જેમ કે વ્યાવસાયિકો માટે કસ્ટમ ડોમેન્સ.

૨. આગળ, IMAP ઍક્સેસને સક્ષમ કરીને પ્દ્ભૈૈજ્ઞ તૈયાર કરો—સેટિંગ્સમાં ડાઈવ કરો, ફોરવર્ડિંગ અને POP/IMAP દબાવો, અને IMAPને ટૉગલ કરો જેથી Zoho અવરોધ વિના તમારો ડેટા સુરક્ષિત રીતે ખેંચી શકે.

૩. એકવાર Zohoમાં લોગ ઈન થયા પછી, આયાત/નિકાસ વિભાગમાં નેવિગેટ કરો, સ્થળાંતર વિઝાર્ડ ખોલો, અને Gmailને સ્રોત તરીકે પસંદ કરો - તે તમારા ઈમેઈલ્સ, સરનામાં પુલ અને ફોલ્ડર માળખાને સુરક્ષિત, સ્વચાલિત પુલમાં ફેરવશે જે ડાઉનટાઈમ ઘટાડે છે.

૪. આયાત પૂર્ણ થયા પછી, ફોરવર્ડિંગને સક્રિય કરવા માટે Gmailની સેટિંગ્સ પર પાછા ફરો, બધા તાજા આવનારા મેઈલને સીધા તમારા Zoho ઈનબોક્સમાં રૂટ કરો જેથી કંઈપણ ખામીમાં ન આવે. છેલ્લે, આ વાત ફેલાવોઃ તમારા નવા Zoho સરનામાંથી મુખ્ય સંપર્કોને સૂચિત કરો અને તેને બેંકિંગ પોર્ટલ અને સોશિયલ પ્રોફાઈલ્સથી લઈને ન્યૂઝલેટર્સ સુધી દરેક જગ્યાએ અપડેટ કરો અને થોડાક જ દિવસોમાં સ્વચ્છ અને સંપૂર્ણ રીતે તેનાથી ટેવાઈ જાઓ. આ પગલાંઓ સાથે, તમારું સંક્રમણ એકીકૃત રીતે પૂર્ણ થશે, Zohoની સુરક્ષિત, મદદરૂપ સુવિધાઓનો લાભ મળવાનું ચાલુ થઈ જશે.

# રાજસ્થાન હાઈકોર્ટે મુકદમાના નામની આગળ ઉલ્લેખિત "મહારાજા, મહામહિમ, નવાબ, અથવા મહારાણી અને રાજકુમારી" વગેરે જેવા 'ઉપસર્ગ' તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો

## રાજસ્થાનના રાજવીઓએ ૧૩ ઓક્ટોબર સુધીમાં 'મહારાજા' અથવા 'રાજકુમારી' જેવા નાબૂદ કરાયેલા ખિતાબનો ઉપયોગ કર્યા વિના અરજીઓ ફરીથી દાખલ કરવી પડશે

(એજન્સી) તા.૯

૧૯૭૧માં વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ખાનગી ખિતાબ નાબૂદ કર્યા હતા અને માનદ ઉપાધિઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો, ત્યારથી ભૂતપૂર્વ શાસકો મહારાજા, મહામહિમ, નવાબ, અથવા મહારાણી અને રાજકુમારી વગેરે જેવા ખિતાબનો 'સત્તાવાર રીતે' ઉપયોગ કરી શકતા નથી.

જયપુરના છેલ્લા રજવાડાના શાસકના વંશજો વચ્ચે છેલ્લા ૩૦ વર્ષથી કોર્ટમાં ચાલી રહેલા મિલકતના વિવાદોમાં, રાજવી વંશજોને નિયમિતપણે તેમના અગાઉના આદરણીય ખિતાબથી સંબોધવામાં આવે છે. જોકે, રાજસ્થાન હાઈકોર્ટના જસ્ટિસ મહેન્દ્ર કુમાર ગોયલે કહ્યું છે કે જો કાનૂની દસ્તાવેજોમાં સુધારો કરવામાં ન આવે અને સન્માનપત્રો રદ કરવામાં ન આવે તો તેઓ તેમની સમક્ષની અરજીઓ ફગાવી દેશે. તેમણે નિર્દેશ કર્યો કે તેમનો કોઈ કાનૂની આધાર નથી, કારણ કે ૧૯૭૧માં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમણે જાહેર કર્યું કે કાનૂની દસ્તાવેજોમાં તેમનો ઉપયોગ ઘૃણાસ્પદ છે. હાઈકોર્ટ અથવા તો રજિસ્ટ્રી કે ન તો અન્ય કોઈ ન્યાયાધીશે છેલ્લા ત્રણ દાયકા દરમિયાન થયેલા આ વિચલનની નોંધ લીધી છે. સામંતશાહી પ્રથાઓ એટલી ઊંડે સુધી છે કે સન્માનપત્રોનો ઉપયોગ કોઈ પણ આંખ મીંચીને થાય છે. જસ્ટિસ ગોયલના ચુકાદાએ સ્વાભાવિક રીતે જ ખળભળાટ મચાવ્યો છે અને હવે તે જયપુરમાં ચર્ચાનો વિષય બન્યો છે. ૧૯૪૭-૪૮માં જ્યારે પાંચસોથી વધુ રજવાડાઓનું ભારતના સંઘમાં વિલિનીકરણ થયું, ત્યારે તેમને યોગ્ય ખાનગી ખિતાબો અને સન્માનપત્રોના ઉપયોગ સહિત કેટલાક અન્ય વિશેષાધિકારો ઓફર કરવામાં આવ્યા હતા. ૧૯૭૧માં જ્યારે વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ ખાનગી ખિતાબ નાબૂદ કર્યા અને સન્માનના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો ત્યારથી, ભૂતપૂર્વ શાસકો મહારાજા, મહામહિમ, નવાબ, અથવા મહારાણી અને રાજકુમારી વગેરે જેવા ખિતાબનો 'સત્તાવાર' ઉપયોગ કરી શકતા નથી. કેન્દ્ર સરકારે ૧૯૭૧માં દલીલ કરી હતી કે ભૂતપૂર્વ શાસકોને ચૂકવણી અને વિશેષાધિકારો ભારતીય બંધારણના સમાજવાદી અને લોકશાહી સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. કેટલાક પસંદગીના લોકોને તેમના જન્મના આધારે વિશેષ ભથ્થાં અને વિશેષાધિકારો બંધારણમાં ગેરંટીકૃત સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે.

ન્યાયાધીશ મહેન્દ્ર કુમાર ગોયલે રાજવી વંશજોને "મહારાજ" અને 'રાજકુમારી' ઉપસર્ગ છોડી દેવા અથવા તેમની અરજીઓ બરતરફ કરવા માટે તૈયાર રહેવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે અવલોકન કર્યું કે, આવા સન્માનના શબ્દોનું કાનૂની દસ્તાવેજોમાં કોઈ સ્થાન નથી. 'કોર્ટના આદેશોનું પાલન કરવામાં નિષ્ફળતાનો અર્થ પક્ષકારોના સંદર્ભ વિના આપમેળે બરતરફ થશે.'

જયપુરના ભૂતપૂર્વ 'મહારાણી' સ્વ. ગાયત્રી દેવીના પુત્ર સ્વ. જગત સિંહ અને તેમના સાવકા પુત્ર પૃથ્વી રાજના કાનૂની વારસદારો દ્વારા ૨૦૦૧માં દાખલ કરાયેલી અરજીનો નિર્ણય લેતી વખતે આ આદેશ પસાર કરવામાં આવ્યો હતો. તેમણે જયપુરના ભૂતપૂર્વ શાસકોની માલિકીની મિલકતો માટે નગરપાલિકાઓ દ્વારા ઘરવેરાની વસૂલાતને પડકારી હતી. જગત સિંહ માટે 'મહારાજ' ઉપસર્ગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને 'રાજકુમારી' ઉપસર્ગનો ઉપયોગ રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી, સ્વ. બ્રિગેડિયર ભવાની સિંહની પુત્રી દિયા કુમારીનો ઉલ્લેખ કરવા માટે કરવામાં આવ્યો હતો.

### નોરતામાં થયેલા ઝઘડા બાદ

# બહિયલમાં તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરાયા

## ૫૧ દબાણ કરનારાઓને નોટિસ આપી બે દિવસમાં દબાણો ખાલી કરવાની નોટિસ પાઠવાઈ હતી, જો કે, સમયમર્યાદા પૂરી થતાં તંત્રએ કરી કાર્યવાહી



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

ગાંધીનગરના દહેગામના બહિયલમાં પોલીસ અને તંત્ર દ્વારા ગુરૂવારે ગેરકાયદે બાંધકામો પર બુલડોઝરની કાર્યવાહી કરી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ કાર્યવાહી નવરાત્રિ દરમિયાન બીજા નોરતાની રાત્રે થયેલી હિંસાના ભાગરૂપે કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, નવરાત્રિના બીજા નોરતે રાત્રિ બહિયલ ગામમાં સોશિયલ મીડિયા પોસ્ટને લઈને બે જૂથ વચ્ચે ઝઘડો થયો હતો. ગરબાના કાર્યક્રમ દરમિયાન પથ્થરમારાની ઘટના થઈ હતી અને બાદમાં રોષે ભરાયેલા ટોળાએ ચાર દુકાનોમાં આગ ચાંપી દીધી હતી. આ હિંસા દરમિયાન પોલીસે કાર્યવાહી કરી તો ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો. પોલીસે ભારે જહેમત બાદ મામલો થાળે પાડ્યો હતો અને બાદમાં ૮૩ લોકો સામે નામજોગ અને આશરે ૨૦૦ જેટલાં અજાણ્યા તત્ત્વો સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે અત્યાર સુધીમાં ૬૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. હવે આ મામલે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. સોમવારે (૬ ઓક્ટોબર) ૫૧ દબાણ કરનારાઓને નોટિસ આપી બે દિવસમાં દબાણો ખાલી કરવાની નોટિસ પાઠવવામાં આવી હતી. જોકે, સમય મર્યાદા પૂર્ણ થતા આજે માર્ગ અને મકાન વિભાગ, જિલ્લા પંચાયત તેમજ પોલીસ તંત્રની ટીમે ગામમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી છે. તંત્ર દ્વારા હાલ ગામમાં પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે. હાલમાં ગામમાં સિનિયર પોલીસ અધિકારીઓનો કાફલો છે અને CCTV ફૂટેજના આધારે વધુ તત્ત્વોની ઓળખ પ્રક્રિયા ચાલુ છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિકારીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

# સુપ્રીમ કોર્ટે બિહાર કાનૂની સેવા સત્તામંડળને અંતિમ મતદાર યાદીમાંથી બાકાત કરાયેલા મતદારોને મદદ કરવા નિર્દેશ આપ્યો

## બેન્ચે જિલ્લા સંસ્થાઓને મતદારોને વિગતવાર અસ્વીકાર આદેશો સાથે અપીલ દાખલ કરવામાં મદદ કરવા કહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે બિહાર રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ (BSLSA)ને ચૂંટણી પંચમાં અપીલ દાખલ કરવામાં અંતિમ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા ૩.૬૬ લાખ મતદારોને મદદ કરવા માટે તેના જિલ્લા-સ્તરીય સંસ્થાઓને નિર્દેશો જારી કરવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રાજકીય પક્ષો આ મામલામાં સામેલ થયા પછી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયત અંગે તેમની ફરિયાદો રજૂ કરશે તેવી અપેક્ષા છે, પરંતુ તેઓ સંતુષ્ટ દેખાય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, બિહારમાં મતદાર યાદીના SIR કવાયત પછી બાકાત રાખવામાં આવેલા મતદારો દ્વારા અપીલનો નિર્ણય નિર્ધારિત સમયની અંદર અને તર્કસંગત આદેશ સાથે લેવાનો પ્રશ્ન ૧૬ ઓક્ટોબરના રોજ સુનાવણીની આગામી તારીખે ધ્યાનમાં લેવામાં આવશે. જસ્ટિસ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અપીલ દાખલ કરીને બાકાત રાખવામાં આવેલા મતદારોને મદદ કરવા માટે પેરા-લીગલ સ્વયંસેવકોની યાદી જાહેર કરશે અને ખાતરી કરશે કે તેમની પાસે તેમના નામ અસ્વીકારના વિગતવાર આદેશો છે. અમે ઈચ્છીએ છીએ કે, દરેકને અપીલ કરવાની વાજબી તક આપવામાં આવે અને તેમની પાસે તેમના નામ શા માટે બાકાત રાખવામાં આવ્યા છે તે અંગે વિગતવાર આદેશો હોવા જોઈએ. તે એક લીટીનો ગુપ્ત આદેશ ન હોવો જોઈએ. વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ નિર્દેશ કર્યો કે અરજદાર NGO, 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ', જેણે બિહાર SIR કવાયતને પડકાર્યો હતો, તેણે એક વ્યક્તિની ખોટી વિગતો આપી હતી, જેણે દાવો કર્યો હતો કે, તેનું નામ અંતિમ યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યું છે. દ્વિવેદીએ ધ્યાન દોર્યું કે NGOના સોગંદનામામાં ઉલ્લેખ કરાયેલ વ્યક્તિનું નામ ડ્રાફ્ટ રોલમાં ન હતું અને તેમણે જે વિગતો આપી હતી તે કોઈ મહિલાની હતી. આ કાગળો કોર્ટને જે રીતે બતાવવામાં આવી રહ્યા છે તે આશ્ચર્યજનક છે. હવે તેઓએ એ વાર્તા છોડી દીધી છે કે, મુસ્લિમો સહિત મોટી સંખ્યામાં લોકોને બાકાત રાખવામાં આવ્યા હતા. હવે તે એક અલગ વાર્તા છે. જસ્ટિસ કાંતે કહ્યું કે, અમે વિચાર્યું હતું કે, અમે એવા લોકોને મદદ કરી શકીશું જેઓ ખરેખર અંતિમ યાદીમાં સામેલ થવા માંગે છે. દ્વિવેદીએ કહ્યું કે, ADR તેના સોગંદનામામાં ઘણું કહી રહ્યું છે. તેઓ કેવી રીતે જાણે છે કે, કેટલા મુસ્લિમો અને અન્ય લોકો બાકાત છે ? હું કોર્ટ પાસેથી આદેશ માંગુ છું કે જેઓ અપીલ કરવા માંગે છે તેઓ આમ કરી શકે કારણ કે, પાંચ દિવસમાં વિન્ડો બંધ થઈ જશે. વિગતોનો અભ્યાસ કર્યા પછી બેન્ચે કહ્યું કે, અમને આશ્ચર્ય થાય છે કે, શું આવી કોઈ વ્યક્તિ અસ્તિત્વમાં છે. એનજીઓ વતી હાજર રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે કહ્યું કે, આ વિગતો તેમને ખૂબ જ જવાબદાર વ્યક્તિ દ્વારા આપવામાં આવી હતી. બિહારની અંતિમ મતદાર યાદીમાં પોતાનું નામ ન હોવાનો દાવો કરનાર મતદારનું નામ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા નક્કી કરી શકાય છે.

જસ્ટિસ કાંતે કહ્યું કે, BSLSA બૂથ લેવલ ઓફિસર્સ (BLO) પાસેથી ડેટા એકત્રિત કર્યા પછી બાકાત કરાયેલા મતદારોને તેમની અપીલ દાખલ કરવામાં મદદ કરશે અને જે મતદારોને બાકાત રાખવામાં આવ્યા છે તેઓ તેમના વિસ્તારોના પેરા-લીગલ સ્વયંસેવકોનો સંપર્ક કરી શકે છે. દ્વિવેદીએ ધ્યાન દોર્યું કે અત્યાર સુધી કોઈપણ મતદાર આગળ આવીને એવું કહેવા માટે આગળ આવ્યો નથી કે તેમને EC તરફથી તેમના નામ કેમ કાઢી નાખવામાં આવ્યા તે અંગેનો આદેશ મળ્યો નથી. બિહાર સ્થિત કેટલાક કાર્યકરો વતી હાજર રહેલા વકીલ વૃંદા ગ્રોવરે જણાવ્યું હતું કે, ૧૭ ઓક્ટોબરના રોજ મતદાર યાદી સ્થિર થઈ જશે કારણ કે, તે નામાંકન દાખલ કરવાની છેલ્લી તારીખ છે અને EC યોજના અનુસાર નામો નકારવા સામે અપીલનો નિર્ણય લેવા માટે કોઈ જોગવાઈ કે સમયમર્યાદા નથી. ૭ ઓક્ટોબરના રોજ સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને ૩.૬૬ લાખ મતદારોની વિગતો આપવા કહ્યું હતું જેઓ ડ્રાફ્ટ મતદાર યાદીમાં હતા પરંતુ બિહારની SIR કવાયત પછી તૈયાર કરાયેલ અંતિમ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા અને કોર્ટે કહ્યું હતું કે, આ બાબતે 'ગૂંચવણ' છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી પંચે બિહારની ચૂંટણી માટેની અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરતી વખતે જણાવ્યું હતું કે, મતદાર યાદીના SIR કવાયત પહેલા અંતિમ મતદાર યાદીમાં મતદારોની કુલ સંખ્યા ૭.૮૯ કરોડથી લગભગ ૪૭ લાખ ઘટીને ૭.૪૨ કરોડ થઈ ગઈ છે.

જો કે, અંતિમ આંકડો ૧ ઓગસ્ટના રોજ જારી કરાયેલ ડ્રાફ્ટ યાદીમાં નામ ધરાવતા ૭.૨૪ કરોડ મતદારોથી ૧૭.૮૭ લાખનો વધારો થયો છે, જેમાં મૃત્યુ, સ્થળાંતર અને મતદારોના ડુપ્લિકેશન સહિત વિવિધ કારણોસર મૂળ યાદીમાંથી ૬૫ લાખ મતદારોને દૂર કરવામાં આવ્યા હતા. ડ્રાફ્ટ યાદીમાં ૨૧.૫૩ લાખ નવા મતદારો ઉમેરવામાં આવ્યા છે, ત્યારે ૩.૬૬ લાખ નામો દૂર કરવામાં આવ્યા છે, જેના પરિણામે ૧૭.૮૭ લાખનો ચોખ્ખો વધારો થયો છે. બિહારમાં ૨૪૩ સભ્યોની વિધાનસભામાંથી ૧૨૧ બેઠકો પર ૬ નવેમ્બરે વિધાનસભા ચૂંટણી યોજાશે, જ્યારે બાકીની ૧૨૨ બેઠકો પર ૧૧ નવેમ્બરે મતદાન થશે. મતગણતરી ૧૪ નવેમ્બરે થશે.

ઉત્તર ગુજરાતની VGRCનો શાનદાર પ્રારંભ થયો; કેન્દ્રીય રેલવે મંત્રીની ઉપસ્થિતિ

# મુખ્યમંત્રીએ પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો મહેસાણા જિલ્લાથી કરાવ્યો પ્રારંભ






**૨૪ વર્ષમાં ૬૮.૯ બિલિયન યુ.એસ. ડૉલર FDI અને દેશના વૈશ્વિક ઉત્પાદનમાં ગુજરાત ૧૮ ટકાના ફાળા સાથે અગ્રેસર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**

**અશ્વિની વૈષ્ણવે કહ્યું; ઓગસ્ટ ૨૦૨૭ સુધીમાં બુલેટ ટ્રેન શરૂ કરવાનું લક્ષ્ય**

**છેલ્લા ૧૧ વર્ષમાં ગુજરાતમાં ૨૭૬૪ કિ.મી.ના નવા રેલવે ટ્રેક બન્યા, રાજ્યમાં રૂા.૧.૪૬ લાખ કરોડનું મૂડીરોકાણ આવ્યું : કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ**

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુરૂવારે પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સનો મહેસાણા જિલ્લાથી પ્રારંભ કરાવ્યો હતો.

વાઈબ્રન્ટ ગુજરાતની રિજનલ કોન્ફરન્સની શૃંખલામાં ઉત્તર ગુજરાતની વીજીઆરસીનો પ્રારંભ મહેસાણાની ગણપત યુનિવર્સિટીના પરિસરથી થયો છે. આ બે દિવસીય કોન્ફરન્સના ઉદ્ઘાટન સત્રમાં કેન્દ્રીય રેલવે અને માહિતી- પ્રસારણ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમંત્રી મંડળના વરિષ્ઠ મંત્રીઓ તથા દેશ-વિદેશના વિવિધ ડેલિગેટ્સ તેમજ અગ્રણી ઉદ્યોગપતિઓ પણ આ ઉદ્ઘાટન સત્રમાં જોડાયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણામાં ઉત્તર ગુજરાતના પ્રદેશની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ આ પ્રસંગે યોજાયેલા ટ્રેડ શો અને પ્રદર્શનને પણ ખુલ્લું મૂક્યું હતું.

'રિજનલ એસ્પિરેશન્સ, ગ્લોબલ એમ્બિશન્સ'ના ધ્યેયમંત્ર સાથે મહેસાણામાં શરૂ થયેલા બે દિવસીય પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રીના હસ્તે નવા જીઆઈડીસી એસ્ટેટ્સ અને સ્માર્ટ જીઆઈડીસીની જાહેરાત કરવામાં આવી હતી. ઉત્તર ગુજરાત સહિત અન્ય રિજિયનના ઈકોનોમિક માસ્ટર પ્લાન સહિત સંતુલિત પ્રાદેશિક વિકાસના ધ્યેય સાથે GRIT દ્વારા તૈયાર કરાયેલા ઉત્તર ગુજરાત અને અન્ય રિજિયનના ઈકોનોમિક માસ્ટર પ્લાનની બુકનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન સમારોહમાં એમઓયુ અને સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કરારો પણ એક્સચેન્જ કરવામાં આવ્યા હતા. આ માસ્ટર પ્લાન ગુજરાતના ૩૩ જિલ્લામાં સંતુલિત પ્રાદેશિક વિકાસ દ્વારા રાજ્યની અર્થવ્યવસ્થાને વર્તમાન ૨૮૦ બિલિયન ડૉલર (નાણાકીય વર્ષ ૨૦૨૩)ના કદથી વધારીને ૩.૫ ટ્રિલિયન ડૉલરથી વધુ સુધી પહોંચાડવાના મહત્ત્વકાંક્ષી લક્ષ્યને સિદ્ધ કરવાનો રોડમેપ છે.

આ પ્રાદેશિક માસ્ટર પ્લાન્સ દરેક ક્ષેત્રની સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓને અનુરૂપ, ફ્યુચરિસ્ટિક સેક્ટરને લક્ષ્ય બનાવશે. આ અવસરે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ, રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુત, કૃષિમંત્રી રાઘવજી પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી તથા જાણીતા ઉદ્યોગકારો, વિવિધ દેશોના રાજદૂતો, વૈશ્વિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેપારી રાજ્ય તરીકેની ઓળખ બદલવા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૩થી એક અભિનવ પહેલ રૂપે શરૂ કરાવેલી વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોતર સફળતાથી ગુજરાત 'ગ્લોબલ ગેટ વે ટુ ધી ફ્યુચર' બન્યું છે. એટલું જ નહીં ૨૪ વર્ષમાં ૬૮.૯ બિલિયન યુ.એસ ડોલર એફડીઆઈ અને દેશના વૈશ્વિક ઉત્પાદનમાં ગુજરાત ૧૮ ટકાના ફાળા સાથે અગ્રેસર છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશના વિકાસના રોલ મોડલ ગુજરાતની જે પ્રાદેશિક વિશેષતાઓ અને ઉદ્યોગિક ઉત્પાદન ક્ષમતા છે, તેને પણ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા વડાપ્રધાનની પ્રેરણાથી આપણે હવે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો આ ઉપક્રમ પ્રયોજ્યો છે. આના પરિણામે, સ્થાનિક ઉત્પાદનોને વેગ મળશે, આત્મનિર્ભર ભારતનો મંત્ર સાકાર થશે. વર્ષ ૨૦૨૪માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં થયેલા એમઓયુમાંથી ૭૧૦૦ જેટલા એમઓયુ ઉત્તર ગુજરાત માટે થયા હતા, તેની ભૂમિકા આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે, આ એમઓયુના ૭૨ ટકા એટલે કે ૫ હજારથી વધુ પ્રોજેક્ટ તો કમિશન્ડ પણ થઈ ગયા છે.

ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, ઉત્તર ગુજરાતની ખાસ કરીને રણ વિસ્તારની ભૂમિ જ્યાં સીધો સૂર્યપ્રકાશ પડે છે, તે સૂર્ય શક્તિના પોટેન્શિયલને સમજીને નરેન્દ્ર મોદીએ એશિયાનો તેસમયનો સૌથી મોટો સોલાર પાર્ક ચારણકામાં વિકસાવ્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વાઈબ્રન્ટ સમિટને કારણે રાજ્યમાં મોટા ઉદ્યોગો આવ્યા તેને અનુરૂપ આનુષાંગિક નાના એમએસએમઈનો પણ વિકાસ થયો છે અને ૨૭ લાખથી વધુ એમએસએમઈ ગુજરાતમાં કાર્યરત છે. ઉત્તર ગુજરાતની આ કોન્ફરન્સમાં રીન્યુએબલ એનર્જી, ડેરી એન્ડ ફૂડ પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. આગામી સમયમાં યોજાનારી સૌરાષ્ટ્ર વિસ્તારની વીજીઆરસીમાં એન્જિનિયરિંગ, સિરામિક ઉદ્યોગો, બ્રાસ પાર્ટ્સ, ફિશરીઝ એન્ડ મરિન પ્રોડક્ટ્સ પર ફોકસ કરવામાં આવશે.

દક્ષિણ ગુજરાતની આવી વીજીઆરસીમાં જેમ્સ એન્ડ જ્વેલરી, ટેક્સટાઈલ તથા ડાયમંડ ઈન્ડસ્ટ્રીને અને મધ્ય ગુજરાતમાં યોજાનારી વીજીઆરસીમાં સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ, ગ્રીન મોબિલિટી, કેમિકલ્સ, ઈવી જેવા ક્ષેત્રોને વિજીઆરસીથી વૈશ્વિક સ્તરે એક્સપોઝરથી સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ અને વિકસિત ભારત @2047 માટે આત્મનિર્ભર ભારતનું ચાલકબળ બનાવવા છે.

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ગુજરાત આંત્રપ્રિન્યોરની ભૂમિ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રીકાળમાં આગવા વિઝન થકી શરૂ કરાવેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે સમગ્ર દેશ માટે અનુકરણીય બની છે. આ વિરલ નેતૃત્વ આજે સમગ્ર વિશ્વને નવી દિશા અને માર્ગદર્શન આપી રહ્યું છે. અશ્વિની વૈષ્ણવે ગુજરાતના રેલવે નેટવર્કની વિગતો આપતાં જણાવ્યું કે, છેલ્લાં માત્ર ૧૧ વર્ષમાં ગુજરાતમાં ૨૭૬૪ કિમીના નવા રેલવે ટ્રેક બન્યા છે, જે ડેન્માર્કના કુલ રેલવે નેટવર્કથી પણ વધારે છે. આ સમયગાળામાં રાજ્યમાં રૂા.૧.૪૬ લાખ કરોડનું મૂડીરોકાણ આવ્યું છે અને ઑગસ્ટ, ૨૦૨૭ સુધીમાં બુલેટ ટ્રેન શરૂ કરવાનું લક્ષ્ય છે જેના માટે તમામ સહયોગ બદલ તેમણે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ જ પ્રકારે રાજ્યના ચાર મહત્ત્વના સેમિકંડક્ટર પ્લાન્ટનો ઉલ્લેખ કરી કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ ક્ષેત્રે રાજ્યમાં રૂા.૧.૨૫ લાખ કરોડનું રોકાણ આવ્યું છે અને જાપાનની અલગ અલગ ૩૦ કંપનીઓએ આ માટેના ઉપયોગી કોમ્પોનન્ટ્સ બનાવવાનું આયોજન કર્યું છે. આ જ પ્રકારે, ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રી છેલ્લાં ૧૧ વર્ષમાં વિકસીને ૧૨ લાખ કરોડની બની ગઈ છે. ગુજરાતમાં પણ ઈલેક્ટ્રિક ઈકોસિસ્ટમને વધુ વેગ અપાવવા તેમણે મુખ્યમંત્રીને અનુરોધ કર્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ ક્લિન અને ગ્રીન એનર્જીને ગુજરાતની મોટી તાકાત ગણાવતાં જણાવ્યું કે આજના આ સંક્રાંતિકાળમાં વિશ્વનો જિયો પૉલિટિકલ સિનારિયો બદલાઈ રહ્યો છે. વડાપ્રધાનએ આપેલાં આત્મનિર્ભરતાના મંત્રાને અનુસરીને 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત'ના નિર્માણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે તૈયાર કરેલાં રોડમેપ પર સૌને એક સાથે આગળ વધવા અપીલ કરી હતી.

૨૦૦૩માં શરૂઆત બાદ વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો વ્યાપ સતત વધતો ગયો છે. તેની ૧૦મી આવૃતિએ અનેક નવા પરિમાણો પ્રસ્થાપિત કર્યા છે. ૧૦ વર્ષની આંકડાકીય વિગતો જોઈએ તો વર્ષ ૨૦૦૩માં જે ઉત્પાદન હતું એ આજે ૨૨ લાખ કરોડ પહોંચ્યું છે. માથાદીઠ આવક પણ વધી છે. મેન્યુફેક્ચરીંગ ઉત્પાદન ૧.૫૦ લાખ કરોડથી વધીને ૨૨ લાખ કરોડ પહોંચ્યું છે. નાના ઉદ્યોગકારોની સંખ્યા પણ ૧.૪૦ લાખથી વધીને ૨૭ લાખ સુધી પહોંચી છે. ભારતના વિકાસમાં ગુજરાતના યોગદાનનો ઉલ્લેખ કરતા મંત્રીએ જણાવ્યું હતું કે દેશના જીડીપીમાં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા છે તથા દેશના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૪૧ ટકા છે. ગુજરાતે જે સિદ્ધિ હાંસલ કરી છે તેમાં ઔદ્યોગિક વિકાસ માટે રાજ્ય સરકારની સિંગલ વિન્ડો સિસ્ટમ અને હકારાત્મક પોલિસીઓનો મહત્તમ ફાળો છે. આ અવસરે વર્લ્ડ બૅન્કના દક્ષિણ એશિયા પ્રદેશના વાઈસ પ્રેસિડન્ટ જોહાનેસ ઝૂટ, જાપાનના રાજદૂત કેઈચી ઓનો, વિયેતનામના રાજદૂત ન્ગુયેન થાન હાઈ, ટૉરેન્ટ પાવરના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર જીનલ મહેતા, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના સીઈઓ કરણ અદાણી, ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ગણપત પટેલ તેમજ ભારતીય અંતરિક્ષ યાત્રી શુભાંશુ શુક્લા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉદ્ઘાટન સમારોહમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની ઓડિયો વિઝ્યુઅલ ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

## વિદેશી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને રાજદૂતોના પ્રતિભાવો

### ગુજરાત ભારતની નિકાસનું પ્રવેશદ્વાર : વર્લ્ડ બેન્કના દક્ષિણ એશિયા પ્રદેશના ઉપપ્રમુખ

વર્લ્ડ બેન્કના દક્ષિણ એશિયા પ્રદેશના વાઈસ પ્રેસિડન્ટ જોહાનેસ ઝૂટે જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વે ગુજરાતના અદ્ભુત આર્થિક વિકાસની નોંધ લીધી છે. ગુજરાતે બહુ ઝડપથી વિકાસ કરીને બતાવ્યું છે કે, મજબૂત ઉદ્યોગો, ઉદ્યોગસાહસિકતાની ભાવના કેવી રીતે માત્ર રાજ્ય કે દેશની જ નહીં, પરંતુ આખા વિશ્વનું આર્થિક ચિત્ર બદલી શકે છે. ગુજરાત ભારતની નિકાસનું પ્રવેશદ્વાર છે. વર્લ્ડ બેન્કને ગુજરાત સાથેની ભાગીદારી દ્વારા પરસ્પર મૂલ્યવાન અનુભવો, પબ્લિક ફાઈનાન્સ અને નોલેજ શેર કરવાનો આનંદ છે. જાપાનના રાજદૂત કેઈચી ઓનોએ ગુજરાત અને જાપાન વચ્ચેના ગાઢ સંબંધોની વાત કરી જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની જાપાન મુલાકાતે વ્યૂહાત્મક ભાગીદારીમાં એક સુવર્ણ પ્રકરણનો આરંભ કર્યો છે. વાઈબ્રન્ટ ગુજરાત સાથે જાપાનનું જોડાણ લાંબા સમયથી ચાલ્યું આવે છે. જાપાન વાઈબ્રન્ટ ગુજરાતનું પાર્ટનર રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જાપાન અને ગુજરાત વચ્ચે સહયોગના ચાર મુખ્ય ક્ષેત્રો- ઓટોમોબાઈલ, સેમિકન્ડક્ટર, ક્લિન એનર્જી અને હ્યુમન એક્સચેન્જ- છે, જે ખરેખર 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ અને મેક ફ્રોમ ગુજરાત'ની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. વિયેતનામના રાજદૂત ન્ગુયેન થાન હાઈએ જણાવ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં મને વિયેતનામનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી છે એ ગૌરવપૂર્ણ ક્ષણ છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આજે ભારતની આર્થિક ગતિશીલતાનું પ્રતીક બનવા સાથે વિશ્વભરની બિઝનેસ કોમ્યુનિટીઝને એક મંચ પર લાવતી એક મહત્વપૂર્ણ ઈવેન્ટ બની છે. વિયેતનામે સતત મજબૂતીથી વાઈબ્રન્ટ ગુજરાતના પાર્ટનર કન્ટ્રી તરીકે સહયોગ કર્યો છે. ભારત અને ખાસ કરીને ગુજરાત વિયેતનામના લોકોનાં હૃદયમાં એક ખાસ જગ્યા ધરાવે છે.

CA અલ્કેશ પેઢડિયા સામે ફરિયાદ નોંધાઈ

# જામનગરમાં GST વિભાગના દરોડામાં ૭૦ કરોડના ITC કૌભાંડનો પર્દાફાશ

### ૨૧ પેઢીમાં ૪૦૦ કરોડના બોગસ આર્થિક વ્યવહારો થયા હોવાનું સામે આવ્યું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

જામનગરમાં GST વિભાગ દ્વારા છ દિવસ સુધી મેગા સર્ચ-ઓપરેશન હાથ ધરાયું હતું. આ કાર્યવાહીમાં રૂા.૭૦ કરોડથી વધુના ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) કૌભાંડનો પર્દાફાશ થયો છે. કુલ ૨૧ પેઢીમાં રૂા. ૪૦૦ કરોડના બોગસ આર્થિક વ્યવહારો થયા હોવાનું સામે આવ્યું છે. કૌભાંડના કેન્દ્રમાં રહેલા સીએ અલ્કેશ પેઢડિયા સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

જામનગર શહેરમાં છેલ્લા છ દિવસથી જીએસટી વિભાગની જુદી જુદી એન્ફોર્સમેન્ટ ટીમોએ સર્ચ-ઓપરેશન હાથ ધર્યું છે. મેટલ, બાંધકામ, સરકારી કોન્ટ્રેક્ટ અને ઓટો સ્પેરપાર્ટ તેમજ મોટી મોટી મશીનરીઓ હાયર કરતી ૨ પેઢી પર સર્ચ-ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બોગસ બિલિંગ દ્વારા કરોડો રૂપિયાનું ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની સ્થાનિક જીએસટી કચેરીના રિપોર્ટના આધારે એન્ફોર્સમેન્ટ ટીમો દ્વારા હથિયારધારી એસઆરપીના જવાનોને સાથે રાખી મેગા સર્ચ-ઓપરેશન હાથ ધરાયું હતું. હીરજી મિસ્ત્રી રોડ પર આવેલી બ્રહ્મ (BRAHM) એન્ડ એસોસિએટ નામના CA ફર્મને કેન્દ્ર સ્થાને રાખી જીએસટી વિભાગની એન્ફોર્સમેન્ટ ટીમો દ્વારા સર્ચ-ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. CA અલ્કેશ પેઢડિયાના CA ફર્મની સાથે તેના ઘરે પણ એક ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર ડિવિઝનની ૨૧ ટીમે એકસાથે કરેલી કાર્યવાહી એક, બે નહીં, પણ સતત છ દિવસ ચાલી હતી. ગત બે ઓક્ટોબરના રોજ સવારથી જામનગરમાં GST વિભાગ દ્વારા સામૂહિક દરોડા પાડવામાં આવ્યા હતા. હીરજી મિસ્ત્રી રોડ પર આવેલી CA અલ્કેશ પેઢડિયાની BRAHM CA ફર્મ ઉપરાંત એના જ ઈન કોર્પોરેશન અને ઈલ્યોર ફર્મ પર પણ સર્ચ-ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જૂનાગઢની એક ટીમ દ્વારા અલ્કેશના ઘરે પણ પોલીસને સાથે રાખી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, જોકે જીએસટી વિભાગ કાર્યવાહી શરૂ કરે એ પૂર્વે અલ્કેશ ભૂગર્ભમાં ઊતરી ગયો હતો. CA ફર્મ ઉપરાંત મિતરાજ એન્ટરપ્રાઈઝ (રામદેવસિંહ ગોહિલ), ઓમ એન્ટરપ્રાઈઝ (ગિરીશ ગોજિયા), શ્રુતિ એન્ટરપ્રાઈઝ (સંજય સિતારા), એસ એન્ડ જેપી (શૈલેન્દ્રસિંહ વાઢેર), ધરતી એન્ટરપ્રાઈઝ (પ્રદીપસિંહ લાલુભા જાડેજા), યુક્તિ એન્ટરપ્રાઈઝ (દિવ્યેશ ચાવડા), આફરીન એન્ટરપ્રાઈઝ (મોહસિન જુનેજા), એડી કોર્પોરેશન (અનિલ પેઢડિયા), એસ એન્ડ જી ઈન્ફ્રા અને ટેક્નિકા મેટલ ક્રાફ્ટ (આશિષ સોજીત્રા) સહિતના ફર્મ પર પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

વિવિધ રાજ્યોમાં ૪૦ સ્થળોએ દેશવ્યાપી શોધખોળ

# ડિજિટલ એરેસ્ટ કેસોની તપાસને લઈ CBI દ્વારા ગુજરાતમાં સર્ચ ઓપરેશન

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ ડિજિટલ એરેસ્ટ કેસોની તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખ્યું છે. આ સંદર્ભમાં CBIએ ઓપરેશન ચક્ર-Vના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય સાયબર-સક્ષમ 'ડિજિટલ એરેસ્ટ' છેતરપિંડીના સંદર્ભમાં દિલ્હી NCR, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત, કેરળ અને પશ્ચિમ બંગાળમાં આશરે ૪૦ સ્થળોએ સંકલિત દેશવ્યાપી શોધખોળ હાથ ધરી છે. CBIએ ડિજિટલ એરેસ્ટના ૯ અલગ અલગ પીડિતો પાસેથી I4C MHAના NCRP પોર્ટલ પર મળેલી ફરિયાદોના આધારે એક વ્યાપક FIR નોંધી હતી. ત્યારબાદ CBIએ પીડિતનો સંપર્ક કરવા માટે ઉપયોગમાં લેવાતા બોગસ ખાતાઓ અને ટેલિકોમ્યુનિકેશન ચેનલો બંને પર ધ્યાન કેન્દ્રિત કરીને વિગતવાર તપાસ હાથ ધરી હતી. આનાથી આશરે ૪૦ વ્યક્તિઓની ઓળખ થઈ હતી જેઓ ડિજિટલ એરેસ્ટ છેતરપિંડી આચરનારા સંગઠિત સાયબર-ક્રાઈમ નેટવર્કનો ભાગ હતા. ઓપરેશન દરમિયાન CBIએ એક વ્યાપક સ્થાનિક સુવિધા નેટવર્ક શોધી કાઢ્યું છે જે બોગસ બેંક ખાતાઓ સપ્લાય કરવામાં અને ગુનાની આવકના સ્તરીકરણ અને હિલચાલ માટે સમાંતર હવાલા ચેનલોને સક્ષમ કરવામાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે. તપાસમાં જાણવા મળ્યું છે કે કેટલાક પૈસા ભારતમાં ઉપાડવામાં આવ્યા હતા અને બાકીના પૈસા વિદેશમાં મોકલવામાં આવ્યા હતા, જે પછી વિદેશી ATMમાંથી ઉપાડવામાં આવ્યા હતા. ૧૫૦૦૦થી વધુ IP સરનામાંઓના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે, ડિજિટલ એરેસ્ટ છેતરપિંડીના ગુનેગારો કંબોડિયા સહિત વિદેશી સ્થળોએથી તેમની કામગીરી ચલાવી રહ્યા હતા અને ગુનામાંથી મળેલા પૈસાનું સ્તરીકરણ અને એકીકરણ કરવા માટે ભારતીય બોગસ ખાતાધારકોનો ઉપયોગ કરી રહ્યા હતા. નેટવર્ક સંકલિત બોગસ અને મની ટ્રાન્સફર એજન્ટો દ્વારા હાઈ વેલ્યૂ ફંડ પ્રવાહને ટેકો આપતું હોવાનું જાણવા મળ્યું છે અને ફિનટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને હાઈ-સ્પીડ મની મૂવમેન્ટ હાથ ધરવામાં આવી હતી. સર્ચ દરમિયાન જપ્ત કરાયેલા ડિજિટલ ઉપકરણો, KYC દસ્તાવેજો, સિમ કાર્ડ્સ અને વોટ્સએપ કોમ્યુનિકેશન આર્કાઈવ્સની તપાસ સ્થાનિક સુવિધા આપનારાઓ અને મુખ્ય કાવતરાખોરો વચ્ચે એન્ડ ટુ-એન્ડ લિંક્સ સ્થાપિત કરવા અને ગુનામાં ઉપયોગમાં લેવાતા મોડસ ઓપરેન્ડી, નાણાકીય ટ્રેલ્સ અને કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નકશો બનાવવા માટે કરવામાં આવી રહી છે.

# બિટકોઈન ખંડણી કેસમાં દોષિત ઠેરવવાના સેશન્સ કોર્ટના ચુકાદાને નલિન કોટડિયાએ હાઈકોર્ટમાં પડકાર્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૯

વર્ષ ૨૦૧૮ બિટકોઈન ખંડણી અને અપહરણ મામલામાં દોષિત ઠેરવવાના સેશન્સ કોર્ટના આદેશને પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો છે. આ વર્ષે ૨૯મી ઓગસ્ટના રોજ અમદાવાદ સેશન્સ કોર્ટે બિલ્ડર અને વેપારી શૈલેષ ભટ્ટનું ગાંધીનગરમાંથી અપહરણ કરી તેમની પાસેથી ૧૨ કરોડ રૂપિયાના ૨૦૦ બિટકોઈન પડાવવાના મામલામાં નલિન કોટડિયા અને અન્ય આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી હતી. નલિન કોટડિયાએ તેમને અપાયેલી સજા પર સ્ટેની માંગ સાથે પણ એક અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરી છે.

વર્ષમાં ૨૦૧૨માં કોટડિયાએ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડતા હતા અને ધારી વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. બિલ્ડર શૈલેષ ભટ્ટે આરોપ લગાવ્યો હતો કે ૯ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ કેટલાક પોલીસ કર્મચારીઓએ ગાંધીનગરથી તેમનું અપહરણ કર્યું હતું અને બિટકોઈન પડાવી લીધા હતા. ભટ્ટે ગૃહ વિભાગને આપેલી અરજીમાં આરોપ લગાવ્યો હતો કે કોટડિયા અને તત્કાલીન અમરેલીના SP જગદીશ પટેલ તેમની પાસેથી બિટકોઈન પડાવવાના કાવતરામાં સામેલ હતા.

આ અંગે ગૃહ વિભાગની સૂચના બાદ રાજ્યની સીઆઈડી-ક્રાઈમ પોલીસે કોટડિયા અને અન્ય લોકો વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની (આઈપીસી) અલગ અલગ કલમો હેઠળ અપહરણ, ખંડણી અને ગુનાહિત કાવતરા મુજબ ગુનો દાખલ કર્યો હતો. ત્યાર પછી ધરપકડથી બચવા માટે આરોપીઓ મહિનાઓ સુધી ફરાર રહ્યા હતા. છેવટે સપ્ટેમ્બર ૨૦૧૮માં કોટડિયાની મહારાષ્ટ્રના જલગાંવમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૮માં સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટ સાથે બિટકોઈન ખંડણીનો કેસ નોંધાયો હતો. એક ફાઈનાન્સ કંપનીમાં કરેલા બિટકોઈન રોકાણમાં શૈલેષ ભટ્ટના પૈસા ડૂબી ગયા હતા. તેથી તેણે આ કંપનીના માલિક અને કર્મચારીઓનું અપહરણ કરીને પૈસા પાછા માંગ્યા હતા. ત્યાર પછી આ કેસમાં અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચના તત્કાલીન પીઆઈ અનંત પટેલની ટીમે સરકારી વાહનોમાં શૈલેષ ભટ્ટનું અપહરણ કરીને ખંડણી વસૂલી હતી. પોલીસ અપહરણકારોએ શૈલેષ ભટ્ટને ગાંધીનગર નજીક લઈ જઈને રૂા.૯ કરોડની કિંમતના ૧૭૬ બિટકોઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. આ સમગ્ર ખંડણીમાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાની પણ સંડોવણી હતી.

આ કૌભાંડ બહાર આવતા કેસ સીઆઈડી ક્રાઈમને સોંપાયો હતો. સીઆઈડીએ અનંત પટેલ સહિત ૧૦ પોલીસ કર્મચારી તેમજ સુરતના વકીલ કેતન પટેલની ધરપકડ કરી હતી. કેતન પટેલની પૂછપરછમાં જ પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા, અમરેલીના તત્કાલીન એસપી જગદીશ પટેલ સહિતના નામ ખૂલ્યા હતા. જેના આધારે સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે જગદીશ પટેલની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી હતી. ત્યાર બાદ આ કેસમાં સમયાંતરે કુલ ૧૪ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

# સુરત ભાજપ કાર્યાલયમાં કાર્યકર્તાઓ વચ્ચે થયેલી મારામારી મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ

### ખજાનચી શૈલેષ જરીવાલાએ પાર્ટીના કાર્યકર્તા દિનેશ સાવલિયા સામે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

સુરત મહાનગરના ઉધના સ્થિત મુખ્ય ભાજપ કાર્યાલયમાં શિસ્તના લીરેલીરા ઉડાવનારી ઘટના સામે આવી હતી. જ્યાં બુધવારે ચા-નાસ્તાની નજીવી બાબતે શરૂ થયેલી રકઝકે મારામારીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. આ મામલે સુરત મહાનગરના ખજાનચી શૈલેષ જરીવાલાએ ઉધના પોલીસ મથકમાં વોર્ડ નંબર-૨ના સક્રિય કાર્યકર દિનેશ સાવલિયા વિરૂદ્ધ મારામારી અને ધક્કામુક્કીનો ગુનો નોંધાવ્યો છે.

ઘટના બુધવારે સાંજે બની હતી, જ્યારે કાર્યકર દિનેશ સાવલિયાએ કાર્યાલય મંત્રી શૈલેષ પટેલ અને પટાવાળા સાથે ચા-નાસ્તાની નજીવી બાબતે બોલાચાલી કરી હતી. આ રકઝક જોઈને ખજાનચી શૈલેષ જરીવાલાએ દિનેશ સાવલિયાને માથાકૂટ ન કરવાની ટકોર કરતાં મામલો ગરમાયો હતો. ખજાનચી શૈલેષ જરીવાલાની ટકોરથી ઉશ્કેરાયેલા દિનેશ સાવલિયાએ 'તું કોણ મને કહેવાવાળો' કહીને તેમની સાથે ધક્કામુક્કી શરૂ કરી દીધી હતી, જે મારામારીમાં પરિણમી હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં સમગ્ર રાજકીય વર્તુળમાં ભારે ઊહાપોહ મચી ગયો છે. શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીના મુખ્ય કાર્યાલયમાં જ આ પ્રકારનો બનાવ બનતા પક્ષની છબી ખરડાઈ છે અને ભાજપના શિસ્ત સમિતિ દ્વારા આ મામલે સખ્ત વલણ અપનાવવામાં આવે તેવી શક્યતા છે. આ અંગે પક્ષ દ્વારા આ બંને કાર્યકરો વિરૂદ્ધ નોટિસ ફટકારીને અથવા અન્ય શિસ્તભંગના પગલાં લેવામાં આવે તેવી અટકળો ચાલી રહી છે, જેથી ભવિષ્યમાં આવા બનાવોનું પુનરાવર્તન ન થાય.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આધસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS